Vol. 40, No.9
January 2020
ISSN 2455 - 4162

Rs: 30

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક



અનહદ બાની

☐ સુભાષ ભટ્ટ

જીવનની પીડા અને પડકાર આવાં દ્વૈતોમાં છુપાયેલાં છે. હું અને તું, હું અને જગત, સાધક અને સાધ્ય વગેરે. આશરે બારસો વરસ પૂર્વે અદ્‌ભુત ચીની ઝેન ગુરુ નાનસેન (ઈ.સ. 748-835) અને શિષ્ય જોશુ (ઈ.સ. 778-897) વચ્ચેના અમર સંવાદમાં તે પીડાનો ઉકેલ મળે છે, આવો સાંભળીએ...

જોશુ : મારગ કયો છે?

નાનસેન : સામાન્ય મન જ મારગ છે.

જોશુ : મારે એકાગ્રતાથી તે દિશાભિમુખ થવાની જરૂર ખરી?

નાનસેન : જો તમે તે દિશા સન્મુખ થવા જશો તો વિમુખ થઈ જશો.

જોશુ : જો હું તેના તરફ લક્ષ ન રાખું તો મને શી રીતે ખબર પડશે કે હું મારગ પર છું કે નથી?

નાનસેનઃ મારગ જાણવું કે ન જાણવાના વિસ્તારની પાર છે. જાણવું એ ભ્રમ છે અને ન જાણવું એ ખાલી ચેતના છે. જ્યારે તમે બધાં દ્વૈત અને દ્વિધાથી પર હશો ત્યારે તમને મારગ બૃહદ આકાશ જેવો અનુભવાશે.

અહીં મારગ એટલે લાઓત્ઝુનો તાઓ છે. તે વિશિષ્ટ કે એકમાત્ર નથી, તે અંતિમ અને નિરપેક્ષ નથી પણ સૌનો છે. પ્રત્યેકનો છે. રોજિંદી દિનચર્યા તો મારગ છે. જીવન વિમુખ થયો તે ચૂક્યો, શોધ્યું તેણે ખોયું, વિચાર્યું એટલે વીસરાયું. ખરો મારગ તો સર્વત્ર છે તેથી જ તે અગાધ અને અમાપ છે. આપણે જ્યાં પણ હોઈએ ત્યાં મારગ પર છીએ. આપણે ક્યારેય માર્ગચ્યુત થતા નથી, થઈ શકીએ નહીં. જો આપણે અલગ થઈ શકીએ તો તે મારગ જ નથી.

મારે કોઈ નિશ્ચિત સ્થળે-સમયે કશે પહોંચવાનું નથી તેથી હું ક્યારેય ભૂલો પડતો નથી.

❑❑❑

શબ્દો ધુમ્મસ છે. એની પાર જોતાં શીખવાનું છે.

૧૦૧

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।
દરેક દિશાએથી અમને શુભ અને સુંદર
વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૦ અંકઃ ૯, જાન્યુઆરી ૨૦૨૦

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

વરિષ્ઠ ઉપ-સંપાદક
અનસૂયા સિંધાત્રા

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan@yahoo.com
website : www.bhavans.info
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

આવરણ : કૌશિક ઘેલાણી

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.



મુનશીવાણી

રાષ્ટ્રની કસોટી

મારા નવયુવાન મિત્ર,

લોકમાન્ય ટિળક પહેલી વાર જેલમાં ગયા ત્યારે લોકોએ વિરોધ કર્યો. ક્રાન્તિકારી યુવકોએ પોતાનું બલિદાન આપીને પ્રાણ માટે પ્રતિરોધ કરવાનો સંકલ્પ સરળ કરી દીધો, જ્વલંત શૈલીમાં શ્રી અરવિંદે ઉદ્દંડ રાષ્ટ્રીયતાનો સંજીવની મંત્ર ઉચ્ચાર્યો અને બંગભંગ વખતે સામુદાયિક અસહકાર પ્રતિકારરૂપે શરૂ થયો. ગાંધીજી આવ્યા. અહિંસાત્મક વિગ્રહ પરંપરાથી દેશમાં પ્રતિરોધવૃત્તિ પેદા થઈ. સામુદાયિક પ્રતિરોધપરાયણતાની તાલીમ આવી. સાથે સાથે આત્મસમર્પણનાં પરાક્રમોનો સ્મરણભંડાર રચાયો. તેમાં નેતાજી સુભાષચંદ્રે ઊભા કરેલા સૈન્યનાં પરાક્રમોએ નવી ધાર ચડાવી.

અખંડ હિન્દુસ્તાન ખંડિત થયું ત્યારે હું ભગ્નાશ થયો. ત્યાં સુધી હું માનવાનો પ્રયત્ન કરતો કે આપણી રાષ્ટ્રીયતા સ્વાતંત્ર્ય મેળવ્યે ઝબકી ઊઠશે. પણ સમસ્ત જનતામાં સામુદાયિક ઐક્ય ન હતું. પરિણામે ભારતના ભાગલા પડ્યા. પાકિસ્તાન અલગ થયું.

છેલ્લાં બેત્રણ વર્ષથી ભાષાવાદના વિખવાદથી હું વિષાદ અનુભવી રહ્યો. ભારત છે તેવું અખંડિત રહેશે કે કેમ તેની પણ ચિંતા થતી.

ચીની આક્રમણ થયું અને એક અઠવાડિયામાં ભારતે ઇતિહાસમાં કદી ન જોયેલો, ન કલ્પેલો એવો પ્રતિરોધપરાયણતાનો જુવાળ ફરી વળ્યો. પક્ષાપક્ષી અદૃશ્ય થયાં. પ્રદેશો વચ્ચેના વિખવાદો વીસરાઈ ગયા. અસંતોષના બબડાટો મૂંગા બન્યા. ભાષાવાદના વિગ્રહો શમી ગયા. ભારતના સમસ્ત નરનારીજનના હૃદયમાં એક જ ધ્વનિ ઊઠ્યોઃ ‘ચીનાઓને હાંકી કાઢો.’

આવો નિષ્પ્રયત્ન પ્રતિરોધપરાયણતાનો સાક્ષાત્કાર છેલ્લા બે મહિનાથી ઇતિહાસમાં પણ અનન્ય છે. આપણા ઘડતરનો સીમાસ્તંભ છે. એશિયાના પુનરુદ્ધારનો પાયો આજે રચાઈ રહ્યો છે, કારણ કે સ્વાતંત્ર્ય માટે સર્વસ્વ સમર્પણ કરવાની વૃત્તિ હૈયેહૈયે જાગી છે.

[ક્રમશઃ]

|| શબ્દમૂળની શોધ ||

ચબરખી

☐ હેમન્ત દવે

'**ચ**બરખી અને *સાર્થ ગુજરાતી જોડણીકોશ* 'ચબરકી' એવો વિકલ્પ નોંધે છે. મારી છાપ એવી છે કે સામાન્ય રીતે (એટલે કે નેવું ટકા કિસ્સામાં) 'ચબરખી' શબ્દનો જ પ્રયોગ થાય છે. એનો અર્થ કોશ 'કાગળનો નાનો ટુકડો' એમ આપી એની વ્યુત્પત્તિ 'વરક = પાનું, પત્ર ઉપરથી' એમ બતાવે છે. ગુજરાતીમાં 'ચિઠ્ઠી-ચબરખી' એવો શબ્દપ્રયોગ પણ છે જે કોશે નોંધ્યો નથી. પરીક્ષાના દિવસોમાં ખંડનિરીક્ષક 'કોઈ ચિઠ્ઠી-ચબરખી લાવ્યા હોય તો કાઢી નાખજો'ની સૂચના આપતા હોય છે. 'ચિઠ્ઠી-ચબરખી'નો, અને 'ચિઠ્ઠી' કે 'ચબરખી'નો સ્વતંત્ર રીતે પણ, અર્થ 'પરીક્ષામાં ચોરી કરવા માટેનો લખાણવાળો કાગળ કે કાગળની એવી ફોટોકોપી' એવો થાય છે. આ જ અર્થનો બીજો શબ્દ 'કાપલી' છે, જેનો અર્થ કોશે 'કાગળ કે કપડાનો નાનો કકડો' આપ્યો છે. વ્યાખ્યાન આપતી વેળાએ ઘણા વિદ્વાનો આવી ચબરખી કે કાપલી એટલે કે કાગળ ઉપર કરેલી નોંધ પોતાની સાથે રાખતા હોય છે. આવા રોજબરોજ પ્રયુક્ત થયા શબ્દ *સાર્થ જોડણીકોશ*ની નવી આવૃત્તિમાં આવ્યા નથી એ બતાવે છે કે જેટલો ઉત્સાહ અંગ્રેજી શબ્દો આમેજ કરી લેવામાં દાખવવામાં આવ્યો છે તેટલો ગુજરાતી શબ્દોના અર્થ આપવામાં બતાવાયો નથી. અલબત્ત, કે॰ કા॰ શાસ્ત્રીના બૃ॰ગુ॰કોશમાં 'કાગળનો નાનો કોરો યા લખેલો ટુકડો' એમ અર્થ આપ્યો છે. અસ્તુ.

હવે મૂળ વ્યુત્પત્તિની વાત. 'ચબરખી'ની વ્યુત્પત્તિ કોશે 'વરક'માંથી બતાવી છે પણ એ યોગ્ય નથી (કોશે ત્યાં 'વરક'એ મૂળે અરબી શબ્દ છે એવી કશી સ્પષ્ટતા કરી નથી). કે॰ કા॰ શાસ્ત્રીએ દેખીતી રીતે જ *સાર્થ*॰ની કાલ્પનિક વ્યુત્પત્તિમાં રસ બતાવ્યો નથી. એ મૂળે ફારસી શબ્દ ચબરક چربك 'thin paper for the tracing drawing' ઉપરથી આવ્યો જણાય છે, અને વર્ણવ્યત્યયથી એ ચબરક, ચબરખ, ચબરખી બન્યો જણાય છે. છોટુભાઈ નાયકના કોશમાં આ શબ્દ નોંધાયો નથી.

❑❑❑

પ્રમુખના પત્રો

ભારતનાં સમૃદ્ધિ અને જ્ઞાન



ભારતની સમૃદ્ધિ ઘણી છે અને એને અવગણવાનું કોઈને પોસાય નહીં. એનો સાચો પરિચય મેળવવો એ આજના સમયની તાતી જરૂરિયાત છે.

પંડિત જવાહરલાલ નેહરુએ કહ્યું છેઃ 'જે લોકો ભારતનો માત્ર ભૂતકાળ જુએ છે અને અન્ય કંઈ જોતા નથી તેમને એમનો સંપૂર્ણ અંદાજ નહીં આવી શકે. જેઓ ભારતની વર્તમાન સ્થિતિ જુએ છે અને એના સર્વાંગી વિશાળ ભૂતકાળનો સંપૂર્ણ બોધ નથી તેમને પણ એની ઓળખ મળવી મુશ્કેલ છે. કારણ આપણાં મૂળિયાં મનુષ્ય ઇતિહાસના આદિ સુધી ઊંડાં ઊતરેલાં છે.'

રાજકીય ધોરણે એવું કહેવાય છે કે 19મી સદીમાં બ્રિટિશ સલ્તનત દ્વારા ભારતને મળેલી એકતાનું જતન કરવામાં એ વિફળ ગયું છે. પણ એ પ્રકારનું ઉપરથી લાદેલું એકીકરણ એનો સાહજિક વિકાસ નહોતો. આઝાદીના સમયથી ભારત પોતાને બ્રિટિશ હકૂમત દ્વારા લદાયેલા માળખાને પોતાનામાં ઉતારવાની કોશિશ કરે છે. પણ આપણા સમૃદ્ધ રાષ્ટ્રીય વારસામાં મળેલી વધુ મહત્ત્વપૂર્ણ પ્રાચીન રાજકીય જ્ઞાનધારા તરફ દુર્લક્ષ સેવ્યું છે. આજના આ વિક્ષિપ્ત અને યુદ્ધ-માનસિકતાથી છલકાતા વિશ્વને સમ્રાટ અશોક અને અકબર જેવા દિગ્ગજ જન્માવનાર સક્ષમ પ્રજાતિ અને પીઢ રાજકીય આદર્શવાદીઓ પાસેથી સાર્થક જ્ઞાન પ્રાપ્ત થયું હોત.

ભારત પાસે સમન્વયની ગુરુચાવી છે અને એ જ એની સંસ્કૃતિનો વિશેષ છે. એનાં સમાજ, ધર્મ, કળા અને રાજકારણમાં સુધ્ધાં એ સ્પષ્ટ જણાઈ આવે છે.

પ્રાચીન ભારતીય ગણતંત્રો અને ગ્રામ-પંચાયતો સામાજિક-રાજકીય સંસ્થાઓનાં એવાં માળખાં હતાં જેના દ્વારા સામાજિક શાંતિ અને સંરક્ષણ સાધવામાં આવતાં હતાં.

ભારતીય કળા એ એક રસપ્રદ અને સમસ્યાપૂર્ણ વિષય છે. એના વિશે કંઈ કહેવું ખૂબ કષ્ટદાયી બની રહે, છતાં એનો સાર પામી શકાય નહીં. ભારતીય કળા મુખ્યત્વે ધાર્મિક હોવા છતાં સંપૂર્ણપણે ધાર્મિક નથી. એના પ્રાચીનતમ અવશેષો આપણને સિન્ધુ સંસ્કૃતિમાંથી પ્રાપ્ત થાય છે. એના ધર્મનિરપેક્ષ અવશેષો મળેલા ધાર્મિક અવશેષો કરતાં વધુ કળાત્મક છે.

અજંતાનાં ભીંતચિત્રો એની કળાત્મકતાને માટે સૌથી વધુ વૈશ્વિક પ્રશંસા પામ્યાં છે. આ એક બહુરંગીય એકતા છે.

આપણાં વેદો અને ઉપનિષદો હોમર કરતાં હજારો વર્ષ પૂર્વે સર્જાયાં છે અને સર્વ લોકોની એને નિર્વ્યાજ કદરદાની પ્રાપ્ત થઈ છે. રામાયણનો ભવ્ય આદર્શવાદ અને મહાભારતનું ગહન જ્ઞાન અત્યંત મધુર શ્લોકોચ્ચારમાં વર્ણવવામાં આવ્યાં છે. કદાચ, વિશ્વ આખાનાં મહાકાવ્યોના સરવાળા કરતાં આપણાં આ કાવ્યોનું કદ મોટું હશે.

કાલિદાસનાં નાટક અને કાવ્યએ વિશ્વ આખાના લોકોને ગહનતાપૂર્વક પ્રભાવિત કર્યાં છે. આપણું સંસ્કૃત શાસ્ત્રીય સાહિત્ય પ્રાદેશિક ભાષાઓ દ્વારા અમરત્વ પામ્યું છે.

આજનું ભારત સમસામયિક વિશ્વના મહત્ત્વપૂર્ણ પ્રવાહોને જાગરૂક કરે છે. હજારો વર્ષ પ્રાચીન આધ્યાત્મિક પરંપરાઓને જાળવીને ભારત અરુચિકર વમળોમાં તણાઈ જવાની હઠપૂર્વક અનિચ્છા દર્શાવે છે. એક નવા યુગારંભના ઉંબરે ભારત આવીને ઊભું છે.



સુરેન્દ્રલાલ ગિ. મહેતા

જીવનની એક કરુણાંતિકા છે : આપણે ઘરડા ખૂબ ઝડપથી થઈ જઈએ છીએ પણ ડાહ્યા બનવામાં ખાસો વિલંબ થાય છે. - બેન્જામીન ફ્રેન્કલીન

પાંચ ગઝલો

☐ સંજુ વાળા

વાત કરવી છે

નથી કૈં ખાસ નવતર પણ મજાની વાત કરવી છે
જરા ઊભા રહો તો ઊભરાની વાત કરવી છે

કસબ, કૌશલ્ય, કામણ કે કળાની વાત કરવી છે
તસોતસ કમખે ટાંક્યાં આભલાંની વાત કરવી છે

જીવનવૃત્તાંતની રસભર, તરલ વાતોને વીણી લઈ
કથામાંથી ઊભરતી પટકથાની વાત કરવી છે

ભલે પાણીને સાંગોપાંગ ઓળખ હોય પથ્થરની
છતાં જીદે ચડેલા કાગડાની વાત કરવી છે

આ જેણે ઊંઘ આપી છે પરંતુ સ્વપ્ન ના દીધાં
બિછાનું, બારી ને એ ઓરડાની વાત કરવી છે

પ્રપંચો, ખેલ, કાવાદાવા જેવાં આળ ઓઢી લઈ
અમી થઈ અવતરેલા ટુકડાની વાત કરવી છે

શિખરના સોનવર્ણા ઝળહળાટો ત્યાં જ છોડી દઈ
નર્યું નિસ્પૃહી ફરફરતી ધજાની વાત કરવી છે

હઠ છે

જાણી લીધું તેં શું શું? શું તાગવાની હઠ છે?
ઓ બાજુ તારું હોવું આ બાજુ ખાલી હઠ છે

આકારી માની લઈએ તો વિશ્વવ્યાપી હઠ છે
અંગત હો માન્યતા તો સૌથી નિરાળી હઠ છે

ખાળી શકે ના ઊભરો તો સાચવી લે ચોક્કસ
પણ મારી-મચડી બોલે એ માત્ર કાળી હઠ છે

સંતોએ જેને ગાયું એ સત્ય છે સવાયું
તું એ જ બડબડે તો સૌથી નકામી હઠ છે

પહેલાં જરાક સૂંઘી, ચાખીને મૂલવી જો
જાણ્યા વગર પ્રયોજન શબ્દોમાં ઢાળી હઠ છે

એ દૂર... દૂરથી પણ મ્હેકે છે, તગતગે છે
કોના વિચારની આ આકાશગામી હઠ છે?

સંભાળજે ઓ મુરશીદ! આ ઇલ્મની છડી છે
ખોટી જગાએ સાબિત થાશે સ્વમાની હઠ છે

શું સમજાવું

બહુ બહુ તો એક કરું ઇશારો બીજું તો હું શું સમજાવું?
બની રહે જે ધોરણ - ધારો બીજું તો હું શું સમજાવું?

હું વણજારો - તું વણજારો બીજું તો હું શું સમજાવું?
વણજ વિના નહીં આરો-વારો બીજું તો હું શું સમજાવું?

ઘૂમરાતું ચગડોળ જગત આ તું 'ને હું સરખા સહેલાણી
ચડ-ઊતર છે નિયમ નઠારો બીજું તો હું શું સમજાવું?

પોત હશે પાણીનું તારું તો જ શક્યતા બરફ થવાની
નાહક ના વેડફ જન્મારો બીજું તો હું શું સમજાવું?

શબદબીજને શબદનું સિંચન શબદ નીપજ 'ને સાળ શબદની
શબદ રંગ 'ને ખુદ રંગારો બીજું તો હું શું સમજાવું?

ચતુર્મુખ ત્રિગુણા ભગવતી હે ભાષા! તું ભેરે રહેજે
ભીડ પડ્યે સાચો સધિયારો બીજું તો હું શું સમજાવું?

ઇચ્છાઓ આડી ઊભી છે વળગણથી બોઝિલ છે પાંખો
એમ નહીં સીઝે સંથારો બીજું તો હું શું સમજાવું?

સાહેબ!

અનોખી રીતનું 'ને આગવું સાહેબ
તને મળવાનું હર બ્હાનું નવું સાહેબ

હજારો વર્ષથી જે લવલવું સાહેબ
ઊગ્યું છે એનું ઝીણું ઝાડવું સાહેબ

નકામી ચીજ ક્યાં લગ સાચવું સાહેબ
નથી અણફળ હૃદય વેંઢારવું સાહેબ?

કરું દીવા કે ચોખા ઝારું તોયે શું?
જે સાબિત થઈ ચૂક્યું છે રાંઢવું સાહેબ

હશે તું રાગ - રાગિણીનો કસબી પણ
બધિર છે જગ, જરા સંભાળવું સાહેબ

વસૂકી આંખ, ખૂટ્યાં સ્રોત, સરવાણી
હવે કયા સ્વપ્નનું તળ તાગવું સાહેબ?

નથી જે કૈં થવાનું, થઈ નથી શકતું
થવું, ક્યાં થઈ શકે છે, ના થવું સાહેબ!

સાહેબ! સાહેબ!

પૂછીએ ક્યાં જઈ હશે શું અંત, શું આરંભ સાહેબ!
એ જ ખટકો, દર વખતનો એ જ તો લયભંગ સાહેબ!

મે થતા લગ કોણે રાખ્યાં બીજને અકબંધ સાહેબ!
કોણે પરવાળામાં વિધવિધ કોતર્યા ઉછરંગ સાહેબ!

કૈ રીતે પામર પવન પામ્યો પરમ પદવી કહોજી
એવો તે કેવો દરજ્જો ભોગવે છે શંખ, સાહેબ!

સ્હેજ અંદરનો ઉમળકો હોઠ પર આવી ચડેલો
આપના કાને પડીને થઈ ગયો સતસંગ સાહેબ!

કાવ્યશાસ્ત્રો, સંહિતાઓ એ ન સમજાવી શક્યાં કે-
ક્યાંક નમણો પ્રાસ છે, તો ક્યાંક છે પદબંધ સાહેબ!

એક પણ ટીપું વધુ પિવડાવશે, તો છલકી જાશે
ઘટ હવે છે તરબતર ને સ્નેહથી આકંઠ સાહેબ!

એમ કૈં અમથું જ તો હું નહિ કરું સાહેબ! સાહેબ!
તારે પણ દેખાડવો પડશે અજાયબ રંગ સાહેબ!

બે કાવ્યો

□ રામચન્દ્ર પટેલ

ભૂલ્યો નથી

(વસંત-મૃદંગ)

ઊંચી ઘણી હતી ઇમારત સોળ માળની
એમાં રહેવું પડ્યું રોયલ ફ્લેટ રાખી.
શોભાવ્યું ફર્નિચર સીસમસાગ કાષ્ઠનું-
સોફા, પલંગ, પડદા, ફ્રિજ, ફોન, પંખા
ટી.વી. ટિપોઈ પર તો શિવ-સૂર્ય સ્ટેચ્યુ
મૂક્યાં, વળી કિચન રાચરચીલું ગોઠવ્યું.

એકાન્ત એટલું બધું મળ્યું શું તનાવ કે
ઉદ્વેગ ના? શરીર આખું નિરાંત માણે.
હું લંચ-બોક્સ લઈ ઊપડું... ગર્લફ્રેન્ડ
સંગે, મળી નીરખીએ દરિયો, વહાણ...
રે સૂવું ત્યાં! શરદપૂનમ રાત્રિ શ્વાસમાં,
જેમાં ઝગે, મઘમઘ સીમ ગામભૂમિ.

મેંદી ભર્યા કર-થી તેં જળ-ગંગ છાંટ્યું,
ભૂલ્યો નથી હજીય એ બની રક્ત ચોંટ્યું.

એક સાંજ

પાસે
હતું ઉમરડાનું ઝાડ,
વેળા સમી સાંજની-
સામે તૂટકછૂટક ઊગ્યા થોર, વચમાં લીલાંસૂકાં ઝાંખરાંવાળું ચાડ.
ઉપર સરકતો જતો બાજ,
ને બે પગ અધ્ધર કરી, ઊંચી ડોકે તાકતો નોળિયો,
આઘે આઘે સરકતી જતી એક સાપણ...
એટલામાં
કલકલિયા પક્ષીએ ખેરવેલું પીંછું આંખે અડ્યું ના અડ્યું
એ ભોંયસોતું ચોંટી ગયું.
ત્યાં ખખડ્યા ઘૂઘરા,
બળદ જોડ્યા હળ વડે ખેતર ખેડતા પિતા દીઠા.
પૂંઠળ ખેડેલી માટી પર ઊડતા હતા ઢેક બગલા,
આભમાં વાદળાં.
ત્યારે હતો
માથોડું માથોડું લહેરાતો જુવારનો પાક...
ઝાક વળે એ પહેલાં
સારસીના ડોક સરખું માથું - મોં બહાર કાઢી
કણસલા શો બાહુ હલાવીને ટહુકા પાડી બોલાવતી મા...
તેતર, પોપટ, હોલા પંખી ભેળો હુંય ખેતરમાં.
ઓચિંતું
ધસી આવેલું દૈત્ય સમોવડું યંત્ર.
એમાં ભર્યો હતો ડીઝલ ધૂવાં-ધુમાડો...
માટી માટી, પાણિયાળું ખેતર પાંખો છટપટાવતું
પતંગિયાની જેમ હડપાઈ ગયું પોલાદી પથ્થર જડબા પેટમાં-
કાળી કાર્પેટથીય કડક
ચઢી બેઠી ડામરની સડક...
જોઈ રહ્યો હું,
જામે યંત્ર વાહનોનો ધણધણાટ,
સાંભળી રહ્યો...
જૂના જીર્ણ ઉમરડાના ઝાડ પર થતો કાબર પક્ષીઓનો કલબલાટ...
ને આથમતી જતી એક સાંજ...

કવિતા, કોફી અને વીરચંદભાઈ

☐ અજય સરવૈયા

1.
મેં એમને પૂછેલું
વર્ષો પહેલાં
તમને વિલિયમ કાર્લોસ વિલિયમ્સની
કવિતા શા માટે ગમે છે?
એમણે જમણા હાથની પહેલી આંગળી ને
અંગૂઠાથી ચશ્માં સહેજ ઊંચાં કર્યાં
પછી કોફીનો કપ જરા ક્લોકવાઈઝ ફેરવ્યો.
પછી એને ફરી એક વાર ફેરવ્યો.
પછી કોફી હાઉસની બારી બહાર તાકી રહ્યા.
મને થયેલું કે ચશ્માં, કોફીનો કપ,
બારી બહારનો અવકાશ, એ અવકાશને
અડીને ટ્રાફિક અને તાકવાને
કવિતા સાથે કંઈક લેવા-દેવા છે.

2.
હાલમાં એ વડોદરામાં મારી ઓફિસે
મને મળવા આવેલા
કથ્થઈ મેજ પર કોફીના કપને ફેરવતાં
એમણે પૂછેલુંઃ હમણાં શું ચાલે છે?
મને થયેલું એમને કહુંઃ
ચાલતું તો કંઈ નથી,
બધું અટકાયેલું છે,
ખોરવાયેલું-
પછી થયેલું એમને કહુંઃ
ડેવિડ માર્કસનના પત્રોમાં
એકલતા એ રીતે આવે છે
જેવી ર્‌યોકાનની કવિતામાં-
(ભૂળસોતા ઊખડીને પડેલા ઝાડ જેવી નહિ
બારીના કાચમાં પડેલી એક નાની તડ જેવી)

એ મારી સામે પછી પુસ્તકોના કબાટને
કમ્પ્યુટરની સ્ક્રીનને, કોફીના કપને
તાકી રહેલા.

બે કાવ્યો

☐ પ્રતિષ્ઠા પંડ્યા

કવિતા એટલે
કોઈએ કાળી વિદ્યા વાપરી
રસ્તાની વચોવચ કર્યું
એક મંત્રેલું કૂંડાળું
સાચવી સાચવીને ચાલો તો ઠીક
પણ જો ભૂલથી પગ પડ્યો અંદર
તો ધોળા દહાડે
ભર બજારે
તમને ઉતારી જાય અંદર એ કૂંડાળું
એની અંદર તમારી જિંદગી જો
ઉપાડીને મૂકી દે કોઈ
તો પછી એ થઈ જાય
તમારી મા, બહેન, બહેનપણીની
ગામ, પરગામ
શહેર, શરીર
બધી સરહદોને
ભૂંસી નાખતું
ભેળવી નાખતું
મસળી નાખતું
કોઈના શરીરને
કોઈની ઇચ્છાઓ સાથે
કોઈનાં આંસુને
કોઈના જીવ્યા ભેગું
કોઈના ઇતિહાસને
કોઈના ભાવિ સાથે
જેમાં છૂટું પડે ના
શું તારું
શું મારું
શું સાચું
શું ખોટું
શું વીત્યું
શું ભાખ્યું
અજબ છે
આ કવિતાનું કૂંડાળું

ગઝલ

☐ રિષભ મહેતા

કર્યો સંબંધોનો સરવાળો, એક દિવસ એકાંતે બેસી.
દીધી મેં પોતાને ગાળો! એક દિવસ એકાંતે બેસી.

કોને કોને મળવામાં આ રહી ગયું મળવું પોતાને?
ચાલને જીવ! મેળવીએ તાળો, એક દિવસ એકાંતે બેસી.

મારા ઘરમાં મેળો મેળો તો પણ હું ખાલી ને ખાલી,
જોયો મેં ગરબડ ગોટાળો એક દિવસ એકાંતે બેસી.

રોડાં રસ્તામાં નાખે છે, સરળ સફરને અટકાવે છે.
ગાંઠ અણગમાની ઓગાળો, એક દિવસ એકાંતે બેસી.

જે પરમની સાવ નિકટ છે, ટોળામાં એ મળે, વિકટ છે.
મનમાં જે ટોળું છે, ટાળો. એક દિવસ એકાંતે બેસી.

જે ટોળામાં ખોઈ બેઠા, સંભવ છે એ મળેય પાછો-
સહજ પ્રણયનો સુંદર ગાળો, એક દિવસ એકાંતે બેસી!

પોતીકા અજવાળાની જો હોય આપને તલાશ તો તો
દીપક સાથે દિલ પણ બાળો, એક દિવસ એકાંતે બેસી.

ભીડમાં એને ગમવા લાગ્યું, મન ગમે ત્યાં ભમવા લાગ્યું,
મનને પાછું મનમાં વાળો, એક દિવસ એકાંતે બેસી.

એમ નહીં સમજાય આપને, રૂપ નહીં દેખાય આપને,
આ ગઝલની ભીતર ભાળો, એક દિવસ એકાંતે બેસી.

રંગ તરંગ સુગંધ છંદ ને સ્પંદની નવલખ છોળ ઊછળશે
તમે મને નખશિખ નિહાળો, એક દિવસ એકાંતે બેસી.

વારતા રે વારતા

મારું પેટ તસ થઈ ગયું
ત્યાં સુધી તેં મને જમાડ્યા કરી
કહી કહીને વારતાઓ
કુટુંબોની
જ્યાં હોય પ્રેમનું સામ્રાજ્ય
દરકારની ભાવના સૌના મનમાં
અહમ્‌નો ચડે બલિ
હોય બાળ કિલ્લોલતાં
આવે ખુશીઓ ઘોડે ચડી
હોય સૌ રાજી
સૌના હોવા થકી
એવું લાગતું જાણે
આથી અદકું ના કદી હોયે
ના ચાહુંય હું કદી
ને પછી તેં મને પરણાવી દીધી.
હવે હુંય કરું વારતા
એ સહુ સત્યો વિશે
કહ્યાં નહીં જે તેં કદી!!

ગીત : હમણાં હમણાં

☐ જિગર જોષી 'પ્રેમ'

હમણાં હમણાં
હથેળીઓના રણ વૈભવને પડતા મૂકી ભાગી છૂટવા મથી રહ્યાં છે
આંગળીઓનાં નાજુક હરણાં

હમણાં હમણાં.


રેખાઓની રેતી ચડતી વંટોળે લઈ
મોનાલિસા જેવા કોઈ રહસ્યવાદી સ્મિત ઝરૂખે
વેઢાનાં સૌ પંખીઓમાં મચી ગયો કલશોર કે અંતે
અવતરવું તો અવતરવું આ કોની કૂખે?
આમ જુઓ તો સાવ મુલાયમ, આમ જુઓ તો નખ જેવી ઊગી નીકળેલી
ઝેર ભરેલી અનેક ભ્રમણા

હમણાં હમણાં

હથેળીઓનું રણ આ શું છે? રણ તો કેવળ
રેખાઓનું અવાવરું જંગલ છે કોઈ
એકબીજાની આંગળીઓ વચ ધરબાયેલા કોઈ ઝાંઝવા જેવા
સગપણની બોલોને ક્યાંય મળે રે સોય!?
અમથો અમથો દિવસ ઊગે ને અમથી અમથી રાત પડે ને
અમથા અમથા રમીએ ઊગમણાં - આથમણાં

હમણાં હમણાં.





શબ્દ

☐ હિમાંશી શેલત

બેઠાં બંને. અજાણ્યા ઝાડ પરથી ઝીણાં ઝીણાં સફેદ ફૂલ ખરતાં હતાં ભોંય પર. આંગણું માફકસરનું. પહાડોમાં જોવા મળે એવું લાકડાનું ઘર. થોકબંધ જંગલી ફૂલો અને ઘાસની વચ્ચે ગોઠવાયેલું. ત્રણેક મોટાં ઘટાદાર ઝાડ, જરાક દૂર અગણિત વૃક્ષો.

: ખાવાનું શું કરો છો? જાતે?

લાંબા મૌનથી થાકીને દુર્વાએ છેવટે એક સવાલ ઘડ્યો, પહેલાં મનમાં, પછી બહાર આવવા દીધો.

: છે એક માજી. જોકે એટલાં કંઈ

ઘરડાં નથી પણ જમાડે છે એટલે સહુ એમને માજી કહે છે. એમને ત્યાંથી સવારે ડબ્બો આવે. સાંજે ફળાહાર, દૂધ, મન થાય તો આઈસક્રીમ અથવા રખડવા નીકળ્યો હોઉં તો ક્યાંક આલુપરાઠા.

: બધા પૂછે છે કે સર કેમ લખતા નથી! આટલે દૂર આવવાનું થયું અને તમે આ તરફ છો એ કન્ફર્મ થયું એટલે મારા આખા બેચને એક જ સવાલ, કે સર બોલે તો પૂછી લાવ આટલું કે અચાનક લખવાનું કેમ બંધ કરી દીધું...

શુભંકર હસ્યા, ઝભ્ભાની બાંયો ચડાવી આમતેમ જોયું પણ બોલ્યા નહીં. એક જીંથરિયાળો કૂતરો અચાનક દોડી આવ્યો અને શુભંકરના પગ પાસે એની ગુચ્છાદાર પૂંછડી વીંઝતો ગેલ કરવા લાગ્યો.

: આપણો દોસ્ત છે, જય નામ પાડ્યું છે, પણ જોય થઈ ગયું છે હવે.

: તમારા દોસ્તને મળી આનંદ થયો છતાં મારા સવાલનો જવાબ ક્યાં? પાંચ વરસથી તમે કશું લખ્યું નથી. બરાબર? વોટ્સ રોન્ગ?

: નથિંગ. તારી યાદદાસ્ત ઉત્તમ છે એની શાબાશી આપું?

: એમ નહીં. વાત ટાળવાની તમારી પાસે હજાર રીતો છે એ અમે જાણીએ. પાછી જઈશ ત્યારે ઘેરી વળશે સહુ અને ખીજ કાઢશે મારા પર. આ દુર્ગમ સ્થળે ફરી અવાય કે ન અવાય, આ તો કમિટીમાં હતી અને સર્વે માટે આવવાનું હતું એવામાં તમારા અજ્ઞાતવાસના સમાચાર શુક્લાજી લઈ આવ્યા, શી ખબર ક્યાંથી, એટલે મેં નક્કી કરી લીધું કે ગમે તે રીતે તમને મળ્યા વિના પાછાં નથી જવું.

: શું પીશ? લીંબુપાણી, ચા કે પછી એપલ જ્યુસ?

: બધું પછી. પહેલાં સવાલનો જવાબ. અમે તમારી શૈલીનાં આશક, તમારાં પુસ્તકો ખરીદીને ભેટ આપવાવાળાં, ગર્વથી જાહેર કરનારાં કે અમે દર રવિવારે તમારે ત્યાં સાહિત્યચર્ચા માટે એકઠાં થતાં... યાદ છેને તમને, સર?

આગળ શું કહેવું એ ન સમજાતાં દુર્વા અટકી ગઈ. શુભંકર એને સાંભળતા હોય એમ ન લાગ્યું. એમની નજર ચોમેર પથરાયેલા પહાડો પર ચડઊતર કરતી લાગી. જો કોઈને જવાબ ન આપવો હોય તો એના પર દબાણ કરવું ઉચિત ગણાય ખરું? દુરાગ્રહ શા માટે? અને શુભંકર તો એમ પણ કહી શકે કે આ અંગત નિર્ણય છે, કારણ ન અપાય. દુર્વા ગૂંચવણમાં પડી, જતાં રહેવું જોઈએ થોડી ગપસપ પછી કે હઠ લઈને બેસી રહેવું જોઈએ?

: તમે તો અમને પ્રશ્નો પૂછવાનું અને ઉત્તર ખોળવાનું શિખવાડ્યું. એક વખત કોઈ નવલકથાના પાત્રના વર્તન વિશે અમે આશ્ચર્ય અનુભવતા હતા

ત્યારે તમે જ નહોતું કહ્યું કે જેનું કારણ જડે નહીં એનુંયે કારણ હોય, અને એ શોધવું પડે, થાક્યાહાર્યા વિના. મારે એ જ કરવું છે આજે.

દુર્વા સ્થિર નજરે શુભંકરને જોતી રહી. બોલશે હવે? મળશે કોઈ સરખો જવાબ?

: કયા ન્યુઝપેપર માટે કામ કરે છે તું?

જે શુભંકર જાણે છે એવો સવાલ સાવ નકામો, દુર્વા અકળાઈ ગઈ. મને ખબર છે તમે જાણો છો, છતાં માત્ર સમય પસાર કરી મારા મુદ્દાને ટલ્લે ચડાવવાની તરકીબ છે આ, હું નહીં જાણતી હોઉં એટલું? જાત સાથે મગજમારી કરતી દુર્વા મોં ફેરવીને બેઠી, અંતે હોઠ ઉઘાડ્યા.

: પાંચ મેટ્રોમાંથી પ્રગટ થાય છે તે, તમે જાણો છો નામ.

: મજા પડે છે?

: અફકોર્સ, મુલાકાતો, પ્રવાસ, બનાવોનું રિપોર્ટિંગ ગમે છે મને બધું. મને એમ કે યુ વોન્ટ ડિસ્અપોઈન્ટ મી! બટ...

દુર્વા ઊભી થવામાં હતી ત્યાં એણે પોતાને ખભે હળવો દાબ અનુભવ્યો.

: સાંભળ હવે. ભાષા ભૂલી રહ્યો છું. શબ્દો પર કાબૂ નથી, અને એમના પર ભરોસોયે છૂટી રહ્યો છે. આજકાલ! થાક લાગે છે આ સ્થિતિનો. ટકોરાબંધ શબ્દ, વિશુદ્ધ, સેક્રેડ એન્ડ પ્યુર... ક્યાં?

દુર્વા જરા ચોંકી. કોઈ માનસિક વ્યાધિ? અલ્ઝાઈમર્સની શરૂઆત? બીજું અસહ્ય દબાણ, અજાણ્યું અને અચાનક ઊભું થયેલું? ટેરવે શબ્દો હોય એ આમ સાવ...?

: ના માનું. તમને ભાષા છોડે નહીં કોઈ દિવસ. તમારે હવે તો કહેવું પડશે કે એક્ઝેક્ટલી શું થયું...

શુભંકર અંદર ગયા અને જરા વારમાં એક જાડી ફાઈલ લઈ બહાર આવ્યા.

કુતૂહલભરી આંખો કાગળોમાં ખૂંપી ગઈ. ભાષણો, હેવાલો, લખાણો એવું પરચૂરણ હતું. અનેક શબ્દો નીચે જાડી લીટી તાણેલી. એટલે એ શબ્દોએ દુર્વાને જકડી લીધી.

સહાનુભૂતિ, કરુણા, સ્વતંત્રતા, માનવીય અભિગમ, ન્યાય, કાયદો, બંધારણ, અધિકાર, વીરત્વ, સાહસ, નેતૃત્વ, સમાનતા, બંધુત્વ, સહિષ્ણુતા, સ્ત્રીદાક્ષિણ્ય, બેટી બચાવો, જન આરોગ્ય, પ્રજાલક્ષી...

પચાસ, પંચાવન, સો, બસો, દુર્વા જાડી લીટીઓ ઉપર થીજેલા શબ્દો ગણતી ગઈ. સંખ્યા વધતી જતી હતી, આંખો થાકી જાય એ રીતે. છ-સાત પાનાં પૂરાં થયાં ત્યાં સુધી તો દુર્વાએ ધીરજ રાખી. સરની કોઈ નવી રીત તો નહીં હોય આ? અગત્યના પાઠ અંકે કરાવવા અને તર્કની ધાર તેજ કરવા અવનવી પદ્ધતિઓ શોધવાનું

શુભંકરને ગમતું. આરંભે કશો અંદાજ ન આવે, અંતે વિસ્ફોટ થાય અને પછી ચકાચૌંધ પ્રકાશ. ભણનારા રોમાંચમાં આનંદવિભોર.

દુર્વા શબ્દોના ઘેરામાં અટવાઈ ગઈ, પૂરેપૂરી.

મહાકાય વૃક્ષ પાછળથી બારેક વર્ષની વનકન્યા પ્રગટ થઈ, લીંબુપાણી લઈને. દુર્વાને નવાઈ લાગી. કોઈ દેખાતું નહોતું ત્યાં આ વળી અચાનક ક્યાંથી આવી ચડી?

: કોઈ આવે ત્યારે ભૂરી આમ જ આવી ચડે લીંબુપાણી સાથે. અમારા મદદનીશ સતપાલની દીકરી, એના ઘરની લક્ષ્મી. જે વાવે તે ફૂલેફળે. આ લીંબુ પણ એણે વાવેલા વૃક્ષનું ફળ. વાવ્યું ત્યારે ભૂરી ચારની હતી. વાંધો ન હોય તો બે-ત્રણ પપૈયાં લેતી જજે, માની ન શકાય એટલાં મીઠાં...

શુભંકર એમના નવા શોખ અંગે ઉત્સાહપૂર્વક ઠલવાયા.

: તમારે મારા પ્રશ્નોનો જવાબ આપવાનો છે, હોપ યુ રિમેમ્બર! હું આ મુલાકાત વિશે કશું લખવાની નથી, મારે એને વટાવવાની નથી, મારો રસ કેવળ જાણવામાં, વ્હાય હેવ યુ સ્ટોપ્ડ રાઈટિંગ.

: ઓકે! તેં અન્ડરલાઈન કરેલા શબ્દો જોયા?

: જોયા.

કયા સંદર્ભમાં વપરાયા છે એ

નોંધ્યું?

: હા. રાજસત્તા, ધર્મસત્તાનાં સંભાષણોમાં, ઉદ્‌બોધનોમાં, લખાણો તથા ચર્ચામાં.

: બરાબર, હવે એમાં કયો શબ્દ સત્યથી રસાયેલો અને તેથી પ્રામાણિક અને પ્રાણવાન, તથા કયો જૂઠાણાથી મેદસ્વી, અપ્રામાણિક અને પોકળ, એવો તફાવત પારખી શકાશે?

દુર્વા મૂંઝવણમાં પડી. આવો ભેદ તો કોઈ કાળે ન પારખી શકાય, સિવાય કે બોલનારના વર્તનનું પ્રત્યક્ષ પ્રમાણ હાથ લાગે. શબ્દનાં પારખાં બીજી કઈ રીતે થાય?

શુભંકર સસ્મિત જોઈ રહ્યા દુર્વાને.

: કહે, કહે, ચતુર છે તું તો!

: ના ખબર પડે શબ્દની સચ્ચાઈની, માણસને જાણવો પડે.

: ભલે, માણસને જાણવો એટલે? ચીભડું છે કે ચખાય?

: નજીકથી જોવો, એના જીવનવ્યવહારને જોવો, વાણી અને વર્તનની સતત તુલના કરવી, બનાવટ હોય તો માપી લેવી.

: સહેલું છે આ? બોલનાર-લખનાર બધાને નજીકથી જાણવાનું?

: ના, જરીકે નહીં. નજીકનાયે નથી ઓળખાતા તો વળી દૂરના તો...!

: જેમ કે અત્યાચારની ઘટના પછી હું એમ લખું કે આવું બિલકુલ ચલાવી નહીં લેવાય, તત્કાલ ન્યાય થશે. પછી વીસ વરસેય જો ન્યાય ન થાય તો 'તત્કાલ' શબ્દનું શું મૂલ્ય?

: ઝીરો.

: સાચું. હવે આ ઝીરો મૂલ્યવાળા 'તત્કાલ' શબ્દને કે 'ન્યાય' શબ્દને હું વાપરું એની કેટલી અસર?

દુર્વા બોલી નહીં. શુભંકરનો મુદ્દો સ્પષ્ટ થતો જતો હતો. જેમ કે કોઈ નેતા એમ કહે, કે આપણા દેશમાં અભિવ્યક્તિસ્વાતંત્ર્ય છે, અને એની બીજી જ ઘડીએ કોઈ કશું બોલવા કે લખવા માટે ગોળીએ દેવાય, તો નેતાના પેલા વાક્યનો શો અર્થ?

: અર્થ કશો નહીં. વાક્ય નકામું અને કચરાપેટીમાં ફેંકવા જેવું.

: તો આ બનાવટી વાક્ય, અને હું જે રચું તે સાચું, વાક્ય, એમ કયા ધોરણથી સાબિત થશે? છે કોઈ માપદંડ?

: પણ સર, તમારું તો આખું જીવન સત્યમય રહ્યું છે, તમે જીવ્યા છો એ રીતે પ્રત્યેક ક્ષણ, સચ્ચાઈથી, એ માટે તો તમારા એકના એક દીકરાને...

: અંગત વાત છોડી દે ને દુર્વા! મારે માટે હવે એ દફનાવી દીધેલી ઘટના છે...

વરુણ જે કૌભાંડમાં સંડોવાયેલો તેની જાણકારી શુભંકરે જ સીબીઆઈને આપેલી, વરુણની ધરપકડ થયેલી, અને એણે આત્મહત્યા કરી લીધેલી. ત્રણ વાક્યમાં સમેટાયેલા આ બનાવને

વેઠવામાં શુભંકરનાં ત્રીસ વર્ષો વેડફાઈ ગયાં હતાં.

: દફનાવી દીધેલી ખરી, સ્ટિલ ઇટ ઇઝ અ ફેક્ટ કે તમે ત્યારે ન્યાય અને સચ્ચાઈને પક્ષે હતા, બાપ હતા તોયે!

: ઠીક એ બધું તો. આપણી ચર્ચા અલગ પાટા પર હતી. એક જ શબ્દ બે વ્યક્તિઓ વાપરે, ત્યારે સાચો કયો, અને તરકટી કયો, એની જાણ થાય કે કેમ! હું 'સ્વતંત્રતા' શબ્દ પ્રયોજું અને એક આપખુદ, અહંકારી નેતા એ જ શબ્દ વાપરે ત્યારે સાંભળનાર કે વાંચનારને એમાંનો ભેદ દેખાય ખરો?

ધારો કે રાજકીય હત્યા કરાવી ચૂકેલો કોઈ 'કરુણા' શબ્દ વાપરે તો એની 'કરુણા' અને મારા લખાણમાં આવતી 'કરુણા'ને અલગ કોણ તારવશે? નક્કર અને પોલાનો ભેદ જાણવો કઈ રીતે? મારી સચ્ચાઈથી મારો શબ્દ કંઈ ઝગારો તો મારવાનો નથી!

દુર્વા પાસે પૂછવા જેવો એકેય સવાલ નહોતો હવે. છતાં છેલ્લે જાણી લેવું સારું.

: એટલે તમે નહીં જ લખો બિલકુલ હવે પછી?

: એમ ક્યાં કહ્યું છે મેં? નવા શબદ હાથ લાગશે તો લખું પણ ખરો. નવા એટલે એકદમ નવા, બનાવટનો પાસ ન લાગ્યો હોય એવા, અબોટ, જન્મ્યા તેવા જ મળી ગયા હોય એવા. વાપરીને ચપ્પટ અને સુંવાળા બન્યા હોય તેવા નહીં. ભાષાનાં મૂળ તો બહુ ઊંડાં, શી ખબર હાથ લાગી જાય કશુંક ઊર્જાવાન અને સત્ય પ્રકાશિત, ત્યારે વાત... હાલ તો જો પેલા સપ્તપર્ણીના રોપા, હમણાં જ વાવ્યા, અને ટેકરી પાછળ પચાસેક વૃક્ષો મોટાં થઈ રહ્યાં છે, જોઈને જજે, તારે એ તરફથી જ જવાનું થશે.

દુર્વાને લાગ્યું કે એના ગાલ એની જાણ બહાર જ ભીના થઈ રહ્યા છે. શુભંકરે એને માથે હાથ રાખ્યો.

: વિકસતા રોપાનું મહાકાય વૃક્ષમાં રૂપાંતર એ મોટું સત્ય છે. એમાં કોઈ બનાવટ ટકી શકતી નથી, કોઈ છલ નહીં. રોપો જે હોય તેનું જ વૃક્ષ, આંબો હોય તો એ બાવળ રૂપે નહીં આવે સામે! આ દિવસોમાં તો આને જ સર્જન ગણજો.

ટેકરી પાછળ પંખીઓનું વાદળ કલબલાટ કરતું સર્યું. દુર્વાની આંખો એ ઝુંડની પાછળ પાછળ. જોય અચાનક દોડી આવ્યો, ઉલ્લાસભર્યું ભસતો ભસતો.

: આ બધા જે બોલે છે તેમાં કોઈ પોલાણ નથી, નો ડબલ મિનિંગ, નો ડિસેપ્શન. હોપ યુ ગેટ માય પોઈન્ટ...

દુર્વાએ શુભંકરનો હાથ પકડી લીધો, શબ્દની અવેજીમાં.

❑❑❑



સ્વાસ્થ્ય અને અધ્યાત્મ – 3

☐ ડો. સેજલ સંઘવી

આગળના અંકમાં જણાવ્યા મુજબ ઉપચાર વ્યાધિનો નથી કરવાનો, ઉપચાર વ્યક્તિનો કરવાનો છે તો ઉપચાર ઉપર આવતાં પહેલાં વ્યાધિ એટલે કે રોગની ઉત્પત્તિ અને એનાં મૂળ કારણોને સમજીએ અને સ્થૂળ શરીર પર એના અવતરણને સમજીએ. મનુષ્યની હાલની અસ્વસ્થ પરિસ્થિતિ અને એનાં કારણોને સમજીએ.

સામાન્ય જાણકારીમાં રોગને બહુ સ્થૂળ રીતે જોવામાં આવે છે અને બહુ બહુ તો એનું મનોવૈજ્ઞાનિક કારણ જણાવી દેવામાં આવે છે. એટલે કે પૂર્ણ શરીરની વ્યાખ્યા પ્રમાણે એને પૂર્ણતા, અખંડ શરીર તરીકે જોવાને બદલે ખંડિત ભાગોમાં વહેંચી દઈને

કાં તો સ્થૂળ શરીરના કોઈ ભાગ, કોઈ અવયવ, કોઈ પ્રણાલી, કોઈ અંગ અથવા તો કોઈ માનસિક રોગોના નામે વિભાજિત કરીને એની ખંડિત ભાગમાં સારવાર કરવામાં આવે છે. જ્યારે કે અખંડ શરીર, પૂર્ણ શરીર એ સ્થૂળ શરીર, કારણ શરીર અને સૂક્ષ્મ શરીર એમ ત્રણ શરીર જોડાઈને બને છે. એ જ પ્રમાણે રોગનાં મૂળ પણ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એમ ત્રણેય સ્તર પર ઉદ્ભવે છે. જેને અનુક્રમે આધિ-ભૌતિક, આધિ- દૈવિક અને આધિ-આત્મિક સ્તર કહેવાય છે.

શરીરના આ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એવા ત્રણેય રોગોના મૂળ સ્તરને સમજીને, જાણકારી સાથે બોધ પામીને, શરીરને એ રીતે અમલમાં મૂકતાં આ ત્રણેય સ્તરનાં કારણોને મૂળમાંથી નાબૂદ કરીને સ્વસ્થતા પમાય છે. એટલે કે જ્યાં સુધી આ ત્રણેય અવસ્થાઓને એક સાથે આવરી રોગ નાબૂદી માટે કાર્યરત નથી કરાતી ત્યાં સુધી આંશિક કે ટૂંકા સમય માટેની સ્વસ્થતા પ્રાપ્ત થઈ શકે છે.

રોગનું સૌથી મૂળ કારણ સ્વથી વિચલિત અવસ્થા છે. સ્વના કેન્દ્રમાંથી બહાર આવી જવાના કારણે અવ્યવસ્થિતતા સર્જાય છે. આ અવ્યવસ્થિતતા સૂક્ષ્મ શરીરમાં જાણ્યે અજાણ્યે વેગ - આવેગ, સંકલ્પ - વિકલ્પ, વૃત્તિઓ રૂપે સંગઠિત થઈ થઈને લાંબા કાળે સ્થૂળ શરીરમાં વ્યાધિમાં રૂપાંતરિત થાય છે.

શરીરને રચના છે અને ક્રિયાઓ છે. વ્યાધિના કે રોગોના આ રૂપાંતરણને સમજવા માટે પહેલાં શરીરની રચના અને એની ક્રિયાઓને જાણવી અત્યંત જરૂરી બને છે. શરીરની રચના અને ક્રિયા આ બન્ને મૂળભૂત નક્કર અસ્તિત્વ છે. આ જ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરનું કારણ સ્વરૂપ છે. શરીરની રચના એટલે અસ્તિત્વનું હોવું અને ક્રિયા એટલે અસ્તિત્વને પ્રકાશિત કરવું.

શરીરની રચનામાં આગળ જણાવ્યું તેમ જીવ પોતે સત્ત્વ, રજસ અને તમસ આ ત્રિગુણી પ્રકૃતિમાંથી પંચ તન્માત્રાઓ અને પંચ તન્માત્રાઓમાંથી પાંચ મહાભૂત દ્વારા સાત ધાતુ, ત્રણ દોષ અને ત્રણ મળનું સર્જન કરે છે.

આ જે પંચ મહાભૂત છે એમાં આકાશ એ સત્ત્વ ગુણ, વાયુ એ રાજસ ગુણ, અગ્નિ એ સત્ત્વ અને રાજસના સંયોજનથી, જળ એ સત્ત્વ અને તમસના સંયોજનથી અને પૃથ્વી એ તમસ ગુણથી બને છે. આવી જ રીતે સપ્ત ધાતુઓમાં રસ એ જળ મહાભૂત, રક્ત એ અગ્નિ મહાભૂત, માંસ એ પૃથ્વી મહાભૂત, મેદ એ જળ મહાભૂત, અસ્થિ એ પૃથ્વી મહાભૂત, મજ્જા એ જળ મહાભૂત, શુક્ર એ જળ મહાભૂતથી બને છે. જે ત્રણ દોષ છે

એમાં વાયુ એ વાયુ અને આકાશના સંયોજનથી, પિત્ત એ અગ્નિથી, કફ જે છે તે જળ અને પૃથ્વીના સંયોજનથી બને છે. જ્યારે કે ત્રણેય મળમાં પુરીષમાં પૃથ્વી તત્ત્વ, મૂત્રમાં જળ તત્ત્વ અને સ્વેદમાં જળ તત્ત્વ કારણભૂત છે.

આની સાથે આપણે આ પાંચ મહાભૂતમાંથી આકાશ જે સત્ત્વ પ્રધાન છે એ સ્વયં પ્રકાશમાન હોવાના કારણે સત્ત્વ કહેવાયું છે. વાયુ જે રાજસ ગુણથી ઉત્પન્ન થયો છે તે ચલ એટલે કે ગતિશીલ હોવાથી રાજસ કહેવામાં આવ્યો છે જ્યારે કે અગ્નિ પ્રકાશ અને ચલ એટલે કે ગતિશીલ હોવાના કારણે સત્ત્વ-રાજસ કહેવાયો છે. જળ મહાભૂત સ્વચ્છ, પ્રકાશક અને વજનવાળું હોવાથી સત્ત્વ અને તમસથી બને છે. પૃથ્વી સ્વયં ગુરુ એટલે કે વજનવાળી હોવાથી તમસ ગુણ ધરાવે છે. આ પંચ મહાભૂત એટલે કે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ ક્રમાંકે ખરત્વ, વહેવું, ઉષ્ણતા, ગતિશીલતા અને અપ્રતિવાતની લાક્ષણિકતા ધરાવે છે અને અનુક્રમે ગુરુતા, સ્નિગ્ધતા, તીક્ષ્ણતા, રૂક્ષતા અને લઘુતાના ગુણધર્મો ધરાવે છે.

ત્રણ દોષ દ્વારા શરીરની બધી ક્રિયા, પ્રક્રિયાઓ થાય છે. એટલે કે બધા અવયવો અને પ્રણાલીઓનું સંચાલન થાય છે. આમ ક્રિયા શરીરમાં ત્રણ દોષ કફ, પિત્ત અને વાયુ જ મહત્ત્વના છે. વાયુના પોતાના પાંચ પ્રકારો અપાન, પ્રાણ, સમાન, વ્યાન અને ઉદાન છે. પિત્તના પાંચ પ્રકાર પાચક, સાધક, ભ્રાજક, આલોચક અને રંજક છે. જ્યારે કફના પાંચ પ્રકાર શ્લેષક, ક્લેદક, બોધક, તર્પક અને અવલંબક છે.


શરીરની રચના અને ક્રિયાઓ તથા સ્થૂળ દેહની સમજણ સાથે સૂક્ષ્મ શરીરની રચના એટલે કે અંતઃકરણ ચતુષ્ટય; મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને સ્વનું મૂળ કારણ એમ સ્વરૂપને અને એના અનુસંધાનને સમજીએ. આ સ્થૂળ શરીર પ્રત્યેનું અનુસંધાન, જાગૃતિ જ મનુષ્યને સ્વ સાથે જોડે છે. સૂક્ષ્મ દ્વારા સ્થૂળ અને કારણનું જોડાણ થાય છે, ત્રણેય એક બને છે. આમ સતત અનુસંધાન દ્વારા શરીરની ક્રિયાવિધિઓ તરફ જાગૃત રહેવાથી, એને કેળવવાથી; ગહનતમ તથા કેન્દ્રમાં રહેલા સ્વ સુધીની યાત્રા પૂરી કરી શકાય છે.

એક ઉદાહરણ જોઈએ તો વિપશ્યનામાં ઝીણવટભરી રીતે મનની જાગૃતિનું અનુસંધાન શ્વાસ સાથે જોડવામાં આવ્યું છે. ખૂબ જ ઝીણવટ અને કેળવણીથી શ્વાસ, એની ગતિ, એનો લય, એની ક્રિયા પ્રત્યે જાગૃત કરાવતાં કરાવતાં અભિમાન લય પામી; સ્વ પ્રકાશિત થાય છે. તેવી જ રીતે બીજું ઉદાહરણ લઈએ. યોગ આસનોમાં સ્થિરતાની સાથે નાડીઓને સક્રિય કરીને શરીરના સ્વાસ્થ્યની સાથે સ્વના મૂળભૂત ઉદ્દેશ્યને પામી શકાય છે.

આટલી સમજણ કેળવાયા બાદ ફરી રોગોના ઉદ્ભવ અને રૂપાંતરણ પર આવીએ. આ ત્રણેય શરીરની અવસ્થામાં આધિ ભૌતિક એટલે કે સ્થૂળ શરીરમાં આહાર-વિહારની મલીનતા, આધિ દૈવિક એટલે કે સૂક્ષ્મ શરીરમાં આચાર-વિચારની મલીનતા અને આધિ આત્મિક એટલે કે કારણ શરીરમાં બોધ પ્રત્યેની અણસમજ આ રોગ થવાનાં અને મૃત્યુના ભયનાં કારણો છે.

આધિ ભૌતિક, આધિ દૈવિક અને આધિ આત્મિક આ ત્રણેયમાં આધિ ભૌતિક એટલે કે સ્થૂળ શરીર મનુષ્યની રહેણીકરણી, ખાનપાન, આદાનપ્રદાન ઉપર નિર્ભર છે. આધિ દૈવિક એટલે કે સૂક્ષ્મ શરીર વેગ - આવેગ, સંકલ્પ - વિકલ્પ, વૃત્તિઓ પર નિર્ભર છે. અને આધિ આત્મિક શરીર એ લાંબા સમયથી પડેલી ગાંઠો, સ્વ પ્રત્યેની અણસમજ, કુંઠિતતા પર નિર્ભર છે. આ ત્રણેય અવસ્થામાં મહત્ત્વની કડી એ સૂક્ષ્મ શરીર છે. અમરત્વની પૂર્ણ સંભાવના એ આ સ્થૂળ અને સૂક્ષ્મ શરીરને જોડવાથી જાગૃત થાય છે. રોગોનાં મુખ્ય કારણોમાં આધિ દૈવિક એટલે કે મન, બુદ્ધિ, ચિત્તમાં પડેલાં સંસ્કારો, વૃત્તિઓ અને જીવન પ્રત્યેની અણસમજ મહત્ત્વનો ભાગ ભજવે છે.

આધિ ભૌતિક અને આધિ દૈવિક અવસ્થામાં શાસ્ત્રોમાં કહ્યું છે કે ॥ આહાર શુદ્ધો સત્ત્વ શુદ્ધિઃ ॥ આ આહાર કયો અને શરીર આ આહાર કેવી રીતે પામે છે? સામાન્ય સમજ પ્રમાણે આપણા દ્વારા આરોગાતું ભોજન એટલે આહાર. સામાન્ય સમજ પ્રમાણે ભોજનથી દેહ પોષાય છે. જ્યારે હકીકતમાં દેહ શરીરની પાંચેય ઇન્દ્રિયોથી આહાર ગ્રહણ કરે છે, પોષાય છે. શાસ્ત્રો પ્રમાણે અને આગળ જણાવ્યા અનુસાર શરીરની ત્રણેય અવસ્થાઓને પોષતું એવું તત્ત્વ જેને આપણે આહાર કહીએ છીએ એને સમજવું, એને જાણવું, એના વિષેનો બોધ પામવો એ મહત્ત્વનું છે. આહાર જાગૃતિથી મૂળભૂત અવસ્થા પોષાય છે અને પમાય છે. આ આહાર એ ફક્ત સ્થૂળ ભોજન સાથે સંબંધિત નથી. સ્થૂળ ભોજન મારા સ્થૂળ શરીરને પોષે છે તેની સાથે મારા સૂક્ષ્મ અને કારણ શરીરને પણ પોષે છે. તેવી જ રીતે ઇન્દ્રિયોથી ગ્રહણ કરેલો મારો બીજો આહાર જેમ કે મારી આંખો દ્વારા જે કાંઈ જોયું, કાન દ્વારા મેં જે સાંભળ્યું, સ્પર્શ દ્વારા જે કાંઈ અનુભવ્યું, મુખ દ્વારા જે પણ સ્વાદ લેવાયો અને નાક દ્વારા જે સૂંઘાયું એ સર્વમાં મને પોતાના આવેગ - પ્રત્યાવેગ, બુદ્ધિએ પોતાના સંકલ્પ - વિકલ્પ અને ચિત્તે પોતાની વૃત્તિઓ પોષી છે. આમ ભોજન દ્વારા સ્થૂળ અને ઇન્દ્રિયોના આહાર દ્વારા મારું સૂક્ષ્મ શરીર પોષાય છે. એવી જ રીતે વૃત્તિઓ નિર્મૂળ થયા બાદ જે બચે છે તે કારણ શરીર અને કારણ શરીરની



અવસ્થામાં જે કારણભૂત છે તેવું કારણ શરીર ચિંતન અને મનન દ્વારા જાગૃત રહેવાથી અવધાન રૂપે પોષાય છે.

હવે આ ત્રણેય અવસ્થાઓમાં જાગૃતિ ન રાખીએ, કોને શેના માટે પોષીએ છીએ એ જાણકારી ન હોય તો શરીર પોતાનો ધર્મ ભૂલી જઈ વિસંવાદિતાને કારણે વ્યાધિ અથવા તો રોગમાં સપડાય છે. રોગ અને રોગની સંપૂર્ણ નાબૂદી માટે, કોઈ પણ પ્રકારના વ્યાધિની સંપૂર્ણ નાબૂદી માટે જાગૃતતાપૂર્વક જીવન પ્રત્યેનો મૂળ ઉદ્દેશ્ય કેન્દ્રમાં રહેવો અનિવાર્ય છે.

❑❑❑

જ્યારે પોતાનાં અને અન્યોનાં કાર્યોનો આપણને ભાર લાગે, આપણી પ્રાણશક્તિને તે દબાવી દે, વિષાદની ખાઈમાં, વિરૂપતાના રણમાં ઊંડા એકાંત રુદનમાં - ત્યારે આપણા અંતરની પ્રાર્થના, અભીપ્સાનો અગ્નિ, દિવ્ય તત્ત્વોની સહાય આપણને ઊંચકી લેશે, વિશાળ આકાશમાં, નિર્દોષ દર્શનમાં, નિર્મળ આનંદમાં આપણા પ્રાણ-ગરુડને પાંખો મળશે.

- મકરન્દ દવે, 'ગરુડપુરાણ'

वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदोः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।



અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India

Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866

E-mail : rajavedapatasala@gmail.com
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિદર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુક્લ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઆને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિદર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી થાપણ (જમા રકમ)
વિદ્યાર્થી ભોજન. સાદું (સમારાધન)	રૂ ૭૦૦/-	રૂ. ૯,૦૦૦/-
વિશિષ્ટ ભોજન	રૂ. ૨,૫૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
દાળ-ભાત : (૭૫ કિલો)	રૂ. ૧,૬૦૦/-	રૂ. ૨૦,૦૦૦/-
વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ)	રૂ. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૫૦,૦૦૦/-

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)



ડાબેથી ઉત્પલ ભાયાણી અને નૌશિલ મહેતા

ઉત્પલ*

□ નૌશિલ મહેતા

ઋચા, કલ્યાણી, સ્વજનો અને મિત્રો;

પચાસના દાયકાના પશ્ચિમ પારલામાં બાબાગાડીવાળા હતા. સાંજે પાંચેક વાગ્યે આવી, ઘેરેથી બાળક લઈ જાય, ચારેક બાળકો માય તેવડી બાબાગાડીમાં અડધોએક કલાક ફેરવી, પાછું મૂકી જાય. ઉત્પલ અને હું બાબાગાડી-મિત્રો.

*

આજે એનાં બે પુસ્તકોનું અનાવરણ છે : એક વાર્તાસંગ્રહ, એક નાટ્યાવલોકનસંગ્રહ.

*

પહેલો વારો વાર્તાવિશ્વનાં સ્મરણોનો. અમે બાળમંદિરથી છઠ્ઠા ધોરણ સુધી

ઉત્પલ ભાયાણી લિખિત, ઇમેજ પબ્લિકેશન્સ પ્રકાશિત **વાર્તા વિશ્વ** *અને* **રંગભૂમિ 2019** *પુસ્તકોનાં લોકાર્પણ પ્રસંગે આપેલું વક્તવ્ય (6 ડિસેમ્બર 2019)*

સહપાઠી રહ્યા. પ્રાથમિક શાળામાં દર શુક્રવારે 'લાઈબ્રેરી'નો પીરિયડ હોય. ત્રીસેક બાળકોના વર્ગમાં લાઈબ્રેરિયન બહેન એક ટ્રોલી પર સો-એક પુસ્તકો લઈને આવે. બાળકોએ બે-બે પુસ્તકો ઘેર લઈ જવાનાં અને વાંચવાનાં. ઉત્પલનાં અને મારાં બન્ને પુસ્તકો શુક્રવારે સાંજે જ વંચાઈ જાય. બેથી વધુ પુસ્તકો બહેન આપે નહીં. અમે ઘેર એટલી ફરિયાદ કરીએ કે છેવટે વડીલોએ વાતમાં પડવું પડ્યું. શાળાનાં પ્રિન્સિપાલને મળીને અમારા માટે ખાસ છૂટ મેળવી – એક સાથે સાત પુસ્તકો ઘેર લઈ જવાની. મજાની વાત તો એ હતી કે અદલાબદલી કરીને અમે બન્ને અઠવાડિયાનાં ચૌદચૌદ પુસ્તકો વાંચી લેતા. એ બધાં પુસ્તકો વાર્તાનાં હતાં.

ત્યારના અમારા સંગીતશિક્ષક છોટુભાઈ દેસાઈ. એમના વર્ગમાં લાલ રંગનું આસન પાથર્યું હોય, જેના પર બાળકો બેસે. પોતે સામે ટેબલખુરશી પર હારમોનિયમ લઈને બેસે. એ ગાય અને અમારે ઝીલવાનું. અમે બધાં બહુ સુરીલાં નહીં એટલે એ ગુસ્સો કરે. પછી તો એમણે અમુક બાળકોને ગાવાની મનાઈ કરી દીધી હતી. એટલે એમના વર્ગમાં અડધાં બાળકો ઝોકાં ખાતાં હોય.

બાળકો બહુ ઝોકાં ખાય તો એ વર્ગ અટકાવી ઉત્પલને કે મને એમની બાજુમાં ઊભા રાખી વારતા કહેવાનું કહે. એ અમને જ શા માટે કહેતા એ યાદ નથી પણ એ સ્પષ્ટ યાદ છે કે વારતા કહેવામાં અમારા બેનો જ નંબર લાગતો.

પછી તો ધારો બની ગયેલો. છોટુભાઈ બધાને ઊંઘાડે. અમારું કામ બધાને જગાડવાનું.

તમે ક્યારેય સાત-આઠ વર્ષનાં ઝોકાં ખાતાં ત્રીસેક બાળકોનું વારતા કહીને મનોરંજન કરવાનો પ્રયત્ન કર્યો છે? નહીં? તો મારી શુભેચ્છા છે કે તમારે ક્યારેય એ યાતનામાંથી પસાર ન થવું પડે.

કલ્પના કરો કે તમે ગુલાબી બુશકોટ અને ક્રીમ કલરનું હાફ-પેન્ટ પહેરી ઊભા છો. - એ હતો અમારી શાળાનો બીભત્સ ગણવેશ. શાળાનું નામ 'સરલા સર્જન'. નિશાળેથી નીકળીને ઘેર જતા હો ત્યારે અન્ય શાળાઓનાં બાળકો તમને જોતાંવેંત ચીડવે, 'સરલા સર્જન, સડેલું સફરજન!' તમે તમારા હાફ-પેન્ટની કિનાર સાથે ચેડાં કરતા તમારા મિત્રો અને સહપાઠીઓ સમક્ષ રેબઝેબ ઊભા છો, જેમાંથી કોઈને આ વર્ગમાં હોવામાં કે તમારી વારતા સાંભળવામાં જરાય રસ નથી. આમેય તમને એકેય વારતા યાદ નથી આવતી. તમારા હોઠ તો શું, તમારી જીભ પણ સુકાઈ ગઈ છે. ડોળા પહોળા થઈ ગયા છે. માંડ માંડ કંઈ યાદ આવે ને તમે કહેવા માંડો, ત્યારે માત્ર છોટુભાઈના ગુસ્સાના

ડરને કારણે બધા તમારી વારતા સાંભળવાનો ડોળ કરતાં હોય...

એ અરસામાં બેથી ત્રણ વરસ સંગીતના વર્ગનું નામ આવતાં જ અમે કાંપી ઊઠતા. અમને આવડતી બધી વારતાઓ બોલી ગયા તોય સંગીતના વર્ગો ન ખૂટ્યા. લાચાર થઈને અમે પોતાની વારતાઓ બનાવતા થયા... અચાનક અમને મજા પડવા લાગી, અને આશ્ચર્ય! અમારા સહપાઠીઓને પણ!

અમને સમજાયું કે જે વારતાની દિશા નક્કી નથી એમાં કંઈ પણ થઈ શકે. વારતા યાદ કરવાની પળોજણમાંથી મન મુક્ત થયું એટલે અચાનક સહપાઠીઓના ચહેરા દેખાવા લાગ્યા... તેમના ચહેરાઓ પરના હાવભાવ વંચાતા થયા... છેવટે અમે ચહેરાઓ વાંચીને વારતાઓ કહેતા.

જેવો કોઈ ચહેરા પર કંટાળો દેખાય કે કથાનાયક કોઈ નવી મુસીબતમાં ફસાઈ જાય, જેવું કોઈ બગાસું ખાય કે કથાનાયકના બે-ચાર દુશ્મનો વધી જાય.

ચોથા ધોરણ સુધી આમ ટકી રહેવાયું. પણ એ જરાય અકસ્માત નથી કે ઉત્પલ અને હું જાહેરમાં બોલવાનું સતત ટાળતા રહ્યા અને જ્યારે બોલવાનું આવી પડે ત્યારે પૂર્વતૈયારી કરી, લખીને વાંચવાનું પસંદ કરતા રહ્યા. બગાસાં ખાતાં બાળકોનો ડર અકબંધ જળવાયો.

ચોથા ધોરણમાં જ ચૂંટણી થઈ. ઉત્પલને અને મને પ્રાથમિક શાળાના પ્રમુખપદ માટે ઊભા રાખવામાં આવ્યા. અમારી મરજી વિરુદ્ધ અમે એકમેકના પ્રતિસ્પર્ધી બન્યા. ઉત્પલ જીતે એમાં હું તો રાજી હતો, પણ મારી બહેન ઊર્મિને એ મંજૂર નહોતું. ત્યારે એ બીજા ધોરણમાં ભણતી. પરિણામે ઊર્મિની દાદાગીરીને વશ પહેલા-બીજા ધોરણના મત મને મળ્યા, ત્રીજા-ચોથાના ઉત્પલને. મને સડસઠ, એને પાંસઠ. જીત્યાનો આનંદ ઊર્મિને થયો અને હાર્યાનું દુઃખ ઉત્પલને અને મને.

એ જ વરસે શાળાના વાર્ષિક મહોત્સવમાં રામાયણની નૃત્યનાટિકામાં લવ-કુશનાં પાત્રોમાં અમારી પસંદગી થઈ. એ લિબાસમાં પડાવેલો 'સીતા' સાથેનો ફોટો બન્ને ઘેર સચવાયો. એ નૃત્યનાટિકા એટલે અમારો પહેલો રંગભૂમિ-પરિચય.

છઠ્ઠું ધોરણ પત્યું ત્યાં બેવડી મુસીબત આવી. ઉત્પલના પિતાજીએ અમદાવાદ સ્થાયી થવાનો નિર્ણય લીધો અને મારા પિતાજીની બદલી જબલપુર થઈ.

હું અંગ્રેજી માધ્યમમાં પટકાયો, ઉત્પલ સી.એન.માં! પરિણામે એનું ગુજરાતી સુધર્યું અને મારું ક્ષીણ થઈને લુપ્ત થતું ગયું. એ સાલ હતી 1964.

અમારી મૈત્રી ફરી તાજી થઈ

1975માં. હું પૂર્વ પારલા રહેવા આવ્યો અને ઉત્પલ એના મામાને ઘેર પશ્ચિમ પારલા. હું એમ.એસસી.નું ભણતો અને એ સી.એ.નું. વાર્તાઓ વાંચવાનો શોખ અમારો અકબંધ રહેલો, પણ અમારી વચ્ચે એક તફાવત. એ વાર્તાઓ લખે, વિવિધ સામયિકોમાં છપાવે, હું નહીં.

1975થી ચારેક વરસ સુધી ઉત્પલે લખેલી દરેક વાર્તાનો પહેલો વાચક હું - એટલે, વાચક નહીં, સાંભળક - કેમ કે ત્યારે ગુજરાતી વાચન પણ, મારા માટે સહજ નહોતું રહ્યું.

એ પચીસેક વાર્તાઓમાંની ભાગ્યે જ એકાદ એવી હશે જેને સાંભળીને મેં કંઈક બદલવાનું સૂચન નહીં કર્યું હોય. મજાની વાત એ હતી કે તે સમયે મેં કંઈ જ લખ્યું નહોતું. સૂચનો કેવળ ભાવક હોવાના અને દોસ્તીના દાવે અપાતાં. એ પચીસેકમાંથી ભાગ્યે જ એકાદ સૂચન હશે, જેને ઉત્પલે હસી કાઢ્યું નહીં હોય! એનો આગ્રહ સાદોસીધો હતો. એને પોતાની વાર્તામાં એવું કંઈ નહોતું જોઈતું જે એનું પોતાનું નહોતું. હું એને ઘણું સમજાવું, આ જરા સરખું બદલવાથી વાર્તા કેવી સુંદર રીતે ઊઘડી જાય છે અને વાર્તાની નીચે નામ તો તારું જ આવવાનું છે! ક્યારેક એ મારા સૂચનમાં રહેલા તથ્યને સ્વીકારે પણ ખરો. પણ પછી કહે, મેં લખ્યું - એટલે વાત પૂરી!

પોતાના સર્જન પ્રત્યે આવી પ્રામાણિકતા... આપણામાંથી કેટલા મિત્રો સમજશે?

*

બીજો વારો નાટ્યાવલોકનનાં સ્મરણોનો.

નાટકનું ઘેલું ઉત્પલને અમદાવાદમાં લાગેલું. એ ત્યાંના મિત્રો અજિત વાચ્છાની, આનંદ સાંડિલ અને જયેશ માધાણી સાથે એકેય નાટક ન ચૂકતો. મુંબઈમાં મારો ભેટો થયો ત્યારે એણે જોયેલાં નાટકોનાં કથાનકો પણ પોતે લખેલી વાર્તા જેટલા જ ઉત્સાહથી કહેતો.

ત્યાર બાદ એને 'જનશક્તિ'માં અને પછી 'જન્મભૂમિ' અખબારમાં નાટ્યાવલોકનની કોલમ મળી. તેથી વળાંક મારા જીવનમાં આવ્યો. એને દર રવિવારે નાટક જોવાના બે પાસ મળે. આખા મુંબઈમાં એની સાથે નાટક જોવાવાળું બીજું કોઈ ન હોવાથી હું નાટકો જોતો થયો. એ વર્ષોમાં ગુજરાતી, મરાઠી, હિન્દી, અંગ્રેજી, બંગાળી, ભોજપુરી, મણિપુરી, આસામી અને દક્ષિણની ભાષાઓ ઉપરાંત વિદેશી નાટકો પણ જોયાં. બીજું કંઈ શીખ્યો કે નહીં એની ચર્ચા થઈ શકે, પણ એ ગાળામાં નાટક જોતાં જરૂર શીખ્યો.

પ્રવીણ જોશીનો એ ચાહક. એવો ચાહક કે પ્રવીણના ચાહકોનોય ચાહક. મને બરાબર યાદ છે, એના એક નાટકના પ્રીમિયરમાં પડદો ઊઘડતાં પહેલાં



ડાબેથી કલ્યાણીબહેન, નૌશિલ મહેતા, ઉત્પલ ભાયાણી અને ઋચા

એણે મને ઊભા થઈને ઓડિયન્સને નીરખવાનું કહેલું. ખીચોખીચ હોલ પર નજર નાખી હું બેસી ગયો. પછી એ કહે, 'બધા એ અદાથી બેઠા છેને, કે પ્રવીણ, ભલે તેં પાંચ રૂપિયા વધારીને પચીસ રૂપિયાની ટિકિટ કરી હોય! અમે તો આવી ગયા! હવે દેખાડ, તારો પચીસ ટકા મોંઘેરો ખેલ!' ખેલ જોઈને બહાર નીકળ્યા ત્યારે પ્રફુલ્લિત પ્રેક્ષકોને જોઈને એ કહે, 'જોજે નૌશિલ, એ દિવસ દૂર નથી, જ્યારે પ્રવીણ જ નહીં, મોટા ભાગના નાટકવાળા નાટક પર નભશે અને પ્રવીણની જેમ ગાડીમાં ફરશે!' મને આનંદ છે કે ઉત્પલ એ દિવસ જોઈ શક્યો.

અમારી પેઢીના રંગકર્મીઓ પ્રત્યે એને ઊંડી નિસ્બત. એક સાલ - કદાચ છોંતેર કે સત્યોતેરમાં - લતેશ શાહની આગેવાની હેઠળ કેટલાક યુવાન કલાકારોએ આઈ.એન.ટી. એકાંકી સ્પર્ધાનો બહિષ્કાર કરેલો અને સ્પર્ધાના સમયે 'ગેલેલિયો' એકાંકી ભવન્સ ચોપાટીના દાદરા પર ભજવેલું. એ પ્રયોગ અમે બન્નેએ ફૂટપાથ પર ઊભા ઊભા જોયેલો. આજે નાટક બહુ યાદ નથી, પણ બચુભાઈ સંપટ અને દામુભાઈ ઝવેરીના ધૂંધવાયેલા ચહેરા યાદ છે. એ સાલ 'જનશક્તિ'ના દીપોત્સવી અંકમાં ઉત્પલને સ્પર્ધામાં ભાગ લેનાર અને ન લેનાર યુવા પેઢીના ઇન્ટર્વ્યુઝ છાપવા હતા - જેથી બન્ને પક્ષની

વાત સામે આવે. તકલીફ એ હતી કે એને સી.એ.ની પરીક્ષાની તૈયારી કરવા અમદાવાદ જવાનું હતું. છેવટે ઉત્પલે ટપાલમાં પ્રશ્નોની યાદી મને મોકલી અને જેમતેમ રંગકર્મીઓના ઇન્ટર્વ્યુઝ લેવાયા. આનાં બે પરિણામ આવ્યાં: દીપોત્સવી અંકમાં લેખ છપાયો અને અડધો ડઝન જેટલા રંગકર્મીઓ મારા આજીવન મિત્રો બન્યા.

અમારા પછીની પેઢીના રંગકર્મીઓ માટે ઉત્પલને હેત. જે ઉત્સાહથી સિતાંશુ યશશ્ચંદ્રનું રંગભૂમિ પદાર્પણ એણે પોંખેલું એટલા જ ઉત્સાહથી એણે મિહિર ભૂતાનું 'ચાણક્ય' પણ પોંખેલું. સિતાંશુભાઈના નાટક 'આ માણસ મદ્રાસી લાગે છે' ના અવલોકનનું મથાળું બાંધેલું તે આજેય યાદ છે: આ માણસ ગુજરાતી લાગે છે. આજે એ નામની સિતાંશુભાઈ વિશે ડોક્યુમેન્ટરી બની રહી છે.

પછી આવી સોળમી ઓક્ટોબર. એ સાંજે દર્શન જરીવાલા, ઉદય મઝુમદાર અને મિહિર ભૂતા સ્મશાનેથી મારે ઘેર આવ્યા અને કલાકો સુધી ઉત્પલનાં સ્મરણો વાગોળતા અમે બેઠા હતા ત્યારે મિહિરે વાત કરી. એ કહે, 'કારકિર્દીની શરૂઆતમાં આપણને ખ્યાલ તો હોય કે આપણે સારું લખી શકીએ છીએ. એટલે તો લખીએ. અને એટલે જ અભિનેતા રિહર્સલ કરવા તૈયાર થાય અને નિર્માતા રોકાણ કરવા. પણ ઉત્પલભાઈ વખાણ કરે ત્યારે આપણને ખાત્રી થાય. પછી આપણે બધા સાથે સારા લેખક જેવું - અર્થાત્ તોછડું - વર્તન કરી શકીએ.'

*

છેલ્લે, કેટલુંક અંગત.

કેટલાક સંબંધો પાયાના હોય છે. દાખલા તરીકે બાળકનો માતા-પિતા સાથેનો સંબંધ. બાળક કોઈ બીજાએ ઉછેર્યું હોય તોય માતા-પિતા સાથેનો સંબંધ અકબંધ રહે છે. અનેક દૃષ્ટાંતો છે કે વિદેશ દત્તક લેવાયેલાં બાળકો પોતાનાં મૂળ મા-બાપની શોધમાં ભારત આવી ઠેકઠેકાણે ભટક્યાં હોય. ટૂંકમાં, પાયાના સંબંધો એ, જે વ્યક્તિને પોતાની પાયાની ઓળખ આપે.

મારે મન હું જેટલો નલિની પ્રબુદ્ધકુમાર મહેતાનો દીકરો, એટલો જ ઉત્પલ હરિવલ્લભ ભાયાણીનો મિત્ર. આ બન્ને સંબંધો પાંસઠેક વરસ પહેલાં મંડાયા, અને આજે પણ અકબંધ છે.

❑❑❑

આપણા દેશને ફ્રૅંકફર્ટના બુક ફેરમાં પ્રમુખસ્થાન 2008માં આપવામાં આવ્યું હતું. એના અતિથિ મહાશ્વેતાદેવી હતાં ત્યારે એમણે ત્યાં એવી વાત કરી કે હું જે દેશમાંથી આવું છું ત્યાં હૃદય જે જગાએ હોવું જોઈએ તે જગાએ હોવાવાળા ઘણા બધા માણસો છે.

- ગણેશ દેવી

ડો. ગુણવંત શાહ સાથે મુલાકાત

☐ હરેશ ધોળકિયા

પ્ર.: ગુણવંતભાઈ, તમને છેલ્લા ત્રણ દાયકાથી ખૂબ નજીકથી નિહાળ્યા છે અને એક નિત્ય વિકાસશીલ વ્યક્તિ તરીકે જોયા અને જાણ્યા છે. એક શિક્ષકથી શરૂઆત કરી તેમાંથી વિચારશીલ શિક્ષક તરીકે વિકસ્યા અને આજે લોકશિક્ષક તરીકે આપ કામ કરી રહ્યા છો. દરેક પછીનો તબક્કો આગલા તબક્કાના ઊર્ધ્વ વિકાસ તરીકે આવતો ગયો છે. એટલે સહજ રીતે વિકાસશીલ વ્યક્તિની વિકાસ પ્રક્રિયાનું પૃથક્કકરણ જાણવાની ઇચ્છા થાય જ. તેમાંથી વિકાસની ચાવીઓ કે સફળતાનાં પગથિયાં જાણી શકાય. આ જિજ્ઞાસામાંથી થોડા પ્રશ્નો કરવાની ઇચ્છા રોકી શકાતી નથી. સહજ રીતે પ્રશ્ન પહેલો એ ઉદ્ભવે કે જો બૌદ્ધિક વિકાસનાં મૂળિયાં વારસો અને વાતાવરણમાં ઉદ્ભવતાં હોય, તો આ બે બાબતોના સંદર્ભમાં આપનો વિકાસ કઈ રીતે શરૂ થયો? માતાપિતા અને સુરતી વાતાવરણ યા આપને મળેલ વાતાવરણે શું ભાગ ભજવ્યો?

ઉ.: તમે વિકાસની વાત કરો છો. પણ એ શિક્ષકની અવસ્થા હતી એ અવસ્થા હજી પૂરી થઈ જ નથી અને પૂરી થાય તેવું હું ઇચ્છતો પણ નથી. એટલે જે અવસ્થામાં તમને વિકાસ દેખાય છે એ વિકાસ શિક્ષકનો વિકાસ છે. અને આગલી અવસ્થા કરતાં કંઈક અધિક જણાય તેને તમે વિકાસ કહો છો. પણ હું એવું માનું છું કે જેમ પુષ્પ ખીલે તેને કોઈ વિકાસ નથી કહેતું. પુષ્પ ખીલતું જાય. એમ કહેવાય કે ખીલતું જાય. તો કદાચ હું શિક્ષક તરીકે ખીલ્યો હોઉં એ બનવાજોગ છે.

આજે પણ હું લખું છું ત્યારે મારું શિક્ષકત્વ સાથે ને સાથે જ હોય એવું મને લાગે છે. એટલે જે પ્રાણીને તમે સાહિત્યકાર તરીકે ઓળખો છો, એ મૂળે એક શિક્ષક છે અને એનાથી અધિક કશું જ નથી. તમે જો મારી કટારો વાંચતા હો તો એમાં પણ તમને એક શિક્ષકનો ધ્વનિ સંભળાવો જોઈએ. હું લખું છું એ મારા માટે દંડબેઠક નથી, એ મારા માટે સૂર્યનમસ્કાર છે. એટલે ભલે નાની અને ભલે ખાનગી, પણ એ મારી ઉપાસનાનો ભાગ છે. એટલે જ્યારે પણ હું લખવા બેસું છું ત્યારે હું મારા સ્વને પ્રગટ કરતો હોઉં એવો ભાવ મારા મનમાં જાગે છે. અને એવું થાય ત્યારે સુગંધ પ્રસરતી હોય તો એ કેવળ ભગવાનની કૃપા છે. એટલે લખવાનું કામ મારે મન વિસ્તરણનું કામ છે. ચાર્લ્સ લેમ્બે ઇંગ્લેંડમાં એમ કહ્યું કે હું મારા વાચકોના હૃદયમાં પ્રવેશ પામવા માગું છું. તો હું લખું છું ત્યારે મારા મનમાં જો કોઈ ભાવ હોય તો તે ભાવ આ પ્રકારનો છે કે હું ગુજરાતીઓના હૃદયમાં પ્રવેશ પામવા માગું છું. હું 'ગુજરાતીઓ' એટલા માટે કહું છું કે મારા અનુવાદો પ્રગટ થાય છે તેમાં પણ હું મારી માતૃભાષામાં જે રીતે પહોંચી શકું એ રીતે આખો ને આખો પહોંચી શકું કે કેમ તે સવાલ છે. એટલે મારે આખા ને આખા પહોંચવું હોય તો મારી માતૃભાષા દ્વારા જ પહોંચી શકું. નરસિંહ મહેતો ગુજરાતીઓના દિલમાં પહોંચ્યો, કારણ કે ''અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે'' એ પંક્તિનો અંગ્રેજી અનુવાદ કોઈ ધારે તોય પૂરેપૂરો કરી શકે નહીં. તો હું કશુંક એવું લખવા ઇચ્છું છું જેને અનુવાદમાં પૂરેપૂરો ન્યાય ન મળે. એવું કશુંક લખવા માગું છું, જેનો અંગ્રેજી અનુવાદ થાય તો કશુંક છૂટી જાય. એવું મારે લખવું છે, એવું હું લખવા પ્રયત્ન કરું છું. તો આ જે વિકાસ તમે કહો છો એ શિક્ષકનો વિકાસ છે. એટલે તમે કહી શકો કે પહેલાં કરતાં તમે વધારે સારા શિક્ષક ગણાઓ છો. (પણ) એવું કહેવાને બદલે તમે આ શબ્દપ્રયોગ કર્યો છે. મારા પરિવારનું વાતાવરણ એવું હતું કે મારા બાપુજી શિક્ષક હતા. મારી બા પણ શિક્ષિકા હતી. એટલે શિક્ષકત્વ મારા ડી.એન.એ.નો ભાગ જ છે. અને હું જે કંઈ છું એ મારી ભીતર બેઠેલા શિક્ષકનો જ ચેતોવિસ્તાર છે.

પ્ર.: પ્રશ્નનો જવાબ તો બરોબર છે, પણ અમારે જેને તમારું પુસ્તક કહો છો તેનાં થોડાં મૂળિયાં જાણવાં છે. એટલે એ વિકાસના સંદર્ભમાં માતાપિતા, વડીલો અને જ્યાં ભણ્યા છો એ સંસ્થાઓ અને તેના શિક્ષકો, એમાંથી કોઈનો ફાળો યત્કિંચિત પણ જે કંઈ આપને મળ્યો હોય, એ જાણવાની અમને જિજ્ઞાસા છે.

ઉ.: મારા ઘરમાં, નાનો હતો

ત્યારથી જ, બાપુજી આર્યસમાજી હતા એટલે, રોજ જ સવારે પ્રાર્થના થતી. એ પ્રાર્થનામાં બાપુજીના પસંદ કરેલ વેદમંત્રો અને ગીતાના શ્લોકો રોજ જ પ્રાર્થનામાં બોલતા. એ સમૂહ પ્રાર્થના હતી, કારણ કે આસપાસનાં બે, ત્રણ ઘરના પડોશીઓ પણ આવતા હતા. અને એ પ્રાર્થનામાં કંઈ નહીં તોયે દસેક માણસો બેસતા હતા. અને દરરોજ, નાનો હતો ત્યારથી, સવારના પહોરમાં વેદમંત્રો અને ઉપનિષદના મંત્રો કાને પડ્યા છે. આજે પણ અમારું આખું કુટુંબ મળે ત્યારે એ પ્રાર્થના કોઈ પણ જાતનાં પુસ્તકોના સહારા વગર જ બોલે છે. તો એ સંસ્કારો બાપુજી તરફથી મળ્યા. બાનો ઝુકાવ બધો સેવા તરફ અને ખાસ કરીને ગાંધીજીની પ્રેરણા લઈને લોકોનાં કામ કરવા તરફ. બાપુજીને તો સેવામાં લેશમાત્ર રસ નહીં. એટલે બાપુજીની જ્ઞાનનિષ્ઠા અને બાની કર્મનિષ્ઠા, આ બન્ને નિષ્ઠાઓ ભેગી મળે તોય કદાચ કુટુંબમાં ભક્તિનિષ્ઠાનો અભાવ રહ્યો. જ્ઞાનનિષ્ઠા હતી, કર્મનિષ્ઠા હતી, પણ ભક્તિનિષ્ઠા નહોતી. બાપુજી આર્યસમાજી હોવાના કારણે મૂર્તિપૂજાના વિરોધી હતા. બા આર્યસમાજની અસરના કારણે રડવા-કઢવાના રિવાજથી દૂર રહેતી. મર્યા પછી બારમું-તેરમું, એનું જે ભોજન, જે પટેલ લોકો કરતા, જમણ કરતા, એ બધામાં અમારું કુટુંબ બિલકુલ અલગ થઈને, સુધારાના માર્ગે ચડેલું હતું. એને લીધે વિરોધ પણ સહન કરવો પડતો હતો. મૃત્યુ પછી જે કૂટવાનો રિવાજ હતો એ બધા જ રિવાજોથી અમારું કુટુંબ લગભગ ક્રાંતિકારી કહી શકાય એટલું મુક્ત હતું. એમાં વીર નર્મદનો પણ ફાળો હશે કદાચ, પણ મુખ્યત્વે આર્યસમાજનો ફાળો હતો. મારા બાપુજીનાં બા અંબામા, કબીરપંથી હતાં એટલે ઘરમાં એક બાજુ કબીર અને બીજી બાજુ આર્યસમાજનું વાતાવરણ હતું.

તો, આ બધી અસરો એવી પડી કે મને કોઈ ધર્મ પારકો લાગતો નથી. એટલે હું કુરાનનો અભ્યાસ કરું ત્યારે મારે મન કુરાન એ એક વિચારનું નામ છે. મારે મન રામ, કૃષ્ણ, વેદ, ઉપનિષદ બધાં વિચારનાં ઉપસ્થાનો છે. એ ઉપસ્થાનો સાથે સાથે ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીર એમના વિચારો વાંચ્યા પછી પણ મને વિચારની જ માવજત થતી હોય તેવો અનુભવ થાય છે. પરિણામે, સર્વધર્મ સમભાવ એ વૃત્તિ માટે મારે જરા જેટલો પ્રયત્ન કરવો પડતો નથી. એ મારા 'ડી.એન.એ.'નો એક ભાગ છે. બધા ધર્મોનો થોડો થોડો અભ્યાસ કર્યો, પણ વિશેષતઃ ઉપનિષદ-વેદની અસર પડી. એમાં પણ વેદનો અભ્યાસ મેં નથી કર્યો. ઉપનિષદોનો અભ્યાસ કર્યો, કારણ કે બાપુજીના ખાટલા પર કાયમ

ઉપનિષદના ગ્રંથો, વેદનાં ભાષ્યો અને ગીતાનાં ભાષ્યો પડ્યાં રહેતાં. એટલે ભૂલથી પણ ચોપડી ફેરવીએ તો એમાં કંઈક ને કંઈક વાંચવાનું મળી રહેતું. જેને આપણે ઘરના સંસ્કારો કહીએ છીએ એ સંસ્કારોની પ્રબળતમ અસર કેવી હોય, તેનો હું જીવતો જાગતો નમૂનો છું.

મનુભાઈ પંચોળી 'દર્શક' એક વાર અહીં આવ્યા હતા અને રાત રહ્યા હતા. બે-ત્રણ વખત બન્યું કે મનુભાઈ રહ્યા હોય. છેલ્લે જ્યારે આવ્યા ત્યારે મને એક સવાલ પૂછ્યો કે, 'ગુણવંતભાઈ, તમે ઉપનિષદ અને ગીતા પર લખો છો. એ - આ બધું - આવ્યું ક્યાંથી સમજ નથી પડતી. કયાં મૂળ છે તમારાં?' ત્યારે તેમને મેં બાપુજીની વાત કરી. મારા કુટુંબનું બેકગ્રાઉન્ડ આપ્યું. એટલે તરત જ એમણે મલકીને કહ્યું કે, 'ત્યારે મને ખબર પડે છે કે આ ગુણવંત શાહ લખે છે એ કયા બેકગ્રાઉન્ડના આધારે! આમ તો એમ ને એમ કંઈ લખી શકાય નહીં.' મનુભાઈએ મારું ઉપનિષદ ભાષ્ય 'અસ્તિત્વનો ઉત્સવ' વાંચ્યું હતું. 'કૃષ્ણનું જીવનસંગીત' વાંચ્યું હતું. મને કહેલ કે - ગજબનું છે આ બધું. બાને તો તે ઓળખતા હતા, કારણ કે બા લોકભારતીમાં નહીં, પણ નાનાભાઈના દક્ષિણામૂર્તિમાંનાં શિષ્યા.

આમ, મારા કુટુંબનું જે ભાવાવરણ હતું, પર્યાવરણ શબ્દ નહીં વાપરું, ભાવાવરણ જે હતું એ 'ઈથોઝ' હતા. એ 'ઈથોઝ'માં સંસ્કૃતિની સુગંધ હતી અને એમાં વેદ-ઉપનિષદ અને ગીતાના અભ્યાસનો ફાળો રહેલો. એ અભ્યાસ કરવાનું કોઈએ મને કહેલું નથી. અત્યાર સુધી કોઈ દિવસ બાપુજીએ મને એમ નથી કહેલ કે ઉપનિષદ વાંચ. કોઈ દિવસ બાએ પણ નથી કહ્યું. પણ જે વસ્તુ તમારા ઓરડામાં સતત અથડાતી હોય, બાપુજીના ખાટલા પર પડેલી હોય, હીંચકા પર પડેલી હોય, તો તમે સહેજે પાનાં ખોલો. અને એ પાનાં ખોલવાની વૃત્તિમાંથી જ પછી જે રસ જાગે, એ રસ જાગ્યો. તેનું પરિણામ તમે જોયું છે, ગુજરાતે જોયું છે, મેં પણ જોયું છે.

પ્ર.: આમાંથી એક પેટા પ્રશ્ન ઊભો થાય છે. તમે કહ્યું કે જ્ઞાનનું વાતાવરણ અને સેવાનું વાતાવરણ હતું, પણ બન્નેની જે પ્રવૃત્તિ બતાવી, એ બન્ને પ્રવૃત્તિઓમાં ભક્તિ હશે તો જ સેવા કે જ્ઞાન ફેલાવતાં હશે. એના અભાવની વાત કેમ કરો છો? અથવા માની લો કે અભાવ રહ્યો તો એની પૂર્તિ કેમ કરી?

ઉ.: મારા બાપુજી ભક્તિ પ્રત્યે જરા જેટલું પણ આકર્ષણ ધરાવનારા ન હતા. એમને ભક્તિમાં હંમેશાં વેવલાપણું દેખાતું. મારી બા કર્મમાં એટલી બધી ઓતપ્રોત હતી કે ભક્તિની જે ભીનાશ કહીએને, એને માટે એના પાસે એટલો બધો સમય ન હતો. એટલું કામ



હરેશ ધોળકિયા સાથે ડો. ગુણવંત શાહ

કરતી એ લોકોનું. પ્રાથમિક શાળાની શિક્ષિકા હતી, આચાર્યા હતી અને એક નમૂનેદાર પ્રાથમિક શાળા ચલાવતી હતી. હું આજે તેનો વિચાર કરું છું, ત્યારે ખ્યાલ આવે છે કે એક પ્રાથમિક શિક્ષકનો કેટલો પ્રભાવ ગામ પર હોય. એની આજે તો કલ્પના પણ ન આવે એટલો મારી બાનો પ્રભાવ ગામ પર હતો. રાંદેર જેવું ગામ. મોટું ગામ. મુસ્લિમોની પચાસ ટકા વસતી. 14-15 હજારની વસ્તી હતી - ત્યારે. અને અમે નાના હતા ત્યારે નળ જોયા છે, ગામમાં. સ્ટ્રીટ લાઈટ જોઈ છે. વીજળી જોઈ છે. એટલે એવું ગામડું ન હતું - ટાઉન હતું. અને રાંદેરની મ્યુનિસિપાલિટી હતી. તો બાનો પ્રભાવ તે હતો એ કોઈ હાઈ સ્કૂલના આચાર્યનો પણ ન હોય એટલો હતો, કારણ કે જાહેર સેવાના કાર્યમાં એ હતી. અનેક સંસ્થાઓ સ્થાપી હતી. બાને આપણે જેને ભક્તિનો પ્રવાહ કહીએ તે, પાછલી ઉંમરે, માંદગી વખતે, અને થોડો એ પહેલાં, વિકસ્યો. પણ એટલું કહું કે બા ગાંધીઘેલી હતી. એટલે ગાંધીજી પ્રત્યે બહુ મોટો ભક્તિભાવ. પણ જેને 'ભક્ત' કહીએ, એવું ભક્તનું હૃદય પ્રાર્થના વખતે જણાતું. પણ સમગ્ર પરિવારમાં ભક્તિનો જયઘોષ નહોતો. અને મને ભગવદ્‌ગીતામાંથી સમજાયું કે ભક્તિ વગરનું જ્ઞાન શુષ્ક છે. ભક્તિ વગરનું કર્મ વૈતરું છે અને જ્ઞાન વગરની ભક્તિ વેવલી છે. કર્મ વગરની ભક્તિ અર્થશૂન્ય છે. ત્રણેનો સમન્વય જીવનને અર્થપૂર્ણ બનાવી શકે. એટલે ગીતાને હું સમન્વયતીર્થ કહું છું, જ્ઞાન, કર્મ અને ભક્તિની ત્રિવેણી

એનું નામ ભગવદ્‌ગીતા. અને આવી ત્રિવેણીમાં પ્રમાણના ફેર હોઈ શકે.

પ્ર.: આ ઘરના પર્યાવરણ સાથે સુરતી વાતાવરણે વિચારના વિકાસમાં શું ભાગ ભજવ્યો?

ઉ.: સુરતી વાતાવરણ એટલે નિખાલસતાનું વાતાવરણ. સુરતનો જે સુરતી 'ઈથોઝ' છે, એ 'ઈથોઝ'માં નિખાલસતા વણાઈ ગઈ છે. જે ટિપિકલ સુરતી છે. અને અમે જે સુરતીઓ જોયા છે, તે વાતાવરણ આજે સુરતમાં ઓછું થઈ ગયું છે. ટિપિકલી સુરતી એટલે પાણીપોચો અને પેટછૂટો. આ સુરત માટે બે શબ્દો વાપરી શકાય. તો ભીનાશ કોને કહે એનો અનુભવ લેવો હોય તો સુરત જવું પડે. નિષ્કપટ બનવા માટે સુરતીએ કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. એટલે એને વાતનો વળ ચડાવીને પોતાના મનમાં હોય તેના કરતાં જુદું બોલવાનું ફાવતું જ નથી. હૈયે તે હોઠે તે સુરત માટે કહેવત નથી, સ્વાનુભૂતિની વાત છે. એક સુરતી જણ કોર્ટની અંદર બે પક્ષે સામસામા લડતા હોય, કોર્ટમાં એકબીજા સામે નિવેદન કરતા હોય, આક્ષેપો મૂકતા હોય, પછી કોર્ટની રિસેસ પડે ત્યારે એવું બનતું, અમે સાંભળતાં ઘણી વાર, કે બન્ને પક્ષના માણસો ભેળા મળે અને ભજિયાં ખાય. લડવું હશે ત્યારે લડશું, પણ હમણાં ભજિયાં ખા. આ સુરતનું મોટું લક્ષણ છે. લડવાનું ચાલુ રહેશે પણ ભજિયાં તો ભેળા મળીને જ ખાવાં. આ જે સુરતની નિખાલસતા પ્રત્યે જે સહજ નિષ્ઠા છે તેનો હું જબરદસ્ત આશક છું. અને જો તમે મારાં લખાણોમાં જોતા હશો કે મારી આત્મકથા વાંચી હશે, અથવા મારી વાતચીતમાં પણ વચ્ચે આવ્યું હોય તો ઘણું ખરું મારે કેટલીય વખત મેનર્સ છોડીને પણ મનમાં જે આવ્યું હોય, તે બોલવું પડ્યું છે. આવા અનુભવ થયા છે કેટલાય લોકોને. લોકો દાઝ્યા પણ છે, પણ મારા હૃદયમાં ઊગે તેનાથી જુઠ્ઠું બોલી મારી સભ્યતા જાળવી શકતો નથી. આ મારી મોટી મર્યાદા છે. અને જેને લોકો મર્યાદા કહે છે તેને હું મારી અભિજ્ઞા કહું છું. મારી સ્વઓળખ કહું છું. હું સુધરી શકું તેમ નથી. મને સુધરવાની ઇચ્છા પણ નથી, કારણ કે જે સુધરેલા છે તેમના પ્રત્યે મને સખત નફરત છે. મને જે કહેવાતા સુધરેલા લોકો છે જે પોતાના મનમાં હોય તેના કરતાં જુદું બોલીને મને બનાવી જવા પણ તૈયાર છે એવા લોકો સાથે મૈત્રી રાખવામાં મને કોઈ રસ નથી. એટલે મને જે લોકો ભદ્રતાના અંચળા હેઠળ બેવડી વાતો કરે, એ ગાંધીજન હોય કે માર્ક્સવાદી હોય કે સેક્યુલર હોય કે પોલિટિશિયન હોય, મને સુરતી હોવાને કારણે આ એક મર્યાદા અને રોગ સુધી વાત પહોંચી. પણ નિખાલસતા જો રોગ હોય, તો

એ રોગ મને સારો એવો લાગુ પડ્યો છે. ફટ દઈને ચોખ્ખેચોખ્ખું કહેનારો માણસ છું. એને લીધે જે જે નુકસાન થાય છે, તે વેઠવામાં મજા પડે છે. એ નુકસાન અંગે ભગવાન પાસે મારી કોઈ ફરિયાદ નથી કે 'જોને આવું નુકસાન વેઠ્યું,' આવાં કેટલાં નુકસાનો વેઠ્યાં તેની કથા એટલે જ મારી આત્મકથા. મારી આત્મકથાનો અર્થ જ એ છે કે જે બધી વાતો હું લખી શકતો નથી, કારણ કે આત્મશ્લાઘા બની જાય. પણ મારા જીવનનું હું પાછળથી અવલોકન કરું તો એ નુકસાનનો પ્રવાહ છે. જ્યાં મૂંગા મરવાથી અઢળક ફાયદો થતો હોય ત્યાં પણ મેં બોલીને બગાડ્યું છે. હું ખાલી મૂંગો રહું, એમાંથી જ મને ખૂબ લાભ થાય એ સ્થિતિમાં હું બોલતો. મેં જ્યાં મૂંગા રહેવાને બદલે બે મીઠા શબ્દો બોલવાથી અઢળક ફાયદો થતો હોય ત્યાં એવા બે મીઠા શબ્દો બોલવાનું મેં ટાળ્યું છે. પણ જ્યાં કડવા શબ્દો ન બોલીને, મીઠા શબ્દો બોલવાથી ફાયદો થતો હોય ત્યાં, કડવા શબ્દો જ પસંદ કર્યા છે. જે છે, એ છે. જે માણસ લુચ્ચો હોય, તેને મેં ક્યારેય એમ નથી કહ્યું કે તું સજ્જન માણસ છો. હવે લુચ્ચા માણસને સજ્જન કહેવા માટે તમારા પક્ષે ભયંકર ભદ્રતાની જરૂર પડે. ભયંકર શબ્દ વાપરું છું. એ ભદ્રતાને હું ભયંકર કહું છું કે તમારે લુચ્ચાની પણ પ્રશંસા કરવી પડે. આપણો ભદ્ર સમાજ એવું કહે છે કે જેને લાફો મારવાનું મન થાય એની પણ પ્રશંસા કરવી. લાફો ન મારવો. ત્યારે મને એમ થાય કે જેને વિશે આપણા મનમાં અણગમો છે, એ અણગમો પ્રગટ થઈ જાય તો એમાં જે નુકસાન થવાનું હોય તે થાય! એટલે મને પેલી કૈફી આઝમીની પંક્તિ બહુ ગમી છે...

"યા દિલ કી સુનો, દુનિયાવાલોં,
યા મુઝકો અભી ચૂપ રહને દો,
મૈં ગમ કો ખુશી કૈસે કહ દૂં,
જો કહતેં હૈં ઉનકો કહને દો,
યા દિલ કી સુનો."

એટલે, મને કોઈ અભિપ્સા હોય તો દિલમાં જે ઊગ્યું તે વહેંચવાની અભિપ્સા કરી. દિલમાં જે ઊગ્યું ન હોય, તે વહેંચીને મારી છાપ સુધારવા માટે હું તૈયાર નથી. એટલે હું મારી ઇમેજની પરવા કરી કરીને લખતો નથી. મેં કેટલાય લેખો એવા લખ્યા છે જે લેખો લખીને મારી ઇમેજ તોડી છે. કેટલાય ગાંધીજનો મારાથી પુષ્કળ નારાજ છે. મને ખબર છે કે મેં કઈ ભાષા વાપરી હોત તો તેઓ ખુશ ખુશ થયા હોત. પણ હું મરી ગયો હોત. હું ગાંધીપ્રણિત બ્રહ્મચર્યની તરફેણમાં લખી શક્યો હોત. ભગવાને મને લખવાની આવડત તો આપી છે. પણ જે વાત મારા મનમાં નથી બેસતી, અને જો હું પ્રગટ ન કરું તો પહેલો

દ્રોહ જ હું ગાંધીજીનો કરું છું. તો, ગાંધીજીનો દ્રોહ કરવાનું મારું કામ નથી. કેટલાક ગાંધીવાદીઓનું હોઈ શકે. ગાંધીનો દ્રોહ હું નહીં કરું. હું કહી શકું કે, બાપુ, હું તમારી આ વાત સાથે સંમત નથી. હું માનું છું કે ગાંધીજી પણ રાજી થાય. મેં ગાંધીજીનું તો ફક્ત નામ આપ્યું. કેટલાય એવા વિચારધારાના સમર્થકો છે જેમની આગળ હું મૂંગો રહ્યો હોત તો એ લોકો આગળ મારી સુંદર છાપ લઈને જાત અને સમાજમાં પણ મારે માટે સારું સારું બોલત. કેટલાય માર્ક્સવાદીઓને મેં પહેલા નંબરના દંભી કહ્યા છે. મારે ઘેર મળવા આવ્યા હોય ત્યારે મેં કહ્યું છે- 'તમે માનવ અધિકારની વાતો કરો છો એ તમારા હોઠ પર શોભતી નથી, કારણ કે તમે માર્ક્સવાદી છો અને સ્ટેલિને જ્યારે પચાસ માણસોની કતલ કરી ત્યારે તમે મૂંગા રહેનારા માણસ છો. એની પ્રશંસા કરનારા માણસ છો. આવું મેં કેટલાય માર્ક્સવાદીઓને કહ્યું છે. માર્ક્સવાદીઓ મારાથી નારાજ છે. ગાંધીજનો કે ગાંધીવાદીઓ પણ મારાથી નારાજ. તો આ નારાજગી મેં જાણીજોઈને ઊભી કરેલી છે. એ એવોઈડેબલ હતી. છતાં જાણીજોઈને મેં એવોઈડ નથી કરી. જે નિવારી શકાઈ હોત એવી પણ વાતો કરી કરીને મેં ક્યારેક શત્રુઓ ઊભા કર્યા છે. અને મારા મિત્ર મોતીભાઈ પટેલ, મને હંમેશ એમ કહે છે કે તમે શત્રુ ઉછેર કેન્દ્રના માલિક છો. આ મને કોમ્પ્લિમેન્ટ લાગે છે. મોતીભાઈએ ટીકા કરી હોય તેવું ન લાગે. અહીં મારે અટકવું જોઈએ નહીંતર આ વાત તો ચાલ્યા કરશે.

પ્ર.: આ સુરતી વાતાવરણનો પ્રભાવ છે એમ ન કહી શકાય?

ઉ.: હા, ચોક્કસ. મને તેનો ગર્વ છે.

પ્ર.: આપ મહારાવ સયાજીરાવ યુનિવર્સિટીમાં ભણ્યા છો અને આપના સમયે તો બહુ જ સ્કોલેસ્ટિક વાતાવરણ હતું. તો એનો પણ વૈચારિક વિકાસ પર કંઈક ને કંઈક પ્રભાવ પડ્યો જ હશે. એ કયો પ્રભાવ?

ઉ.: મહારાવ સયાજીરાવ યુનિવર્સિટીનું મારા પર બહુ મોટું ઋણ છે, કારણ કે જીવનનાં ઉત્તમોત્તમ વર્ષ એમ. એસ. યુનિવર્સિટીમાં ગયાં. બરોડામાં આવ્યો અને શિક્ષણની ટ્રેનિંગ લીધી - શિક્ષક તરીકે, ત્યારે મને એમ લાગ્યું કે મારો માંહ્યલો શિક્ષકનો છે અને એથી હું બહુ ઓછા પ્રયત્ને પણ વધારે સારા માર્ક્સ લાવી શક્યો છું. મારે ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ લાવવા વધારે પ્રયત્ન ન કરવો પડ્યો, કારણ કે મારું જે બીકમિંગ હતું, બીઈંગ હતું, એની વચ્ચેનું અંતર ઘટી ગયું. એટલે મારી શિક્ષક તરીકેની કારકિર્દી શરૂ કરવામાં વડોદરા યુનિવર્સિટીનો ફાળો એટલો મોટો છે કે આજે પણ હું જ્યારે યુનિવર્સિટી બોલાવે અને સેવા

માટે જાઉં છું ત્યારે કોઈ પણ જાતનો પુરસ્કાર સ્વીકારતો નથી. પુરસ્કાર આપવાનો આગ્રહ કરે ત્યારે હું કહું છું કે મારી પર ઉપકાર છે મોટો આ યુનિવર્સિટીનો. પછી ત્યાં પ્રાધ્યાપક તરીકે સર્વિસ કરી, વિદ્યાર્થી મટીને. અને વડોદરા યુનિવર્સિટીએ મને ખૂબ આપ્યું છે.

પ્ર.: તમે ભૂદાનની યાત્રા કરી છે તો ભૂદાને પણ કશોક વૈચારિક પ્રભાવ પાડ્યો જ હશેને?

ઉ.: પદયાત્રાનો મોટો ભાગ રવિશંકર મહારાજ સાથે હતો. ઓલપાડ, કાંકરેજ, બારડોલી અને વલસાડ તાલુકામાં મહારાજ સાથે ઘણી પદયાત્રાઓ થઈ. એમાં પ્રભાવ પડ્યો વિનોબાજીના વિચારોથી. ગાંધી વિચાર પૂરેપૂરો વંચાયો નહોતો ત્યાં વિનોબાજીના વિચારોનો ધોધ અમારા મન પર પડી રહ્યો હતો. ગાંધીજી પૂરેપૂરા વાંચેલા નહીં, પણ વિનોબાને પૂરેપૂરા વાંચવાનું બનેલ, કારણ કે તે વખતે વિનોબા 'ઈન' હતા. સાથે સાથે દાદા ધર્માધિકારીના વિચારોનો પ્રભાવ પણ ખરો. અને દાદા ધર્માધિકારીના વિચારોનો પ્રભાવ પડ્યો એ રીતે વૈચારિક સ્વતંત્રતાના મુદ્દે દાદા ધર્માધિકારી એકમાત્ર એવા ગાંધીજન છે જે પોતાની વૈચારિક કસોટીમાંથી પાર ન ઊતરે એવા કોઈ વિચારને ઝટ સ્વીકારનારા નહીં એવા એક સર્વોદયના મહાન વિચારક તરીકે હું દાદા ધર્માધિકારીને જોઉં છું. એટલે દાદા ધર્માધિકારીની અસર પડી. મને યાદ છે, 1954માં બોધગયા સર્વોદય સંમેલનમાં ગયેલા તો જયપ્રકાશજી લાંબું લાંબું બોલે. એટલું લાંબું બોલે કે કંટાળી જાવ. દોઢ-પોણાબે કલાક બોલે અને બે કલાકના અંતે જયપ્રકાશ શું કહેવા માગે છે એની જરા જેટલી ખબર ન પડે. લોકો પણ કંટાળે અને બગાસાં ખાય પણ જયપ્રકાશનું પ્રવચન પૂરું જ ન થાય. તેમનું પ્રવચન પૂરું થયા પછી જાહેરાત થાય કે હવે દાદા બોલશે. એટલે શ્રોતાવર્ગમાં એક જાન આવી જાય. એક લહર ફરી વળે. હવે કંઈક સાંભળવાનું મળશે. આ અનુભવમાંથી હું બહુ વાર પસાર થયો છું. અને દાદા બોલે તેના પહેલા વાક્યથી જ એક તાજગીનો પ્રવાહ શરૂ ચાલે. દાદા કંઈ મનોરંજન માટે બોલતા ન હતા. અને વિચારોમાં એટલી તાજગી કે વિનોબા સિવાય એવી તાજગી કોઈ પાસે નહીં. એટલે વિનોબાના વિચારોનો પ્રભાવ પડ્યો, દાદા ધર્માધિકારીના વિચારોનો પ્રભાવ પડ્યો. જયપ્રકાશજીના કોઈ વિચારોનો પ્રભાવ પડ્યો નથી એમ કહું તો ચાલે. આ બધામાં ગાંધીજી આપોઆપ વણાઈ ગયા. બાકી ગાંધીજીને વાંચવાનું પાછળથી શરૂ થયું. ખરેખર તો ભૂદાન મૂવમેન્ટ વખતે ગાંધી સાહિત્યને

બદલે અમે લોકો વિનોબા સાહિત્ય વધારે વાંચતા હતા. એટલે એ બધી અસરો ઝીલવામાં ફાયદો એ થયો કે સારાં સારાં પુસ્તકો વાંચવાની એવી ટેવ પડી, એવી ટેવ પડી કે નકામાં પુસ્તકો વાંચવાની ટેવ છૂટી ગઈ. એટલે મેં જીવનમાં, યુવાનીમાં, નવલકથાઓ ખાસ વાંચી જ નથી. મેં વિચારનાં અને ઉત્તમ વિચારનાં પુસ્તકો જ વાંચ્યાં છે. અને તેનો પ્રવાહ હજુ આજે પણ ચાલુ છે. આજે પણ હું નવલકથા વાંચી શકતો નથી. વિચારનું કોઈ બસો કે ચારસો પાનાંનું પુસ્તક હોય તો તે પણ હું વાંચું છું. પણ નવલકથા કે નવલિકા હું ઝટ વાંચી શકતો નથી. એ મારી મર્યાદા છે. એને હું ખૂબી તરીકે નથી ઓળખાવતો.

પ્ર.: કયાં પુસ્તકોએ આપને અત્યંત પ્રભાવિત કર્યા છે?

ઉ.: વિનોબાના 'ગીતા પ્રવચનો'થી શરૂઆત કરું. ગાંધીજીની આત્મકથા અને ખાસ કરીને 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' વાંચીને હું બહુ જ પ્રભાવિત થયો. પ્રભુદાસ ગાંધીનું 'જીવનનું પરોઢ' વાંચીને પણ હું ખૂબ પ્રભાવિત થયો હતો, કારણ કે એમાં મને યુવાન ગાંધીના દર્શન થયા હતા. મેં ઘણી વાર લખ્યું છે કે યુવાનોને પહેલું પુસ્તક જે આપો તે યુવાન ગાંધી કેવા હતા, અમિતાભ બચ્ચન જેવા, એંગ્રી યંગમેન હતા, એવું સમજાય એવું કંઈક કરો. તમે તેને 'હિન્દ સ્વરાજ' નહીં આપો. એની વિકેટ પડી જશે. યુવાનોએ ગાંધીજીને ચિત્રમાં ઘરડા જ જોયા છે. એ યુવાનોને એવો ખ્યાલ પણ નથી કે દક્ષિણ આફ્રિકામાં યુવાન ગાંધીએ અમિતાભ બચ્ચન જે પડદા પર કરે છે તેના કરતાં પણ મોટાં પરાક્રમો કર્યાં છે. તો ગાંધીજીનાં જે યુવાનીનાં પરાક્રમો છે, એ પરાક્રમો તેજ અને સાહસથી ભરેલાં છે. જોખમથી ભરેલાં છે. તો જ એમને કોઈ અપીલ થશે. અને મેં જ્યારે 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' વાંચ્યો, ત્યારે મને થયું કે અહો! ગાંધી ક્યારેય ઘરડા થયા નથી. નિત્ય નવા ગાંધી! નવા નવા વિચારો આત્મસાત્ કરીને પોતાના જૂના વિચારોને પરિમાર્જિત કરવામાં ગાંધીનો જોટો જડે તેમ નથી. ગાંધીની આ વાત મને આકર્ષી ગઈ. ખુલ્લા મનની હૃદયવાણી, ભારોભાર નિખાલસતા, ખુલ્લી કિતાબ જેવું જીવન, કશું જ છુપાવવાનું નહીં.

હા, ગાંધીજીની આત્મકથાએ સમાજને એક બાબતે નુકસાન પહોંચાડ્યું. આ મારી વાત થોડી મૌલિક છે. ગાંધીજીએ આત્મકથા લખીને, આત્મકથા માટે એટલો ઊંચો માપદંડ સમાજ સામે રાખી દીધો કે બાકીના લોકો આત્મકથા લખવાની ખો ભૂલી જાય. હું અત્યારે મારી આત્મકથાનો બીજો ભાગ લખી રહ્યો છું. મને જે

[અનુસંધાન પૃ. 120]



કૂંચી

☐ ધીરેન્દ્ર મહેતા

શું કરવું?

પાછા જવાનો દિવસ પાસે આવતો જતો હતો અને મનુ તથા કસ્તૂરની મૂંઝવણ વધતી જતી હતી. નિર્ણય લઈ શકાતો નહોતો. કોઈ કંઈ બોલતું નહોતું, અવરજવર, ઊઠબેસ, બધું ચૂપચાપ. પણ બન્નેને ખબર હતી કે બન્નેના મનમાં શું ચાલી રહ્યું છે. એકબીજાની સામે જોવાઈ જતું હતું ત્યારે આંખો મળતી. એ વખતે પણ એમના ચહેરા એ જ મનોભાવ પ્રગટ કરતા હતા. વાતાવરણમાં પણ એક પ્રકારનો ભાર અનુભવાતો હતો. અને-અને બન્ને જણને ખબર હતી કે આ સ્થિતિ લાંબો વખત ચાલવાની નથી,

કંઈક કરવું તો પડશે જ, કારણ કે પાછા ફરવાની તારીખ કંઈ હવે દૂર નથી.

બાપા સામે નજર કરવાથી આમાં કંઈ દિશા સૂઝે એમ નહોતી. મનુએ એક-બે વાર એવો પ્રયત્ન કરી પણ જોયો હતો. એ મોટે ભાગે પરસાળમાં પાટ ઉપર બેય પગ ઊંચા લઈને ભીંતને અઢેલીને બેસી રહે છે. એમની ધારણા બહાર એકાએક આવી પડેલી ઘટનાએ જાણે એમને અવાચક કરી મૂક્યા હોય એમ લાગતું હતું. એ જ સ્થિતિમાં વચ્ચેવચ્ચે એ મનુ કે કોઈક વાર કસ્તૂરની સામે એવી રીતે જોઈ લે છે. જાણે એ કોઈ અજાણી વ્યક્તિઓ ન હોય! મનુ એ દૃષ્ટિને સમજવાનો પ્રયત્ન કરતો હતો, પરંતુ એનો એવો દરેક પ્રયત્ન પાછો પડતો હતો. એ લૂઝ પડી ગયા હોય એમ લાગતું હતું, પરંતુ એમાં ઉંમરનો સહજ થાક હોય એમ જણાતું નહોતું, વિચારોની ઊઠબેસ એમને થકવી રહી હોય એમ લાગતું હતું. મનુ જોયા કરતો હતો, પરસાળમાંથી ઊઠીને ઘરમાં આવવાની તત્પરતા એમનામાં દેખાતી નથી!

તો શું? કસ્તૂર અને એ જશે પછી પણ બાપા આમ જ બેસી રહેવાના? આ વિચાર વારંવાર મોં ઉપર આવીને બેસતી માખીની જેમ એને કનડ્યા કરતો હતો.

આટલાં વરસમાં એક જ વાર એ અમેરિકા આવ્યા - કસ્તૂરની ડિલિવરી ટાણે. તેય, મા કહેતી હતી, એણે માંડમાંડ તૈયાર કર્યા હતા. એક વાર તો એમણે એમ જ કહ્યું હતું કે તું જઈ આવ, સુવાવડના પ્રસંગમાં મારું શું કામ? હું બીજી વાર હાલીશ, લાલો કે લાલી, જે હશે એને રમાડવા.

પણ મા એમને ક્યાં ઓળખતી નહોતી? એણે જિદ્દ જ કરી, બીજી વારની વાત બીજી વાર. દાદા બનશો, તમને પોતરા કે પોતરીનું મોં જોવાનું મન નથી થતું? ખરું પૂછો તો બાપાને એકલા મૂકીને આવતાં માનો જીવ ચાલતો નહોતો.

છેવટે આવ્યા, પણ એમનો જીવ ક્યાં કશે ચોંટતો હતો? આવી જ રીતે વરંડામાં બેસી રહેતા હતા. વીકએન્ડમાં એમને ફરવા લઈ જવાનો પ્લાન એમણે કેટલીય વાર રદ કરાવ્યો. પછી એક વાર મંદિરમાં ગયા કે આજુબાજુની બેત્રણ જગા જોઈ-ન જોઈ. હંમેશાં ઘરે પાછા જવાની જ ઉતાવળ.

અને પછીના થોડા દહાડામાં તો દેશ પાછા ફરવાની વાત શરૂ કરી દીધી હતી-

'આટલી બધી ટાઢ આપણાથી ખમાય નહીં, ભાઈ!'

માને તો લાલો રમાડવા જેવડો થાય ત્યાં સુધી રોકાવાનું મન હતું. એણે એમને સમજાવવાની ઘણી કોશિશ કરી હતી-

'ઘરમાં ક્યાં એટલી ઠંડી છે? બહાર તો આમેય ક્યાં તમે નીકળો છો? નીકળવું હશે તોય ઠંડી ઓછી થયા પછી ક્યાં નીકળાતું નથી? ઘરમાં જ બેઠા છોને!'

પરંતુ બાપાએ મચક આપી નહોતી, સાચી દલીલ કરી હતી -

'એ જ કહું છુંને, ઘર છે તો પાછા

આવવું હશે તો ક્યાં નથી અવાતું?'

ત્યાર પછી એમણે વાતને એ રસ્તે આગળ વધવા દીધી ન હતી. કસ્તૂર ડિલિવરીમાંથી ઊભી થઈ કે તરત એ અને મા દેશ ભણી રવાના થયાં હતાં. બસ, ઈ દી અને આજની ઘડી! પછી તો ક્યાં કોઈ વાર આવ્યા? ન એ આવ્યા, ન મા આવી શકી અને લાલાને લઈને દેશમાં જવાની ઉત્સુકતા કસ્તૂરે પણ બતાવી નહીં. લાલો મોટો થતો ગયો એટલે એનું ચક્કરે ચાલુ થઈ ગયું. ભણવાનું ને પછી કામધંધાનું. ફોન પર થતી રહેતી વાતચીતોએ વીતી રહેલા વખતનો અણસાર આવવા ન દીધો - રેડિયેશનની હૂંફ!

... મનુને બધું યાદ આવતું હતું, એકસામટું એમાં પણ યાદ આવ્યું કે બાપાએ અમેરિકાથી પાછા ફરતાં કહ્યું હતું, ઘર છે તો પાછા ક્યાં નથી અવાતું? હા, ત્યાં ઘર છે અને હવે એ ઘરે પાછા જવાનો વખત આવી ગયો છે. અહીં હવે ઘર ક્યાં રહ્યું છે? બાપા તો અંદર આવતા જ નથી, પરસાળમાં જ બેસી રહે છે. પોતે અને કસ્તૂર પણ નીકળું નીકળું કરી રહ્યાં છે. પછી આ જગાને ઘર કહેવાય એવું શું બાકી રહેશે હેં? આ સંજોગોમાં બાપાને પોતાની સાથે લઈ જવાનો વિચાર મનુને આવ્યા કરે છે...

'- તમારે પૂછવું હોય તો ભલે પૂછી જુઓ, બાપા માનશે નહીં.'

કસ્તૂરે કહ્યું...

'આટલાં વરસમાં કેટલી વાર કહ્યું, માન્યા? માન્યા હોત તો વરસો લગી આપણે આ જે હડિયાપટ્ટી થઈ તેમાંથી બચી ગયાં ન હોત?'

જરા રહીને ઉમેર્યું.

'ને આ જે બગતગ તમને જંપવા નથી દેતી તેમાંથી પણ.'

કસ્તૂરની વાત ખોટી ન હતી, માત્ર એટલું સમજવાની જરૂર હતી કે એ વખતની વાત જુદી હતી, હવેની વાત જુદી છે. પરસાળમાં બેસી રહેતા બાપાને જોઈને મનુને થતું હતું, બાપા જાણે ઘરની બહાર આવી ગયા છે. એમને પાછા ઘરમાં લાવવા જોઈએ, એ નથી આવતા તો પોતે અહીંયાં આવી જવું જોઈએ. કેવા વિચિત્ર વિચાર આવે છે! મનુને થયું અને છતાં એ જાણે સાવ સામાન્ય વાત હોય એમ એ વિશે આગળ વિચારવા લાગ્યો. એમાં શું છે? જેમ એક દિવસ અહીંથી અમેરિકા ગયો હતો તેમ અમેરિકાથી પાછો અહીંયાં... તે દિવસે પણ જવાની કંઈ જરૂર ન હતી. અહીં રહીને પણ કમાઈ લેવાની ત્રેવડ તો એનામાં હતી અને બાપાનો સાથ હતો. સાચું પૂછો તો આ રીતે ઘરબાર છોડીને જવાની એની ખાસ ઇચ્છા પણ નહોતી, કદાચ બાપાનો ધકેલ્યો જ - ન કરવા જેવું સાહસ કરી નાખવાનો સ્વભાવ તો બાપાનો પહેલેથી જ રહ્યો છે, એમાં પાછો એ જ અરસામાં રતિકાકાનો મહેશ આફ્રિકા જવા ઊપડ્યો હતો, એ જોઈને એમને ચાનક ચઢી હતી.

*

પાટ પર જરા વાર આડા પડ્યા એમાં ક્યારે ઝોકું આવી ગયું એની બાપાને સરત ન રહી. ઝોકું આવવા જેવું થયું ત્યારે મગજમાં શો વિચાર ચાલતો હતો? એમણે યાદ કરવા માંડ્યું. કદાચ મનુ અને કસ્તૂરના પાછા જવા વિશે. એ ક્યારે પાછાં જવાનાં છે તેની એમને ચોક્કસ ખબર નહોતી. એમની વચ્ચે એવી કશી વાત જ થઈ નહોતી. પણ એમની હિલચાલ ઉપરથી – ખાસ કરીને કસ્તૂરની હિલચાલને લઈને – એમ લાગતું હતું કે એમને નીકળવાનો દિવસ પાસે આવતો હોવો જોઈએ. કસ્તૂર લાલા સાથે કાલે રાત્રે ફોન પર વાત કરતી હતી એ પરથી પણ એમને એવું જ લાગ્યું હતું. મનુના ચહેરા પર આ વિહ્વળતા દેખાય છે એનું કારણ પણ બીજું તો શું હોય? એનો તો સ્વભાવ જ એવો છે – પહેલેથી જ. એવી હાલતમાં જ એ અમેરિકા નહોતો ગયો?

એ વખતેય કેટકેટલી ભાંજગડ એણે કરી હતી! બાપાને એ બધું યાદ આવવા લાગ્યું. ઉંવા કને ક્યાં રહીશ? અજાણ્યો મલક ને અજાણ્યા લોક, એમાં કોનો ભરોસો કરવો ને કોનો નહીં, એની ગમ કેવી રીતે પડે? ઉંવાના કાયદાકાનૂને આપણે જાણતા ન હોઈએ, કહે છે કે એમાં રોજ ઊઠીને ફેરફાર થયા કરે. એમાં ક્યાંક ફસાઈ જઈએ તો ક્યાંયના ન રહીએ, કોણ આપણો ભાવ પૂછવા આવવાનું હતું?... આવી શંકા-કુશંકાથી એણે ભેજાનું દહીં કરી નાખ્યું હતું. પાછો

કહે, અધૂરામાં પૂરું, ઉંવા તો કામ પણ કેટલું બધું કરવું પડે? ને એમાં જો માંદા પડ્યા તો - બાપ રે! કર્યુંકારવ્યું બધું ધૂળધાણી!

પણ મેં એની એકેય વાત જ ક્યાં સાંભળી હતી? એને હામ આપવા મેં એક જ જવાબ દીધે રાખ્યો હતો, ઈ તો બધું બરોબર, પણ નહીં ફાવે તો કોણ તને ત્યાં બાંધી રાખવાનું હતું? પાછો આવીશ તોય કાંઈ અહીંયાં ભૂખે નહીં મરે... અને વરસ-બે વરસમાં તો જામી પડ્યો. બાપાએ જોરથી શ્વાસ છોડ્યો એથી એમનું અંગરખું ફગફગી ઊઠ્યું. ત્યાં જઈને મેં સગી આંખે જોયું નહીં? ધંધો કેટલો વિકસાવ્યો છે! અને ડોલરની દુનિયાના ઠાઠમાઠ! એક છેડેથી બીજે છેડે જતાં ગૂડા થાકે એવડું મોટું તો ઘર! શું કહે છે એને? હાઉસ... હાઉસ! કોઈ કદાવર જનાવરના મોઢામાંથી સંભળાતો હોય એવો અવાજ બાપાને સંભળાયો અને એ હસી પડ્યા. પછી સહેજ ચોંકીને આસપાસ જોઈ લીધું. આખી પરસાળમાં સૂનકાર સિવાય બીજું કોઈ ન હતું, એટલે હૈયે ધરપત રાખી એમણે જાત સાથેની વાત આગળ ચલાવી - ને સૌથી મોટી વાત તો રાત ને દા'ડો આગળ વધવાની ઊભી થતી રહેતી તક! આ લાલોય આટલો હોશિયાર થયો છે તે અમથું! અહીંયાં હોત તો ગામનાં છોકરાં ભેગું રખડી ખાધું હોત. કસ્તૂરે અહીંથી ગઈ ત્યારે કેવી હતી, અને હવે? ધંધામાંય મનિયાને મદદ કરે અને લેવાના નિર્ણય પણ જાતે લે... વળી એમના વિચારોએ વહેણ બદલ્યું, ઈ બધીય વાત સાચી, પણ આ બધું થયું ક્યારે? મેં એને આ ડેલીમાંથી બહાર કાઢ્યો ત્યારેને? કોઈના ધ્યાનમાં ન આવે એવું એક સ્મિત બાપાના હોઠ પર આવી ગયું હતું અને એ વિલાય એટલી વારમાં એમને ઝોકું આવી ગયેલું.

*

હવે તો સામાન પણ બંધાઈ જવા આવ્યો છે અને ઘરમાં કરવાજોગ સમુંનમું પણ કરી લીધું છે. બાપાને કે મનુને ખબર ન પડે એમ ઝવેર ફુઈને મળીને બાપાને બે ટાઈમ ટિફિન પહોંચે એવી વ્યવસ્થા પણ કરી દીધી છે. ઘરકામ માટે તો બાઈ આવે જ છે. બાકી સારામાં સારો રસ્તો તો આ મને સૂઝ્યો ઈ હતો - વૃદ્ધાશ્રમનો. ન બાપાને કાંઈ પંચાત, ન પરદેશમાં બેઠા અમને કોઈ ફિકર. પણ મનુને એ સુઝાડવો કઈ રીતે? સીધી વાત કરવાની તો હિમ્મત પડે એમ નહોતી - ન કરે નારાયણ ને એને કાંઈ અવળું પડે તો? એક વાર આડકતરી વાત કાઢી જોઈ પણ એણે એમાં કંઈ રસ લીધો નહીં, સાંભળ્યું - ન સાંભળ્યું જ કર્યું...

કસ્તૂર બધું નિવેડતાં નિવેડતાં આ બધા વિચાર કરતી હતી.

પણ છૂટકો છે કાંઈ? સમય થોડો કોઈની રાહ જોતો ઊભો રહે છે. છેવટે મનુએ જ વાત કાઢવી પડી-

'તમારે હવે અહીં રહીને શું કામ છે?

ને તમને આમ નોંધારા મૂકીને અમે હાલ્યાં જઈએ તે. અમારુંય કેવું દેખાય એનો તો કાંક વિચાર કરો. સાજેમાંદે - અમારો જીવ કેટલો ઊંચો રહે? મારું માનો ને તમેય અમારી ભેગા હાલો. પાસપોર્ટ-વિઝા, એ બધું તો તૈયાર છે, ટિકિટનું કહી દઈએ.'

બાપા મનુ સામે જોઈને ફિક્કું હસ્યા અને પછી આટલા દિવસોમાં આ પહેલી વાર આટલું બોલ્યા–

'એમ કાંઈ પહેરેલે લૂગડે થોડું નીકળી પડાય છે. બારણે તાળું વાસવું હોય તો એની કૂંચીય ગોતવી પડેને ભાઈ.'

મનુને આ શબ્દો કાંઈક આશ્વાસનરૂપ લાગ્યા, છતાં એણે જતાં જતાં બાપાને જે કહ્યું તેમાં ચેતવણીનો સૂર હતો કે રીસનો ભાવ હતો તે આ વાર્તાલાપ સાંભળી રહેલી કસ્તૂરને સમજાયું નહીં–

'જોજો પાછા કૂંચી ગોતવામાં ઝાઝી વાર કરતા નહીં, નહીંતર મારે તાળું ને કૂંચી, બેય લઈને પાછા આવવું પડશે.'

બાપા એની સામે જોઈને ફરી પહેલાં જેવું જ ફિક્કું હસ્યા.

*

પણ બાપાએ કૂંચી ગોતવામાં બહુ દિવસ કાઢ્યા નહીં. મનુએ એક સવારે લેપટોપ ઉઘાડ્યું તો ઇનબોક્સમાં પડેલો એક અજાણ્યા આઈડી પરથી આવેલો મેઈલ વાંચવા મળ્યો–


''મે કહ્યું હતું એ પ્રમાણે કૂંચી મને જડી ગઈ છે. વડોદરામાં હમણાં એક ઘરડાઘર ખૂલ્યું છે. ઘરડાઘર તો એમાં ઘરડા રહે છે એટલે નામ પડ્યું, બાકી ઘર જેવું જ હાઈક્લાસ...! સગવડ તો ખરી, સંભાળ પણ પૂરેપૂરી. ઘરને તાળું વાસીને નિરાંતજીવે હું અહીંયાં રે'વા આવી ગયો છું. અહીં કમ્પ્યુટરની વ્યવસ્થા પણ છે. આ કાગળ અહીંથી જ લખાવું છું. તને ઠીક પડે ત્યારે આંટો દેવો હોય તો દઈ જાજે. લાલો શું કરે છે? છોકરાંવને મોટા થતાં વાર લાગે છે? તેં એને બરાબર તૈયાર કર્યો છે. કાલ સવારે ઊઠીને ધંધામાંય નજર નાખતો થશે. પછી?'

મનુએ જોયું, અહીં એક 'સ્માઈલી' મુકાઈ હતી. એને ખ્યાલ આવ્યો, એ કમ્પ્યુટર-ઓપરેટર જ મૂકી હોવી જોઈએ. પણ કોણ જાણે કેમ, એને એમાં બાપાનું મોઢું દેખાયું.

મેઈલ વાંચીને મનુ ડઘાઈને કમ્પ્યુટર-સ્ક્રીનને તાકી રહ્યો. એને કંઈ સમજ પડી નહીં એટલે એણે કસ્તૂરને બૂમ પાડી. કસ્તૂરે આવીને મેઈલ પર નજર કરી તો પેલા દિવસે બાપદીકરા વચ્ચે થયેલી વાતચીત એને યાદ આવી. એ સાંભળતી વખતે એને જે વાત નહોતી સમજાઈ એનો તાળો હવે મળી ગયો. એ બબડી.

'સગો દીકરો બાપને ઘરડાઘરમાં મૂકી આવ્યો, એમ સાંભળવું ન પડે એટલે એ ભારેય આપણા માથે ન નાખ્યો. હું બાપાને ઓળખુંને! પોતે જ કૂંચી ગોતી ને પોતે જ તાળું વાસી દીધું.'

❑❑❑



□ **અરવિંદ ગુપ્તા** □ **અનુ.: હેમંત સોલંકી**

આ લેખ વિજ્ઞાન લેખક તેમ જ વિજ્ઞાન પ્રચારક શ્રી અરવિંદ ગુપ્તાના પુસ્તક 'Bright Spark'માં રજૂ થયેલ પોતાના સમયના અગ્રગણ્ય ભૌતિકશાસ્ત્રી અને ભારતના પરમાણુ કાર્યક્રમના જનક હોમી ભાભાની લઘુ આત્મકથાનો ભાવાનુવાદ છે. તેમણે દેશના પરમાણુ કાર્યક્રમના ભવિષ્યનો પાયો નાખ્યો જેના કારણે ભારત આજે વિશ્વના અગ્રણી પરમાણુ સમૃદ્ધ દેશોની હરોળમાં આવી ઊભું છે.

Indian National Science Academy (INSA), નવી દિલ્હીના પ્રાધ્યાપક એમ. વિજયન આ પુસ્તક માટેના પ્રેરણાસ્રોત રહ્યા તેમ જ ખ્યાતનામ ખગોળ વિજ્ઞાની પ્રા. જયંત નારળીકર સહિત પ્રા. માધવ ગાડગીલ તેમ જ પ્રા. ટી. પદ્મનાભન આ પુસ્તકની સલાહકાર સમિતિના સભ્યો રહ્યા. આ બધાનો સ્પષ્ટ ઉદ્દેશ હતો *"બાળકો માટે ભારતીય વૈજ્ઞાનિકોનો પરિચય થાય એવું તેમનું સંક્ષિપ્તમાં ચરિત્ર આલેખતું, સંપૂર્ણ રીતે સરળ ભાષા તેમ જ સારી એવી સચિત્ર માહિતીઓ ધરાવનાર પુસ્તક પ્રગટ કરવું."*

શ્રી અરવિંદ ગુપ્તાએ આ પુસ્તકમાં ૪૦ જેટલા ભારતીય વૈજ્ઞાનિકો તેમ જ સંશોધકોના જીવનનો લઘુ પરિચય તેમ જ તેઓએ મેળવેલી સિદ્ધિઓ અને તેમનાં યોગદાનોને રજૂ કર્યાં છે. આ કામમાં તેમને સાથ મળ્યો ડૉ. કરેન હેયડોકનો, જેમણે આ પુસ્તકની ડિઝાઈન તૈયાર કરી તેમ જ તેમાં વપરાય તેવાં ચિત્રો પણ આલેખ્યાં. આ પુસ્તક અંગ્રેજી અને હિંદી ભાષામાં


એક સાથે પ્રગટ થયું, અને પછી સમયાંતરે ગુજરાતી ભાષા સિવાય ભારતની બીજી પ્રાદેશિક ભાષાઓમાં પણ અનુવાદ પામ્યું, અને જે તે ભાષાની પ્રજાઓ સુધી પહોંચ્યું.

શ્રી અરવિંદ ગુપ્તાને ૨૦૧૮ના પ્રજાસત્તાક દિવસે નાગરિક સન્માન પદ્મશ્રીથી નવાજમાં આવ્યા. આ એવોર્ડ તેમને તેમના "Toy From Trash" પ્રોજેક્ટ માટે તેમ જ તેમણે વિજ્ઞાનશિક્ષણમાં કરેલ અભૂતપૂર્વ ફાળા માટે એનાયત થયો.

પ્રસ્તુત ભાવાનુવાદિત લેખના માધ્યમથી શ્રી અરવિંદ ગુપ્તા જેવા વિજ્ઞાન પ્રચારકે લખેલ આ પુસ્તકના લેખ વિજ્ઞાનમાં રસ ધરાવતા ગુજરાતી વાચકો સુધી પણ પહોંચે તે માટેનો નમ્ર પ્રયાસ છે.

- શ્રી હેમંત સોલંકી, સિઉલ-સાઉથ કોરિયા, ઈ-મેઈલ : shm8324@gmail.com

''વિશ્વના ફલક પર અગ્રણી ભૂમિકા ભજવવાની મહત્ત્વાકાંક્ષા રાખતો કોઈપણ દેશ પાયાના તેમ જ લાંબા ગાળાના સંશોધનની ઉપેક્ષા ન કરી શકે.'' આ વિધાન કહેનાર હતા, હોમી ભાભા. તેઓ ભારતના પરમાણુ ઊર્જા કાર્યક્રમના એકમેવ શિલ્પી હતા તેમ



જ ભારતના અંતરિક્ષ અને વીજાણુતંત્ર (Electronics) કાર્યક્રમોનું તેમણે સંવર્ધન કર્યું. તેમણે કુશળ લોકોની સહાયતાથી ઉત્તમ સંસ્થાઓની સ્થાપના કરી. ટાટા મૂળભૂત અનુસંધાન સંસ્થા (Tata Institute of Fundamental Research / TIFR), ભાભા પરમાણુ અનુસંધાન કેન્દ્ર (Bhabha Atomic Research Center / BARC) અને ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (Indian Space Research Organization / ISRO), જેવી સંસ્થાઓ તેમના ભાવિ દૂરંદેશીપણાને લીધે જ અસ્તિત્વમાં આવી.

હોમી જહાંગીર ભાભાનો જન્મ ૩૦ ઓક્ટોબર ઈ. સ. ૧૯૦૯માં મુંબઈના એક નામાંકિત પારસી પરિવારમાં થયો જે ટાટા પરિવારના નજીકના સંબંધી હતા. જે ઘરમાં તેઓ જન્મ્યા ત્યાં જ



ભૌતિક વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈન, હિદેકી યુકાવા, જૉન વ્હીલર અને હોમી ભાભા

ભવિષ્યમાં ભારતના પરમાણુ કાર્યક્રમનું પારણું બંધાવાનું હતું. હોમીનું પ્રાથમિક શિક્ષણ કેથેડ્રલ અને જૉન કૉનન હાઈ સ્કૂલમાં થયું. તેઓ ભણવામાં તેજસ્વી હતા તેમ જ વાંચનના અદ્‌ભુત શોખીન હતા. તેમના પિતાના વિશાળ પુસ્તકાલયમાંનાં પુસ્તકો વાંચવાથી તેમને તેમનો દૃષ્ટિકોણ વિસ્તારવામાં ખૂબ જ મદદ મળી.

ચિત્રકળા તેમ જ પાશ્ચાત્ય સંગીતમાં પણ હોમીને ઊંડો રસ હતો.

સિનિયર કેમ્બ્રિજની પરીક્ષા ઉત્તીર્ણ કર્યા પછી હોમી કેટલાંક વર્ષ મુંબઈની રૉયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સમાં ભણ્યા. તે પછી તેઓ ઉચ્ચ શિક્ષણ માટે કેમ્બ્રિજ ગયા. તેમના પિતાની ઇચ્છા હતી કે તેઓ અભિયંતા (Engineer) બને જેથી કરીને તેઓ ટાટા જૂથ (Tata Group)માં વ્યવસ્થાપક/પ્રબંધક તરીકે જોડાઈ શકે. પણ હોમીને તો ફક્ત ભૌતિકવિજ્ઞાન (Physics) ભણવામાં જ રસ હતો અને તે સમયમાં કેમ્બ્રિજ ભૌતિકવિજ્ઞાનમાં થઈ રહેલ ક્રાંતિનું મથક હતું.

હોમીએ યાંત્રિકી વિજ્ઞાન (Mechanical Science)માં કેમ્બ્રિજ યુનિવર્સિટીની પદવી પરીક્ષા (Tripos) ઉત્તીર્ણ કર્યા પછી તેમના ઉદાર વલણ ધરાવતા પિતાએ તેમને કેમ્બ્રિજમાં જ ગણિત માટેની પદવી પરીક્ષા (Tripos) ભણવા માટેની સંમતિ આપી.

ઈ. સ. ૧૯૩૨માં યુવા વયે ભાભાએ

રાઉઝ-બૉલ ટ્રાવેલિંગ ફેલોશિપ જીતી, જેના કારણે તેમને જ્યુરિચમાં વૉલ્ફગેંગ પાઓલી અને રોમમાં એનરિકો ફર્મી સાથે કામ કરવાની તક સાંપડી. તે પછી તેમને આઈઝેક ન્યૂટન છાત્રવૃત્તિ (Studentship) મળી જેને લીધે તેમને કોપનહેગન સ્થિત નીલ્સ બોહર ઇન્સ્ટિટ્યૂટમાં થોડો સમય ગાળવાની તક મળી. આ જ સમય દરમિયાન ભાભાએ પ્રોફેસર આર. એચ. ફાઉલરના માર્ગદર્શન હેઠળ પોતાની પીએચ. ડી. પૂરી કરી. તેજસ્વી ખગોળશાસ્ત્રી અને નોબલ પુરસ્કાર વિજેતા એસ. ચંદ્રશેખરના માર્ગદર્શક પણ ફાઉલર જ રહ્યા હતા.

કેમ્બ્રિજમાં ભાભાએ પસાર કરેલા દિવસો ખૂબ જ અર્થપૂર્ણ રહ્યા. અહીં તેમણે ઇલેક્ટ્રોન-પોઝિટ્રોન પ્રકીર્ણન (Scattering)ની શોધ કરી જે હવે ભાભા - પ્રકીર્ણન (Bhabha Scattering)ના નામે ઓળખાય છે. વૉલ્ટર હાઈટલર સાથે મળીને તેમણે 'Cascade Theory'નું નિરૂપણ કર્યું જેમાં બ્રહ્માંડીય કિરણોના વર્ષાવ (Cosmic Rays Shower)નું વિગતે વર્ણન કર્યું. આ બધાં યોગદાને ભાભાને એક યુવા અને પ્રતિભાશાળી ભૌતિકવિજ્ઞાની તરીકે સ્વીકૃતિ અપાવી.

ઈ. સ. ૧૯૩૯માં ભાભા ટૂંકા ગાળા માટે રજાઓ વિતાવવા ભારત પરત ફર્યા. તેના થોડા દિવસોમાં જ બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. યુદ્ધનો આરંભ થતાં જ યુરોપમાં સંશોધનો માટે જે ભંડોળ પૂરું પાડવામાં આવતું તેમાં કપાત મૂકવામાં આવી. એક અર્થમાં આ વાત ભારત માટે આશીર્વાદરૂપ નીવડી, કારણ કે હવે ભાભાને ભારતમાં જ રહીને નોકરી શોધવાની ફરજ પડી. તેમની ખ્યાતિને કારણે તેમને ભારતીય વિજ્ઞાન સંસ્થાન (Indian Institute of Science), બેંગલોર ખાતે નોકરી મળી ગઈ. અહીં તેમણે સર દોરાબજી ટાટા ટ્રસ્ટ તરફથી પ્રાપ્ત થયેલ અનુદાનની મદદથી બ્રહ્માંડીય કિરણો (Cosmic Rays) ઉપરનાં પોતાનાં સંશોધનોનો આરંભ કર્યો.

બેંગલોરમાં પોતાના વસવાટ દરમિયાન ભાભાએ જે સૈદ્ધાંતિક કામ ચાલુ રાખ્યું તે તેમને કણોની દ્વિદળીય અવસ્થા (Particle with Two mass state)ના સમીકરણ સુધી દોરી ગઈ. જે હવે 'ભાભા સમીકરણ (Bhabha Equation)'ના નામે ઓળખાય છે. તે જ સમયમાં તેમણે હરિશ્ચંદ્ર સાથે સહયોગી રૂપે કામ કર્યું જેઓ પછીથી ખ્યાતનામ ગણિતજ્ઞ તરીકે પ્રસિદ્ધિ પામ્યા. ખૂબ જ ઊંચાઈ ઉપર બ્રહ્માંડીય કિરણો (Cosmic Rays)નું સંશોધન કરવા માટે ભાભાએ Geiger Counter Telescopeની રચના કરી તેમને બનાવડાવ્યાં અને તેમને ભારતીય વાયુસેનાનાં લડાયક વિમાનો દ્વારા ખૂબ જ ઊંચાઈ પર ઉડાવ્યાં.

બીજું વિશ્વયુદ્ધ પૂરું થતાં જ ભાભા

સામે ફરીથી માર્ગોની પસંદગી બાબતે અવઢવ ઊભી થઈ. પાછા યુરોપ જવું જ્યાં વિપુલ પ્રમાણમાં તકો ઉપલબ્ધ હતી કે પછી ભારતમાં જ રહીને કામ આગળ વધારવું? તેમણે પોતાના મિત્ર જે. આર. ડી. ટાટાની આ વિષયમાં સલાહ માગતાં પૂછ્યું, ''દરેક વ્યક્તિનું કર્તવ્ય છે કે તે પોતાના દેશમાં રહીને એવી શાળાઓ/વિદ્યાસંસ્થાઓનું નિર્માણ કરે જેની સરખામણી બીજા દેશો જેના ઉપર ગર્વ લેતા હોય તેવી શાળાઓ/વિદ્યાસંસ્થાઓ સાથે કરી શકાય!'' ભાભાનો દૃઢ અભિપ્રાય હતો કે આવી ગુણોત્કર્ષક શાળાઓ/વિદ્યાસંસ્થાઓ (School of Excellence) દેશના પરમાણુ ઊર્જાના વિકાસ માટે વૈજ્ઞાનિકો પૂરા પાડશે અને ભારતને વિદેશોમાંથી આ માટેના નિષ્ણાતોને બોલાવવાની ગરજ નહીં રહે. ૧ જૂન ઈ. સ. ૧૯૪૫માં ફક્ત ૧ લાખ રૂપિયાના અનુદાનથી ભાભાએ ટાટા મૂળભૂત અનુસંધાન સંસ્થા (Tata Institute of Fundamental Research / TIFR)ની સ્થાપના કરી. સંસ્થાની શરૂઆત બેંગલોરમાં થઈ પણ થોડાક જ મહિનામાં તેને મુંબઈમાં ભાભાનો જ્યાં જન્મ થયો હતો તે બંગલામાં ખસેડાઈ!

TIFR
A Deemed University



હોમી ભાભા જવાહરલાલ નેહરુ સાથે

સ્વતંત્ર ભારતના પહેલા વડા પ્રધાન જવાહરલાલ નેહરુ અને ભાભા બન્નેના દૃષ્ટિકોણ મુજબ ભારત વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીય ક્ષેત્રે આત્મનિર્ભર બને તેની તાતી જરૂરિયાત હતી. નેહરુએ દેશમાં વિજ્ઞાનક્ષેત્ર માટેના માળખાને ઊભું કરવા માટે ભાભાને રાજનૈતિક ટેકાની સાથે સાથે જરૂરી પ્રોત્સાહન, સાધનો અને તેમના કામ માટે છૂટો દોર પ્રદાન કર્યો.

શરૂઆતનાં વર્ષોમાં ટાટા મૂળભૂત અનુસંધાન સંસ્થામાં બ્રહ્માંડીય કિરણો (Cosmic Rays) અને ગણિતને ધ્યાનમાં રાખીને સંશોધન કરવામાં આવ્યું. પણ ધીરે ધીરે તેનું કાર્યક્ષેત્ર વિસ્તરતું ગયું. ભાભા પાસે પ્રતિભાને પારખવાની અદ્ભુત ક્ષમતા હતી અને તેથી તેઓ સમર્થ અને

તેજસ્વી લોકોને આકર્ષી શક્યા. તેમણે આવા સક્ષમ 'આગેવાનો' સાથે મળીને અનેક નવા વિભાગો બનાવ્યા. દાખલા તરીકે તેમણે કેમ્બ્રિજથી ઓબેદ સિદ્દીકીને આણ્વિક જીવ વિજ્ઞાન (Molecular Biology) સમૂહ અને સ્ટેનફોર્ડથી ગોવિંદ સ્વરૂપને રેડિયો ટેલિસ્કોપ બનાવવા માટે આમંત્રિત કર્યા.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી જવાહરલાલ નેહરુએ ભાભાને દેશના પરમાણુ ઊર્જા કાર્યક્રમની આગેવાની લેવા તેમ જ તેને વિકસિત કરવાની મોટી જવાબદારી સોંપી. ભાભા અને નેહરુનો એકબીજા પ્રત્યેનો આદર, તેમ જ ભાભાનો અપાર ઉત્સાહ અને અસીમ ઊર્જાએ તે સમયની જાણીતી એવી તુમારશાહી દાખવતી તેમ જ નિયમોને વળગી રહેનાર અમલદારશાહીને પણ ન ગણકારી અને ભવિષ્યની વસ્તુઓનો ઘાટ ઘડાવા લાગ્યો.

ભાભાની આ બધી ઉપલબ્ધિઓને લીધે તેમના ઉપર પારિતોષિકોનો વર્ષાવ થવા લાગ્યો. તેઓ ઈ. સ. ૧૯૪૧માં ઈંગ્લેન્ડની રૉયલ સોસાયટીમાં અધ્યેતા (Fellow) તરીકે ચૂંટાયા. ઈ. સ. ૧૯૪૮માં તેમને હૉપકિન્સ પારિતોષિક પ્રદાન થયું અને ઈ. સ. ૧૯૫૪માં ભારત સરકારે તેમને પદ્મભૂષણથી સન્માનિત કર્યા. તે જ સાથે અગણિત વિશ્વવિદ્યાલયોએ તેમને માનદ ડૉક્ટરેટની પદવીથી નવાજ્યા. તેમને ભારતના પરમાણુ ઊર્જાના જનક તરીકે હંમેશાં યાદ રાખવામાં આવશે.

ભાભા એક સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી હોવા ઉપરાંત પ્રૌદ્યોગિક વિજ્ઞાન(Technology)ના પણ અનુભવી જાણકાર હતા. તેમણે ભારતના અંતરિક્ષ કાર્યક્રમનો પાયો નાખ્યો જેને પછીથી વિક્રમ સારાભાઈ અને સતીશ ધવને કાળજીપૂર્વક માવજત કરી આગળ વધાર્યો. ઈ. સ. ૧૯૬૨માં ચીનના ભારત ઉપર થયેલા આક્રમણ પછી તેમને ભારત વીજાણુતંત્ર (Electronics)માં કેટલું પછાત છે તેનું ભાન થયું. તેમણે આવા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રમાં ભારતને ઝડપી રીતે આગળ લાવવા માટેની યોજના પણ ઘડી કાઢી.

ભાભા બહુમુખી પ્રતિભાના ધની હતા. તેઓ ગણિતની જટિલ ગણતરીઓની સાથે સાથે ભારતીય શાસ્ત્રીય સંગીતની બારીકીઓને પણ સહેલાઈથી સમજી શકતા. તેઓ હૃદયથી એક કલાકાર હતા અને જીવનની બધી જ સુંદર વસ્તુઓને માણી શકનાર મર્મજ્ઞ હતા - જેમ કે કળા, સંગીત, સાહિત્ય, સ્થાપત્ય, માળીકામ વગેરે. તેમના આ બધા વિષયોમાંના રસ અને સર્વગ્રાહીપણાને લીધે તેમને આધુનિક યુગના લિઓનાર્ડો દ વિન્ચી ગણવામાં આવ્યા.

ટાટા મૂળભૂત અનુસંધાન સંસ્થા માટેની ઇમારતના નિર્માણ પછી ભાભાએ પ્રસિદ્ધ ચિત્રકાર મકબૂલ ફિદા હુસેનને



ઇમારતમાં રાખવા માટેનાં ભીંતચિત્રોના નિર્માણનું કામ સોંપ્યું. આ કામ માટે હુસેનને તે સમયમાં રૂ. ૧૫,૦૦૦/- જેટલું માતબર મહેનતાણું આપવામાં આવ્યું. બહુ ઓછા લોકો આ વાત જાણે છે કે ટાટા મૂળભૂત અનુસંધાન સંસ્થાના વાર્ષિક અંદાજપત્ર (Budget)માંથી એક ટકા જેટલી રકમ કળાકૃતિઓની ખરીદી કરવા માટે નિર્ધારિત કરેલી હોય છે. ભાભાએ પોતે બનાવેલાં ચિત્રો હજુ પણ ટાટા મૂળભૂત અનુસંધાન સંસ્થા અને ભાભા પરમાણુ અનુસંધાન કેન્દ્રની ઇમારતોને સુશોભિત કરી રહ્યાં છે.

ભાભાએ વિજ્ઞાન તેમ જ કળા બન્ને ક્ષેત્રોનું સર્વોત્તમ રીતે પ્રતિનિધિત્વ કર્યું. પોતાની આટલી બધી જવાબદારીઓને લીધે ભાભાએ કદી પણ લગ્ન ન કર્યાં. જ્યારે એક પત્રકારે તેમને લગ્ન વિષે પૂછ્યું તો ભાભાએ જવાબ વાળ્યો, ''મારાં લગ્ન સર્જનાત્મકતા જોડે થઈ ગયાં છે.''

ભાભા જ્યારે પોતાની કારકિર્દીની ટોચ ઉપર હતા ત્યારે મોં બ્લાં, ફ્રાંસ ખાતે ૨૪ જાન્યુઆરી ઈ. સ. ૧૯૬૬માં એક ગોઝારી વિમાન હોનારતના ભોગ બન્યા અને તેમનું દુ:ખદ અવસાન થયું. વિમાનમાં સવાર બધાયે મુસાફરો માર્યા ગયા અને આખો દેશ આવા આઘાતજનક દુ:ખના વમળમાં ડૂબી ગયો.

પોતાના યુવાકાળમાં ભાભાએ પોતાના પિતાને કહ્યું હતું, ''કોણ કહે છે કે આપણે ભારતમાં વિજ્ઞાનક્ષેત્રે પ્રગતિ ન સાધી શકીએ?'' તેમણે વિજ્ઞાનક્ષેત્રે સર્વોત્કૃષ્ટ રીતે સંશોધન કરવાની સાથે સાથે એવી ઉત્કૃષ્ટ સંસ્થાઓની સ્થાપના કરી જેમાં ભણીને હજારો ભારતીયો આવી જ કક્ષાનાં સંશોધનો હાથ ધરી શકે. ❑❑❑



રિસાવું – રિસામણું (To sulk - Sulking)

☐ એલેઈન દ બોટન ☐ સ્વૈર-ભાષાંતર: અશોક વિદ્વાંસ

રિસામણાના હાર્દમાં તીવ્ર ગુસ્સાની અને એવી જ તીવ્ર પોતે શા કારણસર ગુસ્સે છે એ ન કહેવાની, એમ બે ગૂંચવનારી લાગણી સમાયેલ હોય છે. રિસાનાર એક તરફ એમ ઇચ્છે છે કે પોતાને શું 'વાંકું પડ્યું છે' એ સામેની વ્યક્તિએ જાણવું જ જોઈએ, અને છતાં સામેની વ્યક્તિ પોતાની રીસનું કારણ સમજી શકે એ માટે જરાપણ મદદ ન કરવાના પોતાના નિર્ધારમાં એ અફર હોય છે. આવી સમજ આપવાની જરૂર પડવી એ જ જાણે રિસાનારના અપમાનનું મૂળ કારણ હોય છે. સામેની વ્યક્તિને જો

પોતે આવું કારણ સમજાવવું પડે તો પછી એવા સંબંધની વળી જરૂર જ શી? આગળ વધીને એમ કહી શકાય કે પોતા સાથે રિસાઈ શકે એવું કોઈ છે, એ જ માનવીના લાગણી-વિશ્વની એક મૂડી છે; કારણ એનો અર્થ એ કે સામી વ્યક્તિને એવો વિશ્વાસ છે કે આપણે વણકહ્યે જ એના ગુસ્સાનું કારણ સમજી જઈશું. પ્રેમની આ એક અટપટી સોગાત છે.

રિસામણું આપણા બાળપણથીયે પૂર્વેના સમયની, વગર બોલ્યે જ આપણી ફરિયાદની કોઈક દરકાર લે છે એવી એક રમ્ય કાલ્પનિક લાગણીને આપેલ અર્ઘ્ય છે. માતાના ઉદરમાં કશુંય બોલ્યા વગર જ આપણી બધી માગણી સંતોષાતી હતી. ત્યાં હતા ત્યારે આપણે જે જોઈએ એ બધું આપોઆપ જ મળી જતું'તું. આમાંનાં કેટલાંક લાડ આપણા બચપણમાં પણ ચાલુ રહ્યાં. મોટેરાં આપણી જરૂરિયાત આપોઆપ જ સમજી લેતાં'તાં. આપણા બોબડા-બોલ, આપણી મૂંઝવણ, અને આપણાં આંસુની ભાષા તેઓ સમજી લેતાં'તાં. જે દુઃખ કે દર્દ આપણે વર્ણવી શકતા નહોતા એ પણ એમના ધ્યાનમાં આવી જતું'તું.

કદાચ આ કારણે જ, અન્ય બાબતે વાક્ચતુર લોકો પણ ઘનિષ્ઠ સંબંધ ધરાવતી વ્યક્તિ જ્યારે પોતાની પરિસ્થિતિ સમજવામાં નિષ્ફળ જાય ત્યારે સ્વાભાવિકપણે જ વાતની સ્પષ્ટતા કરવાનું ટાળે છે. પોતે એક હરફ પણ ઉચ્ચાર્યા સિવાય જે આપણા મનની વાત પૂરેપૂરી જાણી જાય એ જ આપણો સાચો સાથી; જેને કશું જ કહેવા-સમજાવવાની જરૂર ન પડે ને છતાં બધું સમજી જાય એ જ સાચો મીત; ને એનાથી રિસાવાનો જાણે કે આપણો જન્મસિદ્ધ હક્ક!

જ્યારે આપણા પર કોઈ રિસાય ત્યારે સાચેસાચ તો આપણે માત્ર એક મૃદુ અને નિખાલસ હાસ્ય કરવું જ પર્યાપ્ત હોવું જોઈએ, એ નાજુક પરિસ્થિતિનો વિરોધાભાસ તરત જ આપણા ધ્યાનમાં આવી જવો જોઈએ. રિસાનાર કદાચ પૂરો છ ફૂટ ઊંચો અને સમાજમાં મોભાદાર માણસ હોય તો પણ એની રીસમાં છૂપો સંદેશો તો મર્મભરી પીછેહઠનો હોય છે. રિસાનાર વ્યક્તિ અબોલપણે જ કહેવા માગે છે, "ભીતરના ઊંડાણમાં તો હું હજી પણ 'બાળક' જ છું અને કોક વડીલની આંગળી ઝાલવાની મારી ઇચ્છા છે. જ્યારે હું નાનો હતો અને પ્રેમની પરિભાષા શીખતો હતો ત્યારે જેમ વગર કહ્યે જ મારી વ્યથા બધા જાણી જતા'તા એમ જ તમારે મને સમજી લેવો જોઈએ."

આપણાથી રિસાયેલ પ્રેમીજન પ્રત્યે આપણી સૌથી પહેલી ફરજ તો એ છે કે એમના એવા 'ગાંડા-ઘેલા' વર્તન

પાછળ છુપાયેલ 'બાળક'ને આપણે સમજી લઈએ. સામેની વ્યક્તિને એની ઉંમર પ્રમાણે માન આપવા આપણે સતત એવા તો સજાગ હોઈએ છીએ કે કદીક, ઘડીભર, એ દેખીતી ઉંમર બાજુએ મૂકી આપણે સામેની વ્યક્તિને બાળક સમજી એના અસંબદ્ધ વર્તન કે તોફાનને નિભાવી લેવા ટેવાયેલા નથી હોતા. પણ સમજવાનું એ છે કે પ્રેમના નાજુક વ્યવહારમાં આવો નિભાવ ખૂબ આવશ્યક છે.

દેખીતી રીતે સાવ તર્ક-અસંગત, અપરિપક્વ, શોચનીય અને છતાં પ્રેમની બાબતમાં તદ્દન સ્વાભાવિક વાત એ છે કે જે વ્યક્તિને આપણે આપણું સર્વસ્વ આપવા કટિબદ્ધ હોઈએ છીએ એ માત્ર આપણા લાગણી-વિશ્વમાં જ નહીં, પણ ભૌતિક વિશ્વમાં પણ જે કાંઈ સારું કે ખરાબ થાય એ માટે જાણે એ જ જવાબદાર છે; એવું માનીએ છીએ. પ્રેમના નાતે કરેલો આ એક વિચિત્ર અને વિરોધાભાસી હક્ક-દાવો છે!

આપણી ભૂલ કે અસંબદ્ધ વર્તનનો બચાવ ન કરતાં, એને સમજીને સમયસર સ્વીકારી લેવામાં પુખ્તતા છે. પોતાની જાત અંગે આપણને જો સતત એવી સભાનતા ન હોય તો સ્વને સમજવાની આપણી યાત્રા હજી અધૂરી છે એમ જ સમજવું રહ્યું.

❑❑❑

આભાર સ્વીકાર

* દિવ્ય પબ્લિકેશન (૩૦૬/એ, અનહીલ કોમ્પ્લેક્સ, ૮૮/બી, સ્વસ્તિક સોસાયટી, સ્વસ્તિક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ)નાં પ્રકાશનો : *પોપ્યુલર સાયન્સ. કોમ. : અર્જુનસહ કે. રાઉલજી, પૃ. ૯૬, કિં. રૂ. ૮૫, પહેલી આવૃત્તિ - ૨૦૧૬. (વિજ્ઞાન દિવ્ય સિદ્ધાંત). *આભા : અર્જુનસહ કે. રાઉલજી, પૃ. ૧૧૮, કિં. રૂ. ૧૧૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૬.

* ફેલિક્સ પબ્લિકેશન (ઈ-૫૦૧, સેઈન્ટ પાર્ક, ગુજરાત ગેસ સર્કલ, અડાજણ રોડ, સુરત-૩૯૫ ૦૦૯, મો. ૯૪૨૬૭૭૭૦૦૧)નાં પ્રકાશનો : *આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવની કાવ્યતત્ત્વવિચારણા : પ્રા. ડો. અશ્વિન દેસાઈ, પૃ. ૨૭૨, કિં. રૂ. ૨૫૦, દ્વિતીય આવૃત્તિ - ૨૦૧૫. *લોટરી ટિકિટ : જૂલે વર્ન, અનુવાદક : દોલતભાઈ નાયક, પૃ. ૨૨૪, કિં. રૂ. ૧૮૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૫.

* સાહિત્ય સંગમ (પંચોલી વાડી સામે, બાવાસીદી, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧. ફોન: (૦૨૬૧) ૨૫૯૭૮૮૨)નાં પ્રકાશનો : *મારા સપનાનું વિશ્વ : નાનુભાઈ નાયક, પૃ. ૬૯૬, કિં. રૂ. ૩૫૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫.



આશિયાના

☐ બિપિન પટેલ

સોમવાર હતો તેથી બધાં ઘેર વાસણ ઓછાં હતાં, કારણ રવિવારની સાંજે સ્વિગી અને ઝોમાટો ઘેર ઘેર ચટાકેદાર વાનગીઓ પહોંચાડે. વહેલી પરવારીને ભૂરી, સોસાયટીની બહાર પીપળાની ફરતે નગરપાલિકાએ ચણેલા ઓટલા પર લાંબા પગ કરીને કાળીની રાહ જોતી હતી. પીપળાની સામેનું મોટું મેદાન વીંધીને બેય જણ બસતીમાં પોતપોતાને ઘેર પહોંચે. કાળીને આવતાં ખાસ્સી વાર થઈ તેથી ભૂરી ઝોકે ચડી ગઈ. આવતાં જ કાળીએ એના કાનમાં ફૂક કરીને એની હાજરી પુરાવી.

ઝબકીને જાગેલી ભૂરીને એણે પૂછ્યું, 'અલી ભૂરી, તારું ફોર્મ ભરઈ ગયું?'

-હા.

-કોણે ભરી આપ્યું?

-અમારાં મેડમે. બહુ ગુડ છે. જો ન, એ દહાડે મંત્રીસાહેબની સભા પછી મને એક બાજુ બોલાઈને કીધું, 'ફોર્મ લેવા લાઈનમાં ના ઊભી રહેતી.' બીજે દહાડે બોલાઈ લીધી. એમના જોડે રહીને મૂવી હુંય પેક

થઈ ગઈ છું. પહેલું આધાર કાર્ડ લીધું. અત્યારે ડગલે ને પગલે આધાર માગે છે. પછી તો જનમનો દાખલો, આવકનો દાખલો- મેડમે કઢાવી આલ્યો'તો- એમ બધા કાગળો લઈને હું તો પહોંચી ગઈ. મેડમે મને એમની બાજુમાં બેસવા ઘણું કહ્યું, પણ સભા શોભતું બેસાય. હું નીચે બેઠી બેઠી પૂછે એના જવાબ આપતી ગઈ. ભણેલાનો ફેર તો પડેને! પાંચ મિનિટમાં ભરી દીધું. ફોર્મ ભરાયા પછી નગરપાલિકાની ઓફિસમાંય એ જાતે આપી આયાં.

-ભૂરી તું નસીબવાળી તો ખરી. મેડમ કમિટીમાં છે એટલે તારો નંબર પાકે પાયે લાગશે.

-ભગવાન જાણે. બાકી મેડમ પહોંચેલી માયા છે.

-અલી મારું ફોર્મ ના ભરી આપે તારાં મેડમ?

-એમ જે હોય એના માટે રેઢાં થોડાં પડ્યાં છે?

-કેમ તું મારી ખાસ બહેનપણી નહીં?

-ખાસ તો ખરી, પણ... સારું, કાલે તારું ફોર્મ લેતી આવજે. મેડમને કહી જોઈએ, મેળ પડે તો.

-તારા જેવા ભગવાનેય નહીં.

(૨)

સવારના નવ વાગ્યાથી દામિની ભૂરીની રાહ જોતી હતી. દસ વાગ્યા સુધી ન આવી તેથી જાતે 'ચા'ની તપેલી મૂકી. કાયમ તો, ભૂરી આવે, એ ચા બનાવે, બંને સાથે પીએ, પછી ભૂરી કામે વળગે. ચા ઊકળતી હતી ને ભૂરી હાંફળીફાંફળી આવી પહોંચી ને બોલી, 'મેડમ મોડું થઈ ગયું. મહેમાન આયા'તા.' ભૂરીને નચિંત કરતાં કહ્યું, 'કંઈ વાંધો નહીં. આજે મારા હાથની ચા પી,' કહી કપ ધર્યો, 'તારા જેવી બની છે કે નહીં?' ચા પીધા પછી કંઈક યાદ આવતાં કામ કરતી ભૂરી પાસે ગઈ ને કહ્યું, 'અરે, ભૂરી! તને એક ગુડ ન્યુઝ આપવાના છે.'

-શેના?

-પ્રધાનમંત્રી આવાસ યોજનાની જગ્યા ફાઈનલ થઈ ગઈ કહી નકશો કાઢ્યો. જો, આ તરફ રિંગ રોડ છે. ત્યાંથી સાઉથ બોપલ તરફ લાલ માર્કવાળો ભાગ જોયો? એ જ તમારો પ્લોટ. ક્રીમ એરિયા ગણાય. આપણા બંગલાથી જતાં પેલું મેદાન આવે છેને, તેની ડાબી તરફ અર્ધો કિલોમીટર દૂર તારું ઘર થશે.

-અમને પ્લોટ મોંઘો નઈ પડે? અમારું શું ગજું?

-તમારે એક પૈસો નથી કાઢવાનો. દસ રૂપિયાનું ફોર્મ ભર્યું એ માપ. બાકી બધું સરકાર કરશે.

-એ તો ખરું, પણ હજુ મારો નંબર ક્યાં લાગ્યો છે?

-અરે નંબરની ક્યાં વાત કરે છે ગાંડી! ગઈ કાલે જ ઔડાની ઓફિસમાં ડ્રૉ હતો. ફાઈનલ લિસ્ટમાં તારું પણ નામ હતું.

-તો તો મેડમ, તમારી લાગવગ ચાલી ખરી.

-એવી લાગવગ, બાગવગ ના ચાલે. આ સરકારનો વહીવટ પારદર્શક છે.

-હું તો ફાઈ ગઈ, ફાઈ ગઈ કહી, પોતું નીચે નાખી, ઝટપટ હાથ ધોઈ કહે, 'ઊભાં રો મેડમ, ઘેર જઈ શુકનનો ગોળ લેતી આવું.'

-કેમ અમારે ઘેર ગોળ નહીં હોય? ગોળેય ખવડાવીશ ને પેંડો પણ. સ્ટીલના ડબ્બામાંથી કાંકરી ગોળ અને ફ્રિજમાંથી જય સિયારામનો પેંડો ભૂરીને ખવડાવ્યો.

ખાતાં ખાતાં ભૂરીનું મોં હસું હસું થયું. અચાનક યાદ આવ્યું. પૂછ્યું, 'મેડમ કાળીનું શું થયું?'

-એનો ફોર્મ નંબર તેં લખાવ્યો હતો?

-લખાયો'તો ખરો.

-ઊભી રહે મારા લિસ્ટમાં જોઈ લઉં. ચશ્માં પહેરી, આંગળી ખેસવતાં, ખેસવતાં કાળીના નામ આગળ નજર અટકી. બોલી, 'ભૂરી, આખી જિંદગી તમારો પડોશ પાકો થઈ ગયો.' ભૂરીએ કાળીને મિસકોલ કર્યો. એ સમજી જશે, આજે વહેલા આવવાનું, ઓટલે.

દૂરથી કાળીને જોતાં જ ઊભી થઈ ગઈ. મોબાઈલ બાજુમાં મૂક્યો. ઓટલા પર કાળી બેસે તે પહેલાં એના હાથ પકડીને ફેરફુદરડી જે ફરી, જે ફરી, તે બંનેને શ્વાસ ચડ્યો ત્યાં સુધી એને ફેરવતી રહી.

કાળીએ હાથ છોડાવી એને ખભો પકડી ઊભી રાખી, મોં ભણી તાકીને પૂછ્યું, 'મૂવી કહે તો ખરી, આજ આટલી બધી રાજી કેમ છે? કાંક સારા સમાચાર છે કે શું?'

-સારા જને વળી! હું અને તું ઘર ભેગાં થવાનાં. ભગવાને આપણી અરજી સાંભળી. ચલ આપણું ઘર બતાડું, કહી મેડમે નકશામાં બતાવેલો પ્લોટ આવ્યો ત્યાં સુધી કાળીનો હાથ પકડીને ખેંચી ગઈ. ત્યાં હજુ પાટિયું નહોતું લાગ્યું. આશરે એ જગ્યા બતાવી, જ્યાં 'પ્રધાનમંત્રી આવાસ યોજના'માં બંનેને ફ્લેટ મળવાના હતા.

એ દિવસે સાંજે બસતીમાં વાત ફેલાઈ ગઈ. ડ્રોમાં દસ જણનો નંબર લાગ્યો હતો. ભૂરીએ એ દિવસે સાંજે રંગાળું ભરીને ચા ઉકાળી. સોનુ ઘેર ઘેર જઈને કહી આવી, 'અમને ઘર મળ્યું એના હરખની ચા પીવા આવજો.' સાંભળીને સંતોક બબડી, 'હલકઈ કરે છે.' હંસીએ મોં મરડીને કહ્યું, 'આપણને દાઝે બાળવા.' બધાંને ચા આપતાં ભૂરી રમકડાની જેમ આમથી તેમ ફરતી રહી. વચ્ચે બબડતી જાય, 'અમારા આખા ગામમાં મારે એકલીને શહેરમાં ઘર. એમાં શું છે કે, શહેરમાં મકાન હોય તો મારા છૈયા માટે છોડીઓના બાપા બારણું તોડી નાખ.' એ સાંભળીને ડઈએ ચોપડાવી, 'અલી ગગો જણ તો ખરી?' સાંભળીને, ગુસ્સામાં કે શરમાઈને, ભૂરી રાતીચોળ થઈ ગઈ.

(૩)

બીજે દિવસે ઢાંકેલો વાડકો ડાઈનિંગ ટેબલ પર મૂકી દામિનીને બાંધતી હોય એમ, 'મેડમ, આજે ના, ના પાડતાં. હું રોજ

તમારા ઘરનું ખઉં છું. શુકનની લપસી લાઈ છું. તમે ખાજો, ને સાહેબને પણ ખવડાવજો.' ઢાંકણું ખોલીને લાપસી પર ઘી અને ખાંડના લેયર જોઈને દામિનીએ કહ્યું, 'આવી લાપસી રોજ ખાઈએ તો કોલેસ્ટરોલ ને સુગર ક્યાંય પહોંચે.' એનું મન રાખવા, બે ચમચી ખાઈને વાડકો ઢાંક્યો.

કામ પત્યું પછી ભૂરીએ દામિનીને પૂછ્યું, 'મેડમ તમને ટાઈમ હોય તો બે વાત પૂછવી'તી, મારા ઘરની.'

-પૂછને?

-તમારા જેવડું તો ક્યાંથી હોય? પણ તમારાથી અડધું તો હશેને?

-ડિટેઈલમાં નથી ખબર, પણ, બેઝિક સગવડ મળે એનો સરકારે ચોક્કસ ખ્યાલ રાખ્યો હશે.

-ટાઈલ્સ લીસ્સી હોય તો હારુ, નઈ મેડમ? બે દહાડે પોતું કરીએ તોય ચાલે. અને પાંચ મિનિટમાં પાર આવે.

-સારી જ હશે. આજકાલ તો નાના ફ્લેટમાં પણ વિટ્રીફાઈડ લગાવે છે. હા, થોડી લોઅર ક્વોલિટીની હોય.

-મારા ઘરનું નામ કયું રાખીશું? 'ઘરનું ઘર' તો દેશી લાગે. એના કરતાં તમારા બંગલા જેવું 'આશિયાના' પાડીએ તો કેવું?

-નામ તો ગમે તે રાખી શકાય. 'હાશ', 'નિરાંત', કે પછી 'આશિયાના' રાખે તોય મને વાંધો નથી. પણ તારે ઝાંપો તો હશે નહીં, તો નેઈમ પ્લેટ લગાડીશ ક્યાં?

-તે બારણા ઉપર ચોડીશ. અને હા મેડમ, એક વાત તો ભૂલી ગઈ. બારીઓ, આમ તમારા જેવી ભોંય અડે એવી નીચી તો નહીં હોયને? બળ્યું મને તો શરમ આવે. આખું ઘર ઉઘાડું ફગ થઈ જાય. તમારે તો ઓળખાણ હશે. લગાર કહેજોને ઊંચી રાખે?

-ભૂરી, યાર તું તો આઈટેમ છે. હું ઔડાની આર્કિટેક્ટ થોડી છું, તે મને બધી ખબર હોય? બહુ અઘરી ભૈસાબ. તારી ઇન્ક્વાયરી પતી હોય તો હું જમવા બેસું?

-પૂછવું તો હતું, પણ તમે જમી લો. કાલે વાત.

(૪)

ભૂરી-કાળીનાં મકાન જે જગ્યા પર બંધાવાનાં હતાં ત્યાં બોર્ડ લાગી ગયું તે દિવસથી બંને તેમના થાનકે પોરો ખાઈને, લાંબો રસ્તો થાય તો પણ ત્યાં થઈને જ ઘેર જાય. ભૂરીએ પૂછી પૂછીને દામિનીનું મગજ ખાધું હતું તેથી ખબર હતી. એનો ફ્લેટ પૂર્વમાં અને કાળીનો પશ્ચિમમાં છે. બંને એકબીજાથી અવળા ફરીને ઊભાં રહી, ધારીને મનોમન પોતાનો ફ્લેટ જોતી રહે. થાકીને મોઢામોઢ થતાં ફકફક કરતી હસી પડે, પોતાની મૂર્ખામી પર.

કોક વાર એનો વર ભૂખ્યો થયો હોય તો અકળાતો, 'આ રોજ રોજ શું માંડ્યું છે તે મોડી આવે છે?' કહી ઊંચકાવતો. ભૂરીને અપમાન લાગતું, પણ મન મનાવતી. મારતો તો નથીને? અને મકાન માટે તો લોકોને કેટકેટલું વેઠવું પડે છે? જ્યારે આ તો બગાસું ખાતાં પતાસું

આવ્યું છે. એના વરનો ગુસ્સો ઓછો કરવા એને સંભળાય એમ વાસણો ખખડાવતી, જેથી એને લાગે કે એ ઝડપથી રાંધે છે.

દર બે-ત્રણ મહિને દામિનીને અચૂક પૂછતી, 'મેડમ, ફ્લેટનું કેટલે આયું?' દામિની રુટિન જવાબ આપતી, 'થઈ જશે. તું ચિંતા ન કરીશ. હું બેઠી છુંને?' એમ કરતાં દોઢ વર્ષ વીતી ગયું.

(૫)

આજે ત્રીજે ઘેર કામ કરતી હતી ને કાળીનો મિસકોલ આવ્યો. જેમતેમ કામ આટોપીને ભૂરી ઓટલા પર પહોંચી ગઈ. કાળીને ત્યાં ન જોતાં નિરાશ થઈને બબડી, 'પોતે હજુ આઈ નથી ને, મને શું લેવા બોલાઈ હશે?' ત્યાં જ કાળી દેખાઈ. માંદલી ચાલે એને ચાલતી જોઈ ધ્રાસકો પડ્યો. બરાગર હશે કે પછી?

ઠરીને બેસે એ પહેલાં કાળી શરૂ થઈ ગઈ, 'અલી ભૂરી કાલે સાંજે સરઘસ નીકળ્યું'તું! તને ખબર છે?'

-ના?

-મનેય ના ખબર પડત. ગધ્ધાવૈતરાંમાંથી ઊંચાં આવીએ તો ખબર પડેને? અમારાથી ત્રીજા ઘેર, પેલા અંકિતભાઈ પેન્ટર નઈ? એમણે કીધું, 'મોટું સરઘસ હતું. બધા બૂમો પાડી પાડીને બોલતાં'તાં, 'સ્વચ્છ ભારત, સુંદર ભારત', 'વૃક્ષ વાવો વરસાદ લાવો.'

-તે લોક ભલેને સરઘસ કાઢે? નવરી બજાર હોય તે આમ નીકળી પડે.

-લોકની શી વાત કરે છે! તારાં દામિની મેડમ બધાથી આગળ હતાં.

-ના હોય!

-લોક બબડતું'તું, કરોડોની જમીન આમ ખેરાત થોડી કરી દેવાય? આટલા સરસ એરિયાની પત્તર ફડાઈ જાય. એમનાં ધૂણી-ધુમાડા આપણે શું લેવા વેઠીએ? અને આપણી પ્રોપર્ટીના ભાવ ગગડી જાય. અંકિતભાઈ તો બધું કહેત, પણ મોકાણના સમાચાર વધારે સાંભળીને શું કરવાનું?

-તે આપણાં ઘર ગયાં?

-ગ્યાં જને વળી?

ભૂરી ઘેર જવાને બદલે દામિનીને ફરિયાદ કરવા પહોંચી ગઈ. કાળીએ કહેલી બધી વાત વરંડામાં ઊભા રહી કરતાં, ઉશ્કેરાટમાં એનો અવાજ મોટો થતો ગયો. દામિનીને શરમ આવી તેથી હાથ પકડીને અંદર લઈ ગઈ. ભૂરીને પરાણે સોફામાં બેસાડી. ભૂરી હજી હાંફતી હતી. શબ્દો ગળામાં અટકી ગયા. બોલવા ગઈ તો ઉધરસ ચડી. એ આટલું જ બોલી, 'મેડમ, એ દહાડે તમે સરઘસમાં હતાં?'

-દામિનીએ ડોકું હલાવી કહ્યું, 'મારે એમની સાથે પણ રહેવું પડેને?'

-તો મારે હવે શું કરવાનું? કાળી કહેતી'તી, 'અંકિતભાઈ કહેતા'તા કે બસતીનાં બધાં ભેગાં થઈને ઔડા પહોંચી જઈએ તો સરકારનું મન બદલાય.'

દામિનીએ વિચારીને, શબ્દો બરાબર ગોઠવીને ભૂરીને સમજાવી. 'અંકિત ખોટ્ટાડો છે. તમને ગેરમાર્ગે દોરે છે. મોટો

લીડર બની બેઠો છે તે! ઔડાની મૂળ ટી.પી. (ટાઉન પ્લાનિંગ સ્કીમ) પ્રમાણે એ જગ્યાએ તમારાં મકાન બનવાનાં જ હતાં, પરંતુ હમણાંથી આપણા એરિયાનો અસાધારણ વિકાસ થયો છે. તેથી વસતીના પ્રમાણમાં પૂરતાં ગાર્ડન બનાવવાં તંત્રને જરૂરી લાગ્યું. તને ખબર છે ગાર્ડન આપણાં ફેફસાં છે. તેથી તમારો પ્લોટ રિઝર્વેશનમાં ગયો. તને નહીં ખબર હોય કે છેલ્લા કેટલાક સમયથી વિસ્તારનું પોલ્યુશન લેવલ ભયજનક સપાટીની નજીક પહોંચી ગયું છે. તેથી ફેફસાંની બીમારીના કેસ વધવા લાગ્યા છે. સહુના આરોગ્યની ચિંતા સરકાર નહીં કરે તો કોણ કરશે? અને તમે બધાં પણ અહીં જ કામ કરવાનાં કે નહીં?

લોકોની માગણી અને એક્સપર્ટની સલાહ અનુસાર સરકારે, તમામ રોડની બંને બાજુ વૃક્ષો વાવવા અને બે-ત્રણ મોટાં ગાર્ડન બનાવવાનું ઠરાવ્યું છે. સરકારનો તો એવો પણ પ્લાન છે કે પીપળા વધારે વાવવા, જેથી ચોવીસ કલાક ઓક્સિજન મળ્યા કરે.

જો સાંભળ, આ સરકાર સહુની છે. એમાં તમે લોકો પણ આવી ગયા. તમારો ખ્યાલ રાખ્યા સિવાય ટી.પી.માં કોઈપણ ફેરફાર કરે ખરી? તને એક આનંદના સમાચાર આપું? ગાર્ડન બનાવવાની એ મીટિંગમાં હું પણ ઔડાની ઓફિસમાં ગઈ હતી. મેં ચોખ્ખો વિરોધ કરતાં કહી દીધેલું, તમારા માટે ઘર બાંધવાની જગ્યા ઈયરમાર્ક થયા પછી જ ગાર્ડનનો પ્લાન આગળ વધશે. હું કંઈ તારી કે તમારી બસતીની વિરોધી થોડી છું?

હવે શેલા ગામ પાસે, રોડને અડીને તમારાં મકાન બંધાશે. 'બંધાશે તો ખરાંને? ફરી દાવ નહીં થાયને?' ભૂરીએ દામિની સામે જોઈ પ્રશ્ન કર્યો. સાંભળ, 'એ એરિયા જોઈને તું ખુશ થઈ જઈશ. ચોમેર ગ્રીનરી જ ગ્રીનરી. અમારા કરતાં પણ વધારે ચોખ્ખી હવા મળશે. હા, થોડું દૂર છે, પણ ઊભા રોડે બે બે મિનિટે છકડા મળે. જોજે પાછી, ત્યાં મોટા બંગલા જોઈને અમારું કામ છોડી ન દેતી.' ભૂરીના બંને ગાલે હેતથી હાથ ફેરવી, એને માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા.


ઘડિયાળમાં નજર જતાં ભૂરી હડફ દઈને ઊભી થઈ ગઈ ને બોલી ઊઠી, 'હાય હાય મેડમ, મારી સોનુ આઈ ગઈ હશે. ભૂખી ન તરસી બેસી રહી હશે.' 'ઘેર જતાં પહેલાં દામિની સામે નિસાસો નાખતાં બોલી,' અમારે પાછાં બે વર્ષ લંબાઈ ગયાંને?' દામિની આશ્વાસન આપવાને બદલે મૂંગી રહી. તોય ભૂરી ઊભી રહી, તેથી દિલાસો આપ્યો, 'આ વખતે લોચો નહીં પડે. ટ્રસ્ટ મી. મારામાં વિશ્વાસ રાખ.'

-તમારા વિશ્વાસે તો મારું વહાણ ચાલ્યું છે, અત્યાર સુધી', કહીને પાછળ જોયા સિવાય ભૂરી એના ઘર તરફ ચાલી નીકળી.

❑❑❑

કવિ કાન્તની ખુરશી

(મારાં ભાવનગરનાં સંસ્મરણો)



☐ પ્રવીણસિંહ ચાવડા

૧૧. તખ્તસિંહ પરમારસાહેબ

નર્મદભાઈએ પ્રથમ ફોન દ્વારા સંપર્ક કર્યો, પછી મારે ઘેર પધાર્યા હતા. અન્ય એક ગુરુજન (ગુરુઓના પણ ગુરુ) તો સીધા જ પ્રગટ થયા, કોઈ નોટિસ વગર.

સંતાડવા જેવું સંતાડી દેવાની (કે સંતાઈ જવાની) તક આપી નહીં.

સીધું જ આ દૃશ્ય! એક વડીલ મારા આંગણામાં ઊભા છે અને બારણા સામે નહીં, એની ડાબી બાજુની ભીંત સામે તાકી રહ્યા છે. ચહેરાની રેખાઓમાં થોડું વિસ્મય છે, થોડી વેદના.

મને થયું, અરે, આ તો પરમારસાહેબ!

અમારે સીધો પરિચય નહોતો, પણ બે-ત્રણ વર્ષ અગાઉ એક વાર એમને જોવાની તક મળી હતી. હું સુરતથી જૂનાગઢ એક મિત્રને મળવા ગયો હતો અને થોડા દિવસ રોકાયો હતો. દરમિયાન, પ્રખ્યાત ઇતિહાસકાર શંભુપ્રસાદ ત્રિવેદીનું કોઈ સંસ્થામાં વ્યાખ્યાન હતું તેની જાણ થઈ એટલે અમે ત્યાં પહોંચી ગયા. કાર્યક્રમના પ્રમુખસ્થાને પરમારસાહેબ હતા. નાનકડો હોલ, મોટી મેડી જેવો, ગણ્યાગાંઠ્યા શ્રોતાઓ. એ નિમિત્તે પરમારસાહેબને પ્રથમ વાર જોયા અને સાંભળ્યા. અલબત્ત, પાછલી હરોળમાં બેઠેલા એક શ્રોતાની એમણે નોંધ ન જ લીધી હોય.

એમને જોઈને હું ઓટલા પર દોડી ગયો, 'પધારો, સાહેબ!'

અહીં કંઈક બન્યું, અસાધારણ અનપેક્ષિત, જેણે એ પ્રસંગને અવિસ્મરણીય બનાવ્યો છે.

અતિથિ તમારે આંગણે આવે તો પ્રથમ એ થોડી વાર બહાર થોભે તે સમજાય એવું છે. સજ્જનનું એ લક્ષણ છે. બારણું ઉઘાડું હોય તો પણ

અંદર ઘૂસી ન જાય. ડોરબેલ (જેનો એક જમાનામાં પર્યાય હતો ખોંખારો) વગાડીને પોતાના આગમનની જાણ કરે. જાણ થતાં જ તમે સામે ચાલીને એમને લેવા જાઓ, સ્વાગતના બે શબ્દો બોલો અને અતિથિ (તેઓ ઝઘડો કરવા કે શાપ આપવા પધાર્યા ન હોય તો) ઘરમાં પ્રવેશ કરે.

પરમારસાહેબ તત્ક્ષણ પધાર્યા નહીં. સ્વાગતના મારા શબ્દોનો પણ પ્રતિભાવ આપ્યો નહીં. તે ઉપરથી મેં તારણ કાઢ્યું કે બારણા પાસે દીવાલ પર કંઈક હતું જેમાં એમને, મારામાં હશે એના કરતાં વધારે રસ હતો.

બોલ્યા નહીં, દૃષ્ટિ જે બિંદુ પર સ્થિર હતી તે તરફ હાથ લંબાવ્યો, આ શું છે? -એવા અર્થમાં.

'શું?'

'આ.'

અહીં મારી દશા હીણપતભરી થઈ.

ભીંત પર મારા નામનું પાટિયું હતું.

નેમ-પ્લેટ.

એણે વિદ્વાનની વાચા હણી લીધી હતી.

*

જીવનનાં અન્ય ક્ષેત્રોમાં તેમ સરકારી તંત્રમાં અમુક કામો બારોબાર, નાયકની જાણ બહાર થતાં હોય છે. દા.ત. વરરાજા માટે ઘોડાની પસંદગી, કન્યા માટે પાનેતર. એક જમાનામાં આ સ્થિતિ હતી, આજે કદાચ નહીં હોય.

જોકે, હજુ કેટલાંક ક્ષેત્રો છે, મજબૂત અને ટકાઉ, કાળની હકૂમતની બહાર, જેમાં રૂઢિનો ત્યાગ થયો નથી, પ્રણાલીઓ જળવાઈ રહી છે. દાખલા તરીકે દ્રોહ. દ્રોહ દેવો હોય તેની અગાઉ પ્રેમિકા કે મિત્ર, નાયક પાસે જઈ જાણ કરતાં નથી, તેની પરવાનગી માગતાં નથી-'

'એક્સક્યૂઝ મી, મે આઈ બિટ્રે યુ?'

મિત્ર છું, ભૂતપૂર્વ મિત્ર બની શકું?

અપવાદઃ ગ્રેહમ ગ્રીનની વાર્તા, 'મે વી બોરો યોર હસબન્ડ?' ('May we Borrow Your Husband?')

નવા અધિકારીના નિવાસસ્થાન માટે નેમ-પ્લેટનું નિર્માણ પણ બારોબાર થયું હતું. (આ શબ્દ સરકારી છે. તે કદની વિશાળતા અને સ્વરૂપની ભવ્યતા સૂચવે છે. મારા એક બેડરૂમના ફ્લેટને 'નિવાસસ્થાન' કહેવામાં ઉપહાસ છે તે હું સમજું છું.)

એ ક્યાંથી આવી, કોણે એની કલ્પના કરી, કયા કલાકારે એ કલ્પનાને મૂર્ત સ્વરૂપ આપ્યું, અંતે કોણ આવીને મારે ટોડલે લટકાવી ગયું - આમાંનું કંઈ હું જાણતો નહોતો. એક સાંજે ઓફિસેથી આવ્યો ત્યારે નજર પડી. દર્શનમાત્રથી પ્રસન્નતા થઈ. આંખો ઠરી.

કહેવાય લાકડાનો સામાન્ય ટુકડો, પણ ઘડવૈયાએ એને અદ્‌ભુત આકાર આપ્યો હતો. નેમ-પ્લેટ મોટે ભાગે લંબચોરસ હોય, કોઈ કોઈ લંબગોળ. આ કિસ્સામાં એ અંગડાઈ લેતી હતી. કટિપ્રદેશમાં રસિક વળાંકો હતા. તે

પછી ચિતારાએ પોતાની કલાનો અર્ક રેડી દીધો હતો. બોર્ડર પર નાનકડાં નાજુક પુષ્પોનો મઘમઘાટ, પક્ષીઓનો કલરવ.

વચ્ચે કલાત્મક અક્ષરોમાં નામઃ 'પ્રવિણસિંહ ચાવડા.'

જોડણી વિશે હોવી જોઈએ તેટલી સજાગતા મારામાં નહોતી તે હું સ્વીકારું છું, પરંતુ પોતાના નામની સાચી જોડણી ન આવડે એવો સાવ ઠોઠ પણ નહોતો. તેથી અહીં પ્રશ્ન આવેઃ પાટિયાનો આવિષ્કાર ભલે મારી જાણ બહાર થયો અને પોતાની જાતે ઊડતું - ઊડતું આવીને એ મારા ટોડલે ઝૂલવા લાગ્યું, પરંતુ એની પહાડ જેવી ખોડ મને કેમ ન દેખાઈ?

તાત્કાલિક એને દૂર કેમ ન કરાવ્યું?

નામ એને હોદ્દો - કેફ ચડ્યો હતો?

પરમારસાહેબ સમક્ષ મારે બચાવ કરવો હોય તો કયા શબ્દોમાં કરવો? એ પરાક્રમ મારું નહીં, ઓફિસના માણસોનું હતું (સાહેબ, મારું નામ પરાક્રમસિંહ નથી!) એમ કહી દોષનો ટોપલો અન્યના માથે નાખવામાં તો કાયરતા હતી.

મેં કહ્યું, 'સાહેબ, આમાં બન્યું એવું કે...'

'બીજે ચાલે, પણ તમારા ઘર આગળ આ ન ચાલે.'

'આપ અંદર પધારો, સાહેબ, એને આજે જ સજા કરવામાં આવશે-'

મનોમન ઉમેર્યું, 'એનો નાશ કરવામાં



તખ્તસિંહ પરમાર

આવશે. જરૂર હશે તો શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે ભીંતના એ દૂષિત ભાગનું શુદ્ધીકરણ પણ કરવામાં આવશે.'

આટલું લખ્યા પછી, વળી એક જુદા કારણે, અપરાધભાવનો અનુભવ થાય છે. સાહેબ બહાર ઊભા રહ્યા તે સમયગાળો માંડ એક મિનિટ જેટલો હશે, પ્રસંગના આલેખનમાં વિસ્તાર કરી મેં એમને ખૂબ વધારે સમય મારા ઘરની બહાર ઊભા રાખ્યા!

અવિવેક થયો પરંતુ તે જાણીજોઈને નથી કર્યો, સ્મૃતિની આ રમત છે. મોટું છે તે નાનું બની જાય છે અને નાનું છે, સાવ ટપકા જેવડું, તે વિસ્તરીને આખા કેન્વાસને ભરી દે છે. પરમારસાહેબનું અમારે ઘેર આગમનઃ એ ધન્ય પ્રસંગની અન્ય કોઈ વિગતો યાદ નથી!

પરમારસાહેબનો ફોન આવે ત્યારે

ભોજન માટે નિમંત્રણ હોય જ. જોકે, એ સંદર્ભમાં 'નિમંત્રણ' અને 'ભોજન' જેવા ભારેખમ, શુષ્ક શબ્દો બંધબેસતા નથી લાગતા.

એમની ભાષા જુદી, લહેકો જુદો. વળી, આ વાતને માત્ર ભાષા સાથે નહીં, એક જીવનશૈલી સાથે સંબંધ છે.

– રોટલા ખાવા આવો.

અથવા

– અનુકૂળ હોય તો સાંજે આવો, સાથે ખીચડું ખાઈશું.

પોતે ત્યારે ગરાશિયા બોર્ડિંગમાં રહેતા.

હમણાં દોઢેક વર્ષ પર ભાવનગર જવાનું થયું ત્યારે સાહેબને મળવા એમના મોટા દીકરાને ઘેર ગયેલો. અલબત્ત, મહેન્દ્રસિંહ સાથે હતા. જોતાંની સાથે ઓળખી ગયા, એમને મારી ગરાશિયા બોર્ડિંગની મુલાકાતો પાંત્રીસ વર્ષ પછી પણ યાદ હતી.

મેં મહેન્દ્રસિંહની સામે પ્રશ્નાર્થ નજરે જોયું.

એમણે મનોમન વર્ષોની ગણતરી કરી, પછી સહેજ હસીને કબૂલાત કરી, 'હું આઠમી-નવમીમાં હોઈશ.'

એટલે કે, એમની સ્મૃતિમાં નહોતું. કિશોરની પ્રાથમિકતાઓ જુદી હોય, બહાર ક્યાંક રમતા હશે.

એવા એક પ્રસંગે સાથે ખીચડું ખાવામાં કુમારશ્રી શિવભદ્રસિંહજી પણ હતા. (જેમનો પરિચય સાહેબે 'શિવોબાપો' તરીકે આપ્યો હતો.) જમ્યા પછી મોડે સુધી બેઠા એમાં, અન્ય વાતોની સાથે, શિવભદ્રસિંહજીએ એમની નેચર ફોટોગ્રાફીની સ્લાઈડો ઉત્સાહપૂર્વક બતાવી હતી.

બોર્ડિંગના ગૃહપતિનો સાદો નિવાસ. ફર્નિચર જેવું ખાસ નહીં, મને યાદ છે ત્યાં સુધી એક ખાટલો, બે-ત્રણ ખુરશીઓ.

એ હતો શિક્ષકનો દરબાર.

*

એક તાંતણો પણ ક્યાંય લટકતો ન રહેવો જોઈએ એવો આગ્રહ ધરાવતો કોઈ ચીકણો વાચક મને પૂછે, 'પેલી ક્યાં ગઈ?'

'કઈ?'

'પેલી, માદક અદાઓવાળી, જેની ત્વચામાંથી પક્ષીઓની સુગંધ અને કેશમાંથી ફૂલોના ટહુકા-'

'મૂકો એનું નામ!'

'અરે, પણ–'

'તમને હાથ જોડું છું!'

ગઈ તે ગઈ, એની જગ્યાએ નવી, સુધારેલી જોડણીવાળી પણ આવી નહીં. એટલું જ નહીં, આજ સુધી મારા ઘર આગળ નામનું પાટિયું આવ્યું નથી. હોદ્દાનાં ચિતરામણ તો દૂર રહ્યાં, સાદા અક્ષરે લખેલું વિનમ્ર નામ પણ નહીં.

અધૂરામાં પૂરું, મકાનનો નંબર (212) દર્શાવતી ધાતુની પ્લેટ બિલ્ડર દ્વારા મજબૂત ખીલાઓ વડે

ચોંટાડવામાં આવી હતી તે પણ તેની જગ્યાએ નથી. ક્યારે ગઈ, કેમ ગઈ તે ખબર નથી. જતાં પહેલાં જાણ કરી નહોતી, પરવાનગી માગી નહોતી (May I-?)

વર્ષમાં એકાદ વાર હું ચોક, ઈંટનો ટુકડો અથવા બોલપેન વડે ઘૂંટીને મકાનનો નંબર મોટા અક્ષરે લખું છું. પોતાના અલ્પ આયુષ્યકાળમાં તે જોનારમાં કૌતુક પેદા કરે છે, રમૂજ પ્રેરે છે, પરંતુ કોઈ રીતે ઉપયોગી થઈ શકતું નથી.

પરિણામે, અજાણ્યા માણસોને, મોંઘેરા અતિથિઓને પણ ઘર શોધવામાં મુશ્કેલી પડે છે. પડોશીઓને પૂછવું પડે છે અથવા આજુબાજુ જોઈ, વૃક્ષો અને વેલીઓને તપાસી, ગ્રહો અને તારાઓની મદદથી તારણ કાઢવું પડે છે.

વેપારીઓના લત્તામાં એક જ ઘરની આગળ બારણા પાસે દેવી સરસ્વતીની મૂર્તિ છે. એમનેય કોઈ ઓળખતું નહીં હોય?

*

પાઠ્યપુસ્તક મંડળની જવાબદારી મને સોંપવામાં આવી ('88-'89 તથા બીજી વાર '95-'97) ત્યારે બોર્ડની કામગીરી નિમિત્તે અનેક વાર જુદી જુદી સમિતિઓમાં તેમ કાર્યશિબિરોમાં પરમારસાહેબ જેવા જુદાં જુદાં ક્ષેત્રોના અગ્રગણ્ય વિદ્વાનો સાથે કામ કરવાની તક મળી. સાહેબ તો અમસ્તા મળવા માટે પણ અમદાવાદ મારે ઘેર ઘણી વાર આવતા. વચેટ પુત્ર અશોકસિંહ ગાંધીનગર સચિવાલયમાં હતા (હાલ ડેપ્યુટી સેક્રેટરીના હોદ્દા પર છે), એ બાપુજીને લઈને આવે.

1997થી મેં વાર્તા લખવાનું શરૂ કર્યું ત્યારે પણ મને સાહેબના આશીર્વાદ મળ્યા. એમનું કામ રોકડું હતું, ઉધારું ચાલે નહીં. એક એક વાર્તાના પ્રતિભાવરૂપે એક એક પોસ્ટકાર્ડ. કૃપાનો પ્રસાદ મને એકલાને મળતો,

પક્ષપાત હતો, એવું નથી. એમ કહેવાતું કે ગુરુજી જ્યાં જ્યાં જાય ત્યાં સંગાથે બગલથેલામાં પોસ્ટકાર્ડની થોકડી હોય જ. આળસ નહીં.

'ગાંધીસ્મૃતિ'માં બેઠો છું. તમારી ફલાણી વાર્તા વાંચી-'

હું માનું છું કે ટપાલપેટી પણ 'ગાંધીસ્મૃતિ'ની પાસે જ ક્યાંક, અંજલિ ધરીને ઊભી રહેતી હશે. (પોસ્ટ એન્ડ ટેલિગ્રાફ ડિપાર્ટમેન્ટવાળા બધું જાણે છે, બધું સમજે છે).

મારા સ્નેહી અને વડીલ, મારા પ્રત્યે સદ્ભાવ, પરંતુ એનો અર્થ એ નહીં કે પીઠ થાબડ્યે રાખવી.

એક વાર ટકોર કરી હતી - હમણાં હમણાં તમારી વાર્તાઓ રોમેન્ટિક બની રહી છે!

*

અવસ્થા થઈ. પ્રથમ કાને સંભળાતું ઓછું થયું. ફોન દ્વારા વાત કરવાનું પણ શક્ય ન રહ્યું. સમાચાર મળતા રહેતા, મિત્ર બોરીસાગર પાસેથી, ગંભીરસિંહજી પાસેથી.

અગાઉ ઉલ્લેખ કર્યો તે છેલ્લી મુલાકાતઃ

પલંગ પાસે સોફા પર ગંભીરસિંહજી અને હું. મહેન્દ્રસિંહ પાંગથે. કોઈ મળવા આવ્યું છે - એટલો અણસાર આવ્યો, પરંતુ લાચારીઃ આવનાર કોણ તે સમજાતું નથી. પુત્રે કાન પાસે મોં લઈ જઈ બે-ત્રણ વાર મોટેથી નામ લીધું પણ મસ્તક નકારમાં હાલે.

ના, યાદ નથી આવતું.

થોડી વાર પછી, મારે અને ગંભીરસિંહને પરસ્પર કંઈક બીજી વાતો ચાલતી હતી, ત્યાં-

'પાઠ્યપુસ્તક મંડળમાં હતા.'

થોડા વિરામ પછી, વધારે મહત્ત્વનું, પોતીકું દ્વાર ઊઘડ્યું, 'આપણે ત્યાં શાળાધિકારી હતા.'

કાન્તનો આ ઉત્તરાધિકારી ધન્ય થઈ ગયો.

હજુ કંઈક બાકી હતું, બેઠા થઈ ઓશીકાની નીચે ફંફોસવા લાગ્યા.

હાથ આમ ફર્યો, તેમ ફર્યો. થોડી નોટો નીકળી. દસની એક નોટ ગંભીરસિંહજીને આપી, એક મને આપી.

*

રાત્રે ભાવનગરથી પાછા ઘેર આવતાં ઘણું મોડું થયું, લગભગ એક વાગી ગયો.

સવારે, સ્નાનવિધિ પતાવ્યા પછી, મેં મારાં પત્નીને વાત કરી. એ તો સાહેબને ઓળખે. સાંભળી રહ્યાં. મેં મારી સમસ્યા રજૂ કરી. દસની આ નોટ. ઊંચકી ઊંચકાય નહીં એવી. એનું શું કરવું?

એમણે તરત કહ્યું, 'મંદિરમાં મૂકો.'

ઓરડાના ખૂણામાં લાકડાનું નાનું મંદિર, જ્યાં સવાર-સાંજ પોતે દીવો કરે છે, ગીતાનો પાઠ કરે છે.

[ક્રમશઃ]



બિકમિંગ : મિશેલ ઓબામા

☐ આરાધના ભટ્ટ

પુસ્તકની શરૂઆત સંગીતના સૂરોથી થાય છે. શિકાગોના એક શ્રમજીવી વિસ્તારમાં વસતી નાનકડી મિશેલ પિયાનો શીખે છે. પુસ્તક આગળ વાંચતા જઈએ ત્યારે વિચાર આવે છે કે પહેલા જ લેસનમાં મિશેલને મળેલા મધ્ય સપ્તકના 'સી' સૂરની સફેદ પટ્ટી શોધીને યાદ રાખવાના પાઠે મિશેલને જિંદગીભરનું ભાથું આપ્યું હશે. કદાચ એ પાઠ એ જ એમની નિયતિ હશે. આગળના એમના જીવનને જીવવાની ચાવી કદાચ મધ્યવર્તી ષડ્જને પકડવાની એ શીખમાં રહેલી હતી. મધ્ય -સપ્તકનો આ સૂર, મંદ્ર અને તાર સપ્તકને જોડતી

કડી છે, પિયાનો પર ફરતા ડાબા-જમણા હાથ માટેનો મધ્યવર્તી પડાવ છે. આ આખીયે જીવનકથામાં મિશેલ કદાચ આ જ કરે છે- જીવનના અંતિમો વચ્ચે સંતુલન સાધવાની મથામણ. એક તરફ પતિની રાજકીય કારકિર્દીની શરૂઆત છે, તો બીજી તરફ હાર્વર્ડ અને પ્રિન્સ્ટન જેવી યુનિવર્સિટીઓની ડિગ્રીઓ મેળવી શિકાગોની પ્રતિષ્ઠિત પ્રેક્ટિસમાં વકીલાતની પોતાની કારકિર્દી છે. એક તરફ પોતાનું માતૃત્વ છે, તો બીજી તરફ આખા અમેરિકાનાં બાળકો માટેની નિસ્બત છે. એક તરફ પરિવાર માટે સમય ફાળવવાની આવશ્યકતા વિષે સજાગતા છે, તો બીજી તરફ દેશ માટે કંઈક એવું કરવાની આકાંક્ષા છે જેનાથી પોતાના જેવા મધ્યમવર્ગી પરિવારોનાં જીવન સુધરે. એક તરફ સામાન્યતાની કામના છે, કોઈ પોતાને ન ઓળખે એવું સામાન્ય જીવન જીવવું છે અને મુક્ત આકાશમાં ઊડવું છે. પણ જીવનની વાસ્તવિકતા એ છે કે અમેરિકી પ્રમુખના પરિવારે ચારે બાજુથી અભેદ્ય સુરક્ષા કવચથી ઘેરાયેલા રહેવું પડે છે. બગીચામાં ફરવા જવું કે દુકાનમાં ખરીદી માટે જવું કે પતિ સાથે ડિનર લેવા જવું હેલિકોપ્ટર અને મોટરગાડીઓના કાફલા વિના તેમ જ સુરક્ષાકર્મીઓ સાથે ચર્ચાવિચારણા અને લાંબા જહેમતભર્યા આયોજન વિના શક્ય નથી. આ દ્વંદ્વોમાં એક અથવા બીજી બાબતની પસંદગી કરવાના અવસર વારંવાર આવે છે. શિકાગોની ગગનચુંબી ઇમારતના ઉપલા માળે બેસીને કોર્પોરેટ કાયદાની આંટીઘૂંટી કરવી મિશેલને ખૂબ જ જલદી નિરર્થક જણાવા લાગે છે. એમને લાગે છે કે આવા કામથી દેશના જનસામાન્યને કોઈ ફરક પડતો નથી. આમજનતા માટેની એમની નિસ્બત અને પોતાનું માતૃત્વ એ બે પરિબળો કાયદાની એમની કારકિર્દીને તિલાંજલિ આપવાના એમના નિર્ણયના મૂળમાં છે. ત્યાર પછી એ જુદીજુદી સામાજિક સંસ્થાઓ સાથે સંકળાઈને નાનાં-મોટાં કાર્યો તરફ વળ્યાં. આખીય આત્મકથા દરમ્યાન ક્યાં તો પતિની કારકિર્દી અર્થે અથવા પારિવારિક કારણોથી અનેક નાના-મોટા અંગત ત્યાગ એ ખૂબ સહજતાથી કરતાં દેખાય છે.

મિશેલની કથાના તળ સુધી જઈએ તો એમાં આપણાં સૌનાં જીવનની દ્વિધાઓ, ધર્મસંકટો અને સંઘર્ષો છે. જે કુશળતાથી મિશેલ એમાંથી પોતાનો માર્ગ કાઢે છે એમાંથી આપણે પણ બોધ મેળવી શકીએ એવી એ કથા છે. અમેરિકાનાં ફર્સ્ટ લેડી માટે કોઈ આચારસંહિતા અથવા કોઈ કર્તવ્યો નિર્ધારિત નથી. છતાં પ્રમુખપદનું એક આભૂષણ બનીને, સરસ તૈયાર થઈને સમારંભોમાં હાજરી આપવામાં એ પોતાની ભૂમિકાની સાર્થકતા જોતાં નથી. એમને સામાન્ય જન સુધી પહોંચવું છે,



મિશેલ, માલિયા, બરાક અને સાશા ઓબામા

રંગભેદના પ્રશ્ન સાથે પોતાનું બાળપણ વીત્યું છે તેથી એ પ્રશ્ન માટે પોતે રચનાત્મક કાર્ય કરવું છે, એમની અંદર રહેલી માતા એમને બાળકો માટે કામ કરવા પ્રેરે છે. અમેરિકામાં ઘર કરીને બેઠેલો બાળકોની મેદસ્વિતાનો પ્રશ્ન એમને સ્પર્શી ગયો છે, એટલે બાળકોને આરોગ્યપ્રદ આહારની ટેવ પડે અને સાથે મોજમસ્તી મળે એ હેતુથી એ વ્હાઇટ હાઉસના એક તરફના બગીચામાં શાકભાજી ઉગાડવાની શરૂઆત કરે છે, સ્કૂલનાં બાળકોને એ બગીચો ઉછેરવામાં સહભાગી કરે છે. અને એમના કાર્યકાળની અવધિ પૂરી થાય છે ત્યારે એ બગીચાની ખાસ્સી પેદાશ થાય છે. ૨૦૧૨માં પ્રગટ થયેલું વ્હાઈટ હાઉસના કિચન ગાર્ડન અને અમેરિકાના બગીચાઓ વિષયક એમનું પુસ્તક 'અમેરિકન ગ્રોન', આ બગીચામાં મિશેલ કેટલાં ઓતપ્રોત હતાં અને એ પ્રકલ્પ એમના હૃદયની કેટલો નજીક હતો તે દર્શાવે છે.

'બિકમિંગ' દળદાર પુસ્તક છે પણ એનો પ્રવાહ નવલકથાની જેમ વહે છે અને વાચકને સાથે વહાવે એવો છે. મિશેલ પોતાની કથા, આપણી બાજુમાં બેસીને કોફીની ચૂસકી લેતાં સહજપણે કહેતાં હોય એવો ભાસ થાય છે- સ્કૂલના દિવસો, પારિવારિક સંબંધો, શિકાગોના આફ્રિકન-અમેરિકન સમુદાયની જીવનશૈલી અને એમના સંઘર્ષો, પિતાએ મલ્ટિપલ સ્કેલરોસિસ જેવી ગંભીર બીમારીનો કરેલો સંપૂર્ણ સ્વીકાર અને કોઈપણ ફરિયાદ વિના

કે પરિવારને એમની સ્થિતિનો અણસાર ન આવે એ રીતનું એમનું રોજિંદું જીવન, અમેરિકી માનવ અધિકાર ચળવળમાં અને રાજકારણમાં સક્રિય જેસી જેક્સનની દીકરી સાથેની મૈત્રી, ટીનેજર મિશેલનું સ્કૂલના છોકરા સાથેનું પ્રથમ ચુંબન, બરાક સાથેનું પહેલું મિલન અને પછીનો રોમેન્સ, દીકરીઓ સાશા અને માલિયાના જન્મ, પ્રમુખપદ માટે ચૂંટણી લડવા સુધીની બરાકની રાજકીય કારકિર્દીના ઉતાર-ચડાવ, પહેલી પ્રમુખીય ચૂંટણીનો વિજય અને વ્હાઇટ હાઉસમાં પ્રથમ આફ્રિકી-અમેરિકી પરિવારનો પ્રવેશ, ત્યાંનું જીવન, શરૂઆતના દિવસોમાં લંડનનાં મહારાણી એલિઝાબેથ સાથેની મુલાકાત, નેલ્સન મેન્ડેલાના અંતિમ દિવસોમાં એમનાં દર્શન, ૨૦૧૧માં ઓસામા મરાયાના સમાચાર, બીજી વખતની પ્રમુખીય ચૂંટણીમાં પતિનો વિજય, છેલ્લે હિલરી ક્લિન્ટનનો પરાજય અને ત્યાર બાદ વ્હાઇટ હાઉસમાંથી વિદાય.

બે-ત્રણ ઘટનાઓનું વર્ણન સવિશેષ ધ્યાન દોરે એવું છે- મિશેલ અને મોટો ભાઈ ક્રેઇગ મા-બાપ સાથે કોઈક સગાં-સંબંધીને ત્યાં જાય છે. ત્યાં બાળકોની મંડળી જામે છે. લગભગ મિશેલની વયની એક અશ્વેત છોકરી તિરસ્કારથી મિશેલને પૂછે છે કે 'તું ગોરા લોકોની જેમ કેમ બોલે છે?' એ પ્રશ્ન પોતાની ઓળખ વિશે, શ્વેત-અશ્વેત પ્રજાઓ વિશેના બીબાઢાળ ખ્યાલો વિશે, બંને પ્રજાઓ વચ્ચેના સદીઓ જૂના વૈમનસ્ય વિશે મિશેલના ચિત્તમાં સવાલો ઉઠાવે છે. પોતાનાં મા-બાપની અત્યંત સામાન્ય આર્થિક સ્થિતિ છતાં સંતાનો સ્પષ્ટ અને સારું અંગ્રેજી બોલે એ માટે એમણે ઘરમાં વસાવેલાં પુસ્તકો, કોશો વગેરેની કદર મિશેલને એ ઘટનાએ પાછળથી કરાવી. આ આખીયે ઘટનાનું અને એણે જન્માવેલી વિચારપ્રક્રિયાનું નિરૂપણ ભારે સંવેદનશીલતા અને નજાકતથી મિશેલ કરે છે.

અમેરિકામાં સમલૈંગિક લગ્નોને કાયદાકીય મંજૂરી મળી ત્યારે વ્હાઈટ હાઉસને મેઘધનુષી રંગોની લાઈટથી શણગારાયું. એ જોવાની અને બહાર જશ્ન મનાવી રહેલા લોકો પાસે પહોંચી જવાની અદમ્ય ઇચ્છાથી પ્રેરાઈને મિશેલ, પતિ પણ ન જાણે એમ, દીકરીને લઈને, ચોરની જેમ સુરક્ષાકર્મીઓની નજર બચાવીને બહાર પહોંચી ગયાં. આ કૃત્યને એ પોતાની અંદર સતત ચાલતી પોતાની મુક્તિ માટેની ચળવળનો નાનકડો વિજય માને છે. ૧૪ ડિસેમ્બર, ૨૦૧૨માં કનેક્ટિકટની સેન્ડી હૂક એલિમેન્ટરી સ્કૂલમાં એક બંદૂકધારીએ ૨૮ બાળકોની હત્યા કરી. ઓબામા દંપતીનું વાત્સલ્ય અને પ્રમુખીય જવાબદારીની ભાવના એમને આ સમયે હલાવી નાખે છે. સમાચાર આવ્યા ત્યારે ઓવલ ઓફિસમાં એકલા

બેઠેલા પ્રમુખ પતિનું મિશેલને તેડું આવે છે. ઓવલ ઓફિસમાં બંને મૌન રહીને ભેટે છે, રડે છે.

પ્રમુખીય કાર્યકાળની શરૂઆતમાં જી-૨૦ શિખર પરિષદ માટેની લંડનયાત્રા એ ઓબામા દંપતીનો પહેલો મોટો સત્તાવાર પ્રવાસ હતો. બ્રિટનનાં મહારાણી એલિઝાબેથ સાથે બકિંગહામ પેલેસમાં મુલાકાત કર્યા પછી વિશ્વભરના રાજકીય નેતાઓના સમારંભમાં મિશેલ અને મહારાણી ફરી એક વાર મળે છે. કલાકો સુધી ઊભા રહીને હળવા-મળવાનું ચાલે એમાં ઊંચી એડીનાં પગરખાંથી થતી તકલીફ દુનિયાની બે મહાસત્તાઓની મોવડી મહિલાઓ વચ્ચે સ્ત્રીસહજ સખ્યનો સેતુ રચે છે. એમને અહીં કોઈ જોતું નથી એમ સમજી, 'પગ દુખે છે, આ મિલન સમારંભ હવે ક્યારે પૂરો થશે?' જેવા ભાવ બંને વ્યક્ત કરે છે, હસે છે, અને મિશેલ સહજભાવે મહારાણી એલિઝાબેથના ખભે ઘડીક હાથ મૂકે છે. પણ વિશ્વનાં માધ્યમોના કેમેરાની આંખો આ ક્ષણને કેદ કરવા તૈયાર છે. બીજા દિવસે દુનિયાભરનાં સમાચારપત્રોમાં મહારાણીનો સ્પર્શ કરીને શિષ્ટાચારનો ભંગ કરવા બદલ મિશેલ પર ટીકાની ઝડી વરસાવતી હેડલાઈન છપાય છે. પોતે હવે સતત સ્પોટલાઈટ હેઠળ છે, અંગતતાની ક્ષણો હવે દુર્લભ છે એનો આ પહેલો પાઠ હતો, એવું મિશેલ કબૂલે છે.

આત્મકથાની પ્રસ્તાવનામાં મિશેલ કહે છે કે જ્યારે જ્યારે બાળકને મોટા થઈને તમે શું બનશો?' (What will you be, when you grow up?) એવું કોઈ પૂછે છે ત્યારે એ પ્રશ્ન એમને નિરર્થક લાગ્યો છે. જીવનમાં કંઈક બનીને અટકાતું નથી. સંજોગો સતત વ્યક્તિને ઘડતા રહે છે, જેવું ફર્સ્ટ લેડી બન્યાં તેથી એમના કિસ્સામાં બન્યું. તેથી 'બીઇંગ મિશેલ' કરતાં એ પોતાની યાત્રાને 'બિકમિંગ મિશેલ' કહેવાનું પસંદ કરે છે. 2018માં પ્રગટ થયા પછી પહેલા જ અઠવાડિયામાં 'બિકમિંગ'ની 14 લાખ નકલ વેચાઈ હતી અને માર્ચ 2019 સુધીમાં એની 10 મિલિયન નકલ વેચાઈ ચૂકી છે. કહેવાય છે કે પુસ્તક પ્રસિદ્ધ થયા પછીના સમયમાં મિશેલ ઓબામાની લોકપ્રિયતા એટલી હતી કે ઓપિનિયન પોલ અનુસાર એ પ્રમુખીય ચૂંટણી જીતી શકે. વૈશ્વિક સ્તરે રાજકારણ જ્યારે સંશય, સ્વાર્થ અને ગંદકીના સંદર્ભો સાથે સંકળાયું છે, અને સામાન્ય પ્રજા રાજકારણીઓથી નિરાશ અને નિર્ભ્રાંત છે ત્યારે માનવીયતાથી ધબકતી મિશેલની આત્મકથા એક ઊજળું કિરણ બનીને આવે છે. 'બિકમિંગ' એ ફર્સ્ટ લેડીની સ્મરણકથા કરતાં વધુ એક સ્ત્રીની, એક માતાની, એક પત્નીની અને એક સહૃદય નાગરિકની કથા છે.

❑❑❑



ડાબેથી મનસુખભાઈ અને શાંતિભાઈ

કેમ સખી ચીંધવો પવનને-૩૫

☐ અનિલ રમાનાથ જોશી

દૃશ્ય બદલાય છે. સવારનો સમય છે. રાણીબાગમાંથી સિંહ અને શિયાળના અવાજો આવી રહ્યા છે. મારી બેટરહાફ ભારતી પ્રેગ્નન્ટ છે. રાજકોટથી સંદેશો આવ્યો છે કે પહેલી ડિલિવરી પિયરમાં કરવી છે. ભારતીને રાજકોટ મોકલી આપો. પણ મેં આ દરખાસ્તનો સખત વિરોધ કર્યો. મેં કીધું : "પ્રેગ્નન્સી માટે હું જવાબદાર છું એટલે મારી બેટરહાફની ડિલિવરી હું એકલો જ કરીશ. દહેજ અને આણાં મારે જોઈતાં નથી. તેમ છતાં તમે કંઈક મોકલશો તો હું એને મુંબઈના દરિયામાં જાતે જઈને વિસર્જિત કરી દઈશ.'' એ દિવસોમાં ભારતી કશું ખાઈ શકતી નહોતી એટલે મારી ચિંતા વધી ગઈ. પણ એક દિવસ મારા

બારણે ટકોરા પડ્યા. મેં બારણું ખોલ્યું તો સામે વેણીભાઈ પુરોહિત ઊભા હતા. વેણીભાઈએ ઘરમાં પ્રવેશતાં ભારતીને કહ્યું : "ચાલ, તૈયાર થઈ જા. ઘાટકોપર ચાલ, મારી પત્ની અન્નપૂર્ણા છે. પણ તને કહી દઉં કે મારી પ્રિય મીઠાઈ સુવાવડી માટે બનાવાતું 'કાટલું' છે. મારા માટે એક ડબ્બામાં કાટલું મગાવીને રાખજે હું જાતે આવીને લઈ જઈશ." આટલું કહીને વેણીભાઈ પલંગ ઉપર થોડી વાર બેઠા કે તરત બંધાવેલું પાન ગલોફામાં ચડાવીને હસતાં હસતાં બોલ્યા : "મારી હાલત સુવાવડી જેવી જ છે. વૈજયંતિમાલા બ્લાઉઝ કેવું પહેરે છે એ વિષયથી માંડીને કવિતાના આસ્વાદો અને બીજું ઘણુંબધું છાપામાં લખીને જણવું પડે છે. એટલે મારે કાટલું ખાવું છે.'' હું તો વેણીભાઈને જોઈને જ ભાવવિભોર થઈ ગયો. એ પછી અમે વેણીભાઈને ઘેર જવા નીકળી ગયાં. આખો દિવસ ત્યાં રહ્યાં. પ્રેગ્નન્સી પછી પહેલી વાર ભારતીએ પેટ ભરી ખાધું. વેણીભાઈને હું ક્યારેય ભૂલી શકતો નથી. કવિ પણ બહુ મોટા. એનાથી વધારે બહુ મોટા ઇન્સાન હતા. "ઊનાં રે પાણીનાં અદ્‌ભુત માછલાં'' મને વેણીભાઈનું એક ગીત બહુ જ ગમતું હતું. અદ્‌ભુત ગીત છે :

'છૂમક છૂમક નહીં નાચું રે ઘાયલ, લઈ લે
પાયલ પાછું
બીના છમાછમ ઝરણાં નાચે, નાચત નભના તારા
પાયલ ક્યાં પહેરે છે કોઈની નાડીના ધબકારા? '

એક વાર મેં વેણીભાઈને પૂછ્યું હતું: "વેણીભાઈ, તમે આટલાં બધાં પાન શું કામ ખાઓ છે?" વેણીભાઈએ તરત જવાબ આપ્યો: "સંસારની અને દુનિયાની ઘણી બધી વાતો થૂંકી નાખવા જેવી છે એટલે હું પાન ખાઉં છું.'' વેણીભાઈની આધ્યાત્મિકતા બિલકુલ બજારુ નહોતી. બહુ નાની નાની વાતો અને પ્રસંગોમાં એમનું સંતત્વ પ્રગટતું મેં જોયું છે. ધોતિયું, બજરિયા રંગની બંડી અને પગમાં ચંપલ પહેરીને છેક ઘાટકોપરથી ફ્લોરા ફાઉન્ટન નોકરી કરતા વેણીભાઈને મેં જોયા છે. પાછલી અવસ્થામાં પણ મુંબઈની લોકલમાં ઊભા ઊભા મુસાફરી કરતા મેં વેણીભાઈને વારંવાર જોયા છે. એક વાર મુંબઈમાં ચૂંટણી હતી એ વખતે વેણીભાઈ મતદાન કરીને પાછા આવતા હતા ત્યારે પોતાની આંગળી ઉપર કાળી શાહીનું ટપકું બતાવતાં સહુને કહેતા: "લોકશાહીનું લાંછન લઈને આવ્યો છું."

દૃશ્ય બદલાય છે. ભારતીને ડિલિવરી માટે વિલે પાર્લેની હોસ્પિટલમાં દાખલ કરી છે. સમય સવારે દસ-સાડાદસનો છે. ડોક્ટરે કીધું કે આજે જ ડિલિવરી થઈ જશે. હું બહાર બેઠો છું. મારી દાઢી વધી ગઈ છે. બે દિવસ પહેલાં નિદા ફાઝલી મને ચર્ની રોડમાં કવિતા પાઠ માટે લઈ ગયો હતો એના પુરસ્કારના પાંત્રીસ રૂપિયા મારા ખીસામાં પડ્યા છે. થોડુંક પરચૂરણ ખીસામાં ખખડે છે.

મારો લઘુબંધુ સનત ગોવાથી આવી ગયો છે. એ દિવસોમાં મોબાઈલ ફોન નહોતા. ઘડિયાળનો કાંટો ટકટક કર્યા કરે છે. મે મહિનો ચાલી રહ્યો છે. બરાબર બપોરના એકથી દોઢની વચ્ચે નર્સ આવીને મને ખબર આપે છે કે દીકરો જન્મ્યો છે. સંકેતનો જન્મ થયો. એ સંજોગોમાં હું સતત પંદર દિવસ સુધી મારી ઑફિસ કોમર્સમાં ગયો નહિ. પરંતુ આખર તારીખે હું નોકરીએ ગયો ત્યારે મારા હાથમાં પગારનું કવર એકાઉન્ટન્ટ આપી ગયો. કવર ખોલીને મેં જોયું તો મારો પંદર દિવસનો પગાર કાપી લીધો હતો. બસ, એ જ ક્ષણે મેં નોકરી છોડી દીધી. મારું બધું જ લક્ષ્ય હવે નવજાત સંકેત અને ભારતી ઉપર કેન્દ્રિત થઈ ગયું. એ દિવસોમાં ઇન્દુભાઈ ડગલી મારા પડખે ભાઈની જેમ ઊભા રહ્યા. મને જરૂરી સૂચના આપતા રહ્યા. હવે મારે નોકરીએ જવાનું નહોતું. ઘર કેવી રીતે ચલાવવું એનું ટેન્શન હતું. ઘરમાં એક પલંગ અને નાની ખુરશી સિવાય કોઈ ફર્નિચર નહોતું. રાજકોટથી મારી સાસરીપક્ષના મહેમાનો આવતા હતા, તે સુવાવડી માટે કાટલાનો ડબ્બો ભરીને લાવ્યા. વેણીભાઈને ખબર પડી એટલે તે ઘાટકોપરથી સંકેતનું મોઢું જોવા આવી ગયા. આવતાંવેંત કહે : "મારે ચા નથી પીવી, કાટલું ખવડાવી દે એટલે મારો કોઠો ટાઢો થાય." એ પછી વેણીભાઈએ પોતે નવી લખેલી કવિતા સંભળાવી: "બરફને ટુકડે તોડ્યો કાચ, કાચની કણી કણી વેરાણી." એ પછી એક સાંજે સાવ ઓચિંતાં સુરેશ દલાલ અને સુશીબહેન ભારતી અને સંકેતની ખબર કાઢવા આવ્યાં. એક પછી એક દિવસો પસાર થવા લાગ્યા. મારી પાસે એ દિવસોમાં આસમાની આવક હતી. નિદા ફાઝલી કહે કે 'અનિલ, ચર્ની રોડમાં કવિતા વાંચવા જવાનું છે. પાંત્રીસ રૂપિયા પુરસ્કાર મળશે.' હું તરત દોડી જતો. કવિતા પાઠ કર્યા પછી નિદા સાથે પાંત્રીસ રૂપિયા લઈને બહાર નીકળતાં એ પછી ભૂખ બહુ લાગી હોય એટલે પાંઉવડું ખાઈ લેતા. ભાયખલામાં અમારા ઘરની નજીક સાબુસિદ્દિકનું મેદાન હતું એમાં એક વાર ઉર્દૂ મુશાયરામાં જવાનું મને નિમંત્રણ મળ્યું. મારી કેટલીક કવિતાઓનો સૂર્યભાનુ ગુપ્તએ અનુવાદ કર્યો હતો એ કવિતાઓ લઈને હું મુશાયરામાં ગયો. એ મુશાયરામાં કૈફી આઝમી પણ હતા. મેં મારી કવિતાઓ રજૂ કરી. કૈફી આઝમીની દાદ દેવાની સ્ટાઈલ અલગ હતી. કોઈ કવિતા એમને ખૂબ ગમી જાય ત્યારે માત્ર સામે પડેલા ટેબલ ઉપર જોરથી હાથ પછાડતા. સામે હજારોનું ઓડિયન્સ બેઠું હોય. નારાયણ સૂર્વે પણ એ મુશાયરામાં હાજર હતા. મુશાયરો પૂરો થયા પછી કૈફીસાહેબ જે રીતે મને ભેટી પડ્યા એની ઉષ્મા હજીયે મારાં ફેફસાંમાં સચવાયેલી છે. સો રૂપિયાનો પુરસ્કાર મળ્યો એટલે મને થોડો ઓક્સિજન મળી ગયો. એ



ભારતીબહેનના હાથમાં રચના મધુકાંતાબહેન, નાનીના હાથમાં સંકેત

સો રૂપિયામાંથી સંકેત માટે અમૂલના દૂધના બે ડબાઓ લઈને મોડી રાત્રે ઘેર પહોંચ્યો હતો. આ રીતે મારું ગાડું ગબડતું હતું.

બીજી બાજુ હું કોમર્સમાં નોકરી કરતો હતો ત્યારે દર શનિવારે સામે આવેલી 'ગેલોર્ડ'માં નિયમિત રીતે મિત્રોને મળવાનું થતું હતું. એમાં કોઈ વાર મકરન્દ આવતા, ગુલાબદાસ બ્રોકર પણ આવતા હતા. પરંતુ નિયમિત રીતે આવનારાઓમાં કમાણી જૂથના ડાયરેક્ટર મનસુખભાઈ પારેખ અને ફિલ્મ ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા શાંતિભાઈ મહેતા હતા. કોઈ વાર પ્રકાશ મહેરા પણ ગેલોર્ડમાં આવી ચડે. સંગીતકાર જયકિશન પણ આવતા. ગેલોર્ડ એ અમારો વાતવિસામો હતો. હવે થયું એવું કે મેં કોમર્સની નોકરી છોડી એટલે મારું ગેલોર્ડમાં જવાનું બંધ થઈ ગયું. કમાણી જૂથના મનસુખભાઈ પારેખ અને શાંતિભાઈને મારી ચિંતા થવા લાગી. એ પછી એમને ખબર પડી કે મારી નોકરી છૂટી ગઈ છે. હવે દશ્ય બદલાય છે.

એક બપોરે હું ઘરમાં આડે પડખે પડ્યો છું. રાણીબાગમાંથી સિંહ અને શિયાળના અવાજો આવી રહ્યા છે. હું કાગા નિંદરમાં હતો ત્યારે ટપાલી બારણું ખખડાવે છે. હું આંખ ચોળતો બારણું ખોલીને ટપાલનું કવર હાથમાં લઉં છું. ઝોલો ખાઈ ગયેલી ખુરશી પર બેસીને કવર ફોડીને કાગળ ખોલું છું. મારા આશ્ચર્ય વચ્ચે મનસુખભાઈ પારેખની સહીથી મારી નિમણૂક કમાણી જૂથમાં પબ્લિક રિલેશન ઓફિસર તરીકે કરવામાં આવે છે. અને એમાં એ પણ લખ્યું છે કે તમે શનિવારે ગેલોર્ડમાં આવો એટલે વાત કરીએ. આ પત્ર વાંચીને હું ખુરશી પરથી ઊછળી પડ્યો. જેવો શનિવાર આવ્યો કે તરત

હું બસમાં બેસીને ગેલોર્ડ પહોંચી ગયો. મનસુખભાઈ અને શાંતિભાઈ ગેલોર્ડમાં મારી રાહ જોતા હતા. ખુરશી ઉપર બેસતાં મેં મનસુખભાઈને પૂછ્યું : "કમાણી જૂથમાં મારે કરવાનું શું છે?'' મનસુખભાઈએ હસતાં હસતાં કોફીનો ઘૂંટ ભરતાં મને કહ્યું : "તમારી ડ્યુટીમાં દર શનિવારે ગેલોર્ડમાં આવવાનું અને ગેલોર્ડમાંથી તાજ હોટેલની સી લોન્જમાં જવાનું. એ પછી શાંતિભાઈ તમને ભાયખલા મૂકી જશે. હા, મારી ઇચ્છા 'કવિલોક' સામયિકને મુંબઈમાંથી બહાર નથી મોકલવું એમાં તમે મને મદદ કરજો. એ બહુ જાણીતી વાત છે 'કવિલોક' સામયિકનું બધું જ ફાઈનાન્સ મનસુખભાઈ પારેખ કરતા હતા. મનસુખભાઈનું બીજું એક મોટું કારખાનું 'ઇન્ડસ્ટ્રીઅલ જ્વેલ' ભાવનગરમાં હતું. તેઓ સ્વિટ્ઝર્લેન્ડમાં ઘડિયાળ ઉદ્યોગ સાથે સંકળાયેલા હતા. ભાવનગરનો બધો જ વ્યવસાય મનસુખભાઈના લઘુબંધુ બટુકભાઈ સંભાળતા હતા. તાજ હોટેલની સી લોન્જમાં બેસીને આ બધી વાતો થઈ. એ વખતે મુંબઈમાં અમૂલના બેબીફૂડ દૂધનો કારમો દુકાળ હતો. શિશુ સંકેત માટે એ બેબીફૂડ અનિવાર્ય હતું. મેં મનસુખભાઈ પાસે મારી મૂંઝવણ રજૂ કરી. મનસુખભાઈએ તરત એનો ઉકેલ લાવી દીધો. કહે : ''તમે ચિંતા નહીં કરો. દર અઠવાડિયે અમૂલનો એક ડબ્બો વિમાનમાં આવશે. મારો માણસ તમને ઘેર પહોંચાડી દેશે.'' એ પછી મોડી સાંજે શાંતિભાઈ મહેતા સાથે કારમાં બેસીને ભાયખલા પહોંચી જતો. શાંતિભાઈ મહેતાનું વ્યક્તિત્વ સાવ અનોખું હતું. એ મને છેક ભાયખલાને ઘેર મૂકી જતા. એક પ્રસંગ યાદ આવે છે. દૃશ્ય બદલાય છે. ઇન્દિરા ગાંધી કટોકટી જાહેર કરે છે. હું કોમર્સની ઓફિસમાં બપોરે બેઠો છું. એવામાં રાજાબાબુનો ટેલિફોન આવે છે કે જયપ્રકાશ નારાયણને જસલોક હોસ્પિટલમાં ડાયાલિસિસ માટે લઈ જવાના છે. ગાડી મોકલો. આ સંદેશ મેં વાડીભાઈના સેક્રેટરી અન્સારીને પહોંચાડ્યો. થોડી વાર પછી અન્સારીએ આવીને મને કીધું, ''રાજાબાબુને કહી દો કે ગાડી બહાર ગઈ છે.'' એ ક્ષણે મેં તરત મનસુખભાઈને ફોન કર્યો અને કીધું કે ''જયપ્રકાશને ડાયાલિસિસ માટે જસલોક લઈ જવાના છે એટલે ગાડીની જરૂર છે.'' મનસુખભાઈએ તરત કહ્યું કે ''હું મારી ગાડી મોકલું છું. હું અને શાંતિભાઈ ટેક્સીમાં આવીશું." મનસુખભાઈએ ગાડી મોકલી અને જયપ્રકાશને જસલોક હોસ્પિટલમાં પહોંચાડ્યા. કટોકટીના એ દિવસોમાં હરીન્દ્ર દવે પણ વ્યથિત હતા. આખા મુંબઈમાં સન્નાટો છવાઈ ગયો હતો. એ વખતે મેં જયપ્રકાશ નારાયણ ઉપર એક કવિતા લખી હતી:

'લોકશાહીની કિડની જ બગડી ગઈ,
આખો દેશ ડાયાલિસિસ પર છે.'

[ક્રમશઃ]



રૂપાંતર

☐ કોશા રાવલ

તોરલે આંખો તો ખોલી. સમજાયું નહીં કે એ ક્યાં છે. તીણો તડકો આંખોને આંજી દેતો હતો. ઉપર ખુલ્લું આકાશ દેખાતું હતું. દરિયાનાં મોજાંનો અવાજ આવતો હતો. એણે ઊઠવાનો પ્રયત્ન કર્યો. જોયું તો અત્યારે એ દરિયા કિનારાની રેતીમાં હતી. કિનારે દૂર સુધી નારિયેળીનાં ઘટાદાર ઝુંડ જોયાં. પછી પાછળ જોયું અને ચોંકી ગઈ. ત્યાં અડાબીડ જંગલ ફેલાયેલું હતું.

"કોઈ છે? કોઈ છે? મદદ કરો... હેલો... હેલો કોઈ છે?... હેલ્પ મી પ્લીઝ." સામેની ઝાડીઓમાં અવાજ ઓગળી જતો હોય એવું લાગ્યું. ''મદદ કરો... હેલ્પ.. પ્લીઝ" પોકારો પાડતાં પાડતાં એનો શ્વાસ ફૂલી ગયો. સાવ

નાની બાળકીની જેમ એ રડતાં બૂમો પાડતી રહી.

હાંફળો-ફાંફળો કાળા પડછાયા જેવો વ્યક્તિ દૂરથી ધસી આવતો જોઈ એ અજાણ્યા ડરથી ફફડી ઊઠી. પેલો ઓળો દૂરથી નજીક આવવા લાગ્યો એમ એ ફંગોળાતી હવાની વચ્ચે આમથી તેમ અટવાતા પીળા પાંદડાની જેમ કાંપતી રહી. પેલો આકાર નજીક કળાતો ગયો. એને જાણીતો ચહેરો લાગ્યો. એ યાદ કરવા મથી. આંદામાન ક્રૂઝનો યુનિફોર્મ જોઈ એના મનમાં ઝબક્યું... એ પહોળું સફેદ શર્ટ અને બ્લુ ડેનિમ સાથે બેફિકરાઈથી વાળ ઝટકાવતાં તોરલે ડેકના એક ખૂણે નેટવર્ક પકડાતું હતું ત્યાં પહોંચી આંદામાન ક્રૂઝની સખીઓને સંદેશો મૂક્યો: ''ફ્રેન્ડ્સ, જોઈન મી ઓન ધ ડેક, લેટ્સ હેવ એ સરપ્રાઈઝ પાર્ટી.'' એ ડેક પર આવી પણ હજુ સુધી એની કોઈ સખીઓ ડોકાઈ ન હતી. એ ડેક પર આંટા મારતી રહી. ''કેમ, બિયર એટલો મોડો લઈને આવ્યો, ઇડિયટ?'' એને યાદ આવ્યું, આ જ કાળિયો માથું નમાવી ચૂપચાપ એનો ગુસ્સા ભરેલો બરાડો સાંભળતો હતો... ત્યાં... ત્યાં... એકાએક ધસમસતું સુનામી-- ઝાંખુંપાંખું યાદ આવ્યું, એ વખતે કદાચ એ ડરથી જ બેભાન બની ગઈ હતી. એ પછી અત્યારે આંખ ખૂલી.

પેલો નજીક આવ્યો. એ હબસી ઊંચો, ખડતલ, વાંકડિયા વાળવાળો હતો. મરુન રંગના આંદામાન ક્રૂઝની એમ્બ્રોઈડરી કરેલા ગણવેશ ઉપર એનો ચહેરો કાળો કૂચડો ફેરવ્યો હોય એટલો ઘાટો હતો. માત્ર આંખની કીકી અને દાંત દેખાતાં હતાં. એ નજીક આવ્યો, સહેજ હસ્યો. તોરલને હસવું ન આવ્યું. એને સમજાતું જ નહોતું કે આ ક્ષણે એણે શું કરવું જોઈએ. એણે રોફથી પૂછ્યું,

"આપણે ક્યાં છીએ? શ્રુતિ, સિયા, તાપ્તી, અનિતા એ બધાં ક્યાં છે, જે ક્રૂઝમાં મારી સાથે હતાં?''

"આપણે મોટું મોજું આવ્યું ને... આપણે લાઈફબોટ આ... આ... આ-ક્રૂઝમાંથી... કૂદ્યા. અ. મ મ.'' બોલતાં, અચકાટ સાથે એણે આંગળીના ઇશારાથી બોટ દેખાડી. દરિયાકિનારે એક નાનું, નાંગરેલું હોડકું ઝોલાં ખાઈ રહ્યું હતું. એ જોઈ એને યાદ આવ્યું, વિરાટ મોજું સામેથી ધસી આવતું હતું, એલાર્મ જોરથી વાગવા લાગ્યો, 'ઓ ભગવાન! એક ક્ષણ, બીજી ક્ષણ અને હવે મૃત્યુ...' એ જ વખતે એનો હાથ કોઈએ ખેંચ્યો અને એ લાઈફબોટમાં કૂદી પડી...' આ એ જ બોટ અચ્છા અને...' એને ચક્કર આવ્યાં.

"મેમ, આ નારિયેળ પીઓ, સારું લાગશે." કાચલામાંનું ચાંગળુંક પાણી એ એક ઘૂંટડે પી ગઈ. પછી એણે પેલા છોકરાના હાથ સામે જોયું, માટીવાળા

ગંદા હાથ, નખનો મેલ જોયો. જાડા હોઠ, અઘોરી જેવા વાળ અને મેલાં કપડાંમાંથી ઊડતાં લીરાં - ઉફ્ફ! એણે આ હાથથી લાવેલું પાણી પીધું. ઓહ નો! અચાનક એણે પોતાનાં કપડાં તરફ જોયું. બ્લુ ડેનિમ ઉપરનું સફેદ શર્ટ અત્યારે મેલખાઉ રાખોડી રંગનું લાગતું હતું. હાથ પર દરિયાની રેતી, શેવાળ ચોંટી હતી. પરસેવા સાથે વાળ કપાળ પર ચોંટી ગયા હતા. એ માથું દબાવી ક્યાંય સુધી બેસી રહી. પેલો છોકરો એને બોટમાંથી બચાવેલાં બિસ્કિટ આપી ગયો. પણ એણે સ્પર્શ સુધ્ધાં ન કર્યો. મોજાંનો અવાજ એને કાનમાં વાગતો હતો. એ સૂઈ ગઈ કે ભાન ભૂલી ગઈ એ ન સમજાયું પણ જ્યારે એની આંખ ખૂલી ત્યારે તમરાં અને કંસારી સાથે મોજાં અને બીજા કેટલાય એકધારા અવાજોની વચ્ચે અંધારામાં માત્ર બે ચમકતી આંખો જોઈ તોરલે ચીસ પડી.:

"બચાવો બચાવો."

''હું હું- એ તો હું છું મેડમ''

"હમ્મ" એણે જોયું એ પાંદડાંની પથારી પર સૂતી હતી. એમાંથી કેટલીય સળીઓ એને ખૂંચતી હતી. હાથે-પગે ખંજવાળ આવતી હતી. પી.ઓ.પી.ની છત, ઝુમ્મરો અને રોશની જોવા ટેવાયેલી એની આંખ સામે ખુલ્લું આકાશ દેખાતું હતું, ઝીણા ઝબૂકતા તારા અને શિવની જટા પર હોય એવો ચંદ્ર જોયો. પડખું ફરતાં પાંદડાં કચડાવાના અવાજથી જાગતી હતી અને સૂતી હતી એ બધું દરિયાનાં મોજાં જેમ આવ-જા થતું રહ્યું. થોડે દૂર પેલા આદિવાસી છોકરાને નિશ્ચિંતપણે સૂતેલો જોતાં આંખો લૂછતી રહી.

*

''.... યુ આર સો બ્યુટિફુલ!''

''ના, ના, ન્યુ યોર્ક નથી જવું, આ વખતે ફ્રાન્સ.''

''આ નેકલેસ ક્યાંથી લીધો?''

''બ્યુટી...હા હા હું સાચી છું, તું જ નથી સમજતો...''

''મમા, તું તારી જિંદગી જીવે છેને! તો મને મારી રીતે જીવવા દે. ડોન્ટ ઇંટરફિયર ઇન માય પર્સનલ મેટર.''

''યુ આર માય બેબી.''

''કોને ત્યાં પાર્ટી છે?''

''શોપિંગ કરું છું ત્યારે મને જિંદગી જીવવા જેવી લાગે છે.''

''મને તો પેરિસ ગમે!''

''બેબી, તને હવે હું કેમ નથી ગમતી?''

*

એની આંખ ખૂલી ગઈ. અનુજ ક્યાં? દિયા ક્યાં? એ બેઠી થઈ ગઈ. પથ્થરને અઢેલી ચૂપચાપ બેસી રહી. પેલો હબસી જાગ્યો, એની સામે જોઈ મોં મલકાવ્યું. એ ગંભીર મોં કરી બેસી રહી. પેલો ઊઠવા જતો હતો ત્યારે એ ચીસ પાડતી હોય એમ બોલી:

"આપણને કોઈ લેવા આવશે કે નહિ? હું આ નરકમાં નહિ જીવી શકું.'' એની આંખમાં આંસુ તગતગતાં હતાં અને અવાજમાં રોષ!

''શું નામ છે તારું હેં.. બોલ.''

''હું નિયો છું. સાંભળો, આપણે આ અજાણ્યા ટાપુ પર ફસાઈ ગયાં છીએ.'' તોરલ કશું બોલ્યા વિના નિયોને તાકતી રહી. થોડી વાર પછી નજર ઝુકાવી દીધી. "લ્યો આ બિસ્કિટ અને કોક. કોઈ આવે નહિ ત્યાં સુધી. લ્યો ખાવ થોડું સારું લાગશે.''

"કેવી રીતે સારું લાગે? તું જોતો નથી મારાં કપડાં કેટલાં ગંદાં છે? આ તીખો તડકો આંખમાં વાગે છે. ગરમી ઓહ્‌હ તરસ લાગી છે. હું, હું..." બોલતાં એનો અવાજ ગળાની બહાર નીકળતો અટકી ગયો. ઘરે જેમ ગુસ્સો આવતાં બધી વસ્તુનો જેમ ફાવે તેમ ઘા કરતી, એમ કરવા ગઈ. બીજું કશું હાથમાં ન આવતાં રેતીનો મુઠ્ઠીમાં લઈ ઘા કર્યો. જે એની પોતાની જ આંખમાં ભરાઈ ગઈ. એ આંખ ચોળતી રહી. તોરલ બબડાટ કરતી રહી. બોલીને થાકી, ત્યારે નિયો દેખાતો નહોતો.

એણે ઝટપટ બે-ત્રણ બિસ્કિટ ખાધાં અને કોક પીધું. ''હાશ! જીવમાં જીવ આવ્યો'' એ થોડું મોટેથી બબડી. ફરી એમ ને એમ બેસી રહી. સૂરજ માથા પર આવી ગયો હતો. દૂરથી દરિયાની રેતી સોનેરી બની તગતગતી હતી. આંખ અંજાઈ જાય એવો પ્રકાશ હતો. મોજાં એકધારાં આવ-જા કરતાં હતાં. પાછળ બીહડમાં રહસ્યમય શાંતિ હતી.

*

"મારા નસીબમાં શાંતિ જ નથી!"

"વોટ ધ હેલ, શાંતિ? આખરે તારે જોઈએ છે શું? આમ તો જ્યારે જુઓ ત્યારે ફરિયાદ કરતી હોય છે -હું એકલી પડી જાઉં છું, એકલી પડી જાઉં છું. એટલે તો તને કંપની આપવા આ બધાં.''

"શું? તારી અવેજીમાં આ પી.ઓ., મેકઅપ આસિસ્ટન્ટ, ડાયેટ પ્લાનર, નોકરો -આ બધાં છે? ઓહ ગ્રેટ!" એણે તાળી પાડતાં કહ્યું હતું.

"ત્રાસ છે યાર તારો. હું તારી સાથે 24x7 થોડો હોઉં? અને તારી પાસે કેટલી પ્રવૃત્તિ છે જો. આજે પાર્ટી, કાલે કોઈ ઉદ્‌ઘાટન, એના પછીના દિવસે એન.જી.ઓ. તું જ્યાં જાય ત્યાં તારી વાહ વાહ! તું જે કરે તે એની વાહ વાહ! શું જોઈએ છે હવે તને?"

*

એ ઊભી થઈ આમથી તેમ ઝડપથી આંટા મારવા લાગી. રેતીમાં થૂંકી. પછી પગથી બે-ત્રણ લાતો મારી. હાંફતી હાંફતી નીચે બેસી ગઈ. છેક દૂર નિયોને હોડકાનું સમારકામ કરતો જોયો ત્યારે એને જંપ વળ્યો. નિયો નજીક આવ્યો. એના હાથમાં સમારકામનાં સાધનો, નાની બાલદી અને થોડાં ફૂડપેકેટ હતાં.

બાલદીમાં પાણી ભરેલું હતું.

"મીઠું પાણી. ક્યાંથી મળ્યું ?"

"થોડે દૂર એક નાનું ઝરણું છે. ત્યાંથી" કહી એણે ઉમેર્યું: "આપણે જીવવા માટે જે કંઈ છે એ બચાવીને વાપરવું પડશે. ખબર નથી ક્યારે મદદ મળશે. હું તો ગમે તે ખાઈ લઈશ, તમે આ ફૂડપેકેટ તમારી માટે રાખો." કહેતાં એણે હાથમાંથી એ હાઈ કેલેરીવાળો ખોરાક તોરલના પગ પાસે મૂક્યો. પહેલી વાર એણે ધારીને નિયોના ચહેરા તરફ જોયું. એની આંખો ગમી. સહેજ મલકાઈને બોલી "થેન્ક યુ."

નિયો બોલ્યો, "હું જંગલ તરફ જાઉં છું, કશું ખાવાનું મળે અને આગળ જવાનો રસ્તો મળે તો-''

બોટમાંથી મળેલો છરો અને હાથમાં લાકડી લઈ એ ચાલ્યો. આખો દિવસ તોરલ અકળાતી રહી. ચામડી ચચરતી હતી. પરસેવો રેબઝેબ કરી દેતો હતો. સુકાયેલાં આંસુની સફેદ છારી ગાલ પાર બાઝી ગઈ હતી. શર્ટની મેલી બાંય એ વારેવારે મોં પર લૂછ્યા કરતી હતી. એક વાર તો એણે લાહ્ય બળતા સૂરજ તરફ બરાડો પાડીને કહ્યું, "શટ અપ યુ... સનસ્ક્રીન લોશન, ગોગલ્સ, એ.સી. વિના હું ગરમીમાં મરી જઈશ. નથી સહન થતું, ઉફ્ફ." બોલતાં બોલતાં એ પોતાના પર જ હસી પડી. સાથોસાથ એક આંસુ પણ સરી પડ્યું. સાંજ થવા આવી. એ ડોક ઊંચી કરીને નિયો ગયો હતો, એ રસ્તો જોતી રહી. વાતાવરણ ઘેરું બની ગયું હતું. પવનની ડમરી રેતીને આમતેમ વીંઝતી હતી. સૂરજ ડૂબતો જતો હતો. પાણી લાલ, કેસરી, પીળામાંથી ધીમે ધીમે ઘેરા નિસ્તેજ રંગમાં પલટાતું ગયું. નારિયેળીનાં પાનમાંથી હૂઉઉઉઉઉઉ અવાજ કરતો પવન વીંઝાતો હતો. વૃક્ષો આમથી તેમ પવન સાથે ડોલતાં હતાં. ઠંડી હવા પછી ગાજવીજ સાથે વરસાદ ચાલુ થયો. એ જ વખતે દૂરથી નિયો દેખાયો. એ એના તરફ દોડી,

"તું ક્યાં જતો રહ્યો હતો?" બોલતાં બોલતાં એનું ગળું રૂંધાઈ ગયું.

''ટાપુથી બહાર નીકળવાનો રસ્તો શોધતો દૂર નીકળી ગયો હતો." હાથમાંના હોકાયંત્રને પહેરણના ખિસ્સામાં મૂકતાં એ બોલ્યો. વરસાદ એકધાર્યો પડવા લાગ્યો. મોટા છાંટાથી બચવા બોટમાંથી એક રેઈનકોટ જેવું નીકળ્યું હતું એ માથા પર ઢાંકી બંને બેસી રહ્યાં. વરસાદ બંધ થયો પછી પણ ભીનાં કપડાં અને ભેંકાર રાત લાંબી લાગી.

''નિયો કોઈ દવા હશે?"

"કેમ?''

"તાવ જેવું લાગે છે.''

"સાચે, તમારો હાથ તો બહુ તપેલો છે." એ બાલદીમાં દરિયાનું પાણી ભરી લાવ્યો અને પહેરણ ફાડી એનાં પોતાં તોરલના માથા પર મૂકવા લાગ્યો.

તોરલ ચૂપચાપ પડી રહી.

એ દિવસે અનુજે પાર્ટી ગોઠવી હતી. એને તાવ જેવું લાગતું હતું છતાં એ મેકઅપ વચ્ચે બધાની સાથે ખોટું ખોટું હસતી રહી, પાર્ટી પૂરી થઈ પછી ઢગલો થઈ પડી ગઈ. ડોક્ટર આવી તપાસી ગયા પણ એને એવું હતું અનુજ આવીને એનો હાથ પકડે, એને માથું દબાવી આપે. પણ અનુજ મિત્રો સાથે જતો રહ્યો હતો. તે રાત્રે પણ એ તાવમાં તરફડતી રહી હતી. આંખ ખોલી જોયું તો સાવ અજાણ્યો છોકરો રાત જાગી એની ચાકરી કરી રહ્યો હતો.

''નિયો, સૂઈ જા. થાકી જઈશ.'' બે-ત્રણ વાર એ બોલી. એની આંખમાંથી આંસુ દદડતાં હતાં. પછી તાવ ઘટતાં એ ઊંઘમાં સરી પડી.

*

"ગુડ મોર્નિંગ નિયો"

''યસ, ગુડ મોર્નિંગ. આજે સ્વસ્થ લાગો છો.''

"તારી આંખ તો જો લાલચોળ થઈ ગઈ છે. સૂતો નથીને? તું તો મને ઓળખતો પણ નથી છતાં આટલી કાળજી-" એનો અવાજ રૂંધાઈ ગયો.

''તાવ નથી લાગતોને?''

''ના, ના, સારું છે પણ હું આ રીતે રહેવા ટેવાયેલી નથી એટલે. જોકે હજી મને તો એ નવાઈ લાગે છે કે અહીં ગાદલું નથી, એ.સી. નથી, ઘર નથી, લોકો નથી, છતાં હું કેવી રીતે જીવું છું!''

''નથી-ની યાદી સામે છે-ની કોઈ યાદી બનાવી છે?" નિયો હસીને બોલ્યો.

''અહીં છે શું યાદી બનાવવા જેવું? ફક્ત તકલીફો છે, ડર છે, એકલતા છે અને..'' એ અટકી, ''કદાચ કોઈ બચાવવા ન આવે તો મૃત્યુ.'' મોટેથી વિચારી વધારે ડરી ગઈ હોય તેમ મૂઠી વાળી ચૂપ થઈ ગઈ.

''લ્યો, કરો વાત! આ દરિયો છે, આકાશ છે, માથે ઉપરવાળાનું છત્ર છે.'' સાવ કોલસા જેવો કાળિયો, વેઈટરનું મામૂલી કામ કરતો છોકરો જ આ બોલતો હતો! તોરલ એકીટશે એને જોઈ રહી, જાણે એ અવાજ અને એ વ્યક્તિ વચ્ચેની કોઈ ખાઈ પૂરવા માગતી હોય. થોડી વાર સુધી રેતી તાકતી બેસી રહી પછી માથું ધુણાવ્યું. થોડી વાર પછી બોલી:

''દરિયામાં નાહવા જાઉં છું."

એ દૂર દૂર નિયોની નજરમાં એ ટપકું બની જાય એટલે દૂર ચાલતી રહી. મોજાંની થપાટો એને વાગતી રહી. એ ભીંજાતી રહી. અંદરની બળતરા પર છાલકો વાગતી રહી, ચચરાટ થતો રહ્યો. એ ફીણમાં ફેલાતી, અથડાતી, ડૂબતી તરતી રહી. પૂરેપૂરી થાકી ગઈ છતાં એ પાણીમાં જ બેસી રહી. મોજાંની થપાટો જાણે એના મન પર વાગી રહી હોય એવું લાગ્યું. પહેલી

વાર એને લાગ્યું કે જિંદગીમાં કશી તકલીફ ન હતી. પાણી માગ્યે દૂધ મળી જતું હતું પણ તોય કંઈક ખૂટતું હતું. એ ખૂટતું શું છે એ એને ક્યારેય સમજાતું નહોતું. એનાથી બચવા એ અવનવા કાર્યક્રમોમાં ભાગ લેતી હતી. રસ ન પડે તેમાં પણ પોતાને અવ્વલ સાબિત કરવા મથતી રહેતી હતી. એને થોડા દિવસ પહેલાંનું જ દૃશ્ય યાદ આવ્યું:

"તરુ બેબી, એકાએક દસ દિવસ ટૂર પર જવાનું થયું છે. સોરી. ટેક કેર, આ વખતે ક્રૂઝમાં તું તારી ફ્રેન્ડ્સ જોડે જ જઈ આવ હં, નેક્સ્ટ ટાઈમ...બસ પ્રોમિસ."

"પાછું આ વખતે પણ. કેટલાં વર્ષોથી મને આવાં ખોટાં પ્રોમિસ આપે છે?"

"બેબી જવું પડશે. એ કહે, કમાઉં છું કોના માટે?"

"પણ ક્યારેક કમાવાની સાથે મારી સાથે જીવ તો ખરો!''

"યા યા...સ્યોર ડાર્લિંગ, વિલ ટ્રાઈ." કહેતો એ બેગ લઈ આ વખતે પણ જતો રહ્યો હતો. એ ક્યારેય ઝઘડતો નહિ પણ કંઈક ખૂટતું હતું! એ વિચારતી રહી. આમ તો બધું ભર્યું ભર્યું હતું. છતાં સાવ ખાલી! આજે આવા વિચાર કેમ આવે છે? આજે કેમ અચાનક બધું ખૂંચે છે? એણે બંને લમણાં દબાવ્યાં. વાળ ખંખેર્યા. મોજાં મોટાં થતાં ગયાં. એ ઊંડે પહોંચી ગઈ હતી. મોજાં જ્યારે પાસે આવતાં હતાં ત્યારે એને સાવ ધમરોળી નાખતાં હતાં.

"બહાર આવો, બીમાર પડી જશો." દોડતાં હાંફતાં એની તરફ આવતા નિયોની બૂમે એને ઝબકાવી દીધી. એ નિયો તરફ થોડું મલકાતાં ઊભી થઈ.

''તમે હસતાં હો ત્યારે સુંદર દેખાઓ છો."

''બધી વાત પછી નિયો, કકડીને ભૂખ લાગી છે." કપડાં પરની રેતી ખંખેરતાં એ બોલી.

''મેડમ શું લેશો? બિસ્કિટ્સ, પાણી અને...." એ દાઢીને આંગળીથી ખંજવાળતાં હસવા લાગ્યો.

થૂંક ગળે ઉતારતાં બોલી: "બે બિસ્કિટ્સ ફટાફટ."

"આ ખલાસ થઈ જશે પછી?" એક બટકું મોંમાં મૂકતાં સાવ નાની છોકરી પૂછતી હોય તેમ એણે પૂછ્યું. નિયોએ આંખ બંધ કરી આકાશ તરફ બે હાથ લંબાવ્યા, પછી એ ઊભો થઈ કિનારા તરફ ચાલવા લાગ્યો. એ પણ ચૂપચાપ સાથે ચાલવા લાગી. કેટલીય વાર પછી નિયો તોરલ સામે જોઈ બોલ્યો: "હું કાલે ગયો હતોને એ ઝરણું ચાલો તમને દેખાડું.''

"અચ્છા, કઈ બાજુ જવાનું છે?''

"આમ નાકની દાંડીએ ઝાડવાં છેને ત્યાં અંદર, પછી ત્યાંથી ડાબી તરફ. ત્યાંથી જમણી તરફ. ફરી ડાબી, પછી સીધા જઈ...''

''ઓકે ઓકે સમજાઈ ગયું.'' પોતાના જ માથા પર ટપલી મારતાં એનાથી હસી પડાયું.

લાકડી ઠપકારતો નિયો આગળ ચાલવા લાગ્યો. ફર્ન, ઓર્કિડનાં ઝુંડ અને અનેક વનવેલાઓને વીંધતાં એનામાં રોમાંચ ભરાઈ ગયો.

"નિ... યો, જો તો! આ વેલ તો જો! આટલી જાડી ને પાછી ઝાડનું ગળું દબાવવું હોય એમ વીંટળાઈ પડી છે. હા હા હા! અરે, અજગર તો નથીને? ના,ના, ઓ ભગવાન! આ ઝાડ તો જો કેટલું ઊંચું! ઝાડની વચ્ચેથી જાણે સૂરજ કિરણોનો વરસાદ વરસાવતો હોય એવું નથી લાગતું! એ બોલતી હતી ત્યાં જ બે ડાળીઓ વચ્ચે એનો પગ ફસાઈ ગયો. ''નિયો!'' ભયથી એ ચીસ પાડી ઊઠી. પાછું ફરી, નિયોએ પેન્ટમાં ભરાવેલ ચપ્પુ બહાર કાઢ્યું. થોડી ડાળીઓ કાપી, પકડ ઢીલી કરી. એનો હાથ ખેંચી બહાર કાઢી.

"મેડમ, નીચે જોઈને ચાલો.... પાછાં વળી જવું છે?"

"ના, ના, ગમે છે.''

ચાલતાં ચાલતાં એના હાથ-પગ છોલાતા રહ્યા. એ શર્ટની બાંયથી પરસેવાને લૂછતી રહી, ચાલતી રહી. લીલા કોહવાટની ગંધ, પરસેવાની સાથે ભળી ગઈ હતી. પગલાંના અવાજ સિવાયના અવાજો ઝાડીની વચ્ચે ગુમ થઈ ગયા હોય એવું એને લાગ્યું. એને લાગ્યું, હવા નથી. અવાજ પણ નથી. છાયા અને પ્રકાશના શેરડા વચ્ચે ડાળ અને પાંદડાં છે. ખોવાઈ જવાય એવી ભુલભુલામણીની અંદર એ ઓગળી ગઈ છે. નિયો એનાથી ઘણો આગળ નીકળી ગયો હતો, એ અટકી ગઈ. છાતી ધમણની જેમ હાંફતી હતી. મોં લાલચોળ થઈ ગયું હતું. એક ઝાડના થડને ટેકે એ બેસી પડી. આંખ બંધ કરી થોડી વારે સ્થિર થઈ. આંખ ખોલી ત્યારે તડકાનો એક લિસોટો એના હાથ પર પડતો હતો. ઊંચું જોયું તો આખુંય વૃક્ષ પાંદડાંની ઝાડી વચ્ચે ઝગમગતું લાગ્યું. ઝાડની ડાળી અને પાંદડાં વચ્ચેથી આ શું ઝરમરે છે? અહો! અદ્‌ભુત! આ અરણ્યની તૂરી મીઠી ગંધ, ઉપર ચળકતાં પાંદડાં સાથે એની અંદર અને બહાર પણ કશુંક એવું ઝગમગતું હતું. એ શું હશે? એવું વિચારતાં એણે આંખ બંધ કરી. જે બહાર હતું એ જ આંખની અંદર પણ હતું. એક ઊંડો શ્વાસ બધું એકરૂપ કરી દેતો હતો.

"ઓ મેમ, ક્યાં અટકી ગયાં?"

''ક્યાંય નહીં, આવું જ છુંને!''

દૂરથી ખળખળ ધ્વનિ કાનને કલશોરથી ભરી દેતો હતો. વરસાદી પાણીનું; ઝાડીની વચ્ચે રસ્તો કરતું, કૂદતું -રમતું, નાનું ઝરણું વહેતું હતું. નજીક જઈ બંનેએ ખોબે ખોબે પાણી પીધું. તોરલના શર્ટ પર અડધું પાણી

ઢોળાયું તોય એ મલકાતી હતી. એ ત્યાં જ પાણીમાં પગ ઝબકોળતી બેસી પડી. નિયોની નજર થોડે દૂર ઝાડીની વચ્ચે એક મોટા વૃક્ષના થડ પર પડી. મોરપીંછ, નીલા રંગનાં પતંગિયાંનાં ટોળાં જામ્યાં હતાં. એણે તરત જ તોરલના શર્ટની બાંય હળવેકથી ખેંચી ચૂપ રહેવાનો ઇશારો કરતાં, પતંગિયાંઓ તરફ આંગળી ચીંધી. તોરલનું મોં ખુલ્લું અને આંખો ફાટેલી જ રહી ગઈ. મોરપીંછ રંગ પર કાળી છાંટવાળાં ઊડતાં, ફરફરતાં રંગોનાં ટોળાં! વિચાર્યું પણ ન હોય એવી અદ્‌ભુત સૃષ્ટિનો એ પણ એક ભાગ હતી? એને માનવામાં નહોતું આવતું. અંદરથી એક જ અવાજ આવતો હતો. પ્રકૃતિનું અનન્ય નૃત્ય! આંખો દશ્ય પીતી રહી. એ ઝરણું બની વહેતી રહી. અંદરથી ખાલી થતાં નવેસરથી ભરાતી રહી. અસર એટલી ઘેરી હતી કે પાછાં ફરતાં આખો રસ્તો બંને કશું બોલ્યાં નહિ. ઝાડ વચ્ચેથી રસ્તો કરતાં કિનારે બેસી પડ્યાં.

એ બોલી: ''મોબાઈલ નથી, કેમેરો નથી, છતાં આ દશ્ય મારી અંદર હંમેશાં જીવતું રહેશે. જગતના અજ્ઞાત ખૂણે આ એક એવો સમય વહેતો હતો જેને ક્યારેય કોઈએ વાંચ્યો નહોતો, જોયો નહોતો.'' એની આંખો દરિયાને જોવા છતાં ક્યાંક બીજે જોતી હોય એવી ભાસતી હતી.

''મેમસા'બ, ખાવામાં શું લેશો?'' લાંબી શાંતિ તોડતાં નિયો બોલ્યો.

"તું જે ખવરાવ એ."

''ત્રણચાર માછલી પકડી છે, ખાશો?"

"ના, હું વેગન છું, છેલ્લાં ત્રણ વર્ષથી."

"શું?"

"કશું નહિ, ખાઈશ."

નિયો અગ્નિ પેટાવવા પથ્થર ઘસતો રહ્યો. સાંજનો ભીનો પવન એની આરપાર જતો રહ્યો. એ પગ પર માથું ટેકવી બેસી રહી. પવન વાળને એવી જ રીતે ઉડાડતો હતો, જેવી રીતે નિયોના તાપણાની અગ્નિશિખા આડીઅવળી ઊડતી હતી.

રાત ઢળવા લાગી. આકાશમાં ચંદ્ર સરસ ખીલ્યો હતો. રેતીમાં સૂતાં સૂતાં એ નિયોને કહેવા લાગી;

"મને સાચું નથી લાગતું આ એ જ હું છું? મુંબઈમાં હું સેલિબ્રિટી છું. હું શું પહેરું છું, શું ખાઉં છું, કોની સાથે ફરું છું એ હંમેશાં ટોક ઓફ ધી ટાઉન રહ્યું છે. લોકોની નજરમાં હું હંમેશ ખુશ, સુખી અને સુંદર દેખાઈ છું. એ મારો નશો હતો. એટલે મારી સુંદરતાની, મારા સુખની લોકો વાતો ન કરે ત્યારે મને બહુ બહુ એકલું લાગવા માંડતું. નિયો, આવો આનંદ પણ હોય એ મને ખબર જ ન હતી!''

"નિયો તારી વાત કરને, તું ઈંગ્લિશ

તો સરસ બોલે છે."

"હા, મેમ આ બાબુલોક પાસેથી જ શીખ્યો છું. બાકી માબાપ ખેતરમાં મજૂર હતાં પણ મારે તો બાબુલોક જેવું બનવું'તું. એટલે ક્રૂઝમાં નોકરી લીધી. બાબુઓ સાથે રહીને તમારા લોકોની જેમ બધું શીખ્યો, અમારા ગામડે મારી જેવું અંગ્રેજી કોઈ ન બોલી શકે. બાબુઓની, મેમસાહેબોની વાત કરું તો ગામડે બધા મારી સામે એવી રીતે જુએને કે મજા પડી જાય. ત્યાં ગામડે ઘરવાળી છે. એક વર્ષનો છોકરોય છે."

"ઓયે-હોયે, તું પરણેલો છે? હજુ તો મારી દિયા જેવડો જ નાનકડો લાગે છે મને તો તું!" એ ફક્ત હસ્યો, અને દૂર કિનારાની ધારે ચાલવા જતો રહ્યો. એને અનુજ, દિયા, એની બહેન, એનું ઘર, એનો કૂતરો-રોબિન, એની સહેલીઓ બધાં આંખો સામે તરવરવા લાગ્યાં. હું જીવું છું એ એમને ખબર પણ નહિ હોય. મારી ફ્રેન્ડ્સની જેમ એ લોકોએ પણ મને ડૂબેલી માની લીધી હશે. કોઈ નહિ આવે તો શું કરીશ? દિવસભર એ ચૂપચાપ પાંદડાંની પથારીમાં થોડે દૂર સૂતી રહી. નિયો ક્યાંક નીકળી ગયો એની ખબર નહોતી. એને ખાવાની ઇચ્છા ન થઈ. રડવાની પણ નહિ. કેટલીય વાર એ નારિયેળનું કાચલું હાથમાં રમાડતી રહી. એનું ધ્યાન હાથની વીંટી પર ગયું. હાથની ડાઈમંડવાળી વીંટી જોતાં એને અનુજ યાદ આવી ગયો.

''આટલી મોંઘી વીંટી! ઓહ્હ્હ અનુજ લવ યુ.'' કહી એ ગળે વળગી પડી હતી. વીંટી તરફ જોતાં એ વિચારવા લાગી કે એને ખરેખર વીંટી ગમી હતી કે એ કીમતી હતી એ વાત ગમી હતી? એ વીંટી પર આંગળી ફેરવતી રહી. નીચેની ચામડી આળી થઈ ગઈ હતી.

"તું બહુ ઠંડી છે."

"તું કેટલું માથું ખાય છે. મમા, યુ આર સો બોરિંગ!"

આ કોણ બોલ્યું? કે પછી વર્ષોથી આ બધું સાંભળીને એ ટેવાઈ ગઈ છે! એણે પરસેવો બાંયથી લૂછ્યો. તોરલ એટલે સુંદર દેખાવા મથતી સ્ત્રી જ! એ રડતી રહી, રડતી રહી, રડતી જ રહી. એના સવાલો અગણિત હતા પણ ઉત્તરો નિરુત્તર હતા. બધું જ શક્યતાઓવાળું ડરામણું હતું. એ તપતી રહી. વિચારો અટકતા નહોતા. અંદર ઊંડે જવાથી વધારે ઘવાતી રહી. ક્યારે સૂઈ ગઈ એ ખબર જ ન રહી.

*

તોરલને હસવું આવી ગયું. દરિયા સામે રમત જામતી જતી હતી. એણે રેતીનો નાનકડો કિલ્લો બનાવ્યો. કિલ્લાની આજુબાજુ, નીચેનું પાણી ધસી આવતું હતું. હજુ એ ઉપરનો ગુંબજ બનાવતી હતી ત્યાં એક તોફાની મોજું એનો કિલ્લો તાણી ગયું. એ હારી

ગઈ, મોજાં જીતી ગયાં. સેશલ્સના બીચ પર રેતીનો કિલ્લો તૂટતાં દિયા કેટલું રડી હતી આમ જ...

''મારી સ્વીટુ, દરિયાકિનારે રડતી 'એ ઢીંગલી' તું પાછી બની જાને, મિસ યુ દિયુ.'' વિચારતાં વિચારતાં એ ફરી તૂટેલો કિલ્લો બનાવવા લાગી. એને અચાનક પપ્પા સાથે બનાવેલો કિલ્લો યાદ આવી ગયો. એ સાથે જ ઘેર-ઘેરવાળું આછું ગુલાબી ફ્રોક પહેરેલી, વાંકડિયા વાળવાળી એક છોકરી દેખાઈ. એ છોકરીની આંખમાં અચરજ ભર્યું હતું. બે દાંત વચ્ચે આંગળી ભરાવતાં એણે આટલો મોટો દરિયો પહેલી વાર જોયો!

"આટલું બધું પાણી! પપ્પા, આ કોણે ભર્યું હશે? હેં, આ પાણી ક્યાં પૂરું થતું હશે? કહોને, આ પાણી મને પલાળવા અહીં દોડતું દોડતું આવતું હશે?" પપ્પા હસતા રહ્યા. એણે મૂંઝાઈને ફરી પૂછ્યું: "હેં, આ દરિયો સૂરજને ખાઈ જતો હશે કે સૂરજ દરિયાની અંદર સૂઈ જતો હશે? એ પલળી નહિ જતો હોય?" પપ્પાએ પરીને ઉપાડી બચીઓથી નવડાવી, ગોળગોળ ફેરવી. એ દરિયો ગોળગોળ, એ આકાશ ગોળગોળ, એના પપ્પા ગોળગોળ ફરતા અને એ હવામાં ઊડતી ગોળગોળ... એણે બે હાથ ફેલાવી ગોળ ફુદરડી ફરવા માંડ્યું. પછી અટકી અને રેતીમાં બેસી ગઈ.

ઓહ્‌હ, દરિયાએ મને ખૂણામાં ખોવાયેલા એ પપ્પા મેળવી દીધા કે પછી પપ્પા યાદ આવતાં અત્યારે પહેલી વાર અચરજભરી આંખોવાળો દરિયો દેખાયો? વોટ એવર...

એ ગીત ગણગણતી કિનારાથી પાછી ફરવા લાગી. ઝાડીમાંથી એક સાપ નીકળ્યો અને સરકતો-સરકતો ઝાંખરામાં જતો રહ્યો. તોરલે ચીસ પાડ્યા વગર એની વાંકીચૂકી ગતિનો લય જોયા કર્યો.

"નિયોઓઓ... માય ગોડ, સામેથી સાપ પસાર થયો તો પણ મને ડર ન લાગ્યો!" એણે સામેથી આવતા નિયોને જોઈ બંને હાથ અડધા ફેલાવી સમાચાર આપ્યા.

"બહાદુર છો તમે તો!"

"હા, મને પણ આજે જ ખબર પડી." એનું ખડખડાટ હાસ્ય મોજાં સાથે ભળી ગયું. નિયો હાથમાંનાં નારિયેળ નીચે મૂકતો બેસી ગયો. અચાનક તોરલની નજર પડી. નિયોના પગમાં કાપો પડ્યો હતો. તેમાંથી લોહી પણ ટપકતું હતું.

"ઓ માય ગોડ! કેવી રીતે વાગ્યું?"

"કશું નહીં, નારિયેળીથી ઊતરતી વખતે પગ ઝાંખરામાં જરા ભરાઈ ગયો, ચિંતા જેવું નથી." બેફિકરાઈથી વાળને ઝટકોરતો નિયો બોલ્યો.

એ દોડી. ઠરેલા તાપણાની રાખ લઈ એણે ઘા પર દબાવી. લોહી વહેતું

બંધ થયું. હાશકારો અનુભવતા એણે નિયો સામે જોયું. બંનેની આંખ મલકાઈ.

નિયોએ નારિયેળ કાપીને આપ્યાં. "નિયો, આ નારિયેળ આટલાં મીઠાં છે કે તારા હાથની મીઠાશ છે?" "હે હે મેમસાબ!" હસતાં નિયો, એને મોજથી કાચલાં ખાતી જોઈ રહ્યો.

*

ટાપુ પર આજે એમની દસમી સવાર હતી. એ ગીત ગણગણતી ઊઠી. સવાર ખીલું ખીલું થતી કળી જેવી મોહક હતી. "નિઇઇઇયો, હું ઝરણે નાહવા જાઉં છું." એ વાળની વચ્ચે આંગળી સહેલાવતાં બોલી.

"ઊભાં રહો, જુઓ તો સામે!"

ભૂરું, શાંત પાણી હતું. તડકાની શીળી ઝાંય તરંગો લહેરાવતી હતી. સામે જળકાચબો, કાચબી એનાં ત્રણચાર બચ્ચાં સાથે કુમળા તડકામાં સહેલ કરવા નીકળ્યાં હતાં. એ રેતીમાં બેસી ગઈ. એણે જોયું, તડકો એમની ભૂખરી પીઠ પર ચમકતો હતો. નાનાં બચ્ચાં ધીમે ધીમે ચાલતાં હતાં. એ ખુશીમાં ઊછળી પડી. પોતે સાક્ષી હોય કે ન હોય જીવનની લીલા તો ચાલતી જ રહે છે. એને એ હળવીફૂલ લાગી. ઘટાઓમાં નાનાં પક્ષીઓ ગુંજતાં હતાં. મોજાં કિનારા સાથે પકડાપકડી રમતાં હતાં. એ ડોલતી, કૂદતી ઝરણાં તરફ વળી. માટી ચોળી ચોળીને ઝરણાનાં પાણીમાં છબછબિયાં કરતી રહી. એણે પોતાના હાથપગ પાણીમાં જોયા. પછી ઝાડની ડાળીઓ જોઈ. નવી ફૂટેલી પોપટી પત્તી પાછળનાં આછાં ઘેરાં ઘેઘૂર વૃક્ષોનું આ ઝુંડ, બધું અત્યારે જાણીતું લાગતું હતું. રસ્તે ચાલતાં એ વિચારતી હતી, આ દરિયા સુધી ફેલાયેલું આકાશ એનું છે. આ તમરાનું સંગીત, આ અગિયાઓનું રાત્રીનૃત્ય એનાં છે! આ કલનાદ એની અંદરનું ગીત છે. આ રેતી, આ નિરભ્ર આકાશ એના મન જેવું સ્વચ્છ છે. આ લહેરાતું પાણી, આ દિવસરાત પલટાતી પ્રકૃતિ એનો જ એક ભાગ છે.

"તમે આજે બહુ સુંદર દેખાઓ છો.''

"કોઈ મેકઅપ નહિ, છતાં પહેલી વાર મને પણ લાગે છે કે હું સુંદર છું. એટલી સુંદર જેટલી આ પ્રકૃતિ સુંદર છે." એણે ખુશીથી નિયોના માથે ટપલી મારતાં કહ્યું.

નિયોએ ખુશ થઈ ગીત ઉપાડ્યું:

રારે રારે રારે રારે રારે રા રા રા રેરે રારે
રારે રારે
અંદમાનિયા ગુવાવે નીવુ ઈઢ્ઢુકુ અલીજીનાવે
નીવુઉ માનુસુરાલા ગુવાવે નીનું ઇવારું અંનારે
રારે રા રા રા રે
રારે રારે રારે રારે રારે રા રા રા રેરે રારે
રારે રારે

ગાતાં ગાતાં જ નિયોએ એની હથેળી ઝાલી હાથ ઉપરનીચે કરતાં પગ ઝુલાવતાં હીંચ લેતા હોય એમ

નાચવા માંડ્યું. ગીતના શબ્દો તાલવાળા હતા. એ ડોલતી રહી. ખડખડાટ હસતી, નાચતી રહી.

રારે રારે રારે રારે રારે રા રા રા રેરે રારે રારે રારે

અંદમાનિયા ગુવાવે નીવુ ઈઢુકુ અલીજીનાવે .....

ગીત આગળ વધવા જતું હતું ત્યાં તો આકાશમાં દૂરથી ઘરેરાટી સંભળાઈ. એના અને નિયોના કાન ચમક્યા, નિયો દોડીને કિટમાંથી અરીસો કાઢી ઊડતા હેલિકોપ્ટર તરફ પોતે અહીં ફસાયા હોવાનો સંદેશો આપવા લાગ્યો. થોડી વારમાં હેલિકોપ્ટર કિનારાની રેતી પર નીચે ઊતરવા લાગ્યું. અનુજ ખુદ દૂરથી ઊતરતો દેખાયો. એ જોઈને એ ખુશીથી ઊછળી પડી.

પછી અંદરથી અચાનક ધક્કો વાગ્યો. ફરી એ દુનિયામાં! આ બધું છોડીને? આ નિયો ફરી ક્યારેય નહિ મળે? ઓહ્‌હ એણે પાછું જવું જ પડશે? એ જ દુનિયામાં? આટલી સરસ પ્રકૃતિને છોડીને? જેણે ખરા અર્થમાં એને અંદરથી સુંદર બનાવી હતી. એ નક્કી ન કરી શકી એણે શું કરવું છે. એની અને નિયોની આંખ પરસ્પર મળી, એનો શ્વાસ અટકી ગયો હોય એવું લાગ્યું. કેટલી અનુકંપા હતી! કેવું ઊંડાણ હતું! એની સિવાય કોઈ ન સમજી શકે. કોઈ ન અનુભવી શકે. એ ખમચાઈને આગળ વધી, અનુજ તરફ જવા જતાં ગડથોલિયું ખાઈ ગઈ. અને એણે ગભરાઈને ટેકો લેવા માટે હાથ લંબાવ્યો પણ નિયો અને અનુજ બંને દૂર હતા. એની અંદર પહાડમાં ઝરણું ફૂટે એમ એક લય વહેવા માંડ્યો .....

રારે રારે રારે રારે રારે રા રા રા રેરે રારે રારે રારે

અંદમાનિયા ગુવાવે નીવુ ઈઢુકુ અલીજીનાવે...

એ અનુજ તરફ આગળ વધી. પેલો લય હજી પણ એની અંદર ફૂટતો હતો...

❑❑❑



ભારતના ચૂંટણીસુધારકઃ ટી. એન. શેષન

☐ અશોક પટેલ

તારીખઃ 10 નવેમ્બર 2019
સમયઃ રાત્રે 9.30
સ્થળઃ ચેન્નાઈ

એક 86 વર્ષના વૃદ્ધનું નિધન થયું હતું અને એ ખબર મળતાં જ લોકોને ચૂંટણીસુધારાના યુગની યાદ આવી ગઈ. નેવુંના દશકમાં એમ કહેવાતું કે ભારતના રાજકારણીઓ ફક્ત બે જ વ્યક્તિથી ગભરાય. એક ભગવાન અને બીજા ટી. એન. શેષન અને એ જ ક્રમમાં ગભરાતા હોય એમ માનવું નહીં!

એમ તો શેષન ચૂંટણી કમિશનર તરીકે જ વિશેષ ખ્યાતિ પામ્યા હતા. પરંતુ તમને કોઈ કહે કે આપણા ઇસરોના

રોકેટના એન્જિનનાં ફોઈબા તેઓ હતા, તો તમે માનો નહીં. પરંતુ એ વાત બિલકુલ સાચી છે. 1978 દરમ્યાન ભારતમાં રોકેટ માટે લિક્વિડ એન્જિન બનાવવાનું કામ હાથ ધરાયું, ત્યારે ફ્રાન્સની ટેક્નોલોજીથી ઘરઆંગણે એ એન્જિન વિકસાવાયું હતું. એ સમયે શેષન ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સમાં એડિશનલ સેક્રેટરી હતા. તેમના નેજા હેઠળ જ લિક્વિડ એન્જિન ટેક્નોલોજી ટ્રાન્સફરના કરાર થયા હતા. એ એન્જિન ઘરઆંગણે બન્યું ત્યારે તેનું નામ આપવાનું ફોઈબા કર્મ ટી. એન. શેષને કર્યું હતું અને એ લિક્વિડ એન્જિનને વિકાસ નામ આપ્યું હતું. એ નામ પાડવા પાછળ પણ શેષનની તેજસ્વિતા ઝળકી આવે છે. તેમણે ભારતીય અવકાશ કાર્યક્રમના જનક વિક્રમ એ. સારાભાઈના નામમાંથી અક્ષરો લઈને લિક્વિડ એન્જિનનું નામ વિકાસ પાડીને વિક્રમ સારાભાઈને પણ અનોખી અંજલિ આપી હતી.

ચેન્નાઈ ખાતે પૂર્વ ચૂંટણી કમિશનર ટી. એન. શેષનનું નિધન થયું. એ સાથે જ ભારતીય રાજકારણની તાસીર બદલી નાખનારા એક જાંબાઝ અફસરને ગુમાવ્યાનો અફસોસ ઘણાને થયો હશે. 1955માં આઈએએસ ટોપર રહેનારા શેષને દેશમાં લગભગ મહત્ત્વપૂર્ણ તમામ પદો ઉપર કામગીરી બજાવી હતી. તેમની કામગીરીને કારણે જે તે મંત્રી કે મંત્રાલયની છબી સુધરી જતી હતી. પરંતુ તેમને યાદ તો કરાશે તેમના ચૂંટણીસુધારાઓ માટે.

ડિસેમ્બર 1990માં દિલ્હીની એક ઠંડીથી ધ્રુજાવતી રાત્રે તત્કાલીન કેન્દ્રીય વાણિજ્યમંત્રી સુબ્રહ્મણ્યમ સ્વામીની સફેદ એમ્બેસેડર કાર નવી દિલ્હીના પંડારા રોડના એક સરકારી ઘરના પોર્ચમાં ઊભી રહી. કારમાંથી ઊતરીને સ્વામી એ ઘરમાં નિરાંતે જઈ પહોંચ્યા. એમ તો એ ઘરમાં એ સમયે ફરકવાની કોઈ હિંમત ન કરે, પરંતુ સ્વામી માટે એ સહજ હતું કેમ કે હાર્વર્ડ યુનિવર્સિટીમાં સ્વામી એ ઘરના રહીશને ભણાવી ચૂક્યા હતા. હાર્વર્ડમાં ભણાવતી વખતે જ્યારે પણ સુબ્રહ્મણ્યમ સ્વામીને દક્ષિણ ભારતનું વ્યંજન આરોગવાની ઇચ્છા થાય ત્યારે એ તેમના આ વિદ્યાર્થીના ઘરે પહોંચી જતા. પરંતુ એ રાત્રે સ્વામી દક્ષિણ ભારતીય વાનગી આરોગવા આવ્યા ન હતા, તેઓ તો તત્કાલીન વડા પ્રધાન ચંદ્રશેખરના દૂત બનીને આવ્યા હતા.

અંદર પહોંચીને પોતાના વિદ્યાર્થી એવા ટી. એન. શેષનને વડા પ્રધાનનો મુખ્ય ચૂંટણી કમિશનર બનવાનો સંદેશો આપ્યો. પરંતુ શેષને કોઈ ઉમળકો દેખાડ્યો નહીં. બે કલાક સુધી સ્વામી તેમને સમજાવતા રહ્યા. પરંતુ શેષને કોઈ સ્પષ્ટ જવાબ આપવાને બદલે કોઈકની સલાહ લીધા બાદ જવાબ આપીશ એમ કહીને તેમણે ગુરુને રવાના કર્યા. એ બાદ તરત જ તેમણે

રાજીવ ગાંધીને ફોન લગાવ્યો અને તેઓ મળવા આવી રહ્યાનું જણાવ્યું. રાજીવ ગાંધીના નિવાસે પહોંચ્યા ત્યારે તેમની રાહ જોઈને રાજીવ ગાંધી ડ્રોઈંગરૂમમાં બેઠા હતા. શેષન આવ્યા એટલે તરત જ રાજીવ ગાંધીએ હાક મારીને કહ્યું કે, ફેટ મેન ઈઝ હિયર, શું તમે અમારા માટે થોડી ચોકલેટ્સ મોકલાવશો? ચોકલેટ બંનેની કમજોરી હતી. થોડી વારમાં જ શેષન રાજીવ ગાંધીની વાત માની ગયા અને મુખ્ય ચૂંટણી કમિશનર બનવા માટે તૈયાર થઈ ગયા. વાત પૂરી થઈ એટલે રાજીવ ગાંધી શેષનને દરવાજા સુધી મૂકવા ગયા, ત્યારે રાજીવ ગાંધીએ કહ્યું કે એ દાઢીવાળો (ચંદ્રશેખર) એ દિવસને કોસતો રહેશે, જે દિવસે તેઓ તમને ચૂંટણી કમિશનર બનાવશે.

બન્યું પણ એવું જ. 12 ડિસેમ્બર 1990ના દિવસે શેષને ચૂંટણી કમિશનર તરીકેનો પદભાર સંભાળ્યો. એ પહેલાંના 9 ચૂંટણી કમિશનરો સરકારના પાળીતા અધિકારી હોય એમ સરકારની હામાં હા મિલાવતા રહ્યા હતા. પરંતુ શેષન અલગ માટીના બનેલા હતા. તેમણે ચૂંટણી પંચ એક સ્વાયત્ત સંસ્થા છે, ત્યારે સરકારના નોકર તરીકે વર્તવાને બદલે ટટ્ટાર બનીને પોતાની રીતે કામ કરવાનું શરૂ કરી દીધું હતું. તેથી જ તેઓ કેટલાય નેતાઓની આંખમાં ખૂંચવા લાગ્યા હતા.

ચૂંટણી કમિશનર બન્યા એટલે તેમના માથામાં રાઈ ભરાઈ ગઈ હોય એમ તમે ન માનતા. પરંતુ તેમની કાર્યશૈલી જ અલગ હતી. તેઓ ચેન્નાઈના પરિવહન કમિશનર પદે પણ ફરજ બજાવી ચૂક્યા છે. એ સમયે એક ડ્રાઈવરે આખાબોલા શેષનને પણ મોઢેમોઢ સંભળાવી દીધું કે, જો તમે બસના એન્જિનને સમજતા નહીં હોવ અને બસને કઈ રીતે હંકારી શકાય તે જાણતા ન હો તો તમે ડ્રાઈવરના પ્રશ્નો કઈ રીતે સમજશો? શેષનને લાગ્યું કે વાત તો સાચી. એટલે તેમણે બસનું ડ્રાઈવિંગ પણ શીખી લીધું અને એન્જિનની કામગીરી પણ શીખી. તેઓ એમ કહેતા કે બસનું એન્જિન છૂટું પાડીને મૂકી દો તો તેઓ ફરીથી તેને ફિટ કરી શકે. એક વખત તો તેઓ ડ્રાઈવર પાસેથી સ્ટિયરિંગ સંભાળી લઈને 80 કિલોમીટર સુધી બસ હંકારી ગયા હતા. આવી વ્યક્તિ કાંઈ કોઈથી ગાંજી જાય ખરી?

ચૂંટણી કમિશનર બન્યા એ પહેલાં વડા પ્રધાન રાજીવ ગાંધીએ શેષનને આંતરિક સુરક્ષા મંત્રાલય હેઠળ સુરક્ષા સચિવ બનાવી દીધા. તેઓ જાતે જ સુરક્ષા સચિવ પણ બની ગયા. એક વખત તત્કાલીન વડા પ્રધાન રાજીવ ગાંધી બિસ્કિટ ખાતા હતા, તો શેષને તેમના મોંમાંથી બિસ્કિટ આંચકી લીધું હતું અને રાજીવ ગાંધીને કહ્યું પણ ખરું કે, પ્રધાનમંત્રીએ કોઈ પણ ચીજ પરીક્ષણ વિના ખાવી ન જોઈએ!

રાજીવ ગાંધી સાથેની બીજી એક ઘટના પણ યાદ આવે છે. એ વખતે

15મી ઓગસ્ટે રાજીવ ગાંધી પણ અન્ય લોકો સાથે વિજય ચોકથી ઇન્ડિયા ગેટ સુધી દોડવાના હતા. તેઓ તો ટ્રેક સૂટ પહેરીને આવી પણ ગયા. થોડા અંતરે બંધ ગળાનો સૂટ પહેરીને શેષન બધી વ્યવસ્થા જોઈ રહ્યા હતા. રાજીવ ગાંધીએ હળવા મૂડમાં કહ્યું કે, તમે સૂટ પહેરીને ત્યાં શું ઊભા છો. મારી સાથે દોડો તો ચરબી થોડી ઊતરી જશે. શેષને પણ ફટ્ટ દઈને જવાબ આપી દીધો - કેટલાક લોકોને સીધા ઊભા રહેવું પડે છે, જેથી દેશના પ્રધાનમંત્રી દોડી શકે. રાજીવ ગાંધીએ તો દોડ શરૂ થઈ એટલે દોડવા માંડ્યું. તેમણે જરાય વિચાર કર્યો નહીં હોય એવી ઘટના એ સમયે બની ગઈ. સુરક્ષાકર્મીઓ તેમને ઘેરો ઘાલીને દોડવા માંડ્યા. ઘેરામાં જ તેઓ રાજીવ ગાંધીને એક જગ્યાએ દોરી ગયા અને ત્યાં એક કારમાં બેસાડી દીધા અને કાર તેમના નિવાસે હંકારી જવાઈ. સુરક્ષાકર્મીઓ તો પ્રધાનમંત્રી સામે નજર ઉઠાવીને પણ જોઈ શકે એમ ન હતા. પરંતુ થાય શું? શેષનનો આદેશ હોય ત્યારે સુરક્ષાકર્મીઓની શું મજાલ કે આદેશનું ઉલ્લંઘન કરીને વડા પ્રધાન રાજીવ ગાંધીને લોકો સાથે દોડવા દે!

ચૂંટણી કમિશનર બન્યા એ બાદ 2 ઓગસ્ટ 1993ના દિવસે ટી. એન. શેષને 17 પાનાંનો એક આદેશ બહાર પાડ્યો કે જ્યાં સુધી સરકાર ચૂંટણી પંચની સત્તાને માન્યતા નહીં આપે ત્યાં સુધી દેશમાં એક પણ ચૂંટણી કરાવીશ નહીં. એ આદેશને કારણે જ કેન્દ્રીય મંત્રી પ્રણવ મુખરજીએ રાજીનામું મૂકવાની નોબત આવી હતી. બન્યું એમ કે સરકારે ચૂંટણી પંચની સત્તા ન સ્વીકારી તેને કારણે ચૂંટણી થવા ન દીધી. એ વખતે પશ્ચિમ બંગાળની રાજ્યસભાની ચૂંટણી યોજાવાની હતી. પરંતુ ચૂંટણી જ થવા નહીં દેતાં પ્રણવ મુખરજી સાંસદ રહ્યા ન હતા અને તેમણે રાજીનામું આપવું પડ્યું હતું. એ વખતે પશ્ચિમ બંગાળના મુખ્ય મંત્રી જ્યોતિ બાસુ તો એટલા નારાજ થઈ ગયા કે તેમણે શેષનને પાગલ કૂતરો કહી દીધો! વી. પી. સિંહે કહ્યું કે શેષને તો પ્રજાતંત્રને જ લોકઆઉટ કરી નાખ્યું.

સરકારે શેષનની આ કાર્યવાહીને પગલે તેમની પાંખ કાપવાનું ચાલુ કરી દીધું. બીજા બે ચૂંટણી કમિશનર નીમી દીધા. પરંતુ શેષન પણ એમ નમે એવા થોડા હતા? બે ચૂંટણી કમિશનરોની નિયુક્તિ થઈ એ બાદ જ્યારે તેઓ અમેરિકા ગયા, ત્યારે તેમણે બેમાંથી એકે ચૂંટણી કમિશનરને ચાર્જ સોંપવાને બદલે ઉપચૂંટણી કમિશનરને ચાર્જ સોંપીને ગયા હતા. તેમણે વધારાના બે ચૂંટણી કમિશનરો નિમાયા હતા, તેમની સાથે સહયોગ ન કર્યો.

ચૂંટણીમાં મતદારોને ઓળખપત્ર આપવામાં પણ સરકારો અખાડા કરતી રહી. પરંતુ શેષને મતદાર ઓળખપત્ર વિના ચૂંટણી નહીં કરાવીશ એવી ચીમકી આપવા સાથે જ બધી રાજ્ય સરકારોએ


મતદાર ઓળખપત્રની કામગીરી શરૂ કરી દીધી હતી અને તમામ બહાનાંઓને બાજુ પર મૂકીને ઓળખપત્ર આપવામાં આવ્યાં. આજે પણ મત આપવા માટે ઓળખપત્ર જરૂરી છે. એ ઉપરાંત એક સમય હતો કે આપણે ત્યાં નાનીમોટી કોઈ પણ ચૂંટણી હોય ત્યારે જાણે કોઈ તહેવાર હોય એમ રાજકીય પક્ષોનાં તોરણ લાગતાં, પોસ્ટરો ચોંટાડાતાં, બેનરો લગાવાતાં, ભીંત પર નારાઓ લખાતા... પરંતુ શેષને સરકારી કે ખાનગી ભીંત પર સૂત્રો લખવા ઉપર પ્રતિબંધ ફટકારી દીધો. કોઈની દીવાલ પરવાનગી વિના બગાડી ન શકાય એવું રાજકીય પક્ષોને શીખવાડી દીધું, ત્યારથી ભીંતો પર ચૂંટણીપ્રચારનાં સૂત્રો લખવાનો યુગ જ વીતી ગયો. બીજો સુધારો ઉમેદવારો દીઠ ચૂંટણીખર્ચની મર્યાદા નક્કી કરી નાખી, તેને કારણે તમામ હિસાબ ઉમેદવારોએ ચૂંટણી પંચને જમા કરાવવાનો રહે છે અને મર્યાદા કરતાં દેખીતી રીતે ઉમેદવાર વધુ ખર્ચ કરી શકતો નથી.

ચૂંટણી કમિશનર તરીકે ટી. એન. શેષન તત્કાલીન વડા પ્રધાન નરસિંહ રાવથી માંડીને હિમાચલ પ્રદેશના તત્કાલીન રાજ્યપાલ ગુલશેર અહમદ અને બિહારના મુખ્ય મંત્રી લાલુ પ્રસાદ યાદવ જેવાં મોટાં માથાં ગણાતા તમામ સાથે સંઘર્ષમાં ઊતરીને ચૂંટણી પંચની સત્તા મુજબ જ કામ કરી દેખાડતા.

એવું નહીં કે તેઓ કડક અધિકારી તરીકે જ જીવતા રહ્યા. તેમના જીવનનાં બીજાં પાસાં પણ ખરાં. તેમને કર્ણાટકી સંગીતનો શોખ હતો. એ જ રીતે ઇલેક્ટ્રોનિક્સ ગેઝેટ્સ એકત્ર કરવાનો શોખ હતો. તેમની પાસે ચાર ટેલિવિઝન હતાં. તેમની દરેક બીજી મેજ કે કબાટમાં એક સ્ટીરિયો રેકોર્ડર રહેતું, તો ફાઉન્ટેન પેનનો મોટો સંગ્રહ તેમની પાસે રહેતો. જોકે તેઓ તો જૂની જ પેનથી ચલાવતા. પરંતુ મળવા આવતા કોઈ પણ બાળકને એક પેન ભેટ આપતા. ઘડિયાળ પણ સામાન્ય જ પહેરતા, પણ તેમના કબાટમાં દુનિયાની મોંઘી ઘડિયાળો પડી રહેતી.

કડક અધિકારી તરીકે છાપ ધરાવતા શેષનને એક વખત એક પત્રકારે પૂછ્યું હતું કે, તમે દરેક વખતે કોરડાનો કેમ ઉપયોગ કરવા ઇચ્છો છો? તો શેષને જવાબ આપ્યો હતો કે હું એ જ કામ કરું છું, જે કાયદો મારી પાસે કરાવવા ઇચ્છે છે, ન તેનાથી વધારે, ન તેનાથી ઓછું. જો તમને કાયદો પસંદ ન હોય તો બદલી નાખો. પરંતુ જ્યાં સુધી કાયદો છે, તો એ કાયદાનો ભંગ હું નહીં થવા દઉં.

એક સરકારી અધિકારી નિષ્ઠાથી કામગીરી કરે તો કેવી સફળતા અને લોકચાહના મેળવે એ શેષન પુરવાર કરવામાં સફળ રહ્યા એનો કોઈ ઇનકાર કરી શકે એમ નથી, તેમના વિરોધીઓ પણ નહીં. ❑❑❑



ગણિતના સૌંદર્યપ્રેમી જોન ટેટ જુનિયર

☐ દીપક જોશી


16 ઓક્ટોબર, 2019ના રોજ જોન ટૉરેન્સ ટેટ જુનિયરનું મેસેચ્યુસેટ્સ ખાતે અવસાન થયું. Tate Conjecture, Tate Module, Tate Twist, Tate Cohomology, Tate Duality Theorem અને Tate Trace જેવી વિભાવનાઓ ગણિતશાસ્ત્રને તેમનું બહુમૂલ્ય પ્રદાન છે. 94 વર્ષની ઉંમરે અવસાન પામેલ ટેટ ગણિતશાસ્ત્રની ક્ષિતિજે 1950માં પોતાના Ph.D. માટેના શોધનિબંધથી ઝળક્યા હતા. આધુનિક ગણિતશાસ્ત્રને સૌથી વધુ પ્રભાવિત કરનાર શોધનિબંધ તરીકે તેની ગણના થાય છે. 20મી સદીના અગ્રણી ગણિતશાસ્ત્રી એમિલ ઓર્ટિન પ્રિન્સટન યુનિવર્સિટીમાં તેમના માર્ગદર્શક હતા. Algebraic Geometry અને Number Theory અંગેના તેમના મૌલિક યોગદાનથી તે ક્ષેત્રોના અભ્યાસ અને શિક્ષણને નવી દિશા સાંપડી છે. 1950થી 1990 સુધી તેઓએ હાર્વર્ડ યુનિવર્સિટીના ગણિત વિભાગમાં શિક્ષણ-સંશોધન કાર્ય કર્યું હતું. ત્યારબાદ 2009થી ત્યાં જ પ્રોફેસર-ઈમેરિટસ તરીકેનું સ્થાન શોભાવ્યું હતું. ટોરોન્ટો યુનિવર્સિટીના પ્રોફે. વી. કુમાર મૂર્તિ, કર્નેલ યુનિવર્સિટીના પ્રોફે. શંકર સેન અને રોચેસ્ટર યુનિવર્સિટીના પ્રોફે. દિનેશ ઠાકુર જેવા ભારતીય મૂળના તેજસ્વી ગણિતશાસ્ત્રીઓના પણ ટેટ માર્ગદર્શક રહ્યા છે.

1950 સુધી ગણિતશાસ્ત્રની એક સૈદ્ધાંતિક-Pure શાખા તરીકે નંબર થિયરીની ગણના થતી હતી. જેનો

કોઈ સીધો ઉપયોગ વાસ્તવિક દુનિયાને જણાયો ન હતો. પરંતુ કોમ્પ્યુટર્સ અને ડિજિટલ કોમ્યુનિકેશનની શરૂઆતથી સાબિત થયું કે નંબર થિયરીના ઉપયોગથી દુનિયાના ઘણા કોયડાઓના અણધાર્યા ઉકેલોનો સંભવ છે. સાથે સાથે કોમ્પ્યુટર સાયન્સના વિકાસે નંબર થિયરીના તજ્જ્ઞોના કાર્યને ચોક્કસ અને સરળ પણ બનાવ્યું. ટેટનાં સંશોધનો Encryption અને Cryptography જેવાં ક્ષેત્રોમાં ક્રાંતિકારી પરિવર્તન લાવનાર નીવડ્યાં છે. હાઈસ્પીડ કોમ્પ્યુટિંગ ક્ષેત્રે સિક્યોર્ડ ટ્રાન્સમિશન અને ઇન્ફોર્મેશન સ્ટોરેજ જેવી બાબતોના કોયડાઓના ઉકેલ ટેટનાં સંશોધનોએ આપ્યાં છે. આમ આધુનિક જીવનને સરળ બનાવવામાં પણ તેમનો ફાળો રહ્યો છે.

ટેટનો જન્મ મિનીપોલિસ ખાતે થયો હતો. તેમના પિતા જોન ટેરેસ ટેટ સિનિયર મિનેસોટા યુનિવર્સિટીમાં ફિઝિક્સના અધ્યાપક હતા. અને ''Physical Review'' નામના પ્રતિષ્ઠિત સંશોધન સામયિકના તંત્રી હતા. પિતા અને પુત્ર સમાન નામધારી હોવાને કારણે ગણિતશાસ્ત્રી ટેટને ટેટ જુનિયર તરીકે ઓળખવા જરૂરી બને છે. ટેટ જુનિયરનાં માતા અંગ્રેજીનાં શિક્ષિકા હતાં. સ્નાતકની પદવી માટે શરૂઆતમાં ફિઝિક્સ વિષય પસંદ કરનાર ટેટ વિષય બદલી રસના વિષય ગણિત સાથે સ્નાતક થયા હતા. તેઓ નાનપણથી જ ગણિતના કોયડા ઉકેલવાનો શોખ ધરાવતા હતા. અસાધારણ પ્રતિભાશાળી ટેટ સ્વભાવે વિનમ્ર અને મળતાવડા હતા. તેઓએ ક્યારેય પોતે ગણિતશાસ્ત્રમાં મોટું પ્રદાન કરવા સક્ષમ હોવાનું માન્યું ન હતું. એક જાણીતા વર્તમાનપત્ર સાથેની મુલાકાતમાં તેમણે જણાવ્યું હતું કે ઘણાં અગત્યનાં ક્ષેત્રોમાં તેમના શોધકાર્યની ઉપયોગિતા હોવા છતાં કારકિર્દીની શરૂઆતમાં તો માત્ર ને માત્ર ગણિતશાસ્ત્રના સૌંદર્યથી તેઓ આકર્ષાયા હતા.

1956માં અમેરિકન મેથેમેટિકલ સોસાયટી દ્વારા તેઓએ નંબર થિયરીમાં કરેલ પ્રદાન બદલ કોલ પ્રાઈઝ એનાયત થયું હતું. ત્યારબાદ જીવનભર ગણિતશાસ્ત્રને કરેલ પ્રદાન બદલ તે જ સંસ્થાનું સ્ટીલ પ્રાઈઝ એનાયત થયું. 2002-03ના વર્ષનું પ્રતિષ્ઠિત વોલ્ફ પ્રાઈઝ પણ બીજગણિતીય સાંખ્ય સિદ્ધાંત (Algebraic Number Theory)ની મૂળભૂત વિભાવનાના વિકાસ માટે તેમને પ્રાપ્ત થયું હતું. 2010ના વર્ષમાં ગણિતશાસ્ત્રના નોબલ પારિતોષિક ગણાતા અબેલ પ્રાઈઝથી તેઓને વિભૂષિત કરાયા હતા. નોર્વેજિયન એકેડેમી ઓફ સાયન્સ એન્ડ લેટર્સ દ્વારા જાહેર થતા આ ઇનામની રકમ દસ લાખ ડોલર હોય છે. છેલ્લાં પચાસથી સિત્તેર વર્ષોમાં અંકગણિત અને ભૂમિતિના ક્ષેત્રમાં આવેલ દૂરગામી પરિવર્તનને આકાર આપવામાં ગણિતશાસ્ત્રી ટેટની ચાવીરૂપ ભૂમિકા સદાય યાદ રહેશે. ❑❑❑



ગાંધીવિચાર : ગ્રાહકત્વ, માણસત્વ અને નાગરિકત્વની નુક્તેચીની

☐ રોહિત શુક્લ

સૉક્રેટિસની એક કથા છે. પોતાના શિષ્યવૃંદ સાથે તે નગરમાં ભટકતો રહેતો. શિષ્યવૃંદ સાથે વાતો કરતાં કરતાં બજારમાં આવેલી જાણીતી દુકાનોમાં તે અચાનક ઘૂસી જતો અને ગમે તે વસ્તુને ઉપાડીને ખૂબ ધ્યાનપૂર્વક 'ફેરવી ફેરવીને' જોતો પછી તે વસ્તુને યથાસ્થાને ગોઠવી દેતો. આ

તેનો નિત્યક્રમ થઈ પડેલો.

એક દિવસ તેની સાથે ફરતા ધનવાન શિષ્ય પ્લેટોથી રહેવાયું નહીં. થોડીક અકળામણ સાથે તેણે કહ્યું 'સોક્રેટિસ, તારે શું જોઈએ છે? મન થાય તે લઈ લેને. પૈસા હું આપીશ.'

સોક્રેટિસે જે કહ્યું તે સીધું જ ગાંધી સાથે જોડાય છે. તેણે કહ્યું, 'ના ભાઈ, હું તો બધી વસ્તુઓને ધ્યાનથી જોતાં જોતાં વિચારું છું કે ઓહો, આના વગર પણ મારે ચાલશે!'

તો ગાંધીએ અગિયાર મહાવ્રતમાં પણ કહ્યુંજ ને કે 'વણ જોતું નવ સંઘરવું' જો આપણે સોક્રેટિસને જ્ઞાની માની શકતા હોઈએ તો આ મુદ્દે ગાંધીને સાદા જીવનના ઉપદેશ બદલ અવ્યવહારુ કેમ કહીએ છીએ?

જગતમાં મૂડીવાદની બોલબાલાનો તાજેતરનો તબક્કો ૧૯૭૮થી શરૂ થયો. ડાવોસ ખાતે દર વર્ષે મળતી ગ્લોબલ સમિટ હોય, જી-૨૦ની મીટિંગ હોય કે પછી નાફટા, સાર્ક વગેરે જેવાં આંતરરાષ્ટ્રીય સંગઠનો હોય - બધે જ વેપાર, નિકાસ, મૂડીરોકાણ જેવા આર્થિક મુદ્દાનું પ્રાધાન્ય જોવા મળે છે. વળી મૂડીવાદને પાંગરવા વાસ્તેની જરૂરિયાતોની છણાવટમાં સબસિડીની નાબૂદી, 'નો મોર ફ્રી લંચીઝ', મુક્ત બજાર, હરીફાઈ, કાર્યક્ષમતા, 'સર્વાઈવલ ઓફ ધ ફિટેસ્ટ', વગેરે વિચારોની જાળગૂંથણી વણાતી રહે છે. ગરીબી, ભૂખમરો, ખેડૂત, બેકાર યુવાઓના આપઘાત, તીવ્ર બનતી જતી આર્થિક અસમાનતા, પ્રદૂષણ, જાહેર સ્વાસ્થ્ય અને શિક્ષણની સેવાઓની નિષ્ફળતા, સરકારી સહાય જેવા વિચારો અને તેને આનુષંગિક નીતિઓની ચર્ચા ઘટતી જાય છે. હવે કલ્યાણ રાજ્યની ચર્ચા જ થતી નથી. અલબત્ત, ભારતમાં સરકારે મને કે કમને પણ મનરેગા અને ફૂડ સિક્યુરિટીને જીવતી રાખી છે ખરી પણ તેના પ્રભાવની બાબતે ભારે શંકા સેવાઈ રહી છે. આવી ગરીબી નિવારણની અને માણસના જીવનને ટકાવી રાખનારી યોજનાઓને 'ધર્માદા' ગણાવવાની રૂખ વર્તાય છે.

મૂડીવાદ હોય ત્યાં સામાન્ય રીતે લોકશાહી પણ હોય; જોકે ચીનમાં જે મૂડીવાદ છે તે અમેરિકા અથવા યુરોપીય સંઘના જેવો નથી. ચીનમાં માનવ અધિકારો નથી. આથી મુક્ત વિચાર, વાણી કે અભિવ્યક્તિની સ્વતંત્રતાને કોઈ જ સ્થાન નથી. ચીનમાં અર્થરચના મુખ્યત્વે એકમાત્ર ઉત્પાદનના આધાર ઉપર ઊભી છે. મજૂરોને ઓછું વેતન આપવું અને ઉદ્યોગોને સસ્તી મૂડી પૂરી પાડવી, ટેક્નોલોજીની નકલ કરવા દેવી વગેરે દ્વારા ક્યારેક શુદ્ધ બજારલક્ષી ન ગણાય તેવાં પગલાં ભરીને પણ ઉત્પાદન વધારીને નિકાસ કરવી તે તેનું લક્ષ છે.

જગતમાં અર્થનો પ્રભાવ હોય તે સાચું, પણ તેનો માનવજીવન ઉપર કેટલો

પ્રભાવ હોવો જોઈએ? માણસ રોજ આઠ-દસ બાર કલાક જીવનનિર્વાહ માટે કામ કરે, પણ પછી? કુટુંબ, પ્રેમ, ઉષ્મા સર્જનાત્મકતા, સૌંદર્ય, સંગીત, પ્રાર્થના વગેરે જેવા ભાવોનો જીવનમાં કોઈ મતલબ અને સંદર્ભ ખરો? અર્થકારણ વડે જીવનની સમગ્રતાને ભરી દઈ શકાતી નથી. જીવનની સમગ્રતામાં આર્થિક રચનાઓનું સ્થાન કેટલું અને કેવું રહેવું જોઈએ? મૂડીવાદ કહે છે કે આર્થિક રચનાની આસપાસ જીવન ફરતું રહે છે. ગાંધીવિચાર કહે છે, જીવન અને તેની ઊર્ધ્વગતિમાં અવરોધરૂપ ન બને તેટલો જ આર્થિક વિસ્તાર જળવાવો જોઈએ. ગાંધી મોક્ષમાર્ગી હતા અને આ માર્ગના પ્રવાસી તરીકે તે ઓછામાં ઓછી આર્થિક જંજાળનો સામાન સાથે રાખતા હતા; કહેવાયું છે કે 'ટ્રાવેલ લાઈટ'. એ રીતે વધારાના આર્થિક સામાનના બોજ વગર હલકા-ફૂલકા રહીને પ્રવાસ કરવાનો તેમનો માર્ગ હતો. તે મૂડીવાદના વિરોધી ન હતા પણ યંત્રોના ઉપયોગ દ્વારા 'મુઠ્ઠીભર લોકો કરોડોની કાંધ ઉપર' ચડી બેસે તે તેમને રાસ્ત ન હતું. તાજેતરમાં તો આ યંત્રોથી પણ આગળ વધીને ટેક્નોલોજીની 'ઘેલછા' એટલી બધી વધી ગઈ છે કે હવે 'જોબલેસ ગ્રોથ'ની અતિ ગંભીર સમસ્યા સર્જાઈ છે. દેશનો જીડીપી વધતો જાય છે પણ બેકારી પણ વધતી જાય છે.

મૂડીવાદમાં 'હીરો' ઉત્પાદન છે, ગ્રાહક નથી. અલબત્ત, માગ પ્રમાણે ઉત્પાદન અને માર્કેટ લેડ ગ્રોથનાં સૂત્રો તો છે જ. વળી, 'ડિમાન્ડ સાઈડ ગ્રોથ' તેના પાયામાં પણ છે. સમાજવાદમાં સપ્લાય સાઈડ ગ્રોથ કરવામાં આવે છે પણ તેમાં ઘણાં જોખમો રહેલાં છે એમ ઘણા અર્થશાસ્ત્રીઓનું કહેવું છે. એનો મતલબ એ છે કે પહેલાં ઉત્પાદનનો નિર્ણય થવો ન જોઈએ, બજારમાંથી જેમ જેમ માગ ઉદ્ભવે તેમ તેમ ઉત્પાદન કરતા જવું જોઈએ. આ રીતે ગ્રાહકકેન્દ્રી ઉત્પાદન કરવાથી ફાયદો કોને થશે? ઉત્પાદકોને, કારણ કે તેમણે પેદા કરેલી વસ્તુઓ વેચાઈ જશે અને ક્યારેક માલની અછત પણ સર્જાશે, તેથી નફો થતો રહેશે.

મૂડીવાદી વ્યવસ્થામાં જો ખરેખર માણસને કેન્દ્રમાં રખાય તો શું થાય?

ગ્રાહકોને હાનિકારક હોય તેવી વસ્તુઓનું ઉત્પાદન થવું જ ન જોઈએ. તો પછી દારૂ-સિગારેટ તો તરત બંધ થવાં જોઈએ. અમેરિકા જેવા દેશમાં મેદસ્વીપણું રોગની જેમ વકર્યું છે. તેથી ગ્રાહકના હિતમાં, કોકાકોલા અને પિઝા, બર્ગર વગેરે જેવા ફાસ્ટફૂડ અને જંકફૂડનું ઉત્પાદન બંધ થવું જોઈએ. પેટ્રોલ-ડીઝલના ધુમાડાથી પ્રદૂષણ વધે છે તેથી મોટરકારનું ઉત્પાદન સાવ અનિવાર્ય કરી દઈ સાઈકલ અને પેદલ હરફર કરવી જોઈએ. બુલેટ ટ્રેનની પણ શી જરૂર?

ગ્રાહકકેન્દ્રી ગણાતી નીતિઓ

ખરેખર માણસકેન્દ્રી છે ખરી? મૂડીવાદ માણસને નહીં પણ ગ્રાહકને સ્વીકારે છે. માણસને ગ્રાહક બનાવનાર તેની પાસેની ખરીદશક્તિ નામનું એક ચમત્કારિક કાજલ છે, તે મૂડીવાદી વેપારી અને ઉદ્યોગપતિ બરાબર જાણે છે. આ ખરીદશક્તિ એક જાદૂઈ છડી પણ છે. તેના વડે માણસ પોતાની માણસાઈ છોડીને ગ્રાહક બની જાય છે. મૂડીવાદના મહેલમાં પ્રવેશવા વાસ્તે માણસે પોતાની માણસાઈ તરફ લક્ષ આપ્યા વગર ગ્રાહકાઈનો અંચળો ઓઢી લેવાની અનિવાર્ય આવશ્યકતા હોય છે. માણસ અને ગ્રાહક વચ્ચેનો આ ફરક એ જ ગાંધીવાદ અને મૂડીવાદ વચ્ચેનો ફરક.

એક વખત માણસ અને ગ્રાહક વચ્ચે આ ફરક કરીએ એટલે સમગ્ર વિચારવિશ્વ બદલાઈ જાય છે. ગાંધી યંત્રોના વિરોધી કેમ હતા? માણસે કરવા પડતા 'કાળજા તોડ' શ્રમને બચાવવા યંત્ર જરૂરી ખરાં પણ 'કરોડોની કાંધ ઉપર ચડી બેસવા' માટે નહીં જ! યંત્રવાદ અને યંત્રોની ઘેલછા વગરના મૂડીવાદનો વિચાર તો કરી જુઓ! પુષ્કળ ઉત્પાદન કરવું, ઘણી બધી નિકાસો કરવી, મોટાં મોટાં જહાજો કે વિમાનો ઉડાડવાં વગેરેની જરૂર જ નહીં રહે. વૈશ્વિકીકરણ ભલે થાય-વસુધૈવ કુટુંબકમ્ - પણ માણસ માટે થાય; ગ્રાહક માટે નહીં! આથી ગ્રામ સ્વરાજ અને સ્વદેશી નામનાં બે પાત્રો આ આર્થિક રંગમંચના તખ્તા ઉપર પ્રવેશશે. ગ્લોબલાઈઝેશન ખરું પણ માણસાઈની ભૂમિકામાં તેની ઊર્ધ્વગતિ થશે. માણસ ગ્રાહક બને અને મજૂરોને ઓછું વેતન આપવું, ખેતરો ખાલી કરાવીને કારખાનાં કરવાં, વાતાવરણને ઝેરી બનાવતાં કારખાનાં બાંધવાં, ગીચ ઝૂંપડપટ્ટી અને ભારે આર્થિક અસમાનતા ધરાવતાં શહેરો બનાવવાં, વગેરેમાં ગ્રાહક છે પણ માણસ ક્યાં છે?

ગ્રાહક અને માણસ વચ્ચેનો આ ભેદ જ્યારે વિવેકભાન ગુમાવે ત્યારે સૌપ્રથમ પ્રસ્થાપિત મૂલ્યો સામે અથડામણ શરૂ થાય છે. જૂનાં મૂલ્યો બધાં સારાં અને નવાં બધાં ખરાબ એવું તો ન જ કહેવાય પણ આધુનિકતાનો માયનો પિછાણ્યા વગર દારૂ પીવો, સિગારેટ પીવી, મુક્ત સંબંધો કરવા વગેરેને આધુનિક ગણાવી અને તેના વિરોધીઓને જડ, દયાપાત્ર, પછાત ગણવા તે પોતે તર્કસંગત નથી. માણસ જ્યારે ગ્રાહક બને છે ત્યારે વિચારનું ઔચિત્ય અને વિવેક કેટલા ગુમાવી દે છે તેનું ઉદાહરણ નારી તરફના અભિગમમાંથી સાંપડે છે. રામાયણમાં લક્ષ્મણે સીતાના દાગીના જોઈને કહેલું, 'નૂપુરં ચૈવ જાનામિ', સીતાના અન્ય કોઈ દાગીનાને લક્ષ્મણ ઓળખી નો'તા શક્યા, કારણ કે 'માતા'ના ચરણ સિવાય તેમની નજર જ જતી નો'તી પણ હવે નારીદેહના ગ્રાહકી વિનિયોગ જોયા? વિજય માલ્યાના કેલેન્ડરથી લઈને

બોલીવુડના 'ચોલી કે પીછે ક્યા હૈ', 'તૂ ચીઝ બડી હૈ મસ્ત મસ્ત,' 'બીડી જલાઈ લે' અને આઈટેમ સોંગ/ ડાન્સ જોવા માત્રથી નારીદેહના વસ્તુકરણ - માર્ક્સ કહેતા તેમ રીઈફિકેશનનો ખ્યાલ આવે છે. માણસ ગ્રાહક બને એટલે માતા, બહેન, પુત્રી વગેરે શબ્દોના સ્થાને લિપસ્ટિક માટે હોઠ, ઘરેણાં માટે ગળું, વસ્ત્રો માટે સાથળ સુધીના અને ઉલ્લેખ પણ ન કરાય તેવાં અંગ-પ્રદર્શનો થતાં રહે છે.

નવ્ય મૂડીવાદની અનેક મર્યાદાઓ, દૂષણો અને ખામીઓને કારણે પેન્ડ્યુલમનું લોલક સામ્યવાદ તરફનો ઝોલો લે તે જરૂરી નથી. લોકશાહી જો શાસન વ્યવસ્થા છે તો તે એક સાંસ્કૃતિક રચના પણ છે. લોકશાહીનો પાયો તો નાગરિક-સિટિઝન-છે. પણ જો માણસ ગ્રાહક બનીને સંકોચાઈ ગયો હોય તો તે નાગરિક કેવી રીતે બનશે? માટે જ સૌપ્રથમ ગ્રાહકત્વને મર્યાદિત કરી સંવેદનશીલ માણસત્વ પ્રગટાવવું પડે અને તેમાંથી જ જવાબદાર નાગરિકત્વ સર્જાઈ શકે. નોમ ચોમસ્કી મેન એન્ડ સિટિઝનની મીમાંસા કરે છે પણ તેના પાયામાં આવી ગયેલાં ગ્રાહકરૂપી જોખમોનો ખ્યાલ પણ ઉમેરવો રહ્યો.

તાજુબની વાત છે કે માણસમાં છુપાયેલું આ ગ્રાહકત્વ ધર્મના ક્ષેત્રે પણ એ જ નિંભરતા દાખવી શકે છે. ભારતનાં ટોચનાં દસ જ મંદિરોની વાર્ષિક આવક લગભગ પંદર હજાર કરોડની છે. આ નાણાં ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે? ધર્મના નામે પાખંડ આચરનાર અને આ રીતે માણસની અંદરના ગ્રાહકત્વને પંપાળનાર કહેવાતા સંતો-મહાત્માઓ અને પ.પૂ.ધ.ધુ.ઓ પણ ઓળખી શકાય તેમ છે. ચીનમાં આસારામો હશે? આ પ્રકારના ધર્મના ઠેકેદારો ખરેખર તો વ્યક્તિઓમાં પ્રગટતા આભાસી અભરખાઓની ફલશ્રુતિ છે. ગાંધીના એક પણ અનુયાયીએ આ પ્રકારની ઘેલછા બતાવી હોય તેમ જાણમાં નથી. સ્વામી આનંદ કે કેદારનાથને હાલના કયા 'સંત'ની સાથે બેસાડી શકાય?!

આમ, મૂડીવાદની સાથે સ્વતંત્રતા, લોકશાહી, આધુનિકતા વગેરે આદર્શો અને સામાજિક કે રાજકીય વિમર્શોને ગોઠવી દેવા અને પછી આ વિમર્શોના આધારે મૂડીવાદનો વાવટો ફરકાવવો તે એક નજરે નહીં ચઢેલો તર્કદોષ છે. ગાંધીજી સ્વતંત્રતા, સ્વ-રાજ વ્યક્તિ-સ્વાતંત્ર્ય એવા કોઈ પણ વિમર્શના વિરોધી કે પ્રતિરોધી ન હતા. કોઈ પણ સ્થળ, સમય અને સમાજ માટેના, ૧૭૮૯ની ફ્રેંચ ક્રાંતિમાંથી સ્વયંભૂ રીતે પ્રગટેલા, ત્રણે વિચારો સાચા અને સાર્થક જ છે. લિબર્ટી, ઇક્વાલિટી અને ફ્રેટરનિટી વગર સમાજ ચાલી જ ન શકે અને આવા સમાજમાં સૌહાર્દ, ઉષ્મા અને સમાનતાલક્ષિતા પ્રગટે તે સ્વાભાવિક છે.

બાકી ગાંધીવિચારને જુનવાણી,

ધર્મલક્ષી કે વધુ પડતો રોમેન્ટિક (અવાસ્તવિક) ગણીને હસી કાઢવો તે સ્વાભાવિક છે. આવા વલણની નિરર્થકતા કે ઉતાવળાપણું સમજવા વાસ્તે માત્ર બે જ ભૂમિકા સ્પષ્ટ કરવાની રહે છે; જે ઉપરની ચર્ચામાંથી તારવીએ :

(૧) માણસત્વ - ગ્રાહકત્વ - નાગરિકત્વ:

મૂડીવાદનાં ઘણાં તત્ત્વો વાંચ્છનીય છે, પરંતુ માણસના ગ્રાહકત્વ ઉપરનો ભાર તેને એક જુદા જ ટ્રેક ઉપર વહાવી જાય છે. હવે લોભ એક સદ્ગુણ બને છે. શોષણ એક કાર્યક્ષમતા ગણાય છે. ચોરી કે ભ્રષ્ટાચાર આવડત અને હોશિયારી ગણાય છે. ભાષાના અનેક શબ્દોના સાંસ્કૃતિક સંદર્ભો જ બદલાઈ જાય છે.

આ ગ્રાહકત્વ અને માણસત્વના સૂક્ષ્મ ભેદમાં ક્યારેક ગાંધીનાં અગિયાર મહાવ્રતોને ગોઠવી જોવા જેવાં છે.

આ મહાવ્રતો માણસલક્ષી છે જ પણ તેથી વિશેષ, એક વાંચ્છનીય સમાજ માટેના વ્યાપક સંવેદના અને જવાબદારી ભર્યા નાગરિક સર્જવામાં પણ તે જરૂરી છે. અલબત્ત, આ મહાવ્રતોને સમય અને પરિસ્થિતિ પ્રમાણે વધુ કે ઓછી માત્રામાં ખાસ કષ્ટ વગર પાળી શકાય. દા.ત. જ્યાં ૯૮ ટકા બળાત્કારો પરિચિતો દ્વારા જ થતા હોય ત્યાં બ્રહ્મચર્યનો અર્થ 'બળાત્કાર ન કરવો' એટલો થાય તો પણ સમાજ વધુ સ્વસ્થ બનશે.

૨. ઉત્પાદન વ્યવસ્થાનો ઉદ્દેશ:

મૂડીવાદમાં ઉત્પાદન વ્યવસ્થાનો ઉદ્દેશ નફો છે. વધુમાં વધુ નફો મળે તે વાસ્તે એક તરફ મજૂરોનું શોષણ થાય છે તો બીજી તરફ ગ્રાહકોનું. મજૂરોના શોષણના મુદ્દે કાર્લ માર્ક્સે દ્વંદ્વાત્મક ભૌતિકવાદના વિચારને ક્રાંતિ માટેની અનિવાર્યતા સમજાવવા માટે પ્રયોજ્યો છે. પણ આ શોષણનો મુદ્દો ખરેખર તો ગ્રાહક-મજૂર વચ્ચે અટવાઈ જાય તે પૂરતું નથી. તેમાં બે પાસાં જાણીતાં છે, પરંતુ તેને સ્પષ્ટ રીતે 'શોષણ' તરીકે ચીંધીને જોડવામાં આવતાં નથી.

(ક) મૂડીવાદમાં કુદરતી સંસાધનોનું એટલી હદે દોહન થાય છે કે હવે પૃથ્વી ઉપર ૨૦૫૦ પછી માનવજીવન હશે કે કેમ તેનો જ સવાલ ઊભો થયો છે.

(ખ) કોઈ પણ ભોગે નફો રળી લેવા વાસ્તે ઉદ્યોગપતિઓ ઇજારાશાહી તરફ વળે છે. અમેરિકાના ઇતિહાસમાં તેને 'એન્ટિ ટ્રસ્ટ મૂવમેન્ટ' તરીકે ઓળખવામાં આવે છે. પણ હવે ઉદ્યોગપતિઓએ રાજ્ય અને તંત્રને ભ્રષ્ટાચારથી પોતાના પક્ષે કરી લેવાનો રસ્તો અપનાવ્યો છે, હવેનો મૂડીવાદ 'ક્રોની' બનીને રાજ્ય અને ધર્મ સાથે સંકળાઈ ગયો છે. ઉદ્યોગ અને ધર્મ-બંને માણસને ગ્રાહક બનાવી ચૂક્યા છે. ખૂબીની વાત એ છે કે ઉદ્યોગ અને ધર્મ માણસને ગ્રાહકમાં સિફતપૂર્વક રૂપાંતરિત કરે છે. ઉદ્યોગ જાહેરાત દ્વારા ગ્રાહક બનાવે છે. આ બાબતે નારીદેહનું પ્રદર્શન કરવામાં આવે છે. તો ધર્મમાં ઘણી વાર શ્રદ્ધા અને

ચમત્કારનો ઉપયોગ થાય છે. રાજ્ય આ ક્ષેત્રે વિધાયક અને વૈજ્ઞાનિક સમજવાળું વલણ દાખવે તે જરૂરી ગણાય.

ગાંધીજી આ માણસત્વને ઉદ્યોગમાં પણ ટકાવી રાખવા વાસ્તે ટ્રસ્ટીશિપનો વિચાર આપે છે. જો મૂડીવાદને કાર્યક્ષમતા, નવીન શોધખોળો, હરીફાઈ વગેરે જેવાં સારાં અને પ્રગતિશીલ તત્ત્વોમાં રસ હોય તો તેણે કોઈપણ ભ્રષ્ટાચાર બંધ કરીને ટ્રસ્ટીશિપ પ્રમાણે જ ઉદ્યોગો ચલાવવા જોઈએ.

સોવિયેત યુનિયન અને ચીનના શાસને 'માણસ' સાથે જે ક્રૂરતાપૂર્વક વ્યવહારો આચર્યા છે તે શેતાન અને રાક્ષસની કલ્પનાથી પણ બહાર છે. બીજી તરફ આધુનિક મૂડીવાદમાં 'માણસ' બેમોત મરી રહ્યો છે. જેની બોલબાલા છે તે મૂડીવાદ તાર્કિક રીતે અકાટ્ય મોડલ રજૂ કરે છે, પણ વાસ્તવમાં ધર્મ-મૂડી અને રાજ્યનું મેળાપીપણું માણસોના શોષણ અને પર્યાવરણીય સંસાધનોના દોહન ઉપર ઊભું છે. ગાંધીવિચારને કોઈ બ્લુ પ્રિન્ટ તરીકે લેવાને બદલે તેમાં આધુનિકતાનો પાસ ઉમેરતા રહીએ તો માનવજીવન ટકી શકશે. ગાંધીના 'મોક્ષમાર્ગ'માં નાસ્તિક-બૌદ્ધિકને ભલે ભરોસો ન બેસે પણ હવે તો અસ્તિત્વની લડાઈ જ શરૂ થઈ ચૂકી છે. આથી જ 'એપ્રોપ્રિયેટ ટેક્નોલોજી'માં એપ્રોપ્રિયેટ એટલે 'ગાંધી-પ્રબોધિત' એવો અર્થ કરવો રહ્યો.

આ મુદ્દાને થોડોક વધુ ફેલાવીને જોવાથી પણ માણસની અંદર લપાઈને બેઠેલો/ બેઠેલી ગ્રાહક કુટુંબ, ગામ, સમાજ અને રાષ્ટ્ર ઉપર કેવા આપત્તિકારક બની શકે છે તેનો અંદાજ આવશે. ભારતે ૧૯૯૧થી નવી આર્થિક નીતિનો અમલ શરૂ કર્યો, તે પછી શું થયું તેનું સામાજિક-સાંસ્કૃતિક અને આર્થિક તેમ જ રાજનૈતિક વિહંગાવલોકન કરવા જેવું છે. આખો પથારો તો ઘણો મોટો થાય પણ કેટલાક મુદ્દા નોંધીએ.

૧. ભારતમાં દુકાળો અને ગરીબી કોઈ નવી વાત નથી. અમર્ત્ય સેન કહે છે તેમ ૧૯૪૩ના બંગાળના દુકાળમાં લગભગ ત્રીસેક લાખ લોકો ભૂખે ટળવળીને મરી ગયા. પણ ખેડૂતની આત્મહત્યા સાંભળવા મળતી ન હતી. હવે, છેલ્લાં વીસેક વર્ષમાં લગભગ ત્રણ લાખ ખેડૂતોએ આત્મહત્યા કરી! આવું કેમ થયું હશે? વધુ ઉત્પાદન મેળવવું છે, વધતી વસતીને કારણે જમીનના ટુકડા નાના થતા જાય છે. સરકાર સિંચાઈ કે પોષણક્ષમ ભાવોની વ્યવસ્થા કરવાને બદલે વધુ ઉત્પાદન માટે ખાતર અને દવાઓનો ઉપયોગ વધતો જ રહે તેવા નીતિગત પ્રયાસો કરે છે. પેદાશના ભાવ જેમ ઓછા તેમ જરૂરી આવક મેળવવા વાસ્તે ખેડૂતે ઉત્પાદન પણ ઝડપથી વધારવું રહ્યું. આ માટે દેવું પણ કરવું પડે. અને આ દોડમાં ખેડૂત હારી જાય એટલે જીવન ટૂંકાવવું જ રહ્યું.

૨. શિક્ષણ માણસ બનવા માટે નથી; બને તેટલા ઊંચા પગાર અથવા ભ્રષ્ટાચાર માટેની તકો આપે તેવી નોકરીઓ માટે છે. ખાનગી નિશાળો અને યુનિવર્સિટીઓમાં ભણાવનારા અધ્યાપકોમાં ભાગ્યે જ કશુંક વિશેષ હોય છે. પણ ખેડૂત મા-બાપ, ભાવિ પેઢીના ભલા વાસ્તે ઘર-ખેતર વેચીને પણ ખોબેખોબે ફી ભરે. પછી? બેકારી જને! દુનિયાભરમાં દર ૪૦ સેકન્ડે એક વિદ્યાર્થી આપઘાત કરે છે. નેશનલ ક્રાઈમ બ્યુરોના આંકડા અનુસાર ભારતમાં દર કલાકે એક વિદ્યાર્થી આપઘાત કરે છે.

૩. બોલીવુડના સિનેમાઓનાં આઈટમ સોંગ જેમને પચી ગયાં છે તેમણે પોતાનું માણસત્વ ગુમાવી દીધું છે. નેશનલ ક્રાઈમ બ્યુરોના આંકડા મુજબ, ૨૦૧૪-૧૫માં ભારતમાં લગભગ ૨૫,૦૦૦ બળાત્કાર થયા હતા. એ પૈકી ૯૮ ટકા (હાજી, ફરી નોંધીએ - અઠ્ઠાણું ટકા) બળાત્કારો અંગત અને પરિચિતો દ્વારા થયા હતા. સ્ત્રી તો એક 'મસ્ત મસ્ત ચીઝ' જ છેને!

- દેશની એક ટકા વસ્તી પાસે ૭૭ ટકા સંપત્તિ છે; ટ્રસ્ટીશિપ હોત તો?

- મજૂર કાયદામાં 'સુધારા'ના નામે તેમનાં મંડળો તોડી નાખવાં, કામદારોનો અવાજ ગૂંગળાવવો અને છૂટા કરવાનો ડારો દઈને ગુલામીમાં રાખવા તે પણ આધુનિક મૂડીવાદના 'વિકાસ'નું માધ્યમ છે.

ગાંધીનો અવાજ આવા કલ્ચર સામેનો હતો. માણસ જ્યારે ગ્રાહક બની જાય છે ત્યારે તેની સંવેદનશીલતા એટલી હદે નીચે ઊતરે છે કે તેને પોતાને, પોતે શું અને શા માટે કરી રહ્યો છે તેની ભાળ પણ મળતી નથી. દાખલા જોઈએ :

૨૦૧૬ના નવેમ્બરમાં નોટબંધી કરાઈ. તે સમયે ખેતરો શાકભાજીથી છલકાતાં હતાં. પણ નોટબંધીને લીધે મધ્યમ વર્ગ પાસે તે ખરીદવાના પૈસા ન હતા. ખેડૂતો પાસેનાં શાકભાજી 'નાશવંત' હતાં. હવે? ખેડૂતોએ ટેમ્પા અને રિક્ષાઓ ભરી, શહેરોના ઘણા વિસ્તારોમાં પહોંચી ગયા, ઘરાકી હતી નહીં. તેમણે મફત-મફતના પોકારો કર્યા અને ઉચ્ચ મધ્યમ વર્ગ તથા ધનવાનોએ પણ ખેડૂતોની મહેનતથી પકવેલાં શાકભાજી મફતમાં પડાવી લીધાં. આ બધા ગ્રાહકો હતા, માણસ કોઈ જ નો'તું. માણસ હોત તો આ ખેડૂતોને ચા-પાણી કે ખાવાનું પણ પૂછત!

આવો જ બીજો બનાવ અમદાવાદમાં થયેલા એક કોમી છમકલા વખતે બન્યો હતો. પશ્ચિમ અમદાવાદના એક સારા સ્ટોરના શટર તોડીને તેના માલ-સામાનની લૂંટ ચલાવાઈ. લૂંટનારા પૈકી કેટલીક સ્ત્રીઓ પણ હતી અને પોતાની ગાડીઓ લઈને આવી હતી!

આ બંને દાખલામાં નાગરિક, માણસ અને આર્થિક માનવ ગ્રાહક,

વેપારી, મૂડીવાદી ઉત્પાદક વગેરેની ભૂમિકા અલગ અલગ હશે. નાગરિક આવી ગીધવૃત્તિને રોકવા પ્રયાસ કરશે. માણસ સંવેદના અનુભવશે. પણ પેલી ગીધવૃત્તિવાળા સૌ બને એટલું લૂંટી લેવા પ્રયાસ કરશે. પોતે અણહક્કનું લઈને અને બીજાની લાચારીનો લાભ લઈને સામાજિક અન્યાય આચરી રહ્યા છે તેનું તેમને ભાન પણ નહીં હોય.

આ ગ્રાહકત્વવાળો મૂડીવાદ કેટલો વકર્યો છે તે સમજવા માટે કૃત્રિમ ગર્ભાધાનની બાબત સમજવી રહી. આર્થિક સંકડામણ અનુભવતી એક સ્ત્રી નવ મહિના માટે ચારથી પાંચ લાખ રૂપિયામાં પોતાની કોખ ભાડે આપે. કોઈકના સ્ત્રી-બીજને કોઈક સ્પર્મ ડોનરના શુક્રાણુથી સિંચાવા દે અથવા કોઈક ફલિત બીજના અંકુરણ અને સ્ફુરણથી માંડી પ્રસવ સુધીનો સૃજનનો આનંદ અને પ્રસૂતિની પીડા વેઠ્યા પછી, નવજાતને છલકાતી છાતીએ લગાડવાને બદલે રોકડા ગણીને પાછી પોતાના કૂંડાળામાં પેસી જાય છે! જાણે કે કશું બન્યું જ નથી! બાળકના જન્મ અને માતૃત્વમાં પણ મૂડીવાદી ગ્રાહક પ્રસરી ચૂક્યો છે. ભલે તેને આધુનિક ટેક્નોલોજી કહેવાય! અને હવે માણસત્વ - નાગરિકત્વનું એક ઉદાહરણ : ગયે વર્ષે (માર્ચ, ૨૦૧૮) નાશિકથી મુંબઈની લગભગ ૧૮૦ કિ.મી.ની કિસાન (આદિવાસી) કૂચ નીકળી હતી. આ કૂચમાં લગભગ ૫૦,૦૦૦ કિસાનો જોડાયા હતા. ૧૬ દિવસની આ યાત્રામાં ચાલી ચાલીને તેમના પગમાં ફોલ્લા પડી ગયા હતા. મુંબઈથી એક દિવસની દૂરી પર રહ્યા હતા ત્યાં ખ્યાલ આવ્યો બીજા જ દિવસે વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષાઓ શરૂ થતી હતી. જો તે બીજા દિવસે મુબઈ પહોંચે તો રસ્તામાં ટ્રાફિક અવરોધાય અને તો વિદ્યાર્થીઓનું શું થાય?

અને તે સૌ આખી રાત ચાલીને બીજે દિવસે સવારમાં જ આઝાદ મેદાન પહોંચી ગયા. વિદ્યાર્થીઓ માટે રસ્તા ખુલ્લા રહ્યા. અને મુંબઈકરોએ પણ આ કિસાનોની સેવા-શુશ્રૂષા કરી, જમાડ્યા અને દિલદારી દાખવી. બંને પક્ષે માણસત્વ અને નાગરિકત્વ!

માણસને જ્યારે ગ્રાહક વળગે છે ત્યારે સારાસારનું ભાન મટી જાય છે. સંવેદના પ્રગાઢ નિદ્રાને વશ થઈ જાય છે. માણસ પોતાનું સત્ત્વ અને આત્મતત્ત્વ ગુમાવી દે છે. તેના માનસમાં ગોકુળ નહીં પણ સિંગાપોર, શિકાગો અને સાન ફ્રાન્સિસ્કો આવીને કબજો જમાવી દે છે. આ મહાભયાનક રોગમાં કુટુંબો, ગામડાં, કસ્બા, શહેરો અને દેશો, હોમાઈ રહ્યાં છે.

પણ ગાંધીને રેલેવન્ટ કોણ ગણે? બાકી કાન દઈને સાંભળો, એ માણસ કબરમાંથી પણ કાંઈક બોલી રહ્યો છે.

❑❑❑

ગમી ગયેલી વાર્તા

☐ શરીફા વીજળીવાળા

દૂરથી, નજદીકથી - થોમસ વોલ્ફ



Thomas Wolfeની ટચૂકડી વાર્તા 'The Far, The Near' વાંચનારને એક ઘેરા અવસાદનો અનુભવ થાય છે. એક નાનકડા શહેરની બહાર રેલવેલાઈનની પાછળના ભાગે આવેલા ટચૂકડા ઘરની આસપાસ વાર્તા ગૂંથાયેલી છે. ઘર ફરતે જતનથી જાળવેલ બગીચામાં શાકભાજી ઉપરાંત બીજાં ઝાડ પણ હતાં. ઘરની ચોપાસ સાદગીભરી શાંતિનું વાતાવરણ છવાયેલું રહેતું. રોજ બપોરે બે વાગ્યાની આસપાસ બે શહેર વચ્ચે દોડતી શટલ ટ્રેન આ ટ્રેક પરથી પસાર થતી. આ ઘર પાસેથી પસાર થાય ત્યારે હજુ ટ્રેને તેજ ગતિ ન પકડી હોય. છેલ્લાં વીસેક વર્ષથી ટ્રેન આ ઘર પાસેથી પસાર થતી ત્યારે ડ્રાઈવર વ્હિસલ વગાડતો. અને વ્હિસલ સાંભળતાંવેત હંમેશાં એક સ્ત્રી ઘરની પરસાળમાં આવીને ઊભી રહેતી. એ કાયમ ડ્રાઈવર સામે હાથ હલાવતી. આરંભનાં વર્ષોમાં એ સ્ત્રીના સ્કર્ટને વળગીને એક નાનકડી છોકરી પણ બહાર આવતી. પણ હવે તો એ છોકરી પણ યુવાન થઈ ગઈ હતી. હવે રોજ મા સાથે ઊભી રહીને એ પણ હાથ હલાવતી.

થોમસ વોલ્ફ



ગાડીનો ડ્રાઈવર હવે ઘરડો થઈ ગયો હતો, હવે એના વાળ પણ ધોળા થઈ ગયેલા. વર્ષોથી આ બે શહેર વચ્ચે એ ગાડી ચલાવતો રહેલો. હવે તો એનાં બાળકો મોટાં થઈને પરણી ગયાં હતાં. આટલાં વર્ષોમાં રેલવે ટ્રેક પર એણે ચારેક ભયાનક અકસ્માતો જોયા હતા. પરંતુ માણસ, સુખદુ:ખ, અકસ્માત વગેરેને જીવનનો એક ભાગ ગણતો

થઈ જાય એટલી ઉંમરે એ પહોંચી ગયો હતો. જીવનનાં અનેક પરિવર્તનો વચ્ચે એક સુંદર અને સ્થાયી ચિત્ર એના માનસપટલ પર કાયમ છવાયેલું રહેતું. એક નાનકડું ઘર અને તેની સામે હાથ હલાવતી બે સ્ત્રીનું ચિત્ર. આ દૃશ્ય તેને અપૂર્વ ખુશી આપતું. કાતિલ ઠંડી હોય કે લીલીછમ વસંત... એ મા-દીકરી કદી હાથ ઊંચો કરવાનું ચૂક્યાં ન હતાં. ડ્રાઈવરને એ નાનકડા ઘર પ્રત્યે, એ મા-દીકરી પ્રત્યે પોતાનાં બાળકો માટે હોય એવી કૂણી લાગણી હતી. એ મા-દીકરીનાં જીવનને એ સંપૂર્ણપણે જાણે છે એવું એને લાગતું, મનોમન એણે નક્કી કરેલું કે નિવૃત્તિ પછી આ મા-દીકરીને પોતે મળશે અને એ લોકો કેટલી હદે પોતાના જીવન સાથે વણાઈ ગયાં છે એની વાતો કરશે.

આખરે એની નિવૃત્તિનો દિવસ આવી ગયો. ડ્રાઈવરે એ મા-દીકરી રહેતાં હતાં એ શહેરના પ્લેટફોર્મ પર પગ મૂક્યો. આ શહેરમાંથી હજારો વાર એ પસાર થયો હોવા છતાં આ શહેર એના માટે સાવ અજાણ્યું હતું! ધીમે ધીમે ચાલતો એ શહેરની બહાર નીકળ્યો. પેલા ઘર બાજુ ચાલતાં એણે દ્રાક્ષનો માંડવો, ફૂલોની પથારી અને બીજાં વૃક્ષો જોયાં અને એને ખાતરી થઈ ગઈ કે એ સાચી જગ્યાએ પહોંચ્યો છે. જે ઘરે પહોંચવા વર્ષોથી એ આતુર હતો ત્યાં પહોંચીને હવે એના હાથ દરવાજો ખોલતાં અચકાતા હતા. આ શહેરની સાથે આ ઘર પણ અજાણ્યું બની ગયું હોય એવું એને લાગ્યું. એ સખત મૂંઝવણ અને નિરાશા અનુભવતો હતો. પણ તોય પગથિયાં ચડીને એ પરસાળમાં આવ્યો. એણે બારણું ખખડાવ્યું. કોઈ બારણા બાજુ આવતું હોય એવાં પગલાં તેને સંભળાયાં. બારણું ઊઘડ્યું અને તેની સામે એક સ્ત્રી આવીને ઊભી રહી.

અચાનક જ અહીં આવવા બદલ એ દિલગીર થઈ ગયો. કશુંક ગુમાવી દીધાની લાગણી એને ઘેરી વળી. એની સામે અવિશ્વાસભરી નજરે જોતી આ સ્ત્રી હજારો વાર એની સામે હાથ હલાવી ચૂકી હતી એ તો પેલીને જોતાંની સાથે જ એ સમજી ગયેલો. અત્યારે એનો ચહેરો રુક્ષ અને કઠોર લાગતો હતો. એ સ્ત્રી એની સામે અવિશ્વાસભરી નજરે તાકી રહી હતી. એ સ્ત્રીના કઠોર અવાજે એને હેબતાવી દીધો. પોતાના આગમન બદલ એ ખુલાસો કરવા ગયો. એ સ્ત્રીએ અનિચ્છાએ એને નિમંત્ર્યો. વેદનાથી વલોવાતા જીવે એ માણસ નાનકડા ગંદા ઓરડામાં બેઠો. એ વાતો કરવા મથતો રહ્યો. પણ પેલી બંને સ્ત્રીઓ એની સામે વિચિત્ર કતરાતી નજરે તાકતી જ રહી.

છેવટે ખચકાતાં ખચકાતાં એણે વિદાય લીધી. શહેર તરફ ચાલતાં અચાનક જ એને લાગ્યું કે એ ઘરડો થઈ ગયો હતો! ઉત્સાહ અને ખુશીથી ઊભરાતું એનું હૈયું શંકા અને ભયનું

માર્યું ઉદાસ થઈ ગયું હતું. આ એ જ ચહેરાઓ હતા જેને એ ઓળખતો નહોતો, એમને ક્યારેય જોયા ન હતા પણ એના હૃદયની બહુ નજીક હતા એ ચહેરા! હવે એ ચહેરાને નજીકથી જોયા અને જાણે કે એના સુંદર, સભર વિશ્વનો આનંદ આપનારો પેલો ખૂણો કાયમ માટે ખોવાઈ ગયો, હવે કદી એ ખૂણો એને પાછો મળવાનો ન હતો, દૂરથી ડુંગર રળિયામણા જેવી કહેવતમાં સમાઈ શકે એવો આ અવસાદ નથી. હૈયાના એક ખૂણામાં વર્ષોથી સંગોપી રાખેલા એક આખેઆખા વિશ્વના ખોવાઈ જવાની આ વાત છે. જિંદગીનાં વીસપચ્ચીસ વર્ષનું સેવેલું સપનું ખોવાઈ જવાનો અહીં અવસાદ છે. એક આખું પરિચિત, પોતીકું લાગતું વિશ્વ અચાનક જ અજાણ્યું બની ગયાનો અહીં ઓથાર છે. વાસ્તવિકતાના સ્પર્શે કલ્પનાના વિશ્વને વેરવિખેર કરી દીધું. દુઃખ, આપત્તિ, અકસ્માતોની જેને નવાઈ નથી એવા કઠણ હૈયાના માણસ માટે પણ આ આઘાત જીરવવો અઘરો હતો. આ કારમા આઘાત પછી શહેર બાજુ ડગલાં માંડતા નાયકનો અવસાદ વાચકને પણ ઘેરી વળે છે.

❑❑❑

સાભાર સ્વીકાર

* ઇમેજ પબ્લિકેશન્સ પ્રા.લિ. (૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨)નાં પ્રકાશનો : * વાત તારી ને મારી છે : જયશ્રી મરચંટ, પૃ. 82, કિં. રૂ. 100, પહેલી આવૃત્તિ - 2017. * લીલોછમ ટહુકો : જયશ્રી મરચંટ, પૃ. 72, કિં. રૂ. 100, પહેલી આવૃત્તિ - 2017. * સગપણ : ખલીલ ધનતેજવી, પૃ. 104, કિં. રૂ. 150, પહેલી આવૃત્તિ - 2017. * ભારતીય હીરાઉદ્યોગ એક ઝળહળતું પાસું : ડો. ઈંદુ રાવ, પૃ. 128, કિં. રૂ. 150, પહેલી આવૃત્તિ - 2017. * સાંવરિયો : ખલીલ ધનતેજવી, પૃ. 102, કિં. રૂ. 150, પહેલી આવૃત્તિ - 2017. * સિન્સયર્લી યોર્સ... : અજીતા ઈટાલિયા, પૃ. 126, કિં. રૂ. 500, પહેલી આવૃત્તિ - 2017. * નેચરોપેથીની સાથે જીવતા શીખો : ડો. નવીનચંદ્ર શાહ, પૃ. 166, કિં. રૂ. 200, પહેલી આવૃત્તિ - 2017. * ભારતીય હીરાઉદ્યોગ એક ઝળહળતું પાસું : ડો. ઈંદુ રાવ, પૃ. 128, કિં. રૂ. 200, પહેલી આવૃત્તિ - 2017. * ખોવાયેલો નાદ : કિશોર શાહ, પૃ. 80, કિં. રૂ. 100, પહેલી આવૃત્તિ - 2017.

* ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગરની આર્થિક સહાયથી પ્રકાશિત (પ્રકાશક : વિશ્વગાથા, સુરેન્દ્રનગર-363 002, ગુજરાત)નાં પ્રકાશન : * લિસોટા (લઘુકથા સંગ્રહ): લિયાકતહુસેન ધારાણી, પૃ. 135, કિં. રૂ. 150, પહેલી આવૃત્તિ - 2018.

વાલ્મીકિ રામાયણ

ઉત્તરકાંડ, સર્ગ - ૧૦૮

[૩૨૪]



किंचान्यद्वक्तुमिच्छामि राक्षसेन्द्र महाबल ।
आराधय जगन्नाथ मिक्ष्वाकुकुलदैवतम् ।।२७।।

(રામચંદ્રે વિભીષણને કહ્યું:) હે મહાબળવાન રાક્ષસરાજ! હું તને બીજું એ કહેવા માગું છું કે તું ઇક્ષ્વાકુકુળના કુળદેવતા જગન્નાથનું આરાધન કરજે.

आराधनीयमनिशं देवैरपि सवासवैः ।
तथेति प्रतिजग्राह रामवाक्यं विभीषणः ।
राजा राक्षसमुख्यानां राघवाज्ञामनुस्मरन् ।।२।।

ઇન્દ્ર સહિત સૌ દેવો જેની આરાધના કરે છે તેવા દેવ જગન્નાથ (વિષ્ણુ) ભગવાનની તું સદાય આરાધના કરજે. પ્રમુખ રાક્ષસગણોના રાજા વિભીષણે

રામચંદ્રની આજ્ઞાનો સ્વીકાર કરતાં કહ્યું કે ભલે, તેમ જ કરીશ.

तमेवमुक्त्वा काकुत्स्थो हनूमन्तमथाब्रवीत् ।
जीविते कृतबुद्धिस्त्वं मा प्रतिज्ञां वृथा कृथाः ।।२९।।

વિભીષણને આ મુજબ કહ્યા પછી કાકુત્સ્થ રામચંદ્રે હનુમાનને કહ્યું, 'તેં જે પ્રમાણે પ્રતિજ્ઞા પાળવાનો નિશ્ચય કર્યો છે તે પાળજે, તેને તું તારા જીવનમાં મિથ્યા કરીશ નહીં.'

मत्कथाः प्रचरिष्यन्ति यावल्लोके हरीश्वर ।
तावद्रमस्व सुप्रीतो मद्वाक्यमनुपालयन् ।।३०।।

હે વાનરાધીશ! આ લોકમાં જ્યાં સુધી મારી કથા પ્રવર્તતી રહેશે ત્યાં સુધી તું મારા વચનનું પાલન કરતાં કરતાં ખૂબ પ્રસન્ન થઈને (આનંદિત થઈને) રહેજે.

एवमुक्तस्तु हनुमान्राघवेण महात्मना ।
वाक्यं विज्ञापयामास परं हर्षमवाप च ।।३१।।

મહાત્મા રામચંદ્રે આમ કહ્યું ત્યારે હનુમાનને ખૂબ જ હર્ષ થયો અને તેણે આ પ્રમાણે કહ્યું.

यावत्तव कथा लोके विचरिष्यति पावनी ।
तावत्स्थास्यामि मेदिन्यां तवाज्ञामनुपालयन् ।।३२।।

જ્યાં સુધી આ લોકમાં પવિત્ર કરનારી તમારી કથા પ્રવર્તશે ત્યાં સુધી તમારી આજ્ઞાનું પાલન કરતાં કરતાં હું આ પૃથ્વી પર રહીશ.

यावत्कलिश्च सम्प्राप्तस्तावज्जीवत सर्वदा ।
जाम्बवन्तं तथोक्त्वा तु वृद्धं ब्रह्मसुतं तदा ।
मैन्दं च द्विविदं चैव पञ्च जाम्बवता सह ।।३३।।

બ્રહ્માના વૃદ્ધ પુત્ર જાંબવંત, મૈન્દ, દ્વિવિદ અને વિભીષણ તેમ જ હનુમાન

-- આ પાંચેય જણાને ઉદ્દેશીને રામચંદ્રે કહ્યું, જ્યાં સુધી કળિયુગ નહીં આવે ત્યાં સુધી તમે (પાંચેય) સદા જીવંત રહેવાના છો.

तदेवमुक्त्वा काकुत्स्थः सर्वांस्तानृक्षवानरान् ।
उवाच बाढं गच्छध्वं मया सार्धं यथोदितम् ।।३४।।

તે પાંચેયને આમ કહ્યા પછી રામચંદ્રે સૌ રીંછ અને વાનરોને કહ્યું, 'સારું, જેમ તમે કહ્યું હતું તેમ (તમે) સૌ મારી સાથે ચાલો.'

(સર્ગ - ૧૦૯)

प्रभातायां तु शर्वर्यां पृथुवक्षा महायशाः ।
रामः कमलपत्राक्षः पुरोधसमथाब्रवीत् ।।१।।

રાત વીત્યે સવાર પડતાં જ વિશાળ છાતીવાળા, કમળપત્ર જેવા નયનવાળા અને મહાયશસ્વી રામચંદ્રે પુરોહિતને કહ્યું.

अग्निहोत्रं व्रजत्वग्रे दीप्यमानं सह द्विजैः ।
वाजपेयातपत्रं च शोभमानं महापथे ।।२।।

બ્રાહ્મણોની સાથે પ્રદીપ્ત અગ્નિહોત્રનો અગ્નિ મારી સામે પ્રજ્વલિત કરાવો. મોટા માર્ગ પર શોભાયમાન એવું વાજપેય-છત્ર મારી આગળ આગળ ચાલે એવી વ્યવસ્થા કરાવો.

ततो वसिष्ठस्तेजस्वी सर्वं निरवशेषतः ।
चकार विधिवद्धर्मं माहाप्रास्थानिकं विधिम् ।।३।।

પછી તેજસ્વી વસિષ્ઠ મુનિએ મહાપ્રસ્થાનને લગતાં વિધિ-વિધાન અને સઘળી સામગ્રીની ધર્માનુસાર સર્વ વ્યવસ્થા નિઃશેષપણે (પૂર્ણપણે) પૂરી કરી લીધી.

ततः सूक्ष्माम्बरधरो ब्रह्ममावर्तयन् परम् ।
कुशान् गृहीत्वा पाणिभ्यां सरयूं प्रययावथ ।।४।।

પછી ઝીણું વસ્ત્ર પહેરીને, બંને હાથમાં દર્ભ લઈને, અને પરબ્રહ્મનું નામ

લેતાં લેતાં રામચંદ્ર સરયૂનદીના તીરે ગયા.

अव्याहरन् क्वचित्किंचिन्निश्चेष्टो निःसुखः पथि ।
निर्जगाम गृहात्तस्माद्दीप्यमानो यथांशुमान् ।।५।।

ઝળહળતા સૂર્ય જેવા રામચંદ્ર બીજું કંઈ પણ બોલ્યા વગર, ઇન્દ્રિયોની કોઈ પણ બીજી ચેષ્ટા વિના અને સર્વ સુખને છોડીને ઘરમાંથી નીકળીને તે માર્ગ પર ચાલી નીકળ્યા.

रामस्य दक्षिणे पार्श्वे पद्मा श्रीः समुपाश्रिता ।
स्वयेऽपि च मही देवी व्यवसायस्तथाग्रतः ।।६।।

ત્યારે રામચંદ્રની જમણી બાજુએ હાથમાં કમળ લઈને લક્ષ્મીદેવી ચાલતી હતી અને ડાબી બાજુએ ભૂમિદેવી ચાલતી હતી. તેમની આગળ સંહાર શક્તિ ચાલતી હતી.

शरा नानाविधाश्चापि धनुरायत्तमुत्तमम् ।
तथायुधाश्च ते सर्वे ययुः पुरुषविग्रहाः ।।७।।

અનેક પ્રકારનાં બાણ, તૈયાર કરેલું ધનુષ અને બીજાં સૌ આયુધો પણ મનુષ્યદેહ ધારણ કરીને રામચંદ્રની સાથે સાથે ચાલતાં હતાં.

वेदाः ब्राह्मणरुपेण गायत्री सर्वरक्षिणी ।
ओङ्कारोऽथ वषट्कारः सर्वे राममनुव्रताः ।।८।।

બ્રાહ્મણરૂપધારી વેદો, સૌની રક્ષા કરનારી ગાયત્રી, ૐકાર, વષટ્કાર --- એ સૌ પણ રામચંદ્રની પાછળ પાછળ ચાલતાં હતાં.



[સ્ટાન્ડર્ડ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ૫૯, આર્કેડ બિલ્ડિંગ, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, કફ પરેડ, મુંબઈ-5ના સૌજન્યથી]

[પૃ. 44થી ચાલુ]

સંઘર્ષ પડે છે એ સંઘર્ષનો બધો અપયશ મહાત્મા ગાંધીને જાય છે. મને એમ થયા કરે છે કે લોકોને એવી ટેવ પડી ગઈ છે કે આત્મકથા આવે એટલે ગાંધીના માપદંડથી જ એને મૂલવવી. આને કારણે કેટલાય આત્મકથાલેખકો આત્મકથા લખવાનું માંડવાળ કરે છે. મેં પણ ખાસા સમય સુધી આત્મકથા લખવાનું માંડી વાળેલું. એક જમાનામાં ચંદ્રકાંત બક્ષીએ મને કહેલ કે - ગુણવંતભાઈ, આત્મકથા લખો. મેં કહ્યું- મારો વિચાર નથી. મારો વિચાર નથી એમ જ્યારે કહ્યું, તો એ જવાબની પાછળ ગાંધીજી જવાબદાર છે. અત્યારે હું બીજો ભાગ લખી રહ્યો છું. એ ભાગમાં લખતી વખતે પણ મને સતત એવું લાગ્યા કરે છે કે ગાંધીજીની આત્મકથાનું જો કોષ્ટક વાપરું તો ક્યાંય નહીં પહોંચું. એનો અર્થ એ થયો કે કોઈ સામાન્ય કક્ષાનો મારા જેવો માણસ આત્મકથા લખવાનું સાહસ કરી જ ન શકે. ગાંધીજી જે પ્રેરણા મને નથી આપતા આત્મકથા લખવા માટે અથવા આપે છે તે એટલી ઊંચી છે કે મને પચતી નથી. એ પ્રેરણા મને ખુશવંતસિંહે આપી. તેમની આત્મકથા વાંચી મને થયું કે મારે આત્મકથા લખતી વખતે થોડી પ્રેરણા ખુશવંતસિંહ પાસેથી પણ લેવી પડશે. જ્યારે ગાંધીજી તો એવી પ્રેરણા આપે છે કે હું લખી જ ન શકું. તો ગાંધીજીની આત્મકથાએ સાહિત્યને મોટામાં મોટું નુકસાન પહોંચાડ્યું. આ મારો આક્ષેપ છે. આક્ષેપ એટલા માટે કે એમણે એવું મોટું ઉદાહરણ મૂકી દીધું કે - તું નહીં લખ, ભાઈ, આટલી ઊંચાઈ આત્મકથાની હોઈ શકે. એટલે પેલાને તમ્મર આવી જાય. બિચારો ચક્કર ખાઈને નીચે પડે. એવું જ મારે અત્યારે થઈ રહ્યું છે. હું ગાંધીજી પાસેથી જે શીખ્યો એ એટલું શીખ્યો છું. મેં મારી પ્રસ્તાવના લખી છે તેમાં ગાંધીજીની આ હકીકત લખી છે. મારી આત્મકથામાં જે નથી કહેવા યોગ્ય, તે મેં નથી લખ્યું. એટલી બાબતમાં મેં ગાંધીજીને બાજુએ રાખ્યા છે. બધું જ જો કહેવા જાઉં તો જીવવાનું અશક્ય, મુશ્કેલ બની જાય તેમ છે. મારાં સમણાંની જો કોઈ વિડિયો ટેપ પ્રગટ કરે તો હું એકપણ પ્રવચન કરી શકું તેમ નથી. મેં મારાં પ્રવચનોની શરૂઆતમાં જ આ વાતો કહી છે કે મારાં સમણાંની વિડિયો ટેપ જો તમને જોવા મળે તો તમે અહીંયાં એક જણ પણ હાજર નહીં રહો. તો મેં મારી આત્મકથાની પ્રસ્તાવનામાં સ્પષ્ટપણે લખ્યું છે કે કેટલીય ન કહેવા જેવી, છુપાવવા જેવી વાતો છુપાવી છે. પણ જે લખી છે તેમાં સત્ય સાથે કોઈ બાંધછોડ કરી નથી. મેં લખી છે તેમાં ક્યાંય કોઈ અસત્ય નથી. આટલું હું કરી શક્યો છું. પણ ખુલ્લી કિતાબ જેવું જીવન-એ ગાંધીની જે વાત છે તે હું પચાવી શક્યો નથી. અને આ જન્મમાં એ શક્ય નથી. તો આવી સ્પષ્ટતા સાથે

મેં મારી આત્મકથાની પ્રસ્તાવના લખી છે. એ પ્રસ્તાવના પણ એવી લખી છે કે ગાંધીજી પણ વાંચે તો રાજી થાય.

પ્ર.: આમાંથી ઘણા પ્રશ્નો ઊભા થાય છે. પણ અમને તો તમારા વૈચારિક વિકાસમાં રસ છે. તમે અમેરિકા અને અન્ય દેશોની અનેક યુનિવર્સિટીઓ જોઈ છે. તો તેમાંથી શું શ્રેષ્ઠ લાગ્યું એ એક વાત, તેનો તમે શું અમલ કરી શક્યા એ બીજી વાત અને તેનાં કોઈ પરિણામ દેખાયાં કે નહીં, એ ત્રીજી વાત.

ઉ.: પરદેશની બે યુનિવર્સિટીઓમાં પ્રોફેસર તરીકે કામ કરવાની તક મળી. એક તક તો બહુ નાનો હતો ત્યારે, 21 વર્ષની ઉંમરે, મિશિગન યુનિવર્સિટીમાં પ્રોફેસર બન્યો. એ દિવસો તો શીખવાના દિવસો હતા. અને શીખવાના દિવસોનો કોઈ અંત નથી હોતો. પણ નવું નવું શીખવવામાં યુવાની પણ મોટો ભાગ ભજવે છે. પછી તમે થોડા પરિપક્વ થાવ છો એટલે શીખવાની માત્રા ઘટે છે અને શીખવવાની માત્રા વધે છે. તો, યુનિવર્સિટી ઓફ મિશિગનમાં હતો ત્યારે મને એક વાત શીખવા મળી કે જે વિદ્યાર્થી લાઈબ્રેરીમાં જતો ન હોય, એ લાઈબ્રેરીમાં જતો થઈ જાય અને કલાકો ગાળતો થઈ જાય એવું એ શિક્ષણ પ્રથામાં કંઈક હતું. એ વિદ્યાર્થી રાત જાગીને, પોતાને મળેલ એસાઈન્મેન્ટ પૂરાં કરે અને બીજે દિવસે એને સબમિટ કરે. તેને એ લોકો સબમિશન કહે છે. એવું સબમિશન પહેલા દિવસથી જ શરૂ થઈ જાય એવું કંઈક આ પ્રથામાં હતું. બીજી વાત એ કે ક્લાસની અંદર પેલો ઊભો રહીને ભણાવ ભણાવ કરે એને બદલે, ખાસ તો અનુસ્નાતક કક્ષાએ, કેવળ ચર્ચા દ્વારા અને સાદી વાતચીત દ્વારા શિક્ષણ થતું રહે એનો અનુભવ પણ મેં મેળવ્યો. અને મેં પણ એવી પ્રથા શરૂ કરી કે હવામાનથી શરૂ કરે કે આજે હવામાન બહુ ખરાબ છે - પછી ત્યાંથી શરૂ કરી એ લોકો એવી ઊંચી વાત કરે અને વિદ્યાર્થીઓ પાસેથી કઢાવે બધું. વિદ્યાર્થીઓ પણ પ્રગટ થતા જાય અને બીજા લોકોને પણ એન્રીચમેન્ટનો - સમૃદ્ધ થઈ રહ્યા હોય તેવો - અનુભવ થાય. વર્ગમાં આવું વાતાવરણ ઊભું કરીને ચર્ચા જગાવવી અને બે કલાક સુધી ચર્ચા ચલાવવી અને ચર્ચાને અંતે બધા લોકો સમૃદ્ધ થઈને જાય એ હું મિશિગન યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે પણ શીખ્યો. આ એક વાત. બીજી વાર ગયો ત્યારે પણ આ જ વાતાવરણમાં ગયો. હું સુરતમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં, શિક્ષણ વિભાગનો અધ્યક્ષ અને પ્રોફેસર બન્યો ત્યારે મેં પહેલા જ દિવસથી એનો કાર્યક્રમ બદલી નાખ્યો. પહેલાં તો યુનિવર્સિટી લાઈબ્રેરીની મુલાકાત અને એ મુલાકાતમાં શિક્ષણ

ઉપરનાં બધાં જ પુસ્તકો લાઈબ્રેરીમાં ક્યાં ક્યાં આવેલાં છે એ કબાટોની કુંજગલીમાં ફરીને બતાવું. અમે બધા પ્રાધ્યાપકો વિદ્યાર્થીઓને સાથે લઈને જઈએ અને એ પુસ્તકો બતાવી કહીએ કે તમારે અહીં આવવાનું છે. પછી તે જ દિવસે આખા વર્ષના સ્વાધ્યાયના એસાઈન્મેન્ટનાં પાનાં આપી દેતા હતા. તો પહેલું એસાઈન્મેન્ટ આવતું કે તમારો જે વિષય છે, ફિલોસોફી ઓફ એજ્યુકેશન, તેનાં પુસ્તકોની યાદી તમે બનાવો. એટલે એ યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં ફરજિયાત જતો થઈ જાય. તેણે પુસ્તકોનો સહવાસ કરવો જ પડે. પછી અમે પ્રશ્નો પૂછતા કે ફલાણા પુસ્તકમાં જોઈને પાના નંબર 15થી 60 વાંચો અને તેના પરથી નીચેના જવાબો આપો. એટલે સુધી અમે કરતા થયા. એ સ્વાધ્યાયની નોટ - જેમ સાયન્સના વિદ્યાર્થીની જનરલ હોય તેવી - છપાવીને વહેંચી. આ જાતની સબમિશનની પ્રથાનો મેં સુરતમાં અમલ કરાવ્યો. તેના એટલા બધા ફાયદા જણાયા કે ના પૂછો વાત. પછી ટ્યુટોરિયલ પીરિયડ આવતો એમાં એક વિદ્યાર્થીને આગળથી કહી દેવામાં આવે કે તારે આ વિષય પર તૈયાર થઈને બોલવાનું છે અને અમે તેની ચર્ચા કરશું. તેનો પણ અમલ થયો. અમારા એમ.એડ.ના વર્ગમાં આચાર્યો ઘણા હતા. એટલે જે હું કરી શક્યો તે અંડર ગ્રેજ્યુએટ લેવલ પર કેટલું થઈ શકે તેનો મને ખ્યાલ નથી, પણ અનુસ્નાતક કક્ષાએ શું થઈ શકે એના બધા પ્રયોગો મેં કર્યા. તેમાં વિદ્યાર્થીઓને ખૂબ ફાયદા થયા. તો આ અમેરિકન યુનિવર્સિટીની અસર હતી.

પ્ર.: ગુણવંતભાઈ, તમે વડોદરા, સુરત, ચેન્નાઈ અને મુંબઈ- ચાર જગ્યાએ કામ કર્યું. આ ચાર જગ્યામાંથી કઈ જગ્યાએ કામ કરવાની મજા આવી? શા માટે મજા આવી?

ઉ.: વધારેમાં વધારે મજા મને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આવી. મારે કહેવું જોઈએ કે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ મને જે ફ્રીડમ આપ્યું તેવું ફ્રીડમ ભારતની કોઈ યુનિવર્સિટીમાં પ્રોફેસરને મળતું હશે કે કેમ તે પ્રશ્ન છે. વધારેમાં વધારે સર્જનાત્મક કામ કરવાની તક મને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ આપી કારણ કે તમે સિનિયર હો ત્યારે થોડું વધારે ફ્રીડમ મેળવો છો. હું બરોડામાં હતો ત્યારે સિનિયર ન હતો. રીડર બન્યો ત્યારે મારા બધા જ શિક્ષકોને વટાવીને હું રીડર બની ગયો હતો. એટલે એ બધા દુઃખી હતા. દુઃખી હતા તેમાં તેમનો કોઈ વાંક ન હતો. જે જે લોકોએ મને ભણાવ્યો હતો, તે લોકો લેક્ચરર તરીકે રહ્યા અને હું રાતોરાત રીડર બની ગયો. મને તો એટલે સુધી યાદ છે, હરેશભાઈ, કે એક વાર ગ્રુપ ફોટોનું

સેશન હતું, હજી એ ફોટો ફેકલ્ટીમાં જાવ તો મળે, એમાં મારે ડીન પાસે બેસવાનું હતું. એ જગ્યા છોડી હું છેક સાતમો-આઠમો બેઠેલો, કારણ કે મારા ગુરુજીઓને મેં આગળ કરેલા. એ સાલ મને બરોબર યાદ છે. 1971 કે 72ની સાલ હતી. સ્ટાફના બધા ફોટા ત્યાં ગોઠવાયેલા છે. તે વખતે મારા શિક્ષકોને ખોટું ન લાગે એટલે હું છેક છેડે બેઠેલો અને તેમને આગળ બેસાડેલા. એમ કહીને કે સાહેબ, તમે હો પછી મારાથી અહીં બેસાય? આમ કહીને મેં મારી ઇજ્જત જાળવી લીધેલી.

પ્ર.: ગુણવંતભાઈ, શિક્ષણના એટલા પ્રશ્નો છે કે કલાકો ખૂટે તેમ નથી. પણ સમયની મનાઈ છે એટલે થોડા સાહિત્યના પ્રશ્નો પૂછું. તમે નવલકથા, કવિતા અને નિબંધ એ ત્રણેય સાહિત્ય સ્વરૂપોની સાધના કરી છે. પણ એમાં નવલકથાની આવરદા સૌથી ટૂંકી રહી તેનું શું કારણ?

ઉ.: મેં પોતે જ એવો નિર્ણય લીધો કે નવલકથાનું ક્ષેત્ર એ મારી 'હોમ પિચ' નથી. એટલે મેં ત્રણ નવલકથાઓ લખી. નવલકથા લખી, પણ મને એવો અનુભવ થયો કે આમાં હું જે શક્તિઓ વાપરું છું એના કરતાં મને જે ફાવે છે એમાં વાપરું તો વધારે સારું. ત્રણ નવલકથા પ્રગટ થઈ પછી મેં નિશ્ચય કર્યો કે હવે નવલકથા લખવાનું બંધ. મને ફાવટ આવતી નથી, કારણ કે મેં નવલકથાઓ ઓછી વાંચી છે. મને નિબંધનું સ્વરૂપ વધારેમાં વધારે ફાવ્યું છે. આજે 14 નિબંધસંગ્રહો પ્રગટ થયા છે. 'કાર્ડિયોગ્રામ'ની કુલ બાર આવૃત્તિ થઈ છે. નિબંધસંગ્રહની બાર આવૃત્તિ થાય અને લગભગ 13000 નકલો ખપે એવું સાંભળ્યું નહીં હોય. 'કાર્ડિયોગ્રામ'એ બધા વિક્રમો તોડ્યા. મને એમ લાગ્યું કે મારું ક્ષેત્ર નિબંધ લેખનનું છે. પછી ભાષ્યો શરૂ થયાં. એમાં પણ મને ફાવટ આવી છે, કારણ કે એ નિબંધનું જે એક વિસ્તરણ હોય એવો અનુભવ મને થયો છે. એટલે નવલકથા લખવી એ મારી કુશળતાની વાત નથી એવો સ્વીકાર કરવામાં મને બહુ વાર લાગી નથી. એટલે એ ટૂંકો ગાળો રહ્યો.

પ્ર.: ગુણવંતભાઈ, તમારા નિબંધો છે એ લોકશિક્ષણ ટાઈપના બનતા ગયા છે. તો આ ઘટના સહજ બની છે કે હેતુપૂર્વકની બની છે? અને જો હેતુપૂર્વકની બની હોય, સભાનતાપૂર્વક જો લોકશિક્ષણનું કામ કરતા હો, તો સાહિત્યનો શુદ્ધ અને નિર્ભેળ આનંદ તેમાં મળી શકે ખરો?

ઉ.: આ બહુ પેચીદો પ્રશ્ન છે. તમે જે નિબંધોની વાત કરો છો, તેમાં હું રાજકારણ પર લખું છું તેનો પણ અંશ હોય એમ તમારા પ્રશ્ન પરથી લાગે છે. મારા નિબંધસંગ્રહમાં જે નિબંધો પ્રગટ થાય છે એમાં કોઈ પણ દિવસ આવા નિબંધોને સ્થાન મળતું નથી. દા.ત. હું

સેક્યુલરિઝમની સમસ્યા પર લખું તો મારા નિબંધસંગ્રહમાં એનું સ્થાન નથી આવતું. એટલે નિબંધસંગ્રહમાં તો હું મારી સર્જનાત્મકતાને જ મહત્ત્વ આપું છું. મહત્ત્વ નહીં, એકમાત્ર એવા જ નિબંધો લઉં છું જેમાં સર્જનાત્મકતા જ હોય. કોઈ શિક્ષકત્વ પણ ન હોય. કિશનસિંહ ચાવડાએ લખેલું - મારી પ્રસ્તાવનામાં પણ છે કે - તમારા નિબંધો વાંચતાં ઉપદેશ થતો હોય તેવું જરા પણ લાગતું નથી. એ ખૂબી છે અને હું પણ પોતે ઉપદેશની વિરુદ્ધ છું. પણ નિબંધમાં જ્યારે સર્જનાત્મકતા હોય, ત્યારે ઉપદેશ આપોઆપ ખરી પડે અને શિક્ષણ નામની ચીજ પણ ખરી પડે. મારા કોઈ પણ નિબંધસંગ્રહમાં ઉપદેશનો ભાવ કે શિક્ષણનો ભાવ નહીં જુઓ. કોઈ એકાદ ભૂલથી આવી ગયો હોય તો જુદી વાત છે. પણ એક કટારલેખન ચાલે છે તેમાં ક્યારેક રાજકીય અને સામાજિક બાબતો આવે છે એમાં એક લોકશિક્ષક તરીકે (લખું છું) હું તમને કહું કે ભાષ્યકાર તરીકે પણ અંતે તો હું શિક્ષક જ રહ્યો છું. એટલે નિબંધ લેખનના ક્ષેત્રમાં મારી ભીતર બેઠેલા શિક્ષકને હું શાંત રાખવાનો પ્રયત્ન કરું છું. એ તમે નિબંધસંગ્રહ જોશો તો ખ્યાલ આવશે.

પ્ર.: એક સવાલ પૂછવાનું મન થાય છે અને બીક પણ લાગે છે. અને તેનો જવાબ બહુ લાંબો હશે, પણ એક જ મિનિટમાં આવી જાય તેવો જવાબ દેજો કે તમારાં લખાણોમાંથી કોઈ વાર તમે રાજકીય નેતા કે સાધુસંતો તરફ ઢળતા દેખાવ છો તો એમાં એ વખતે તટસ્થતા કે રેશનાલિટી તૂટી છે ખરી?

ઉ.: તૂટવાનો સવાલ જ નથી. મેં આદરણીય મોરારિબાપુ વિશે પણ નકારાત્મક અને હકારાત્મક બન્ને લખ્યું છે. હવે મોરારિબાપુ વિશે લખતી વખતે જો આટલો સ્વતંત્ર મિજાજ પ્રગટ કરી શકું તો રાજકારણીઓ અંગે પ્રગટ કરવામાં તો મને કંઈ લાગતું નથી, કારણ કે મારે કશું લેવાનું નથી. હું નિવૃત્ત થયો ત્યારે નક્કી કરેલું કે હવે હું જવાબ આપવા માત્ર ભગવાનને જ બંધાયેલ છું. આ દુનિયામાં કોઈ માણસને જવાબ આપવા હું બંધાયેલ નથી. આટલા મિજાજથી લખ્યું તેથી તો હું અનેકોને નારાજ કરી શક્યો. મોરારિબાપુ નારાજ થાય એવું પણ મેં લખ્યું છે છતાં અમારો સંબંધ ટકી રહ્યો છે એ મોરારિબાપુની મહાનતા સૂચવે છે. એ લેખ જાણીતો છે. લોકોએ વાંચ્યો છે. બાપુને પણ કેટલાક લોકોએ કહેલું કે જુઓ, આવું લખે છે. બાપુએ પણ એટલી જ ઉદારતાપૂર્વક કહી દીધું કે ગુણવંતભાઈ, એમાં તમારે કોઈ દિવસ કરકસર કરવી નહીં. અને કદાચ તૂટી ગયો હોત તો મને એનું દુઃખ ન હોત એટલું પણ કહી દઉં.

પ્ર.ઃ છેલ્લો સવાલ. તમે એક અદ્ભુત વાચક છો. થોડાં પુસ્તકોનાં નામ પણ આપ્યાં. પણ એ બધાં પુસ્તકો તો જૂનાં હતાં. અત્યારે છેલ્લા થોડા સમયથી તમે જે ઉત્તમ પુસ્તકો વાંચ્યાં છે તેમાંથી કયાં પુસ્તકો તમને ગમ્યાં છે અને કયાં પુસ્તકો વાંચવાની સલાહ આપી શકો?

ઉ.ઃ મને ફિલસૂફીનાં પુસ્તકો વધારે ગમે છે. ખાસ કરીને વીલ ડુરાં મારો પ્રિય લેખક છે. ફ્રિટજોફ કાપ્રા પણ મારો પ્રિય લેખક છે. આ યાદી અટકે તેમ નથી. આ યાદી બહુ લાંબી છે. પણ અત્યારે મારા હાથમાં ફિલસૂફીનું કોઈ પુસ્તક આવે તો એને પહેલી પસંદગી મળે છે અને તેની યાદી અત્યારે પ્રગટ કરવી યોગ્ય નથી, કારણ કે આપણા બન્ને પાસે સમય નથી. પણ હું એટલું કહીશ કે મને ચિંતનાત્મક સાહિત્ય વધુ ગમે છે. અને બાકીનું જે ફુસફુસ હોય, એ હું વાંચી શકતો જ નથી. હવે મને તરબૂચનો લાલ ભાગ મંજૂર છે. તરબૂચના સફેદ ભાગ સાથે મારે કોઈ લેવાદેવા નથી. હું શ્રેષ્ઠ વાંચવા માગું છું. જે મને પ્રેરી ન શકે એમાં હું મારો સમય વેડફવા માગતો નથી.

પ્ર.ઃ આજે વીતી ગયેલા જીવન તરફ તમે નજર કરો છો અને જીવનના વિવિધ તબક્કાઓ પર નજર કરો છો તો તેમાં કોઈ પેટર્ન દેખાય છે? અને જો એ પેટર્ન હોય તો તે યોગ્ય થઈ હોય તેવું લાગે છે? કે ક્યાંય પસ્તાવાની ભાવના થાય છે?

ઉ.ઃ પસ્તાવાની ભાવના જેવું કંઈ નથી. પેટર્નની વાત કરો છો તો મને એમ થાય છે કે ગઈ કાલે હતો તે હું આજે નથી. હું મારા જીવનને એક એક દિવસ મળેલો છું. તે કીમતી છે એમ માનીને મારા દિવસોનો અને કલાકોનો ઉપયોગ કરનારો માણસ છું, કારણ કે હું એમ માનું છું કે ભગવાન જ્યારે પણ માણસને પૃથ્વી પર મોકલે છે ત્યારે કાનમાં હોમવર્ક સોંપીને મોકલે છે. મને મારું હોમવર્ક બરાબર જડી ગયું છે. ભગવાન તો હોમવર્ક આપીને મોકલે છે, પણ માણસ પૃથ્વી પર આવ્યા પછી આ હોમવર્ક મળ્યું છે, કયું મળ્યું છે, એ બધું ભૂલી જાય છે. હું કોઈ પણ જાતની આત્મશ્લાઘા વગર કે એવી કોઈ પાપગ્રંથિ વગર એટલું કહેવા માગું છું કે મને ભગવાને જે હોમવર્ક આપ્યું એ હોમવર્ક એક નિષ્ઠાવંત નિશાળિયા તરીકે પૂરું કરવામાં હું કોઈ કસર છોડતો નથી. અને જે દિવસે મૃત્યુ આવે તે દિવસે હું સંતોષપૂર્વક મૃત્યુને ભેટવા માગું છું, કારણ કે મેં મારું હોમવર્ક પૂરું કરવાનો પ્રયત્ન નિષ્ઠાવંત રીતે કર્યો છે. આનાથી વધારે મારે શું કહેવું?

પ્ર.ઃ સમય પૂરો થયો છે ગુણવંતભાઈ, એટલે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. ધન્યવાદ.

ઉ.ઃ સમય પૂરો નથી થયો. મૃત્યુ આવે ત્યારે જ કહેવાય કે સમય પૂરો થયો.

❑❑❑

અક્ષરની ઓળખાણ

□ ડૉ. પ્રજ્ઞા શુક્લ



વિશ્વાસનું એવરેસ્ટઃ (રેલવેના પાટાથી એવરેસ્ટ સુધીની રોમાંચક કથા) અરુણિમા સિન્હા, ભાવાનુવાદ : સુધા મહેતા, ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ, પૃ. 146, રૂ. 150, પ્રથમ આવૃત્તિ 2018.

'જ્યાં ચાહ ત્યાં રાહ'ની ઉક્તિનું સાકાર સ્વરૂપ એટલે અરુણિમા સિન્હા. 11મી એપ્રિલ 2011ના રોજ અરુણિમા રાત્રે નવ વાગ્યે લખનઉ સ્ટેશનથી પદ્માવત એક્સપ્રેસમાં મુસાફરીની શરૂઆત કરે છે અને મધરાતે લૂંટફાટ કરવા આવેલા દારૂના નશામાં ધૂત લૂંટારાઓનો સામનો કરવા છતાં એક લૂંટારુંની લાતથી તે ચાલતી ટ્રેને રેલવેના પાટા પર જઈ પડે છે. તેના પગ ઉપરથી ટ્રેન ચાલી ગઈ અને રાતના એક વાગ્યાથી સવારે સાત વાગ્યા સુધી તે ત્યાં જ પડી રહી. આ જ અરુણિમાએ 21મી મે 2013ના દિવસે માઉન્ટ એવરેસ્ટના શિખર પર ભારતનો ધ્વજ લહેરાવ્યો.

પિતા દ્વારા વારસામાં મળેલા સાહસ, સંકલ્પશક્તિ, પુરુષાર્થ જેવા ગુણો અને માતા દ્વારા ધીરજ, સહનશીલતા, ભક્તિ અને શ્રદ્ધા જેવા ગુણોએ અરુણિમાને અસાધારણ સફળતા આપી.

અરુણિમાની આ રોમાંચક કથા સ્ત્રીઓ, વિદ્યાર્થીઓ અને દિવ્યાંગોને પ્રેરણા આપે છે. જો મનુષ્યમાં જિજીવિષા હોય તો જીવનની કોઈ મુશ્કેલી, શંકા-કુશંકા એને રોકી શકતી નથી. અરુણિમાની કથા રોમાંચક, પ્રેરણાદાયી અને સ્વામી વિવેકાનંદના સંદેશનું વ્યાવહારિક નિરૂપણ છે. દરેકે વાંચવા જેવું પુસ્તક.

❑

ઓ હેન્રીનો વાર્તાવૈભવ : રૂપાંતર : હરિત પંડ્યા, પ્રકાશકઃ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-380001. પૃ. 118, રૂ. 150. પ્રથમ આવૃત્તિ-2019.

પ્રસિદ્ધ અમેરિકન વાર્તાકાર ઓ હેન્રીએ કુલ 287 વાર્તાઓ લખી. એની વાર્તાઓ વિશ્વભરની અનેક ભાષાઓમાં રૂપાંતરિત થઈને સંસારના અનેક હૃદયને સ્પર્શી ગઈ.



'ઓ હેન્રીનો વાર્તાવૈભવ' પુસ્તકમાં હરિત પંડ્યાએ ખાસ પસંદ કરેલી 15 વાર્તાઓ છે. ઓ હેન્રીની વાર્તાઓના કેન્દ્રમાં માણસ હોય છે. એની વાર્તાઓમાં વંચિતોની વ્યથા અને વિતકોને વાચા મળે છે. લેખકને અકિંચનો માટે હમદર્દી છે એ એની વાર્તાઓમાં પ્રતિબિંબત થાય છે. એની દરેક વાર્તાનો અંત ચોટદાર અને ચમત્કારી હોય છે.

આ વાર્તાસંગ્રહમાં સમાવેલી વાર્તાઓમાં વિષયોનું વૈવિધ્ય અને નિરૂપણ જોવા મળે છે. હરિત પંડ્યાના આ પુસ્તક દ્વારા ઓ હેન્રીની વાર્તાઓને અનેક સામયિકોમાં વાંચવા છતાં ફરી એક વાર એક સાથે વાંચવાનો આનંદ પ્રાપ્ત થાય છે.

❑

ગઝલનું પરિશીલન : હનીફ સાહિલ, પ્રણવ પ્રકાશન, અમદાવાદ-380 001. પૃ. 114, રૂ. 110, પ્રથમ આવૃત્તિ-2017.



અનેક ઉર્દૂ-ગુજરાતી ગઝલ સંગ્રહના કવિ અને પારિતોષિકો પ્રાપ્ત હનીફ સાહિલનું પુસ્તક 'ગઝલનું પરિશીલન' કવિના અનેક વર્ષોના સંશોધનના સારરૂપ છે.

આ પુસ્તકમાં 1થી 11 લેખોમાં ગઝલની પૃષ્ઠભૂમિ, ઈશ્ક-આશિક અને માશૂક, ગઝલમાં પ્રતીકયોજના, એકલતાની અનુભૂતિ અને અસ્તિત્વવાદ વિશે વિસ્તારથી નિરૂપણની સાથે ગઝલનો બદલાતો પરિવેશ, મુશાયરા પ્રવૃત્તિ અને સમકાલીન ઉર્દૂ ગઝલ વિષયક લેખો છે. અનેક ઉર્દૂ પુસ્તકોનો અભ્યાસ કરીને જિગર મુરાદાબાદીથી પરવીન શાકિર સુધીના ગઝલકારોનો પરિચય તેમના વિષયોને અનુરૂપ શેરના દૃષ્ટાંત સાથે ત્યાર પછીના આલેખોમાં પ્રસ્તુત કર્યો છે.

ગઝલ સાહિત્યના અભ્યાસુઓ અને અન્ય વાચકોની સમજ માટે ઉર્દૂ શબ્દોના ગુજરાતી અર્થ અને સંદર્ભ પુસ્તકોની સૂચિને કારણે પુસ્તકના લેખકનો વિચારક અને ચિંતક તરીકે પરિચય મળે છે.

ગઝલમર્મીઓએ માણવા જેવું પુસ્તક.

❑



ચિત્રાંગદા : રવીન્દ્રનાથ ઠાકુર, અનુવાદઃ નિરંજન ભગત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-380 001. પૃ. 100, રૂ. 300, બીજી સંવર્ધિત આવૃત્તિ-2019.

'ચિત્રાંગદા' કવિવર રવીન્દ્રનાથની એક અપૂર્વ સુંદર નાટ્યકૃતિ છે. રવીન્દ્રનાથે 45 વર્ષના સમયગાળામાં ત્રણ વિવિધ શૈલીમાં એની પ્રસ્તુતિ કરી હતી. 'ચિત્રાંગદા'નો પ્રથમ ગુજરાતી પદ્યાનુવાદ કવિ નિરંજન ભગતે રવીન્દ્રનાથ શતાબ્દીના વર્ષ 1961માં કર્યો હતો.

આ પુસ્તક નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ચિત્રાંગદાની બીજી સંવર્ધિત આવૃત્તિ છે. આ પુસ્તકનું મહત્ત્વ એમાં સમાવિષ્ટ અનેક બાબતોથી ખૂબ વધી જાય છે. આમાં ચિત્રાંગદાનો મૂળ બંગાળી પાઠ ગુજરાતી લિપિમાં અને એની સામે નિરંજન ભગતનો અનુવાદ, ઉમાશંકર જોષીનું પ્રવેશક, ભોળાભાઈ પટેલની આ અનુવાદની સમીક્ષા 'સમશ્લોકી ચિત્રાંગદા', નિરંજન ભગતે આપેલાં બે દીર્ઘ વ્યાખ્યાનો - એક અંગ્રેજી અને બીજું ગુજરાતીનો આધાર લઈને તૈયાર કરવામાં આવેલો લેખ, 'ચિત્રાંગદાઃ નિરંજન ભગતની કેફિયત' ઉપરાંત નિરંજન ભગતની અંગત નોંધ સાથેની ચિત્રાંગદાની 1965ની આવૃત્તિની પ્રતિકૃતિનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. એ ઉપરાંત અંતિમ પૃષ્ઠ પર ચિત્રાંગદાના સાર સમી બંગાળી ભૂમિકાનો રવીન્દ્રનાથે કરેલો અંગ્રેજી અનુવાદ એમના હસ્તાક્ષરમાં આપવામાં આવ્યો છે.

રવીન્દ્ર સાહિત્યના પ્રેમીવાચકો, સમીક્ષકો અને સંશોધકો માટે આ પુસ્તક ખૂબ મહત્ત્વપૂર્ણ છે.

અનુવાદકાર્ય પણ સર્જન જેટલું જ મહત્ત્વનું છે. ચિત્રાંગદા જેવી ઉત્તમ કૃતિનો કવિ નિરંજન ભગત જેવા ઉત્તમ સર્જકે અનુવાદ કરીને એમનો કવિધર્મ બજાવ્યો છે.

વિશિષ્ટ વાચકો માટેનું આ એક વિશિષ્ટ પુસ્તક છે.

❑

ઉદયાસ્ત દ્વારકા-સોમનાથઃ નિપેશ જ. પંડ્યા, WBG Publication,

અમદાવાદ. પૃ. 372, રૂ. 300.



ઉદયાસ્ત દ્વારકા-સોમનાથ નવલકથા હજાર વર્ષ પહેલાં સુલતાન ગઝનીને સોમનાથના યુદ્ધમાં હરાવવાની સાજીશની વાત છે. તેમાં સોમનાથ (શિવ) અને દ્વારકા (કૃષ્ણ)ના જોડાણની વાત છે અને આ સ્થળો સાથે જોડાયેલી લોકમાન્યતાઓનો પણ એમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ કથામાં સોમનાથનું સુવર્ણમંદિર છે તો સાથે દરિયાની અંદરની સુવર્ણનગરી દ્વારકા પણ છે. આ સુવર્ણનગરીને બચાવવા માટે ગઝનીને કેવી રીતે છેતરવામાં આવ્યો અને તેને કોણે છેતર્યો? આ બધા પ્રશ્નોના ઉત્તરો અને સાયન્સ ફિક્શન જેવા ચમત્કારોથી ભરપૂર આ નવલકથાના લેખક નિપેશ જ. પંડ્યા ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયર છે અને એમણે આ લેખનને માત્ર કલ્પના કહી છે.

નવલકથાના અંતમાં લેખકે પોતાની કલ્પનાના પૂરકો અને કલ્પનાને એક કુતૂહલ તરીકે જોઈને એમણે જે કાંઈ જોયું, થોડુંઘણું વાંચ્યું, જાણ્યું એની યાદી પણ રજૂ કરી છે, જેથી એમના તર્કનો સ્વીકાર કરવો રહ્યો.

લેખકે નવલકથાનો વિસ્તાર થોડો ઓછો કર્યો હોત તો કદાચ એ વધારે આકર્ષક, કુતૂહલપ્રેરક બની રહેત.

સાભાર સ્વીકાર

* આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ. (૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, અર્થબાગ, મુંબઈ-૪૦૦ ૦૦૨, ફોન : ૨૨૦૧૩૪૪૧)નાં પ્રકાશનો : * તીરે તીરે નર્મદા : અમૃતલાલ વેગડ, પૃ. ૨૦૮, કિં. રૂ. ૧૭૫, પુનર્મુદ્રણ - ૨૦૧૬. * તમે મન મૂકીને વરસ્યા... : સંકલન: આશા શાહ, પૃ. ૧૬૮, કિં. રૂ. ૧૫૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૬. * શૂલપાણેશ્વર ઈશ્વરનું અભયારણય : ડો. સંદિપ કુમાર, મોઈન પઠાણ, પૃ. ૧૨૭, કિં. રૂ. ૧૨૫, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૬. * Evergreen રહેવાની કળા : અવંતિકા ગુણવંત, પૃ. ૧૨૦, કિં. રૂ. ૯૯, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૬.* ધૂળમાંની પગલીઓ : ચંદ્રકાન્ત શેઠ, પૃ. ૧૪૦, કિં. રૂ. ૧૨૫, પુનર્મુદ્રણ - ૨૦૧૬. * ચોકોલેટ ગીતો, મોજમજાનાં ગીતો, આનંદી ગીતો, ચુનમુન ગીતો : યશવંત મહેતા, પૃ. ૪૦, (દરેકની કિં. રૂ. ૧૨૫), પહેલી આવૃત્તિ - ૨૦૧૬.

તમારી દૃષ્ટિએ

નવેમ્બર 2019ના અંકમાં શ્રી અનિલ રમાનાથ જોશીની આત્મકથાનક લેખમાળા 'કેમ સખી ચીંધવો પવનને'માં ગુજરાતના હાસ્યસાહિત્યના પાયાના પથ્થરસમાન સર્વોત્તમ હાસ્યકાર સ્વ. શ્રી જ્યોતીન્દ્ર દવેના અવસાન-અંતિમયાત્રાનો પ્રસંગ વાંચી આંખોમાં જાણે ક્ષણિક ધુમ્મસ છવાઈ ગયું.

ગુજરાતી ભાષાના સર્વોચ્ચ હાસ્યકારની અંતિમયાત્રા એક સામાન્ય રેંકડામાં ગણ્યાગાંઠ્યા માણસો સાથે નીકળે? તે સમયે જોકે સંદેશાવ્યવહાર સીમિત હતો. છતાં કેવા સંજોગો હશે તે સમયે તે એક તેમના ચાહક તરીકે મનનું સમાધાન સ્વાભાવિકપણે થતું નથી!! ખેર.

બહેન શ્રી શરીફા વીજળીવાળાની 'ગમી ગયેલી વાર્તા' મારી પસંદગીની કોલમ છે. તેમનું વાર્તાચયન હંમેશાં ચીલો ચાતરતું અને શ્રેષ્ઠ પસંદગી દર્શાવે છે.

નવે. 2019ના અંકમાં શ્રી હિમાંશી શેલતની બે વાર્તાઓનું રસાવલોકન-છણાવટ આનો પુરાવો છે.

જામનગર - અરુણ આર. સોઢા

* * *

નવેમ્બર 2019ના અંકમાં બેએક શબ્દપ્રયોગ ખૂંચે તેવા લાગ્યા. બરાબર ન જણાયા, તે પ્રત્યે ધ્યાન દોરવું છે.

પેજ-72માં 'આઘાતજન્ય' શબ્દ છે. લેખકે કરેલો જ પ્રયોગ લાગે છે. ત્યાં ખરેખર 'આઘાતજનક' શબ્દ હોવો જોઈએ. 'જન્ય' અને 'જનક' વચ્ચેનો તફાવત આજે મહદંશે વીસરાયો છે, તેથી અજાણપણે આવા અયોગ્ય અને અર્થને બદલી નાખનારા પ્રયોગો થવા માંડ્યા છે. ભાષા માટે આવી બાબત જરા ચિંતાપ્રેરક.

પેજ-119-120માં એક પ્રયોગ છે - 'અભિયારણ્ય.' અહીં 'અભયારણ્ય' એ ઉચિત અને સાચો શબ્દ હોવો ઘટે.

તગડી (ધંધુકા) - શીલચન્દ્ર વિજય

નોંધઃ અભયારણ્ય શબ્દ સાચો છે. સરતચૂક બદલ ક્ષમસ્વ.

* * *

નવેમ્બર '૧૯ના અંકમાં પ્રમુખશ્રીનો પત્ર તથા ડો. સેજલ સંઘવીનો લેખ, સ્વાસ્થ્ય અને અધ્યાત્મ વિચારો, ખૂબ ગમ્યો. અભિનંદન.

પોરબંદર - હરજીવન થાનકી

* * *

ડિસેમ્બર 2019ના અંકમાં ડો. સેજલ સંઘવીનો આખો લેખ આયુર્વેદ પદાર્થ વિજ્ઞાનને લગતો છે તેમાં સમગ્ર માહિતી સરસ આપી છે. ''વાર્તા બનતી નથી''માં વાર્તાલેખનની સમાંતરે સંવેદનાવાળી વાર્તા ચાલી આવે છે, શ્રી કુંદનભાઈ વ્યાસ સાથેની વાતચીત રસાળ છે. ઘણી ઉપયોગી

જાણકારી આપે છે. અન્ય વિભાગો અને લેખ, વાર્તા વગેરે દ્વારા ઉપયોગી સાહિત્યને ઉજાગર કર્યું છે. શ્રી જયંત રાઠોડની વાર્તા 'ટાવર ઓફ સાયલન્સ' નવી વાર્તાની અનુભૂતિ કરાવે છે.

ગાંધીનગર - ડૉ. ભાલચન્દ્ર હાથી

* * *

1. પૃ. 8 '...સુખીનો ભવન્તુ' જોડણી ખોટી છે. સુખિનો જોઈએ.

2. આ જ લેખનું છેલ્લું વાક્ય - સુખીનો ભવન્તુઃ ભવન્તુ પાછળ વિસર્ગ મૂકવું ખોટું છે.

3. પૃ. 137 મહેશને પૂછ્યુંઃ 'પ્રિયે...

પ્રિયે એ 'પ્રિયા'નું સંબોધન વિભક્તિ એકવચન છે. પુરુષ સ્ત્રીને પ્રિય કહી શકે, સ્ત્રી પુરુષને નહિ.

4. શબ્દમૂળમાં ઉલ્લેખ હતો, તેથી નવેમ્બર અંકમાં શબ્દમૂળ જોઈ ગયો. ત્યાં પણ સંસ્કૃતમાં કુટીલ લખ્યું છે તે ખોટું છે. સંસ્કૃતમાં પણ જોડણી કુટિલ જ છે.

- પ્રદીપ સંઘવી

* * *

નવેમ્બર 2019ના અંકમાં પન્ના ત્રિવેદી લિખિત વાર્તા 'સ્કિલ ઇન્ડિયા' એક મર્મસ્પર્શી અને ભાવવાદી કૃતિ છે. સોનેરી સપનાં અને વાસ્તવિક કપરા સમય વચ્ચે વ્યતીત થતા જિંદગીના પ્રવાહનું આ વાર્તામાં પ્રતિબિંબ છે. એક યાદગાર રચના માટે લેખિકાને ધન્યવાદ. આ અંકમાં શ્રી અરવિંદ ગુપ્તા લિખિત જાણીતા ગણિતશાસ્ત્રી રામાનુજન વિશેનો પરિચય લેખ ગમ્યો અનેક સંઘર્ષોના પડકારો અને સહન કરી સિદ્ધિઓ હાંસલ કરી ગણિતમાં અપૂર્વ સન્માન પ્રાપ્ત કરનાર રામાનુજનને શત શત વંદન.

અમદાવાદ - આઈ. બી. પરમાર

* * *

સુરતમાં મ્યુનિસિપાલિટીએ માનપત્ર આપ્યું. રાંદેરની મ્યુનિસિપાલિટીએ ના પાડી એમ જણાયું. જુવાનિયા હિંદુ-મુસલમાને તેમ છતાં માનપત્ર આપવાની હિંમત કરી. એક શહેરીઓનું ને બીજું ખિલાફતનું. રસ્તા પણ શણગારેલા હતા. છતાં હું જોઈ શક્યો કે ત્યાંના આગેવાનો તો દૂર જ રહેલા. બાળકોથી બતાવાય તેટલો ઉત્સાહ તેઓએ બતાવેલો. મેં ફાંફાં ઘણાંયે માર્યાં પણ રાંદેરમાં આવી સ્થિતિમાં હું પૈસા નજીવા જ એકઠા કરી શક્યો. એક મુસલમાન ભાઈએ મારા હાથમાં પાંચ રૂપિયાની નોટ મૂકી. એક બહેને પાંચ રૂપિયા આપ્યા ને દરરોજ બે કલાક રેંટિયો ચલાવવાની ને હવે પછી પરદેશી કાપડ ન પહેરવાની પ્રતિજ્ઞા કરી. રાંદેરના જેવો લૂખો અનુભવ તો મને મુસાફરીમાં બીજે થયો નથી. જુવાન વર્ગને નાસીપાસ ન થવા મારી ભલામણ છે. તેઓએ માનપત્રની પેરવીઓ છોડી દેવી. ઉઘરાણું કરવા જરૂર મથવું. સારા મહેનતુ, નમ્ર જુવાન બહુ કરી શકશે. મધ્યમવર્ગ તેઓને પૈસા આપશે. અશ્રદ્ધાળુને શ્રદ્ધા આવશે. જુવાન વર્ગના - મુસલમાન અને હિંદુ પુષ્કળ કામ એક સંપથી કરી રહ્યા છે એ મોટામાં મોટી આશાની નિશાની છે. [ગાંધીજી 'નવજીવન' પૃ. 270]



ભવન્સ - વૃત્ત

મુંબઈ કેન્દ્ર : વિયેના ખાતે આંતરરાષ્ટ્રીય પરિષદમાં

ભવન્સ કોલેજનાં પ્રાધ્યાપક અને આચાર્યા ડો. જરીન બાથેના, ભવન્સ સંશોધન કેન્દ્રનાં નિવૃત્ત પ્રાધ્યાપક અને હાલના નિદેશક ડો. સંધ્યા શ્રીવાસ્તવે તેઓના પીએચ. ડી. વિદ્યાર્થીઓ સાથે વિયેનામાં આયોજિત વીસમા પરિસંવાદ 'હેલ્થ રિલેટેડ વોટર માઈક્રોબાયોલોજી (HRWM)'માં હાજરી આપી હતી. ઇન્ટરનેશનલ વોટર એસોસિએશને (IWA) વિયેના-ઓસ્ટ્રેલિયા વચ્ચે 15થી 21 સપ્ટેમ્બર દરમિયાન આ પરિસંવાદ આયોજિત થયો હતો. વિવિધ 45 દેશોમાંથી 400 પ્રતિયોગીઓએ પરિસંવાદમાં ભાગ લીધો હતો. દૂષિત પાણીના શુદ્ધિકરણની પ્રક્રિયા અને એને જંતુરહિત કરવાની પ્રક્રિયા, સૂક્ષ્મજીવીરોધી પ્રતિરોધકો, જળસંરક્ષણ પ્રબંધ, પ્રકૃતિમાંથી તપાસણી માટે લીધેલા જૈવિક નમૂનાઓ જળનો પુર્નવપરાશ અને સ્વાસ્થ્ય-કાળજી વગેરે વિષયોને લઈને પરિસંવાદ રસપ્રદ બન્યો હતો. પરિસંવાદમાં આધુનિક વિજ્ઞાનનાં તારણો, અનુભવો અને જાણકારીનો વિનિમય કરવા માટે સંશોધકો, નીતિ ઘડવૈયાઓ જળ સાથે સંકળાયેલી વિદ્યાકીય સંસ્થાઓ, ઉદ્યોગો, ઇજનેરો, સંસાધન અધિકારીઓ, જાહેર ક્ષેત્રના અધિકારીઓ અને વહીવટદારો એકત્ર થયા હતા.



'બેસ્ટ એબસ્ટ્રક્ટ ફ્રોમ ડેવલેપિંગ કન્ટ્રિઝ' જળસંચયન અને સંશોધનક્ષેત્રે પાંચ સ્કોલરશીપ પુરસ્કારોમાંથી શ્રીમતી સ્મિતા મેનન અને ડો. બાથેનાને 1500 યુરોની સ્કોલરશીપથી પુરસ્કૃત કરાયાં.

નાગપુર કેન્દ્ર : પુરસ્કારોની અતિવૃષ્ટિ

ભવન્સ ભગવાનદાસ પુરોહિત વિદ્યામંદિરે સિવિલ લાઈન્સ પુરસ્કાર સન્માન સમારોહનું આયોજન કર્યું હતું. CBSE અને ભવન્સ શિક્ષણ ભારતી દ્વારા સ્થાપિત પુરસ્કાર તામિલનાડુના રાજ્યપાલ, ભારતીય વિદ્યા ભવન, મુંબઈના ઉપપ્રમુખ, ટ્રસ્ટી અને નાગપુર કેન્દ્રના અધ્યક્ષ બનવારીલાલ પુરોહિતના હસ્તે આપવામાં આવ્યા.



ભવન્સ બી. પી. વિદ્યામંદિર અષ્ટીનાં આચાર્યા શ્રીમતી વંદના બિશેન CBSEનાં શ્રેષ્ઠ શિક્ષિકા પુરસ્કાર 2018થી (પ્રિન્સિપાલ કેટેગરી) સન્માનિત થયાં.



બી.પી. વિદ્યામંદિર-સિવિલ લાઈન્સનાં આચાર્યા શ્રીમતી અંજુ ભુતાનીને ભવન્સ જિંદાલ શ્રેષ્ઠ શિક્ષિકા પુરસ્કાર - 2018 આપવામાં આવ્યો.



ભવન્સ શ્રીકૃષ્ણનગર સ્કૂલનાં શ્રીમતી મનીષા શર્માને પીજીટી (જીવશાસ્ત્ર) ભવન્સ જિંદાલ શ્રેષ્ઠ શિક્ષિકા પુરસ્કાર - 2018 આપવામાં આવ્યો.



ભવન્સ શ્રીકૃષ્ણનગર સ્કૂલના શ્રી વિવેકાનંદ સોલંકીને પીજીટી (કોમ્પ્યુટર વિજ્ઞાન) ભવન્સ જિંદાલ શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર-2017થી સન્માનવામાં આવ્યા હતા.



ભવન્સ સિવિલ લાઈન્સ સ્કૂલની વિદ્યાર્થિની કુમારી ઋજુતા પુરોહિતને કુલપતિ મુનશી શ્રેષ્ઠ વિદ્યાર્થિની પુરસ્કાર-2018 આપવામાં આવ્યો હતો.



ભવન્સ શ્રીકૃષ્ણનગર શાળાના કુમાર ક્ષિતિજ લાકડેને કુલપતિ મુનશી શ્રેષ્ઠ વિદ્યાર્થી પુરસ્કાર 2018 આપવામાં આવ્યો હતો.



ડાબેથી સર્વશ્રી સ્વામી અપવર્ગાનંદજી, બનવારીલાલ પુરોહિત, કે. એન. રામસ્વામી અને રામકૃષ્ણ મઠના સ્વામી વિમૃતાનંદજી

ચેન્નઈ કેન્દ્ર : ભવન્સ જર્નલ, દીપોત્સવી વિશેષાંકનું વિમોચન

'શ્રી રામકૃષ્ણ વિજયમ્'ના સંપાદક સ્વામી અપવર્ગાનંદજીએ' ઓક્ટોબર 15, 2019ના ભવન્સ જર્નલના દીપોત્સવી વિશેષાંકનું વિમોચન કર્યું હતું. આ કાર્યક્રમ ચેન્નઈમાં રાજભવન ખાતે 16 ઓક્ટોબર 2019ના થયો હતો. તામિલનાડુના રાજ્યપાલ અને ભવનના ઉપપ્રમુખ શ્રી બનવારીલાલ પુરોહિતને આ વિશેષાંકની પ્રથમ નકલ અર્પણ થઈ હતી.

કોચી કેન્દ્ર : સુંદર સુભગ સંયોજન



ભારતીય વિદ્યા ભવન કોચી કેન્દ્રની સુવર્ણ જયંતી ઉજવણીના ભાગરૂપે સરદાર પટેલ સભાગૃહમાં 21 ઓક્ટોબરે 5 વાગ્યે બહુમુખી નૃત્યાંગના કલાશ્રી ઐશ્વર્યા વોરિયરે વિલક્ષણ નૃત્ય રજૂ કર્યું હતું. નૃત્યાંગના મોહિનીઅટ્ટમ નૃત્યપ્રકારને લોકપ્રિય કરવા કટીબદ્ધ છે.

નૃત્યફિલ્મ 'નીલિમા - બિયોન્ડ ધ બ્લ્યુ' બાદ નૃત્ય રજૂ થયું. કાવ્ય, મોહિનીઅટ્ટમ અને સિનેમેટોગ્રાફીનું સુંદર સુભગ સંયોજન માણવા મળ્યું. વી. માધવન નાયરકૃત કાવ્ય 'નીલિમા' પરથી આ નૃત્ય પ્રેરિત હતું.

તિરુપતિ કેન્દ્ર : ગાંધી@150 ભારતના ભૂતપૂર્વ રાજદૂત અને વિજ્ઞાન અને માનવીય મૂલ્યો કેન્દ્રના અધ્યક્ષ પી.એ. નાઝારેથને નવી દિલ્હીના ગાંધી સ્મૃતિમાં ગાંધી@150 પર VVIPના ઉપલક્ષમાં જે. પી. મોર્ગન ગ્રુપે વ્યાખ્યાન આપવા આમંત્રિત કર્યા હતા.

ગ્રુપના લગભગ 40 જેટલા સભ્યોમાંથી ખાસ ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન માનદ્ જોન હોવર્ડ, ભૂતપૂર્વ અમેરિકાના રાજ્ય સચિવ હેન્રી કિસ્સિંજર, એકઝોનના

અધ્યક્ષ લી રેમન્ડ, ઇટાલિની ફિયાટ ક્રિસ્લરના અધ્યક્ષ જોન એલ્કાન્ન અને જે. પી. મોર્ગન જૂથના ભૂતપૂર્વ અધ્યક્ષ વિલિયમ હેરિસન જેવા વિશેષ મહાનુભાવો ઉપસ્થિત હતા.

વ્યાખ્યાન પત્યા બાદ ડૉ. કિસ્સિંજર પોતાની વ્હીલચેર ઉપરથી ઊભા થઈ ચાલીને એમને અભિવાદન આપ્યાઃ "તમે માત્ર ગાંધી વિશે ઘણું જાણો છો તેમ નહીં પણ બીજા પાસે કેવી અસરકારક રીતે રજૂ કરવું તે પણ જાણો છો. હું ખૂબ પ્રભાવિત તો થયો જ છું પણ સાથે ભાવુક પણ બન્યો છું."



કોઈમ્બતુર કેન્દ્ર : ભજન પ્રતિયોગિતા

યુવામાનસમાં જાગૃતિ લાવવા અને જનમાનસમાં પરંપરાગત નામસંકીર્તનનો પ્રસાર કરવા ભજન પ્રતિયોગિતાનું આયોજન 11 ઓક્ટોબરના જિલ્લાવિભાગ સ્તરે નામસંકીર્તન ટ્રસ્ટ દ્વારા અય્યપન પૂજા સંગમ, રામનગર ખાતે થયું હતું. જે આપણી સંસ્કૃતિ અને પરંપરાને આધારભૂત માને છે તેવી ઘણી પ્રખ્યાત શાળાઓએ ઉત્સાહ અને ઉમંગ સાથે એમાં ભાગ લીધો હતો. ભારતીય વિદ્યાભવન-MHSS ઊર્જાસભર અને અસરકારક રજૂઆત માટે વિજેતા જાહેર થઈ.

મૈસૂર કેન્દ્ર : ડૉ. મૂર્તિનું સન્માન

ભારતીય વિદ્યાભવન મૈસૂર કેન્દ્રના અધ્યક્ષ ડૉ. એ. વી. નરસિંહ મૂર્તિની વર્ષ 2020ના રાજપુરોહિત સંસ્થાનનો પુરસ્કાર એનાયાત થયો હતો. સન્માનમાં પ્રશસ્તિપત્ર અને 50 હજાર રોકડ પુરસ્કારરૂપે આપવામાં આવ્યા. જેમણે ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિ માટે પ્રદાન કર્યું હોય તેમને ગલગનડા અને રાજપુરોહિત ફાઉન્ડેશન, હાવેરી, કર્નાટક સન્માને છે.



આ અંકના લેખકો

સુભાષ ભટ્ટ: 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.

હેમન્ત દવે: રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com

સંજુ વાળા: એ-77, આલાપ એવન્યુ, યુનિવર્સિટી રોડ, રાજકોટ

રામચન્દ્ર પટેલ: સી-202, રિયલ લક્ઝુરિયા, આનંદ નિકેતન સ્કૂલ પાસે, થલતેજ-શીલજ રોડ, અમદાવાદ-380 058. મો. 9429456777

અજય સરવૈયા: આસિ. પ્રોફેસર, ડિપાર્ટ ઓફ લિગ્વિંસ્ટીક, આર્ટ્સ વિભાગ, એમ. એસ. યુનિ. વડોદરા-390 002.

પ્રતિષ્ઠા પંડ્યા: પાર્વતી, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-380 015.

રિષભ મહેતા: 35-બી, સમ્રાટનગર, બામરોલી રોડ, ગોધરા: 389 001. ફોન: 098250 32201

જિગર જોષી 'પ્રેમ': 59, ગંગોત્રી પાર્ક, યુનિવર્સિટી રોડ, શવાની કિડની હોસ્પિટલની સામે, રાજકોટ-360 005, મો. 9925157475

હિમાંશી શેલત: સખ્ય, 18 મણિબાગ, ધરમપુર રોડ, અબ્રામા, વલસાડ-396007. મો. 9375824957.

ડૉ. સેજલ સંઘવી: 4-એ, મકરંદ, સુરેશ્વરી વીલા, લિન્ક રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-400 091.

નૌશિલ મહેતા: બીજે માળ, નંદનવન, તેજપાલ સ્કીમ, મેઈન રોડ, વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ-400 057.

હરેશ ચ. ધોળકિયા: ન્યુ મિન્ટ રોડ, ભુજ-કચ્છ. 370 001. ફોન: 02832-227946

ધીરેન્દ્ર મહેતા: 'જીવન છાયા', પંડિત દીનદયાળ ઉપાધ્યાય માર્ગ, ભુજ-370 001 (કચ્છ). મો. 9825752542

હેમંત સોલંકી: જીએસઈએન્ડસી મુંબઈ પ્રાઈવેટ લિ, મેકેનિકલ સ્ટેટિક ડિપાર્ટ. બીજો માળ, ડી-વિંગ, જોલી બોર્ડ ટાવર આય-થિંક ટેક્નો. કેમ્પસ, કાંજુર માર્ગ (ઈસ્ટ), મુંબઈ-42

અશોક ગો. વિદ્વાંસ: ઈસ્ટ વિન્ડસર, ન્યુ જર્સી. ashok@vidwans.com

બિપિન પટેલ: 18, આરોહીવિલા, બોપલ, અમદાવાદ-380 058.

પ્રવીણસિંહ ચાવડા: 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380 015. મો. 9979230039

આરાધના ભટ્ટ: aradhanabhatt@yahoo.com.au

અનિલ જોશી: joshi.r.anil@gmail.com

કોશા રાવલ: 429/બી, ફર્ટિલાઈઝર નગર, ટાઉનશિપ, જીએસએફસી, વડોદરા. મો. 9724341220

અશોક એન. પટેલ: 1110, દવે સ્ટ્રીટ, ગણદેવી, નવસારી-396 360. મો. 9825726431

દીપક જોશી: એ/6, પ્રમુખ જિયોન બંગ્લોઝ, પ્રમુખનગર રોડ, સરગાસણ, ગાંધીનગર-382 421. મો. 99784 05662

રોહિત શુક્લ: 345, સરસ્વતી નગર, આઝાદ પાર્કની બાજુમાં, અમદાવાદ-380 015. ફોન: 079-26743459

શરીફા વીજળીવાળા: બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009.

વોટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

આજકાલ જેને મળો એ હેલ્મેટના ગેરફાયદા ગણાવી રહ્યા છે. પણ અમારા, મહોલ્લાનો મગન હેલ્મેટના વખાણ કરી રહ્યો છે. કાલે એ કહેઃ 'ભાઈ મને તો હેલ્મેટ પહેરવાથી ફાયદો થયો. જગતશેઠ મારું લોહી પી જાય પાંચ હજાર બાકી છે એટલે... મને ભાળ્યો ના મેલે. પણ કાલે સિગ્નલ પર પાંચ મિનિટ બાજુમાં ઊભા ઊભા કાયદાને ભાંડતા રહ્યા. હું તો મોંમાં મગ ભરીને જ ઊભો રહ્યો... ઈ નો ઓળખી શક્યા મને બોલો! હવે આને ફાયદો કહેવાય કે બીજું કાંઈ?

☺ ☺ ☺

આજે હું શાકમાર્કેટ જતી હતી ને રસ્તામાં એક ભાઈ જોરજોરથી બરાડતા હતાઃ 'રાફેલ રક્ષક લઈ જાઓ 10 રૂ.માં ચાર...' મેં ઊભા રહીને નજર નાખી તો મારો બેટો લીંબુ-મરચાં વેચતો હતો!

☺ ☺ ☺

થોડા દિવસ પહેલાં આપણા એક પ્રધાને જાહેરમાં કહ્યુંઃ છેલ્લાં 70 વર્ષથી કોંગ્રેસે દેશને લૂંટ્યો જ છે.

ને બે દિવસ પહેલાં બીજા એક પ્રધાને કહ્યુંઃ કોંગ્રેસે 70 વર્ષમાં જે કર્યું એ અમે છ વર્ષમાં કરી બતાવ્યું... હવે આમાં આપણે સામાન્ય પ્રજાએ શું સમજવું બોલો!

☺ ☺ ☺

આપણા જેટલા યુવાનો બગીચામાં બેસી એની પ્રિયતમાને ચાંદ પર લઈ જવાનું અથવા ચાંદ હથેળીમાં આપવાનું કહેતા હોય એ બધાને એક જાહેર હિતની વિનંતીઃ ધારો કે તમે ચંદ્ર પર જાઓ અથવા ચંદ્રને લઈ આવો ત્યાં જરા પેલું જરાક વાંકું પડેલું અમારું વિક્રમ દેખાય તો જરાક એને સીધું કરી દેજો ભાઈ... એણે બહુ અરમાનો તોડ્યાં છે અમારાં.

☺ ☺ ☺

પ્રસ્થેન સમાપયેત્

પતિ પત્નીને રજાના દિવસે સ્મશાન જોવા લઈ ગયો.
પત્ની : ''તમે મને ક્યાં લઈ આવ્યા છો?''
પત્ની : ''અરે ગાંડી, અહીં આવવા લોકો મરતા હોય છે!''

☺ ☺ ☺

નવા વિજ્ઞાનના શિક્ષકે વર્ગમાં આવીને સવાલ પૂછ્યોઃ
''કોઈ પણ એક મહાન વૈજ્ઞાનિકનું નામ કહો.''
એક વિદ્યાર્થી : ''આલિયા ભટ્ટ.''
શિક્ષક : ''તમને આવું ભણાવવામાં આવે છે?''
બીજો વિદ્યાર્થી : ''ના સર, એની જીભ થોથવાય છે. એ આર્ય ભટ્ટ બોલ્યો.''

☺ ☺ ☺

''પહેલાના જમાનામાં પ્રેમ આંધળો હતો. એને કંઈ દેખાતું નહોતું.''
''તો હવે પ્રેમ દેખતો થઈ ગયો છે?''
''હા, હવે એને ગાડી, બંગલો, ચહેરો, બેંક બેલેન્સ એવું બધું દેખાય છે!''

☺ ☺ ☺

પોલીસે ચોરના દરવાજા ઉપર ટકોરા માર્યા, 'ટક ટક ટક.'
ચોર : ''કોણ છે?''
પોલીસ : ''પોલીસ, બારણું ખોલો. તમારી સાથે વાત કરવી છે.''
ચોર : ''તમે કેટલા જણ આવ્યા છો?''
પોલીસ : ''ત્રણ.''
ચોર : ''તમે તમે પરસ્પર વાત કરી લોને!''


Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.


Editor : Deepak Doshi


BHAVAN'S DIGITAL BOOKS


Now available at all Amazon stores across the world






























BHAVAN'S DIGITAL BOOKS

Now available at all Amazon stores across the world

Total Pages 140
Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2015-2017 Posted on Mumbai Patrika Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.